ભરી બરસાતમેં જીસ તરહસે, બીજલી ચમકતી હય
યકાયક રાતકી ગહેરી, સીયાહી કાંપ જાતી હય
ધુંદી ખામોશ ઔર કતરે હુવે દિલમેં
તડપ જાતા હય દિલ—જીસ દમ તુમ્હારી યાદ આતી હય.

તણખા : મંડળ [૧, ૨, ૩.] પ્રદીપ અને અવશેષ.

[એમાં આવેલી વાર્તાઓનો અનુક્રમ]

તણખા : મંડળ ચોથું – અનુક્રમ

*Indian Memoirs [1815] ઉપરથી

પ્રસ્તાવના

[ગુજરાતી સાહિત્યમાં નવલિકાનો વિકાસ]

ગુજરાતી સાહિત્યમાં નવલિકાનો જન્મ * ભાગ્યે જ એ ત્રણ દશકાથી વધુ જૂનો ગણી શકાય. અર્વાચીન × ગુજરાતી સાહિત્યનું શરૂઆતનું વર્ષ ઇ.સ. ૧૮૮૦ ગણીએ તો ગુજરાતી સાહિત્યમાં ભાષાન્તર રૂપે કે મૂળરૂપે પણ જેને ગદ્યરૂપ વાર્તાસાહિત્ય કહી શકાય તેવા પહેલા ગ્રંથ તરીકે ઈસપનીતિ કથાઓ[૧૮૨૮]અને ઈસપનીતિની વાતો [૧૮૫૪] એમને ગણવા જોઈએ. એ કહેવું ભાગ્યે જ જરૂરી છે કે નવલિકા વિકાસના ઇતિહાસમાં આ પુસ્તકોની નહિ જેવી અસર જ હોઈ શકે. પણ તેમનું મહત્ત્વ ને સમય પૂરતું જરૂર સ્વીકારવું જોઈએ. ડૉસલીની વાતો, પંચોપાખ્યાન, બાલમિત્ર, વગેરે ને વખતના વાર્તા સાહિત્યનાં મુખ્ય પુસ્તકો કહી શકાય. બુદ્ધિપ્રકાશ પ્રગટ થયું [૧૮૫૦, મે. ૧૫] કવિ દલપતરામે 'તારિકબોધ' પ્રગટ કર્યું [૧૮૭૦] 'તારિકબોધ' અર્વાચીન ગુજરાતી સાહિત્યની કાલ્પનિક

---

* દલપતરામ [૧૮૨૦–૧૮૯૮] અને નર્મદ [૧૮૩૩–૧૮૮૬] સરસ્વતીચંદ્ર [પ્રગટ થયા ૧૮૮૭]. ઈ. સ. ૧૮૮૦ ને અર્વાચીન સાહિત્યનું પ્રથમ સીમાચિહ્ન કહી શકાય. રા. નરસિંહરાવ 'કાલના નવીન યુગનો આરંભ ૧૮૮૦થી થયો' [મા. ગુ. 'સાહિત્યમાં પ્રમુખ તરીકેનું ભાષણ] એમ કહે છે.

• કે વખતના સહુથી વધુ મહત્ત્વના અને ખરેખર સુંદર ગ્રંથ કરણઘેલો [૧૮૬૬] વિષે એટલું જ કહેવું બસ છે કે એ [illegible] પણ એટલું જ આકર્ષક છે. એમાં આવેલી 'નાગર [illegible] વાર્તા [illegible] રીતે, સુંદરમાં સુંદર નમૂનો છે.

એ વિષે રાજા પાસે થયેલી ફરિયાદના જવાબમાં મહેતાજી સિદ્ધ કરે છે કે આંખો છતાં નગરશેઠની દીકરી આંધળી છે. ટેબલ ઉપર ચિઠ્ઠી ચોડીને અત્તરની શીશીઓ મૂકે છે તેમાંથી સુખડના અત્તરની શીશીને બદલે, તે ભણેલી ન હોવાથી, બીજી જાતની જ શીશી લાવે છે ને સૌ કબુલ કરે છે કે નગરશેઠની દીકરી આંધળી છે. પણ જે વાર્તામાં બોધ હોય તેને 'રસિકવાર્તા'નું નામ ન શોભે–એવો કાંઈક ખ્યાલ દલપતરામને હતો એ ચોક્કસ. બીજી એક વાર્તામાં આ પ્રમાણેનું લખાણ છે તે ઉપરથી પણ એ અનુમાન તારવી શકાય. 'તમારી વાતોમાં ઉદ્યોગ કરવા, સદ્‌ગુણો કેળવવા, એની એ મતલબ ફરી ફરીને આવે છે. એવી વાતો સાંભળીને હું ધરાઈ રહ્યો છું માટે હવે કાંઈક 'રસિક વાર્તા' કહો' એક શ્રીમંત કોઈ કવિને આવી વિનતી કરી ને તે પરથી કવિએ વાત કહી.–તેમજ એક વાર્તામાં આ પ્રમાણે શરૂઆત છે: 'એક સમે સાંજે હું તથા મારા બે ત્રણ મિત્રો શાહીબાગ તરફ સાભ્રમતીને કાંઠે ફરવા ગયા હતા.' આ શરૂઆત નાની વાર્તાનું જ વાતાવરણ સરજાવે તેવી છે. પાછી તો બોધકથા આવે છે. પણ ઈંગ્લીશ ભાષા સંસ્કાર નહિ જેવા અને પહેલેથી જ પદ્ય કે ગદ્ય–માત્ર ઉપદેશાત્મક જ લખવાનું વલણ, એટલે દલપતરામે વાર્તાઓમાં વિશેષ પ્રગતિ નથી કરી

કવિ દલપતરામે બાળી નાખ્યાનું કવિ ન્હાનાલાલે (કવીશ્વર દલપતરામ ભા. ૩ [illegible]માં) લખ્યું છે. એટલે સંભવિત છે કે વાર્તાં [illegible] પછી આ બોધ [illegible] કે સ્વરૂપની લખી હોય

' [illegible] કહે, [illegible] '

વાર્તાઓમાં પહેલો પ્રયત્ન* કહી શકાય. દલપતરામે તો ' તાર્કિકવાતોથી વાંચનારને બોધ થાય એવી વાતો છે માટે ' તાર્કિકબોધ ' નામ રાખ્યું છે. તેમાં ૧૫ વિષયો છે ને ફુરચંદ તથા સુરચંદનો સંવાદ લઈને એક તંત્ર જોડી દીધું છે. ' દલપતરામે, પ્રચલિત લોકકથાઓ–પૌરાણિક વાર્તાઓ–વગેરેમાંથી લીધેલા અંશો વચ્ચે વચ્ચે મૂકીને, અને તે સમયની નીતિબોધ આપવાની રીત પ્રમાણે મુખ્યત્વે ઉપદેશાત્મક જ રાખ્યું છે, છતાં વાર્તામાં કેવળ બોધ અસ્થાને છે એવો કાંઈક ખ્યાલ એ કવિને હતો એમ લાગે છે. +કમળાક્ષીની વાર્તામાં [બુદ્ધિપ્રકાશ, જુન ૧૮૫૫] નગરશેઠની દીકરીને મહેતાજીએ આંધળી કહી છે. અને

---

* ' તાર્કિક બોધ ' પુસ્તકાકારે ઈ. સ. ૧૮૭૦માં પ્રકટ થયું. પણ 'બુદ્ધિપ્રકાશ 'માં એની વાર્તાઓ ઈ. સ. ૧૮૬૫થી લગભગ દેખાય છે. એટલે વાર્તાસાહિત્ય ઉપર લોકનું ધ્યાન એનાથી ખેંચાયું હતું. વાર્તાસાહિત્યનો પહેલો ગ્રંથ તો ગુજરાતીમાં નાટક સાહિત્યનો પાયો નાખનાર રણછોડભાઈ ઉદયરામને હાથે ' પ્રસ્તાવિકકથા સમાજ ' [આ પુસ્તક રા. દુર્લભરામના ખાનગી પુસ્તકાલય-માંથી જોવા માટે મળ્યું હતું માટે તેનો આભાર માનવો ઘટે છે] એ નામે ઈ. સ. ૧૮૬૬માં બહાર પડ્યો છે. તેમ જ મી. ફ્રામજી બમનજીએ ' મનોરંજક વાર્તા ' એ વિષે પણ ઉલ્લેખ કર્યો છે. ' પ્રસ્તાવિકકથાસમાજ ' સ્ટાર ઑફ ઈંડિયા પ્રેસમાં ઈ. સ. ૧૮૬૬માં, 'અવકાશની વેળાએ આનંદ પામવા સારુ લોકોને કોઈ પણ પ્રકારની ગંમત જોઈએ છિયે; પછી જેવું તેમનું જ્ઞાન તેવું ગંમત પામવાનું સાધન ' એવા ઉદ્દેશથી રણછોડભાઈ ઉદયરામે છપાવેલ. રત્નચાડ, લક્ષ્મીતત્ત્વ, બુદ્ધિ, એકલગ એવી વાર્તાઓ એમાં છે.

+ કમળલોચનીની કવિતા વાર્તા તો ઈ. સ. ૧૮૩૪માં

એ વિષે રાજા પાસે પહેલી ફરિયાદના જવાબમાં મહેતાજી સિદ્ધ કરે છે કે આંખો છતાં નગરશેઠની દીકરી આંધળી છે. ટેબલ ઉપર ચિઠ્ઠી ચોડીને અત્તરની શીશીઓ મૂકે છે તેમાંથી સુખડના અત્તરની શીશીને બદલે, તે ભણેલી ન હોવાથી, બીજી જાતની જ શીશી લાવે છે ને સૌ કબુલ કરે છે કે નગરશેઠની દીકરી આંધળી છે. પણ જે વાર્તામાં બોધ હોય તેને 'રસિકવાર્તા'નું નામ ન શોભે—એવો કાંઈક ખ્યાલ દલપતરામને હતો એ ચોક્કસ. બીજી એક વાર્તામાં આ પ્રમાણેનું લખાણ છે ને ઉપરથી પણ એ અનુમાન નીકળી શકાય. 'તમારી વાતોમાં ઉદ્યોગ કરવા, સદ્દગુણો કેળવવા, એની એ મતલબ ફરી ફરીને આવે છે એવી વાતો સાંભળીને હું ધરાઈ રહ્યો છું માટે હવે કાંઈક 'રસિક વાર્તા' કહો' એક શ્રીમંતે કોઈ કવિને આવી વિનતી કરી ને તે પરથી કવિએ વાત કહી.—તેમજ એક વાર્તામાં આ પ્રમાણે શરૂઆત છેઃ 'એક સમે સાંજે હું તથા મારા બે ત્રણ મિત્રો શાહીબાગ તરફ સાબરમતીને કાંઠે ફરવા ગયા હતા.' આ શરૂઆત નાની વાર્તાનું જ વાતાવરણ સરજાવે તેવી છે. પછી તો લોકકથા આવે છે. પણ ઈંગ્લીશ ભાષા સંસ્કાર નહિ જેવા અને પહેલેથી જ પદ્ય કે ગદ્ય–માત્ર ઉપદેશાત્મક જ લખવાનું વલણ, એટલે દલપતરામે વાર્તાઓમાં વિશેષ પ્રગતિ નથી કરી

કવિ દલપતરામે આ(ની) નામનું કવિ [illegible] [કવીશ્વર દલપતરામ [illegible]] લખ્યું છે. એટલે [illegible] છે કે [illegible] [illegible] [illegible] જ સ્પષ્ટપણે લખી [illegible]

' [illegible] રસિક [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] દલપત [illegible], [illegible] [illegible] [illegible]

આ એકાદ પુસ્તકમાં આપેલી નિબંધ જેવી વાર્તાઓ સિવાય બીજો પ્રયત્ન તેમને હાથે થયો ન જણાય એ આશ્ચર્ય જેવું જ છે. પણ ગદ્યને જેણે પોતાના આખા વ્યાપાર તરીકે સ્વીકાર્યું અને ભાષાના સમગ્ર ક્ષેત્રે જેણે ગદ્યરૂપનો પ્રયોગ ક્યો—નાટક, ગીતકાવ્ય, ધર્મનિબંધ, અંગ્રેજી નાટક, નિબંધ, ઇતિહાસ, જીવનચરિત્ર, સમાજશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, ધર્મ—એ નર્મદે ' ગાથા ' વિશે કેમ કાંઈ ન લખ્યું એ ખરેખર આશ્ચર્યકારક છે. ' નવા જમાનાને માટે ગાથાઓ બનાવવી જરૂરની છે ને તે ગદ્યમાં લખાય ને તેમાં કેટલીક કેટલીક કવિતાઓ મુકવી ' [નર્મગદ્ય સને ૧૮૬૫ માં છપાયલી પહેલી આવૃત્તિ.] એમ કહેનારે પોતે ગાથા લખી નથી તે આશ્ચર્યની વાત છે. ' મેં તરેહ તરેહના આદમીઓ જોયા છે. પંડિત સાથે, મુરખ સાથે, નીતિમાન સાથે, અનીતિમાન સાથે, ભલા અને ઠંડ સાથે મારે ઝાઝો પ્રસંગ પડેલો છે.' [ડાંડિયાનો પહેલો લેખ ૧૮૬૪] એમ સંસારનો અનેક પ્રકારે અનુભવ લેનાર નર્મદે એક પણ વાર્તા લખી નથી એ એક કોયડો છે. અલબત એણે 'વજ્ર' 'ચાંદબા' 'વજેસંગ' વગેરે વાર્તાઓ કાવ્યમાં લખી છે. 'વજ્ર' 'વર્ડઝવર્થ' પરથી લીધેલી છે. એવી વાર્તા-કવિતાઓમાં શામળની પેઠે સંસાર ચિત્ર.આપવા પ્રયત્ન કર્યો છે. * પણ બીજા ગદ્યના પ્રમાણમાં

---

* ' કુલકાએ ' નર્મદ સ્મારક અંકમાં પ્રગટ કરેલ વાર્તા નર્મગદ્ય કે નર્મકવિતાની પહેલી આવૃત્તિના પુસ્તકોમાં મળી શકી નથી. પણ સમકાલીન બુદ્ધિવર્ધકમાં છે. પણ એ નર્મદની જ લખેલી છે એમ તો બીજા સ્વતંત્ર આધારો ન મળે ત્યાં સુધી કહી શકાય નહિ. પુરી તપાસ વિના નર્મદ સ્મારક અંકમાં એ નર્મદને નામે ચડાવી દીધી છે એ યોગ્ય ન કહેવાય.

ની સાહિત્યમાં નર્મદે આપેલો ફાળો ઘણો નથી એ નિર્વિવાદ
. બુદ્ધિવર્ધક ગ્રંથ–જુન જુલાઈ ૧૮૫૭માં—' ન્હાન-
ણમાં લગ્ન કરવાથી થતાં માઠાં પરિણામ ' એ નામની
ર્તા પ્રગટ થઈ છે. તે નર્મદની હોવાનો સંભવ લાગે
. નર્મદનો પ્રિય ' જોસ્સો ' શબ્દ તેમાં અનેકાર્થમાં
પરાયલો જોઈ શકાય છે. ત્યાર પછી ' પ્રીતિવિલાપ '
જુલાઈ ૧૮૫૭] એ કવિતા રૂપે પ્રગટ થયેલી વાર્તા
ર્મદની છે. પેલી બે લિટી: ' અઅઅ હાયરે સાચિ પ્રીતડી,
મગનનંદિમાં ગોળના જડી '—નર્મદ શૈલીની સૂચક છે.
' વૈવ્ય ચરિત્ર ભા ૧ ' ' નર્મકવિતા 'ની નોંધ પ્રમાણે
૧૮૫૯ માં પ્રગટ કરેલ છે. જ્યારે લગભગ એ જ અર-
સામાં બુદ્ધિવર્ધક ગ્રંથમાં [સપ્ટે. ૧૮૫૯] પ્રગટ થએલ
'ભોભાગ નામની બાળરાંડ' તેમજ 'ગરીબાઈ' એ બને વાર્તા
પણ વિષય અને શૈલીની સમાનતા જોતાં નર્મદની હોવાનો
સંભવ છે. પછી એવું હોય કે નર્મદ શૈલીની અસર નીચે
આવેલ કોઈ બીજાએ લખી હોય તો બને. ને એવી રીતે
બુદ્ધિવર્ધક ગ્રંથમાં ઘણાં નનામાં લખાણો આવેલાં છે એટલે
જ્યાં સુધી એ વિષે બીજાં સ્વતંત્ર સાધનોથી તપાસ ન
થાય ત્યાં સુધી એ વાર્તાઓ નર્મદની જ છે એમ કહી
ન શકાય. નર્મદને નામે એ રીતે તો કમ બાર ટૂંકી વાતો
ચઢે તેમ છે, અને એ વાર્તાઓ પણ એવી કે અત્યારના
યુગમાં પણ માન પામે. વળી ' ૧૮૫૭ જાનેવારીમાં
ભણેલાં સ્ત્રી પુરુષ અને ન ભણેલાં સ્ત્રી પુરુષ એ બે વિષે
એક વાત કવિતામાં જોડતો હતો ' નર્મદની પોતાની એ નોંધ
[આરોહણ પૃ૮ ૫૦] પ્રમાણે, નર્મદને ય તો લખવાની ઇચ્છા

આ એકાદ પુસ્તકમાં આપેલી નિબંધ જેવી વાર્તાઓ સિવાય બીજો પ્રયત્ન તેમને હાથે કેમ ન થયો એ સમજાય તેવું જ છે. પણ ગદ્યને જેણે પોતાના મુખ્ય આધાર તરીકે સ્વીકાર્યું અને ભાષાના લગભગ દરેકે દરેક સ્વરૂપને સ્પર્શ કર્યો—નાટક, વીરકાવ્ય, વર્ણનકાવ્ય, એકાંકી નાટક, નિબંધ, ઇતિહાસ, જીવનચરિત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ધર્મ—એ નર્મદે ' ગાથા ' વિષે કેમ કાંઈ ન લખ્યું એ ખરેખર આશ્ચર્યકારક છે. ' નવા જમાનાને માટે ગાથાઓ બનાવવી જરુરની છે ને તે ગદ્યમાં લખવી ને તેમાં ઠેકાણે ઠેકાણે કવિતાઓ મુકવી ' [નર્મગદ્યઃ સને ૧૮૬૫ માં છપાયલી પહેલી આવૃત્તિ.] એમ કહેનારે પોતે ગાથા લખી નથી તે આશ્ચર્યની વાત છે. ' મેં તરેહ તરેહના આદમીઓ જોયા છે. પંડિત સાથે, મુરખ સાથે, નીતિમાન સાથે, અનીતિમાન સાથે, ભલા અને ડાંડ સાથે મારે ઝાઝો પ્રસંગ પડેલો છે.' [ડાંડિયાનો પહેલો લેખ ૧૮૬૪] એમ સંસારનો અનેક પ્રકારે અનુભવ લેનાર નર્મદે એક પણ વાર્તા લખી નથી એ એક કોયડો છે. અલબત એણે 'વજી' 'ચાંદબા' 'વજેસંગ' વગેરે વાર્તાઓ કાવ્યમાં લખી છે. 'વજી' 'વર્ડઝવર્થ' પરથી લીધેલી છે. એવી વાર્તા-કવિતાઓમાં શામળની પેઠે સંસાર ચિત્ર આપવા પ્રયત્ન કર્યો છે. * પણ બીજા ગદ્યના પ્રમાણમાં

* ' કુલટાણે ' નર્મદ સ્મારક અંકમાં પ્રગટ કરેલ વાર્તા નર્મગદ્ય કે નર્મકવિતાની પહેલી આવૃત્તિના પુસ્તકોમાં મળી શકી નથી. પણ સમકાલીન બુદ્ધિવર્ધકમાં છે. પણ એ નર્મદની જ લખેલી છે એમ તો બીજા સ્વતંત્ર આધારો ન મળે ત્યાં સુધી કહી શકાય નહિ. પુરી તપાસ વિના નર્મદ સ્મારક અંકમાં એ નર્મદને નામે ચડાવી દીધી છે એ યોગ્ય ન કહેવાય.

સુંદર પુસ્તક તૈયાર કરવાનું માન એક પારસી લેખકને ઘટે છે. 'ગુજરાત અને કાઠીઆવાડ દેશની વારતા [ઈ. સ. ૧૮૭૨]* એક જાણીતા પારસી લેખકે સંગ્રહી છે.' એમાંની કેટલીક વાતો જાણીતા ગુજરાતી લખનાર સ્વ. કેશવલાલ મોતીલાલ વણીકની છે . . . અમે પોતે પણ એક વાત લખી હતી . . . આ ગ્રંથોની ભાષા આ પ્રમાણે જુદા જુદા હિંદુ લખનારાઓની છે.'+ આ પારસી લેખક ફરામજી બમનજી

* અમે આ ગ્રંથની પહેલી આવૃત્તિ જોઈ છે. તેમાં ઈ. સ. ૧૮૭૨ છે. શાહીનું સાહિત્ય, માર્ગસૂચક સ્તંભો ને ગ્રંથ-ગ્રંથકારના આપેલ ૧૮૭૫ બરાબર નથી.

+ શાહીના સાહિત્યનું દિગ્દર્શન પૃષ્ઠ ૧૬૩-૧૬૫માં રા. હાથાબાઈ રૈસાસરીએ જનમાહિતી પ્રમાણે આ પુસ્તક વિષે ત્રણ વાત કહી છે. (૧) આ પુસ્તકમાંની કેટલીક વાર્તાઓ સ્વ. કેશવલાલની લખેલી છે. (૨) એમાંની એકાદ વાર્તા રા. રૈસાસરીએ પોતે પણ લખી છે, (૩) કેટલાક બીજા પણ લખનાર હતા. કેશવલાલે 'બુદ્ધિ અને ફટીની કથા' [ઈ. સ. ૧૮૮૬] લખીને પ્રગટ કરી છે અને નવલરામે [ગુ. શા. પત્ર પુ. ૨૨. અંક ૧૧] તેનું વિવેચન લખતા યોગ્ય રીતે વખાણ્યું હતું. છે. પણ એ કથા અલ્પજનારોપણ છે અને શૈલીની બરાબર બારીક તપાસ કરવામાં આવે તો કેશવલાલની શૈલીને પ્રસ્તુત વાતોના પુસ્તકની શૈલી સાથે મેળ ખાવો મુશ્કેલ થઈ પડે તેમ છે બીજા પોતે કઈ વાત લખી છે એ રા. રૈસાસરીને યાદ નથી. બીજું ફરામજી બમનજીનું લખેલું ને ઈ. સ. ૧૮૮૪માં પ્રગટ થયેલું 'કુમાર દર્પણ' એ Sandford and Merton નું [illegible] છે તેની પ્રસ્તાવનામાં દર્શાવ્યા પ્રમાણે લેખક સ્પષ્ટ રીતે હિંદુ ગુજરાતી [illegible] Sandford and Merton [illegible] [illegible] [illegible]

હતી એ સ્પષ્ટ છે. ખાસ કરીને સંસાર સુધારાની ગ
વાર્તાઓ લખવાની એને ફરજ હતી એટલે એણે આવી
બુદ્ધિવર્ધક ગ્રંથમાં વાતો લખી હોય અને ગાથાની
તે કારણે તે નર્મગદ્યમાં આપવાની રહી ગઈ હોય એ
સંભવિત લાગે છે: 'વારતાઓની અસર ઘણી છે. કે
નઠારા પરિણામ નીકળી આવે તો પણ ઘણા જ ઉપયો-
કામમાં આણી શકાય તેવી છે. ગાથાઓ જીંદગી તથા સંસારી
રીતભાતનું બરાબર ચીતાર આપે છે ને મનના જે ભાવ
[passion] તે પૂરા છે કે અધુરા ભારવાળા એ શોધી
બનાવે છે.' [બુદ્ધિવર્ધક: મે ૧૮૫૮.] આ લખાણ પણ
વાર્તા સાહિત્ય વિશેની એની કલ્પના પ્રગટ કરે છે. એટલે જેમ
ગદ્ય સાહિત્યમાં અનેક વિષયો નર્મદે શરૂ કર્યા છે, તેવી જ રીતે
'ગાથા' પણ તેણે જ પહેલ વહેલી કવિતારૂપમાં શરૂ કરી કહેવાય.
જો કે પુસ્તકાકારે અથવા નર્મગદ્યની પહેલી આવૃત્તિમાં પણ
એની એક ગદ્યવાર્તા છપાઈ નથી એ જરાક શંકાભરેલી રીતે
આશ્ચર્યકારક લાગે છે. એણે પ્રચલિત કરેલ ગાથા શબ્દને
પકડી લઇ ઈ. સ. ૧૮૬૬માં ' ગાથા સમાજ '—એ નામે
ત્રણ નાની વાર્તાઓનું પુસ્તક અમદાવાદમાંથી પ્રગટ થયું
છે. પણ વાર્તાઓ અંગ્રેજી ઉપરથી ઉતારેલી છે ને 'ભાર
પડે તેવા જુના ગામડામાં પાધરે એક્ઝીટરથી વીશેક માઇલ
પર એક દમામદાર મકાન ઉભું છે ' એવી તરજુમિયા
શૈલીમાં લખાયલું છે. આ પ્રમાણે સ્વતંત્ર વાર્તાઓ તો બહુ
સારી ન લખાઈ પણ ફાર્બસ સાહેબ તથા દલપતરામ
કવિએ લોકકથા માટે ઉત્સાહ દર્શાવ્યો તેથી ઠેકાણે ઠેકાણે
લોકકથાઓ સંઘરાવા લાગી એમ જણાય છે. આમાંથી એક

એટલે વાર્તામાં કળા છે અને કળાની દષ્ટિએ જ એ કહેવી વધારે યોગ્ય છે એવો ભાનપૂર્વકનો પ્રયત્ન અને ઘણો નિદમંદ પ્રયત્ન પહેલવહેલા પારસીભાઇને હાથે થયો છે.

'The volume now edited is an attempt to detain the reader nearer home; so that he will find even in this country tales and romances claiming his attention. I have added pages together so as to give *'artistic completeness'* 'તેર મહિને મહાપુરકેલીએ ૨૦૦ પનાં છાપી લીધાં.' એવા આ વાર્તાગ્રંથની પ્રસ્તાવનામાં તેના લેખક [ઓક્ટો. ૧૮૭૨] કેટલીક ફરિયાદો પણ નોંધાવી છે. જેમાં મુખ્ય સાહિત્યના ઉત્તેજનના અભાવની છે. એમાં પ્રગટ થયેલી પહેલી વાર્તા ગુજરીમાં વાર્તાકથનના ઘણા ખાસા અંશો મળી આવે છે. ગુજરી ગોવાલણ સાસુ નણંદના વારવા છતાં દિલ્હીમાં મહી વેચવા જાય છે ને ત્યાં બાદશાહ તેને જોયા છે. તે વખતનો આ સંવાદ જૂઓ

નીચાઈ બોલ્યા, 'ગોવાલણ! તારો કંઈ વાંક નથી. નથી તારી [illegible] લેવું. [illegible] કાંઈ તારું કામ પડ્યું છે તેટલા [illegible] છે.'

'ને આભણી ગુજરી તો પાણી પોતાના દ[illegible] ઠીકઠીક કરી

[illegible]

* [illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible]

' બુદ્ધિપ્રકાશ 'માં વાર્તાઓ પ્રકટ થતી ગઈ, તેની અસર બીજાં છાપાંઓ પર પણ થઈ હતી, અને ધીમે ધીમે [illegible]

[illegible]

સાહિત્યમાં આવી શકી ન હતી. એક તો વાર્તાઓ પ્રમાણની થોડી, અને માસિકોમાં એક વખત વંચાઈ ગયેલી વાર્તાઓ કોઈ પ્રગટ કરે તો તેના ઘરાક પણ થોડાં જ નીકળે+ એટલે ઈ. સ. ૧૮૯૭ માં પ્રગટ થયેલ ગુજરાતી સારા સો ગ્રંથોની [1]યાદીમાં 'મરહુમ ગ્રંથકારોના' લગભગ ૭ પુસ્તકો–અરેબીયન નાઈટ્સ, ગુજરાત અને કાઠિયાવાડની વારતા, બાગો બહાર, બાલમિત્ર, ઘાશીરામ કોટવાલ, ને છેલની વારતા–તથા વિદ્યમાન ગ્રંથકારોના કરણઘેલો, મશોદ હિંદ બ્રિટાનિયા, સરસ્વતીચંદ્ર, વાંચવા લાયક વાતો, એમાં ટૂંકી વાર્તાઓનાં ચાર પુસ્તકોથી વધારે દેખાતાં નથી. નાની

+ આ સ્થિતિ આજે પલટાઈ ગઈ છે, પણ શરૂઆતમાં એ સ્થિતિ ભયરૂપ લાગેલી ખરી. એટલે ટૂંકી વાર્તાઓ કરતાં નવલકથા તરફ જનવૃત્તિ વધારે છે, એ, ઘણા કારણોમાંનું એક કારણ, ટૂંકી વાર્તાના મંદપ્રકાશનમાં જવાબદાર ખરું. અંગ્રેજી સાહિત્યમાં પણ એ ભય વ્યાપેલો. The most imbecile and the most pernicious of all the doctrines of the trade of those days was that the public would not buy short stories . . So the short story writer had absolutely nowhere to go. He could not for shame appear in those periodicals, the publisher would not print him, the bookseller refused to buy him, the library would not circulate him. [The English Review Book of Short stories; Edited by Horace Shipp] અને આ વાત તો કીપ્લીંગ અને એચ. જી. વેલ્સના જમાનાની થઈ. એટલે, નવલિકાએ પોતાનું સ્થાન સાહિત્યમાં લીધું તે પહેલાં એના સ્વરૂપ વિષે તેમજ સફળતા વિષે ઘણી શંકા–કુશંકાઓ થયેલી જણાય છે. [1] સુદર્શન એપ્રીલ ૧૮૯૭

વાર્તાઓના ગ્રંથો આંગળાને વેઢે જ ગણી શકાય એટલા હતા. 'ઐતિહાસિક વાર્તામાળા [૧૮૬૯] ટૂંકી કહાણીઓ [૧૮૮૫] બુદ્ધિ અને સ્ત્રીની કથા* [૧૮૮૩] બાળબોધકવાર્તાઓ, વાર્તાવારિધિ, મનોરંજકસુબોધ [૧૮૯૫] *મુખનવી રાખવાનાં આંઠાં ફળ [૧૮૮૫] ગુજરાતની જુની વાર્તાઓ [૧૮૯૩] વાર્તાવિનોદ [૧૮૯૩]×નાની મીઠી વાર્તા–વિવિધવાર્તા–લગભગ ઈ.સ. ૧૯૦૦ની સાલ સુધી આપણી ટૂંકી વાતોની મુખ્યત્વે આટલી સમૃદ્ધિ કહી શકાય. ટૂંકી વાર્તાઓ લખવા ને પ્રગટ કરવા ઉપર પહેલું લક્ષ સ્વ. નારાયણ હેમચન્દ્રે લગાડયું એમ કહી શકાય. કરણઘેલો ૧૮૬૬ માં બહાર પડયો ને ત્યાર પછી માત્ર બે દસકામાં સરસ્વતીચંદ્ર જેવો ઉત્કૃષ્ટ ગ્રંથ નવલકથાના ક્ષેત્રમાં આવ્યો. પણ નવલિકાક્ષેત્ર તો વણખેડયુ જ રહ્યું હતું. ઇંગ્લીશ સાહિત્યની સીધી અસર નીચે ગુજરાતી સાહિત્ય હોવાથી જ્યાં સુધી નવલિકાનું સ્વરૂપ ઇંગ્લીશમાં દૃઢ ન થાય ત્યાં

* મુખનવી રાખવાના આંઠાં ફળ—એ ખરી રીતે તો લાંબી વાત છે. પણ તેમા જુદા જુદા પ્રસંગો આપેલા હોઈ તેને આ વર્ગમા સાંકલ છે. એ પુસ્તક ઘણું સુંદર છે ને હજી પણ એનું વાચન આકર્ષક નિવડે તેમ છે. બુદ્ધિ અને સ્ત્રીની કથા ખરી રીતે લાંબી વાત છે. નવલરામે વખાણ્યું કહેલ આ ચોપડીમા વાતોના રૂપમા નીતિબોધ છે—ગ્રંથકાર બુદ્ધિદેવી જોડે પરણે છે. પણ કુમતિએ એને કદી દેવી જોડે રહી પરણાવી દીધો છે. કુટીદેવીનો બાળક નિર્વિચાર દેવ છે. આ વર્ણન ઉપરથી આ રૂપક ગ્રંથનો ખ્યાલ આવશે.

× ઘણુ કરી ૧૯૦૦ પછી છે, વર્ષોનો ક્રમ ગ્રંથ અને ગ્રંથકાર પુ. પાઘમાંથી લીધા છે

સુધી ગુજરાતીમાં એના જેવા પ્રયોગ જ થાય એ સ્વા-
ભાવિક હતું. પછી એવા પ્રકારના વિષે ગ્રંથો પણ આવ્યા.
નારાયણ હેમચંદ્રનું વ્યાકરણ જ્ઞાન ઘણું કાચું હતું. પણ
ટુંકી વાર્તાના ક્ષેત્ર તરફ જનતાને આકર્ષવાનું માન
એને ઘટે છે. વાર્તાની 'કલા' એ એવો ટુંકો પણ
અર્થવાદી સિદ્ધાંત પહેલાં નર્મદે બાંધેલો [નર્મગદ્ય સને
૧૮૬૫]. નારાયણ હેમચંદ્રે નવલકથા અને વાર્તા સાહિત્ય
તરફ જનતાનું ધ્યાન ખેંચ્યું તેમ જ તેની વિવેચના પણ કરી.
' વાર્તાનું ભાષાંતર કરવા એ એટલું રીતે ઘણું કઠણ નથી
પણ તે ઉત્કૃષ્ટ સાધવું એ થોડાથી જ થાય છે. ચિત્તવેધક
રીતિથી વાર્તાની રચના કરવાની અથવા તે કહેવાની એ
કાંઈ નાની કળા છે એમ નથી [સાહિત્ય ચર્ચા. જીવન-
ચરિત્ર લખવાની પદ્ધતિ. પૃષ્ઠ ૬૯. ઈ. સ. ૧૮૯૬.]
' કવીશ્વર દલપતરામે જે ઢબથી પ્રથમ શહેર સુધારા વગેરે
નિબંધ લખ્યા હતા તે ઢબ અને રચના તે કાળના ઉપયોગ
કરનારાઓને યોગ્ય હતી પણ હવે પવન લગાર ફર્યો છે
અને કાળ બદલાયો છે. હવે પોતાનો ગ્રંથ ઉપયોગી કરવાને

÷ નારાયણ હેમચંદ્રે લગભગ ૨૦૦ જુદા જુદા વિષયનાં પુસ્તકો ગુજરાતી સાહિત્યને આપ્યાં છે. બંકિમની પ્રથમ ઓળખાણ ગુજરાતને તેણે આપી કહેવાય. એની ભાષા કિલષ્ટ હતી અને તેનું તેને ભાન હતું. 'મારા પિતાની ભાષા કાઠિયાવાડી, માતાની ભાષા, દક્ષિણી ગુજરાતી જેવી ને હું હિંદની જુદી જુદી ભાષા બોલનાર તેમાં મારી ભાષા જોઈએ તેવી શુદ્ધ ન હોય એ સ્વાભાવિક છે.' [રસિકની નોંધપોથીઃ સાહિત્યઃ એપ્રીલ ૧૯૧૪] પણ 'જનસમાજને જ્ઞાનસુધા પીતી કરવાનું મોટું માન ગુજરાતમાં પ્રથમ તેમને છે. [રંજિતલાલ પંડ્યા—ગુજરાતમાં સાહિત્ય અને કલાનો વિકાસ]

વનારે આજના દેશકાળને અનુસરવું યોગ્ય છે.' [અન્યચર્ચા]
આ ઉપરથી જણાશે કે આ પ્રમાણે વાર્તાની કળાને જમાના પ્રમાણે નવું રૂપ આપવાની જરૂરિયાત જોનારામાં નારાયણ હેમચન્દ્રનું અગ્ર સ્થાન છે.

નારાયણ હેમચંદ્રે બંગાળી ઉપરથી ઘણી વાર્તાઓ ઉતારી છે. પણ ક્લિષ્ટતાને કારણે એમાંની કેટલીક આજે ફરી લખાઈ ગઈ છે. ભાષાનાં વલણ ઢબછબ ને શૈલીમાં એકાદ દસકામાં કેટલો ફેર પડી જાય છે તેનું ઉદાહરણ 'નાની મોટી વાર્તા'માંથી મળશે. ટાગોરની પ્રખ્યાત 'કાબુલીવાલા'ની વાત નારાયણે ઉતારી છે. તેમાંથી છેલ્લી લીટીઓ તુલના માટે લઈએ.

'આ રૂપીઆ દાન કરીને દિવાળમાંથી લગ્નની ધામધુમમાના કેટ એ અંગ કાપી નાખવા પડયા. એથી મારી ઇતી તેવી મોટી રોશની કરી શક્યો નહિ. લશ્કરી બેંડ પણ આવ્યું નહિ. ઘરમાંની સ્ત્રીઓ ઘણો અસંતોષ જાહેર કરવા લાગી પરંતુ મંગળ પ્રકાશથી મારું શુભ કાર્ય ઉજ્વલ થઈ પડયું.'

આની સાથે સરખાવો:

'આ રકમ આપ્યા બાદ લગ્નના ખર્ચમાં મારે કેટલીક કાપકૂપ કરવી પડી. વિજળીની દીવાબત્તી ને લશ્કરી વાજું આવી ન શક્યાં. તેથી ઓરતો નારાજ થઈ. પણ એક દૂર દેશમાં, વર્ષો થયાં વિખૂટા પડેલા પિતા તેના એકના એક બાળકને મળશે, એ વિચાર મને આ શુભ દિવસમાં અનેરો આનંદ આપતો હતો.'*

ટૂંકી વાર્તાના ધીમા વિકાસનું એક બીજું પણ કારણ છે. માસિકોએ નાની વાર્તાનું સ્થાન હોય તો સારું એ [illegible], પણ એ જમાનો ખરી રીતે નિબંધનો

* માસિક, કથામંજરી ભાગ ૧ વૈકુંઠલાલ ગોપીનાથ ઠાકોર.

હતો. સાહિત્યના વિકાસક્રમ પ્રમાણે પણ કલાનું પ્રાગટ્ય ' આમાંથી સાર લેવાનો એ કે ' એવું રૂપ પૂરું થયા પછી જ આવે છે. એક બાજુ ઉપદેશ ને નીતિપર હોય ને બીજી સાહિત્યના સ્વરૂપ પર હોય એવા આચાર્યોને હાથે નવલકથા કે નવલિકા ન જ જન્મે એ સ્વાભાવિક છે. અંગ્રેજી સાહિત્યની પ્રબળ અસર થયા પછી જે નવસુધારક વર્ગ આવ્યો તેણે સાહિત્યના આ સ્વરૂપને યથાસ્થિત વર્ણવાનો સાચો પ્રયત્ન કર્યો કહેવાય. એવા વર્ગમાં 'ચંદ્ર'ના લેખક મંડળ ને ' સુંદરી સુબોધ 'ના મંડળનો અગ્રભાગ ગણી શકાય.

' ગુર્જરશિષ્ટ ગ્રંથાવલી 'માં * નોવેલ તરીકે સાત પુસ્તકો સારાં ગણાવ્યાં છે. સરસ્વતીચંદ્ર, દિલ્હીપર હલ્લો, મુક્તા, જીવનસંધ્યા, જીવનપ્રભાત, કુસુમાવલી, વિક્રમની વીસમી સદી. એમાં નાની વાર્તાઓનું નામ નથી. પણ એ જ ' ચંદ્ર ' ફરી પ્રગટ થયું [નામઃ સાહિત્યઃ સ્વ. ચન્દ્રના તંત્રી હરિલાલ હર્ષદ ધ્રુવના સ્મરણાર્થે. માર્ચ ૧૯૦૪] ત્યારે તેના લેખક મંડળમાં નાની વાર્તાએ ' કલાકૃતિ ' તરીકે સ્થાન મેળવ્યું હતું. જ્ઞાનસુધા, વસંત, અને સુદર્શન એ ત્રણે શિષ્ટ માસિકોએ પોતપોતાના પ્રિય વિષયોના વિકાસ ઉપર વધારે ધ્યાન આપ્યું, એટલે વાર્તાઓનું સ્થાન એમાં ગૌણ હતું.+ વાર્તાઓનું સાહિત્ય વધે છે

* તૈયાર કરનાર પ્રકાશક 'ચંદ્ર માસિક' ભાદ્રપદ, સંવત ૧૯૫૨

+ જ્ઞાનસુધા–સુદર્શનની એ પાંચ વર્ષોની ફાઇલો જોનારને ખાત્રી થશે. સુદર્શનકાર પ્રિયવંદા પુ. ૧. અંક. ૧ ઑગસ્ટ ૧૮૮૫થી જ ' ગુલાબસિંહ ' શરૂ કરે છે પણ સઘળો ગ્રંથ

ત્યારે ક્ષુદ્રસાહિત્ય પણ સાથે સાથે જ દેખા દે છે. કદાચ એ ભયથી જ શિષ્ટ ગણાતા વર્ગમાં વાર્તાઓ પ્રત્યે તિરસ્કાર ની ભયમિશ્રિત લાગણી જોવામાં આવે છે. ' સાહિત્ય ' [માર્ચ ૧૯૦૪]નું સૂચિપત્ર જોતાં જ નવું વાતાવરણ સરજવાની તૈયારી થતી હોય તેમ લાગે છે. ' મહાત્મા મૂળદાસ ' [કલાપી] ' સ્નેહગીત ' ' આજનો જમાનો ' [બાબુ પ્રભાતકુમાર મુખોપાધ્યાયની એક ન્હાની વાર્તાનો અનુવાદ. અનિલ] ' ગુમ થયેલી પુતળી [કવિતાઃ અભિનવ] આ અનુક્રમ જ નવા વાતાવરણની સાક્ષી પૂરે છે. ન્હાની વાર્તા એ કથાસાહિત્યનો એક વિશિષ્ટ પ્રકાર છે એ ધ્યાન પહેલ વહેલું નવલરામે દોર્યું ' નવલકથા, ટુંકી નવલકથા, ને નાની વાર્તા ' એવા કથાસાહિત્યના ભેદ પ્રભેદ વિષે સાહિત્ય માસિકના જુલાઈ ૧૯૦૪ના અંકમાં, અનંતરાય મુનશી બી એ. એ ચર્ચા કરી છે.+ ' ઇંગ્લંડના સુપ્રસિદ્ધ સાહિત્ય સામયિક ' એકેડેમી 'ના એક લેખકના મત મુજબ ન્હાની

આધ્યાત્મિક છે. દા. નવલરામ ત્રિવેદીએ 'કેટલાક વિવેચનો'માં ૧૯૮૮ ની સાલ આપી છે તેમાં કાંઈક ભૂલ લાગે છે.

+ સ સદ ગ્રંથમાળા ૧—નવલરામના નિબંધો ભાગ-૧માં નવલરામનો નવલકથા પરનો નિબંધ પૂરો છપાયો નથી. એના સંપાદક કૈલી નોંધ પ્રમાણે ' બે પેરેગ્રાફ ગુમ થવાથી આપી શકાયા નથી.' આ આખો નિબંધ બીજી આવૃત્તિ વખતે દાખલ થાય તો ઠીક. એ બીજી કૃતિ પણ સુધારવા યોગ્ય છે. સૂરત ચૂકથી-કે પછી અનંતરાય મુનશીને નામે થયેલ હોવાથી-' ન્હાની વાર્તા ' વિષે લખેલો નવલરામનો નિબંધ આપો આપવો રહી ગયો છે. એ બંને નિબંધો સાંગોપાંગ ' સાહિત્ય 'ની ૧૯૦૪ની ફાઈલોમાં મળે એમ છે. બે પેરેગ્રાફ ગુમ થયા નથી

વાર્તા અને નવલકથામાં મૂળ તત્ત્વે ફેર નથી. નવલકથાનું ન્હાનું સાદું સરળ ને ઓછા મહત્ત્વનું રૂપ ન્હાની વાર્તા છે ' આ ભૂલ ભરેલો સિદ્ધાંત તે વખતે ત્યાં પ્રચલિત હતો અને આપણે ત્યાં તો હજી પણ છે. છતાં ન્હાની વાર્તાના ક્ષેત્ર વિષે રણજીતરામનો ખ્યાલ સ્પષ્ટ છે. રણજીતરામે સ્પષ્ટ લખ્યું છે કે ' માનવ સ્વભાવના તડકા છાંયા બરાબર ઉકેલી મૂર્ત કરવામાં કૌશલ વપરાય તો નિઃસંશય ગૂજરાતમાં નવલકથાનું બ્હોળું અને વિસ્તીર્ણ સાહિત્ય થાય. આફ્રિકામાં જઈ વસતા આપણા સ્વદેશીઓની થતી હાડમારીના પ્રસંગ પર અનેક પ્રકરણો ઉભાં કરી શકાય. આ સર્વ પ્રસંગો ને દેશમાં વસતી વિવિધ પ્રજાની મનોવૃત્તિઓ યથાર્થ ઓળખવા સારુ ' ન્હાની વાર્તા ' જેવું એકે સાધન નથી. નવલકથાની અટપટી ગુંથણી કરવા આ સાધનો કદાચ અપૂર્ણ લાગે પરંતુ ' ન્હાની વાર્તા 'માં તેમનો ઉપયોગ યથેચ્છ ને સંતોષપ્રદ થઈ શકે, બંગાળી ફ્રેંચ રશીયન અને ઇંગ્લીશ નમૂનાનો ઉપયોગ કરી શકીએ એમ છે. તે નમૂનાના અભ્યાસથી નવા નમૂના બનાવી શકાય એમ છે ત્યારે આવાં સરસ સાધનનો ઉપયોગ શા માટે ન કરવો ? ' સપટે. ૧૯૦૪માં એમણે આનાતોલ ફ્રાન્સ પરથી ' મદારી ' લખી. ઓક્ટો. ૧૯૦૪ માં 'હીરા' પ્રસિદ્ધ થઈ.×

× ' હીરા 'ની વાર્તા કચ્છી જનકથા સુણી મેઆર પરથી સુચિત થયેલી છે એમ રા. નવલરામ ત્રિવેદીએ ' કેટલાંક વિવેચનો' માં આપેલું છે, પણ વધારે સંભવિત—અને 'હીરા' એ નામ જ સૂચક છે—એ લાગે છે કે રણજીતરામે જનકથામાં ફેરફાર કરવો યોગ્ય ન ધાર્યો હોય. 'હીરા 'ની વાર્તાનું વસ્તુ પ્રસિદ્ધ Hero and Leander પરથી લાગે છે. બાયરનની આ પ્રસિદ્ધ લીટીઓ એ સંબંધે જ છે.

ી મુન્શીના મત પ્રમાણે 'હીરા' તેમની કૃતિઓમાં બધાથી
ટીયાતી છે. [રણજીતકૃતિ સંગ્રહ. મુન્શીની પ્રસ્તાવના.
૯૨૧] પરંતુ 'રણજીતરામ માણસ ન હતા, પણ ભાવના હતા.'
મેટલે એણે સાહિત્યના ઘણાં ક્ષેત્રોને નવું રૂપ આપવા
પ્રયત્ન કર્યો, અને તેમાં ટૂંકી વાર્તા પણ આવી. 'સુંદરી
સુબોધ'–અને 'સાહિત્ય'–એ બન્ને માસિકોમાં ઘણા સારા
લેખકો ધીમે ધીમે ટૂંકી વાર્તાનો વિકાસ સાધી રહ્યા હતા.
'સુંદરી સુબોધ'માં તો રા. રામમોહનરાયે 'વાર્તા લહરી'
એ ખાસ વિભાગ રાખી–એ અંગને વધુ આકર્ષક બનાવ્યું
હતું. જો કે હજી મૌલિક કૃતિઓ જન્મી ન હતી–અને હિંદી
બંગાલી તથા અંગ્રેજીનાં ઘણાં રૂપાંતરો થઈ રહ્યાં હતાં–
જ્યાં સાહિત્યના એક આવશ્યક અંગ લેખે નવલિકાનો
સ્વીકાર હજી થયો ન હતો. ટૂંકી વાર્તાને માટે 'ક્ષુદ્રગલ્પ'
[સુંદરી સુબોધ ઓગસ્ટ. ૧૯૦૬] એ શબ્દ પણ એક
વખત યોજવાનો હોય તેવું લાગે છે. સાધુચરિત પટીવાર
જેવાને પણ આ અંગ આકર્ષક લાગ્યું છે. [નવા યુગની
વાર્તાઃ ૧૯૧૧–૧૨] ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદમાં
શ્રી. ડાહ્યાભાઈ લક્ષ્મણ પટેલે [બંધુસમાજ] 'સાહિત્યમાં
ટૂંકી વાર્તા' એ લેખ રજુ કર્યો છે. એટલે એ નવું અંગ

' His ear but rang with Hero's song, Ye waves divide not lovers long ' The last watch of Hero ' એ કેઈ ચીતરનું પ્રખ્યાત ચિત્ર પણ છ જુઓ Classic myth and legend by A R. Hope Moncrieff 'હીરા' ના.મ એ કાવ્ય છે રણજીતરામની સાનસૂક્ષ્મી ભૂજના ઉલ્લેખ કરેલું રહી ગયું લાગે છે

ધીમે ધીમે પ્રજામાં પોતાનો માર્ગ કરી રહ્યું હતું અને વિદ્વાન તથા શિષ્ટ ગણાતા લોકોનું ધ્યાન ખેંચી રહ્યું હતું. 'સાહિત્યના કોઈ પણ અન્ય અંગ કરતાં વાર્તાનું વાચન લોકોમાં ઘણું વધી પડયું છે; સાદી વાત અને ટૂંકી વાર્તામાં ફેર છે. સાદી વાત સરલ હોય છે. તેમાં કોઈ ચિત્ર અગર બનાવનું વર્ણન હોય છે, અમુક બનાવ આમ બન્યો તેટલું જ તેમાં હોય છે. ટૂંકી વાર્તામાં કાંઈક નવીન સંકલના, કાંઈક નવીન અસર ઉપજાવે તેવું નાટ્યીય તત્ત્વ હોય છે. એક અમુક લાક્ષણિક સ્થિતિનો વિકાસ ટૂંકી વાર્તા બતાવે છે.'* આ પ્રમાણે માસિકો—સુંદરી સુબોધ, સાહિત્ય, વાર્તાવારિધિ, જ્ઞાનસુધા—વગેરે પોતપોતાની રીતિએ ટૂંકી વાર્તાને વધારે ને વધારે કલામય સ્વરૂપ આપવા પ્રયત્ન કરી રહ્યાં હતાં–અને કેટલાક સંગ્રહો પણ બહાર પડયા હતા– સસ્તા સાહિત્યના, રસિલી વાર્તાઓ, રત્નગ્રંથી–વગેરે, એ વખતે ગુજરાતી સાહિત્યની શૈલી–જેને રા. ડાહ્યાભાઈ નાટ્યીય તત્ત્વ કહે છે, પણ જે ખરી રીતે Realistic તરફનો ઝોક છે તે કેટલી ફેરવાઈ ગઈ હતી તે જોવા માટે એક બે ઉદાહરણ બસ છે.

જસોદા નામની સ્ત્રી પતિની કેદની સજા દરમ્યાન સુલભ એવો અનીતિનો માર્ગ ગ્રહણ કરી નિભાવ કરે છે. એક વખત અચાનક સજા કરનાર મેજીસ્ટ્રેટના કારકુન સમક્ષ તે ખડી થઈ જાય છે:

'હજુર–મેં આપકી યાદ મેં જરૂર હોઉંગી. મેરા

* સાહિત્યમાં ટૂંકી વાર્તા—ડાહ્યાભાઈ પટેલ: ટૂંકી વાર્તા ગ્રંથમાં બંધુસમાજે આપેલો ફાળો ગણના યોગ્ય છે.

નામ જસોદા. ઉસ દિન 'આપને મેરે લીયે બહોતસી તકલીફ ઉઠાઈથી ઔર રહમ કીથી. મેં આપકા અહેસાન કભી ભૂલ નહિ સકતી.'

જસોદા શી રીતે ગુજરાન કરે છે તેના જવાબમાં તે હસે છે અને કારકુનને વિચાર થાય છે કે તેનો પતિ કેદમાંથી છૂટશે ત્યારે એની આ અનીતિ કેમ સાંખી શકશે– તેના જવાબમાં હોય તેમ જસોદા બોલે છેઃ 'હુઝૂર, આપને ઔર મેજીસ્ટ્રેટ સાહેબને મહેરબાની કર કે હમારા ખાવિંદકી સઝા કમી કર દી થી. લેકીન અબ ઉસકી ઝરુર નહિ. સાહેબને એ દિન કહા થા કે અગર ચાલ વેસા કર કે નીભા લેના. હુઝુર ઉનકા બહુત કર કે કહ્યું દેના કે હમને નીભા લીયા હય.'*

ગણુજતરામની વાર્તાઓ કલાકૃતિ લેખે ઘણી ઉતરતી હતી. પણ તેમાં નવાયુગનો સ્પષ્ટ રણકો સંભળાતો હતો.

'આમદ રુપારે'માં રુપાદેની આ મૂર્તિ થોડા ફેરફાર સાથે ગુજરાતના હમણાં જ વહી ગયેલા સ્વપ્નની આબેહૂબ પ્રતિકૃતિ નથી? 'રૂપાંદે આ પ્રસંગ [લડાઈના] માટે તૈયાર હતી. કસોટીના પ્રસંગોમાં તેણે અદ્ભુત વિજય મેળવ્યો. આત્મ જાદુથી તેણે ગુજરાતનું ક્ષાત્રતેજ પ્રજ્વલિત કર્યું. યુદ્ધમાં ખપતા ગયા તે સુભટોનું સ્થાન નવાથી પુરતી ગઈ. અનાથ પીડિત અને અકિંચન કુટુંબોની આધિ વ્યાધિ બને તેટલી રીતે દૂર કરતી સમાજની મૂર્તિમતી દેવી જેવી રૂપાંદે સર્વ સ્થળે ફરતી. એની પરાક્રમોત્તેજક કવિતાઓ ગુજરાતના ગામડે ગામડે ગવાતા લાગી, છિન્નભિન્ન ગુજરાતની એકતા

* વસિલી વાતો આન ક. રામમોહનરાય.

હાજીમહમ્મદે ઉતારેલી વાર્તા છે. તેમાં વસ્તુ તો જૂનું જ છે; સ્વામીજીના મકાનની સામે કોઈ ગરીબ મજૂર પણ તેમના હૃદયની ' રાણી 'નું મકાન છે. ને સ્વામીજી રાણીના પ્રેમમાં પડયા છે. પણ–જાણી શકયા છે માત્ર તેનું નામ જ. સ્વામીજી નાવા ગયા છે કુવા ઉપર–અને અચાનક રાણી આવે છે પાણી ભરવા.

' સ્વામીના મોંમાંથી બીજી કંઈ વાત ન નીકળી. તે તરત જ ઉઠયા ને પોતાની ગાગર ભરવા લાગ્યા. તેની પાસે ધીરે ધીરે આવી અચકાતાં અચકાતાં રાણીને તેઓએ પૂછ્યું: 'તમારું નામ શું?'

તે મોં ફેરવી ધીમેથી કંઈક બોલી, હોઠ હાલ્યા પણ અડધું બોલવું મોંમાં જ રહી ગયું. બાકી જે કાંઈ સંભળાયું તે આ હતું . . . ' તબિયા '

આ પહેલો શબ્દ હતો જે સ્વામીજીને કહેવા માટે રાણીના મોંમાંથી પહેલવહેલાં નીકળ્યો હતો. એવામાં તે મકાનમાંથી અવાજ આવ્યો: ' મહેતબિયા '

સ્વામીજી ઝટ પોતાની ગાગરમાંથી તેના ઘડામાં પાણી ભરવા લાગ્યા. તેમના હાથમાંથી ગાગર છુટી ગઈ. માટીનો ઘડો ફૂટી ગયો અને રાણી ત્યાંથી ચાલતી થઈ.

પરંતુ વાર્તાનું મુખ્ય તત્ત્વ–અસામાન્ય વિચાર કે સૌન્દર્ય–એ બન્નેમાંથી એકે આવી વાર્તાઓમાં દેખા ન દે એ સ્વાભાવિક છે. અતિશય મીઠાશથી જીભની જે સ્થિતિ થાય તે સ્થિતિ આ એક જ જાતનાં સ્ત્રી પુરુષ ને પ્રેમ–ગુપ્ત કે પ્રગટથી–મનની થાય છે. હિંદીની ઘણી સુંદર વાર્તાઓ–વિશ્વંભરનાથ જજ્જાની, સુદર્શનની–ચતુરસેનની–વીસમી-સદીમાં આવતી; જો કે આંહી એમના વિવેચન માટે અવકાશ નથી એટલે માત્ર નામ નિર્દેશ જ કર્યો છે.

પંડિત વિશ્વંભરનાથ જજ્જા પોતાની *સુંદર નવલિકાઓથી 'વીસમીસદી'ના શણગારતા તે વખતે 'સાહિત્ય'માં પ્રખ્યાત બનેલા 'નારદ'ની ટૂંકી વાર્તાએ મનોરંજન દૃષ્ટિએ નવો જ ચીલો પાડ્યો હતો. પણ—આ લેખ-જે સમય પાસે અટકવા માગે છે તે સમયે 'નારદ'નો સત્કાર હજુ થતો આવતો હતો. ગુજરાતી સાહિત્યમાં ચાતુરી ભરેલી વાર્તાઓ એમણે આપી કહી શકાય. આ લેખમાં એમનું સ્થાન કાલક્રમ પ્રમાણે આવી શકે તેમ નથી એટલે તેમના વિષે વિશેષ કહી શકાય તેમ નથી.

જેને ટૂંકી વાર્તાની કલા કહેવાય—જે કલા વિના પણું કરી નાખે—એવી સુંદર કલાકૃતિ પ્રથમ સરજવાનું માન સ્વ. મલયાનિલને છે. એને સાહિત્ય પ્રદેશમાં મુસાફરી કરતાં કરતાં—આ રસનો જડી ગયો હતો. વીસમીસદીમાં છપાયલી 'ગોવાલણ'ની પ્રસિદ્ધ વાર્તા ઉપરથી એની કલાનો પરિચય થઈ શકશે. વસ્તુ જાણીતું જ છે—અને જાણીતું જ રહેવાનું છે.

મેં કહ્યું: 'દૂધવાળી, તુ શી ન્યાત ?'

'ઓમ વાણી. અમે ઢોરાં ચારનારા રબારી લોક'

'તે તું કોની સાથે પરણેલી છે ?'

'બાપા, સુંદનબાઈ શું પુછોછો' કહી શરમાઈ હોય તેમ હસી.

---

* વિશ્વંભરનાથની પુ પરવાળી—તે વખતે પ્રખ્યાત થયેલી. પરંતુ એમાં પણ એક જ સુંદર—સ્ત્રી પુરુષ ને પ્રેમ—જીવનના બીજા અનેક પ્રશ્નોની છણાવટ નહિ તે સ્પષ્ટ છે. મલયાનિલની વીસમી-સદીના પ્રથમ થયેલી ત્રણ ચાર વાર્તા—ગોઅરાનું દલ, પ્રતિમા કે પ્રિયા—ગોવાલણી—એનો માર્ગ પણ પાછો બંધ આ જ છે. પરંતુ એમના હાથ પર કૈલી થઈ હતી, ને ઘણી સુંદર વાર્તાઓની અવિષ્યની શક્યતા એમને માટે હતી.

'ના ના તોયે'

'એ અમ જેવા રબારી હોયે. કોક બાયડીનો ના લવાય.'

અને એમને એમ-જેમાં છેવટ સુધી ચંદનભાઈને જાણ પડતી નથી કે રબારણ મને તાંબડી સાચવવાનું કહી આંહી બેસારી ગઈ છે, તેમાં સ્ત્રીસુલભ હોંશિયારી રહી છે, તેમ વાંચનારને પણ સમજાતું નથી કે હવે શું આવશે-અને ટૂંકી વાર્તાની આ છેક સુધી પ્રગટ અપ્રગટ રહેવાની કલા લેખકને સહજ છે-લેખક તદ્દન કુદરતી બનાવની જેમ આગળ વધે છે. ગોવાલણ પાછી આવી-'હૂંડી' શોધી પણ નથી મળી-

'બેઠા સો?' પૂછ્યું.

'હા ત્હારું કામ કરવાને હું બેસું નહિ? ટોપલી લાવી?'

અને જવાબમાં નિત્ય નજરે પડતી ગોવાલણ કાંઈક રૂપાળી, કાંઈક હિમ્મતબાજ કાંઈક લુચ્ચી-લેખક એક વાક્યમાં જ ખડી કરી દે છે.

'ના-રે ભઈ! ચાર પાંચ ઘેર પૂશી આવી પણ ક્યાંય પતો નથી. કુણ જાણે કનંઈ ઘેર મેલી આવી હઈશ.' આટલું બોલી એ પાછી ત્યાં બેઠી.

'દલી!'

દલી કહેતાની સાથે એ તો નવાઈ પામી; 'મારું નામ ક્યાંથી જાણ્યું?'

પુરુષ-ગાંડા પવને ચડેલો પુરુષ-નવરો બેઠો તાંબડીમાં ધ્યાનપૂર્વક દલીનું નામ વાંચી રહ્યો હતો-આટલો સુંદર ધ્વનિ-લેખક માત્ર એક શબ્દ 'દલી!' કહીને જ દર્શાવી દે છે.

'ફૂલ ઉઘડે તેમ મારું હૃદય ખીલતું હતું. ઝરણ વહે તેમ મારી કલ્પનાસૃષ્ટિ રચાયે જતી હતી. કેતકી ડોલે તેમ ઉર ઘૂમ-

રાઈ દોસ્તા હતો . . . અને જરા પણ ગભરાટ કે ભય કે શરમ વગર મારા મિત્રની માફક વાત કર્યે જતી હતી.'

હવે તો વાંચનાર ધારતો હશે કે હમણાં પ્રેમની મસ્તી આવશે—એની એ ધારણા—લેખક એક વાક્યમાં ઉડાવી દે છે.

'એકાએક એ છાપરીની ઈંધાડી બારીમાં મારી પત્નીએ ડોકું કર્યું . . . દસ્લી-ચુનારી ઓવાહણ સાહામા મોં રાખી હસતી હતી.'

અને છલ્લી સુંદર ટોચ: 'ચિત્રકારને આંહી ત્રણ ચિત્રો ચિતરવાના હતા. એક કાલિકા, બીજી બહુનારિણી અને ત્રીજો બેવકૂફ.'

લેખક માત્ર એક 'અને' શબ્દ ઉડાવી દીધો હોત ! 'અને' ને બદલે ડેશ-મૂક્યો હોત અને 'કુ' દીર્ઘ કર્યો હોત—બેવકૂફ ! સ્વર્ગસ્થ મલયાનિલની આ નવલિકા વિકાસક્રમનું છેલ્લું પગથિયું ગણી શકાય—ત્યાર પછીનો સમય એટલો પાસે છે કે એની નોંધ ભવિષ્યમાં કોઈ વધારે સમર્થ હાથે લેવાય એ જ યોગ્ય છે.

ધૂમકેતુ

બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૯૩૫ માંથી લેખકના લેખ ઉપરથી. પુનર્મુદ્રણ માટે આભાર.

નવલિકાનો જન્મ ભાષાના જન્મની સાથે થયો છે. સાહિત્યનાં સઘળાં રૂપોમાં સૌથી વધારે પ્રાચીન અને સૌથી વધારે નૈસર્ગિક સ્વરૂપ નવલિકાનું છે. વાત સાંભળીને જ મનુષ્ય બોલતાં અને દુનિયાને જાણતાં શીખ્યો છે: એટલે પ્રજાજીવનને ઘડવામાં કથા, લઘુકથા, આખ્યાયિકા, ઉપકથા વગેરેએ જે ફાળો આપ્યો છે તે નોંધવા જેવો છે. નવલિકાને, પ્રજાની સંસ્કૃતિ જાળવનારું મહારસાયન કહી શકાય; પરંતુ ઘણી વખત નવલિકાનું સાહિત્ય કેવળ મનોરંજન માટે થવા માંડે છે ત્યારે પ્રજાની ઉન્નતિને બદલે અવનતિમાં પણ એનો ફાળો જબરો થઇ જાય છે. એ પરિસ્થતિ અત્યારે સીનેમામાં સ્પષ્ટ દેખાય છે મનોરંજન એ નવલિકાના સ્વરૂપમાં વિશિષ્ટ સ્થાને છે. પણ એનો અધિકાર નવલિકાના સ્વરૂપને ચારે તરફથી છાઇ દેવાનો નથી. અંતરાગ્નિની રેખાનો નવલિકા વિધાનમાં જેમણે ઉપયોગ કર્યો હોય છે, તેમને હાથે રસ–કલા અને રંજન બન્ને કુશળ વણકરના પટમાં વણાતા તાણા વાણાની પેઠે વણાતાં આવે છે; જેવી

રીતે પટનો નાશ કર્યા વિના બન્ને જુદાં પાડી ન શકાય તેવી રીતે રસ–કલા અને રંજનના અંશોને નવલિકામાં પણ છૂટાં છૂટાં કરી ન શકાય.

નવલિકા,સમગ્ર જીવનના દર્શનનું રસદ્વાર છે. બાહ્યદર્શન માટે જે કામ આંખ કરે છે, તે જ કામ આંતરજીવન માટે આ માનસીચક્ષુ કરે છે. સાચી કૃતિ વિષે એમ કહેવાય છે કે, એ સંપૂર્ણ હોય છે: એટલે કે એમાંથી કાંઇ લઈને કે કાંઈ ઉમેરીને તમે એને વધારે સંપૂર્ણ ન બનાવી શકો. એ પોતે પોતાની રીતે પૂર્ણ છે. ફૂલકળીની આછી સુગંધમાં જે માધુર્ય છે તે પ્રફુલ્લ પુષ્પના કરતાં જુદું જ છે: પણ એ એનું પોતાનું છે. એ માધુર્ય વધારે મળે એવા હેતુથી જો કોઈ ફૂલકળીના અંશાંશને છિન્નભિન્ન કરે તો એ માધુર્ય જ ગુમાવે છે. નવલિકા પણ ફૂલકળી જેવી છે. એનું માધુર્ય જેટલું એના સમગ્ર સ્વરૂપમાં છે એટલું એના અંશમાં નથી. અને નવલિકાનો વિવેચક જ્યારે સમગ્ર સ્વરૂપને બદલે અંશાંશને જોવા માંડે છે ત્યારે એ માધુર્ય એ ગુમાવે છે.

પણ એનો અર્થ એવો નથી કે નવલિકાનું વિવેચન વિવેચનના સર્વ સાધારણ નિયમોથી જુદા જ નિયમો માગી લે છે, અથવા વિવેચન સહન ન કરવાની પોતાની અશક્તિ પ્રગટ કરે છે. પણ એનો અર્થ તો એવો છે કે, નવલિકા એ એટલી સુંદર નાજુક કલાકૃતિ છે કે વિવેચકે–તાજ-મહાલના દર્શન માટે રસિકો યોજે છે તેવી–એને નિહાળવા માટે, પરિસ્થિતિ વાતાવરણ અને યોગ્ય દષ્ટિકોણની અનોખી

નવલિકાનો જન્મ ભાષાના જન્મની સાથે થયો છે. સાહિત્યનાં સઘળાં રૂપોમાં સૌથી વધારે પ્રાચીન અને સૌથી વધારે નૈસર્ગિક સ્વરૂપ નવલિકાનું છે. વાત સાંભળીને જ મનુષ્ય બોલતાં અને દુનિયાને જાણતાં શીખ્યો છે: એટલે પ્રજાજીવનને ઘડવામાં કથા, લઘુકથા, આખ્યાયિકા, ઉપકથા વગેરેએ જે ફાળો આપ્યો છે તે નોંધવા જેવો છે. નવલિકાને, પ્રજાની સંસ્કૃતિ જાળવનારું મહારસાયન કહી શકાય; પરંતુ ઘણી વખત નવલિકાનું સાહિત્ય કેવળ મનોરંજન માટે થવા માંડે છે ત્યારે પ્રજાની ઉન્નતિને બદલે અવનતિમાં પણ એનો ફાળો જબરો થઇ જાય છે. એ પરિસ્થિતિ અત્યારે સીનેમામાં સ્પષ્ટ દેખાય છે મનોરંજન એ નવલિકાના સ્વરૂપમાં વિશિષ્ટ સ્થાને છે. પણ એનો અધિકાર નવલિકાના સ્વરૂપને ચારે તરફથી છાઈ દેવાનો નથી. અંતરાગ્નિની રેખાનો નવલિકા વિધાનમાં જેમણે ઉપયોગ કર્યો હોય છે, તેમને હાથે રસ–કલા અને રંજન બન્ને કુશળ વણકરના પટમાં વણાતા તાણા વાણાની પેઠે વણાતાં આવે છે; જેવી

વાર્તા સોમી

મધ્યાહ્ને આકાશમાં સ્વચ્છન્દે રસળતી એકાદ નાની વાદળી કેટલીક વખત સંસ્મરણીય બની રહે છે: એનું સૌન્દર્ય સ્મૃતિમાં ચિરસ્થાયી છાપ મૂકી જાય છે.

કોઇ કોઇ સ્ત્રીનું સ્વરૂપ પણ એવું સંસ્મરણીય હોય છે.

એના દેહમાં ખાસ સુંદર કહેવાય એવું કાંઈ નજરે ચઢતું નથી. પણ એ સૌન્દર્ય દેહનું નહિ, એટલું વાતાવરણનું હોય છે. એવું નિસર્ગસિદ્ધ માધુર્ય ઘણી સ્ત્રીઓમાં મળતું નથી, પણ જેનામાં એ હોય છે, તેનામાં કાવ્યદેહમાં છૂપાયલા ધ્વનિની માફક, અર્ધ સ્પષ્ટ–અર્ધ અસ્પષ્ટ હોય છે. કેટલીક સ્ત્રીઓ સુંદર દેખાય છે ખરી; છતાં ખરી રીતે સુંદર હોતી નથી. એમને માત્ર દેહ હોય છે–ને વાતાવરણ હોતું નથી. જેમ કેટલીક સ્ત્રીઓ લાંબી હોય છે, છતાં એમાં કેવળ લંબાણ હોય છે – ને રેખાનું સૌન્દર્ય હોતું નથી, તેમ કેટલીક સ્ત્રીઓ ગજબનાક સુંદર લાગે છે, તે છતાં એમનામાં સૌન્દર્ય

હોતું નથી. સૌન્દર્ય આ કા શ કુ સુ મ જેવું હોય છે; સ્વપ્નસૃષ્ટિએ મનોહર : વ્યવહારમાં અસ્પૃશ્ય. એને સ્પર્શી શકાય નહિ – અને છતાં એના વિના જીવી પણ શકાય નહિ. એવી સ્ત્રીઓમાં સુંદર દેહ એવો ગાણ ભાગ ભજવે છે કે, ઉત્તમ પ્રકારની ગ ગ ન ગા મી કલ્પનાની પેઠે એને સ મ જ વા ને માટે મનુષ્યે વા તા વ ર ણ સ ર જા વ વું પડે છે. ઉન્મત્ત યૌવનને લીધે આવેલું સૌન્દર્ય – કદાચ એ મદિરા જેવું કામ કરે; ખીચોખીચ ભરેલાં માંસલ અવયવોનું સૌન્દર્ય – કદાચ એ સ્ત્રીનો પુરુષ પ્રત્યેનો પાશવી સાદ હોઈ શકે; સાદું સરલ સૌન્દર્ય – એનું આકર્ષણ વધુ સ્થાયી થઈ શકે; પણ ધ્વનિકાવ્યની જેમ જ્યારે જુઓ ત્યારે કેવળ માધુર્યથી વાતાવરણને ભરી દેતું એવું નિસર્ગસિદ્ધ વિશ્વમોહિની રૂપ – એ તો કો ઈ ક ને – કો ઈ ક ને જ – મળેલું હોય છે.

અંજલિને આવું વા તા વ ર ણ મ ય વિશ્વમોહિની રૂપ મળ્યું હતું.

કદાચ ઘણા, એમાં સાદી સરલતા જુએ – રૂપ પણ જુએ.

પરંતુ જેમને દષ્ટિ મળેલી છે, એમને આ સ્ત્રીની દા જ રી – ઘણી ઇચ્છાઓનું શમન કરનારી – અને માનવ સ્વરૂપમાં રહેલી અચિંત્ય સૌન્દર્યભાવના જગાડનારી લાગે. એને તમે સ્ત્રી કરતાં ક લા કહી શકો, જેને ચરણે મનુષ્ય પોતાની સામાન્યતા પ્રગટ કરતાં શરમાય; અસામાન્યતાનો ઉપાસક થવા પ્રેરાય.

એનું મૌન એની વાણી જેટલું જ મોહક હતું; સ્મિત – ગાંભીર્ય જેટલું જ અર્થ ભરેલું; એના હૃદયના ભાવ

જેવું નથી. સૌન્દર્ય [illegible]
સ્વપ્નસૃષ્ટિનો [illegible] જેને ગાઈ
શકાય નહિ – અને છતાં એના વિના ચાલી પણ શકાય નહિ.
એવી સ્ત્રીઓમાં સુંદર દેહ એનું [illegible] છે. ઉન્મ
પ્રકારની ગ ગ ન ગા મી કલ્પનાની પેઠે એને [illegible] માટે
મનુષ્યે વા તા વ ર ણ [illegible] પડે છે. [illegible]
આંખનું સૌન્દર્ય – કદાચ એ મદિરા જેવું કામ કરે; [illegible]
ભરેલાં માંસલ અવયવોનું સૌન્દર્ય – કદાચ એ સ્ત્રીનો પુરુ
ષત્વ પ્રત્યેનો પાશવી સાદ સંભળાવી શકે; સાદું સરલ સૌન્દર્ય – એનું
આકર્ષણ વધુ સ્થાયી ગણી શકે; પણ અભિસારિકાની જેમ
જ્યારે જુઓ ત્યારે કેવળ માધુર્યથી વાતાવરણને ભરી દેતું
એવું નિસર્ગસિદ્ધ વિશ્વમોહિની રૂપ – એ તો કો ક ને –
કો ક ને જ – મળેલું હોય છે.

અંજલિને આવું વા તા વ ર ણ મ ય વિશ્વમોહિની રૂપ મળ્યું હતું.

કદાચ ઘણા, એમાં સાદી સરલતા જુએ – રૂપ ન પણ જુએ.

પરંતુ જેમને દૃષ્ટિ મળેલી છે, એમને આ સ્ત્રીની હા જ રી – ઘણી ઇચ્છાઓનું શમન કરનારી – અને માનવ સ્વરૂપમાં રહેલી અચિંત્ય સૌન્દર્યભાવના જગાડનારી લાગે. એને તમે સ્ત્રી કરતાં ક લા કહી શકો, જેને ચરણે મનુષ્ય પોતાની સામાન્યતા પ્રગટ કરતાં શરમાય; અસામાન્યતાનો ઉપાસક થવા પ્રેરાય.

એનું મૌન એની વાણી જેટલું જ મોહક હતું; સ્મિત – ગાંભીર્ય જેટલું જ અર્થ ભરેલું; એના હૃદયના ભાવ

હોતું નથી. સૌન્દર્ય આ કા શ કુ સુ મ જેવું હોય છે; સ્વપ્નસૃષ્ટિએ મનોહર : વ્યવહારમાં અસ્પૃશ્ય. એને સ્પર્શી શકાય નહિ – અને છતાં એના વિના જીવી પણ શકાય નહિ. એવી સ્ત્રીઓમાં સુંદર દેહ એવો ગાૈણ ભાગ ભજવે છે કે, ઉત્તમ પ્રકારની ગ ગ ન ગા મી કલ્પનાની પેઠે એને સ મ જ વા ને માટે મનુષ્યે વા તા વ ર ણ સ ર જા વ વું પડે છે. ઉન્મત્ત યૌવનને લીધે આવેલું સૌન્દર્ય – કદાચ એ મદિરા જેવું કામ કરે; ખીચોખીચ ભરેલાં માંસલ અવયવોનું સૌન્દર્ય – કદાચ એ સ્ત્રીનો પુરુષ પ્રત્યેનો પાશવી સાદ હોઈ શકે; સાદું સરલ સૌન્દર્ય – એનું આકર્પણ વધુ સ્થાયી થઈ શકે; પણ ધ્વનિકાવ્યની જેમ જ્યારે જુઓ ત્યારે કેવળ માધુર્યથી વાતાવરણને ભરી દેતું એવું નિસર્ગસિદ્ધ વિશ્વમોહિની રૂપ – એ તો કો ઈ ક ને – કો ઈ ક ને જ – મળેલું હોય છે.

અંજલિને આવું વા તા વ ર ણ મ ય વિશ્વમોહિની રૂપ મળ્યું હતું.

કદાચ ઘણા, એમાં સાદી સરલતા જુએ – રૂપ ન પણ જુએ.

પરંતુ જેમને દૃષ્ટિ મળેલી છે, એમને આ સ્ત્રીની હા જ રી – ઘણી ઈચ્છાઓનું શમન કરનારી – અને માનવ સ્વરૂપમાં રહેલી અચિંત્ય સૌન્દર્યભાવના જગાડનારી લાગે એને તમે સ્ત્રી કરતાં ક લા કહી શકો, જેને ચરણે મનુષ્ય પોતાની સામાન્યતા પ્રગટ કરતાં શરમાય; અસામાન્યતાને ઉપાસક થવા પ્રેરાય.

એનું મૌન એની વાણી જેટલું જ મોહક હતું સ્મિત – ગાંભીર્ય જેટલું જ અર્થ ભરેલું; એના હૃદયના ભાવ

જેવાં આછા અસ્પષ્ટ જંગલમાં, શાંતિથી વહેતી નદી પોતાનો રસ્તો કાઢી રહી છે, એ ગળક ગળક થતાં પાણી કહી આપે. ઉપર નિઃસીમ આકાશ હસી રહ્યું હતું: નીચે પૃથ્વી. મહેન્દ્ર ત્યાં આવીને ઉભો રહ્યો. સામેના કિનારા પર જ્યાં અકસ્માત થયો હતો ત્યાં દૃષ્ટિ ફેરવી. સાંભો, ઓટલો, સીધો માર્ગ ચાલ્યો જતો દેખાયો. કોઈ ક્યાંય ન હતું. કેવળ ચાંદની, નદી, જલધારા, ઉંચી ભેખડો, વૃક્ષો–સઘળી કુદરત ચેતનમય હોય તેમ 'હમણાં આવું છું!' એ અંતિમ શબ્દનો જાણે પડઘો પાડી રહી હતી. ભારે હૈયે–ને ધીમે શાંત પગલે, મહેન્દ્ર, છેક મોડી રાતે, પોતાના બંગલામાં જવા પાછો ફર્યો ત્યારે સઘળું સુમસામ બની ગયું હતું. લીલું હરિયાળું ઘાસ ચુપચુપ ઉભું હતું. અને એ સઘળી શાંતિને અનુરૂપ રહીને ભરતો હોય તેમ–ધીમે ડગલે એ ચાલી રહ્યો હતો.

લીલાંછમ સૂતેલાં ઘાસની વચ્ચે થઈને એ પાછો ફર્યો. એ પોતે જાણે ચાલતો ન હોય પણ કેવળ એનો પડછાયો જ હાલતો હોય એટલી ધીમી, મંદ, વિચારમગ્ન, શાંત ગતિથી એ સરતો હતો–એની આસપાસ સઘળે શાંતિ હતીઃ શબ્દોથી ભરેલીઃ વાતાવરણની સરજેલી.

તે બંગલા પાસે આવ્યો.

જે રચના અંજલિએ કરી હતી, એ જ રચના હજી એમ ને એમ હતી. દ્વારપર અજંટાની કમળવેલ લટકતી હતીઃ અંદર ગાલીચા ઉપર સાચ્ચા રક્તચંદનના બાજોઠ ઉપર નટરાજ પોતાનું નૃત્ય કરી રહ્યા હતા. વાતાવરણનું જે સૌન્દર્ય અંજલિની સાન્નિધ્યમાં અનુભવાતું–લગભગ એ જ

'જી હાં !'

'ઔર મૈં—આપ હાજર નહિ કરતે. સામને બંગલીમેં મુકામ રખ્ખુંગા. સમજ ગયે ?'

'જી હાં !'

'મગર એક બાત કી ગફલત કભી નહિ કરનાં...

બાઈ નહિ હય—મગર સબ ઐસે હી ઢંગસે—જૈસે આજ મોજુદ હય—રખનાં. ગહના ભી ઐસી હી રખનાં. હાં . . . ?'

'જી જનાબ!'

વાતાવરણને ધક્કો લાગતો હોય તેની જાણે સંભાળ રાખતો હોય તેમ, મહેન્દ્ર ધીમે શાંત પગલે પાછો ફરી ગયો.

§ ૩

અંજલિ અને મહેન્દ્ર – બન્નેનો ઈતિહાસ રસિક હતો.

તે બન્ને પરણ્યાં હતાં – ને સાથે રહેતાં તેમ ન હતું. મહેન્દ્ર એક વખત સીમલામાં એક હોસ્પીટલ જોવા ગયો. ત્યાંની એક નર્સના રૂપરાશિએ તેના પર એવી મોહિની મૂકી, કે ત્યાર પછી એની બન્ને કાંઈક ઘેરી ગગનરંગી આંખો પોતાના હૃદયમાંથી કાઢી મૂકવા તેણે આકાશ પાતાળ એક કર્યાં – પણ પ્રેમનો અને થોરનો કાંટો એક રીતે સરખા છે. જેમ કાઢવા યત્ન કરો તેમ વધુ અંદર પેસે. મહેન્દ્રે સીમલાનુ નામ છોડયું – પણ નર્સની આંખોએ એના હૃદયમાં કાયમનું સ્થાન પ્રાપ્ત કર્યું.

તેને નર્સના નામની પણ ખબર ન હતી; નર્સને તેના

[illegible]

મહેન્દ્રે જવાબ આપ્યો 'મેં ગયો!'

'ક્યાં હતો?' દાર્જિલિંગમાં?'

'ના. હું ત્યાં ગયો નથી.'

'ત્યારે?'

'કહું? – શીમલામાં – કાશ્મીરમાં મેં તમને જોયાં. તમારું નામ?'

'અંજલિ!'

એટલામાં સાથેના લોકોએ બૂમ મારી: 'ચાલો વિ ભા વ રી!'

'અંજલિ કે વિભાવરી?' મહેન્દ્ર બોલ્યો.

'તમારે માટે અંજલિ – એને માટે વિભાવરી!'

'એટલે?'

જવાબમાં નર્સે સરનામું આપ્યું ને તે ઉતાવળે ચાલી નીકળી.

§ ૫

કેવળ આંખોનું સંસ્મરણ હતું – તેમાં નામનું ઉમેરાયું.

પછી તો મહેન્દ્ર ફરી સીમલા ગયો. વિભાવરીને મળ્યો. એ પરણેલી હતી – અને એ એના પતિને, રાત્રિના જેવી અનેક ગુપ્તરહસ્યોથી ભરેલી લાગતી. એની આંખમાં નીલાકાશ જેવું અતળ ઊંડાણ હતું. હૃદય, આકાશ જેવું જ

[illegible]

અને આ ફૂલને નિહાળી રહ્યાં. આકાશી તારાની જેમ, આંખ ખોલીને [illegible] ફૂલો, એને [illegible] રહ્યાં – ને ધીમે ધીમે બીજાં અનેક ફૂલો એક બીજાના કાનમાં કહી રહ્યાં :

'આ ક્યાં જાય છે ! – જેને જોવા જાય છે એ [illegible] –

રૂપરૂપની રાશી તો—આપણી સુગંધમાં સંતાઈને છાની નિદ્રા લે છે !'

મહેન્દ્ર અંદર ગયો.

ઘરનો દરેક ખંડ—દરેક ખૂણો—જાણે આંખ હોય એમ એની સામે તાકીને જોઈ રહ્યો હતો ! ત્યાં એની ખુરશી—જે પ્રમાણે એણે છેલ્લે જતી વખતે જરાક તોછડી—ત્રાંસી મૂકી હતી તે જ પ્રમાણે પડી હતી. ટેબલનું અર્ધખુલ્લું ખાનું કોઈની રાહ જોતું ઉભું હતું. પોતાનું અંતર બનાવતું ને કોઈ મૃદુસ્પર્શની આશા રાખતું—એક પુસ્તક, વચ્ચે મૂકેલ મહેન્દ્રના ફોટા સહિત—ટેબલ ઉપર ખુલ્લું પડ્યું હતું. ખૂણામાં—એક જગ્યાએ જતાં જતાં અંતર્વિગ્ને ફેંકી દીધેલી શાલ વેરણ છેરણ, એક કોચ ઉપરથી નીચે લટકતી હતી !

મહેન્દ્ર અત્યંત ધીમે પગલે આગળ વધ્યો.

બહાર ઉભેલા પોર્ટુગીઝે ધડકતે દિલે એની હીલચાલ જોઈ રહ્યા. થોડીવારમાં એ આગળ જવાને બદલે શાન ઉભો રહ્યો.

કોઈ જોયું હોય તેમ એકધારીરએ શાન ઉભો રહ્યો હતો અને એની નજર અંદરના શયનખંડના દ્વાર પર સ્થિર થઈ ગઈ હતી. થોડીવાર પછી એનું માથું સહેજ નીચે નમ્યું [illegible] અને [illegible]—[illegible] એના [illegible] ત્યાર પછી તરત એ બે ડગલાં પાછળ હટ્યો અને એની સામે જોઈ રહેલી [illegible] નાની વસ્તુઓ [illegible] પગલે [illegible] તેમ પાછો [illegible]. અને મહેન્દ્ર [illegible] ઉભો રહ્યો

એક વરસ પહેલાં બોલ્યો હતો – લગભગ એવા જ અવાજે એણે પૂછ્યું : 'બાઈ અંદર હય ?'

'જી જનાબ ! બાઈ તો . . .' પહેરેગીર આગળ બોલી શક્યો નહિ.

'હાં સમજમેં આગે. બાઈ અંદર હય, બાઈ હાજર હય એસા સમજનાં. એસા હી સમજ કર સબ સજાવટ રખનાં.'

'જી જનાબ !'

'સમજ ગયે ? – બાઈ નહિ હય – મગર અંદર હય !'

'જી !'

તે શાંત પગલે આગળ વધ્યો. તુરત પાછો ફર્યો – કાંઈક કહેવા. 'ઔર આવતી કાલ – પરસુ – એક લડકા આવેગા. – આવતી કલ નહિ તો કોઈ દિન – સાત આઠ વર્ષકા લડકા આયેગા. ઉસ્કુ હમેરી પાસ લા'નાં.'

'જી !'

'લડકા આયેગા – કોઈ દિન – સમજ ગયે ?'

'જી !'

'ઉસ્કુ હમેરી પાસ લા'નાં.'

'જી !'

પહેરેગીર પાછો ફરી ગયો. મંદ સુગંધ ગુલાબનાં પુષ્પો વચ્ચે થઈ ને, હરિયાળા મેદાન પર શાંત નીરવ પગલે મહેન્દ્ર ચાલ્યો જતો હતો–સ્વપ્નમાં હોય તેમ, નિદ્રાવસ્થામાં હોય તેમ.

'આજે બાઇને માલિક કી સાથ કુછ ન કુછ વાત હુઇ—ઐસા માલુમ હોતા હૈ.'

ધીમે આવાજે પહેરગીરો વાત કરી રહ્યા હતા.

'ક્યું?'

'માલિક બોલ્યા લડકો આવવાનો છે—એ લડકો બાઇનો આગલા પતિનો છે—ને આજે બાઇએ માલિકને દર્શન દઇને એની ભલામણ કરી લાગે છે.'

'ક્યા માલુમ?'

'કુછ પ્રશાન્ત મેં—બાઇને માલિક કી સાથ વાતચિત હુઇ—ઐસા કુછ.'

'ક્યા માલુમ ક્યા હુઆ!'

હજારો ફૂલો, મહેન્દ્રને ચાલ્યો જતો, જોઈ રહ્યા હતાં. અને ધીમે મંદ અવાજે જાણે એક બીજાને કહી રહ્યાં હતાં: 'પૃથ્વી આપણા સિવાય બીજે ક્યાંય આપની નથી—સૌન્દર્ય અને સુગંધ. પેલી બાઇને એ બંને સાથે આપવામાં થએલી ભૂલ માટે જ આ બાઇને મળેલી - સ્વપ્નઘેલછા. એના કરતાં આપણી સાથે જ એ આવી જાય - આપણી સુગંધમાં જ્યાં એ બાઇ ખૂબ રીતે નિદ્રાધીન છે ત્યાં.

આ નં દ રા ત્રિ

અમદાવાદનું સ્ટેશન જોઈને પહેલ વહેલાં તો રાધા વધુ મૂંઝાઈ ગઈ. એ તો સારું હતું કે એનો દેર ટપુડો સાથે હતો, નહિતર તો ઝગારા મારતી શેઠાણીની હારની હાર જોઈને કોઈપણ સ્ટેશનથી આશરે પંદર માઈલ દૂર એવા નાના સરખા કાળસરાની, હજી તો ગઈ કાલ સુધી ગોરની નદીમાં નહાવા પડતી આ છોકરી, કોણ જાણે કેટલું યે બહુ આ શેઠાણીમાં જ જોઈ શકત. તો પણ 'મોટર બસ' નો હારો જોઈને રાધા બોલી: 'ટપુભાઈ! આટલી બધી મોટરું કોની હશે?'

પણ ટપુડે તો એને જવાબ આપવાને બદલે એક બસ ઝપાટાબંધ જતી હતી એને, 'એ મોટર' એવા શબ્દમાંથી ઊભી રાખવા દોડી. એ જોઈ ને રાધા વહુને લાગ્યું કે અમદાવાદ જેવા શહેરમાં પણ ટપુભાઈનું માન લાગે છે. ભાભીને મોટરમાં બેસતાં બરાબર ન આવડે માટે ટપુએ 'ભાભી! આંહી પગ મૂકજો હો!' એમ કહીને

એને દોરી; ગાદી અને અંદરની સુંવાળી બેઠક ને ચકચકતો રંગ જોઇને રાધાથી લાજમાં ને લાજમાં ટપુની સામે જોઇને હસી જવાયું !

એની કલ્પનાને અગમ્ય એવી સૃષ્ટિ રીચીરોડ ઉપર ખીલી રહી હતી. સીનેમાના દીવા હજારો તારાની પેઠે ચળકતા હતા. પાનની દુકાને ઉભા ઉભા શોખીનો પાન ખાઇ રહ્યા હતા. રાધા વહુ લાજમાંથી સઘળું જોઈને ટપુને વચ્ચે વચ્ચે પૂછતી જતી હતી.

'આ જોયું !' ટપુ બોલ્યો.

'શું ?'

'આ લક્ષ્મીવિલાસ હોટેલ, એની ચાનો ટેસ લેવા દરેક દીતવારે હું મારા ભાઈ સાથે આવું છું.'

ભાઈનું નામ લેતા દેરને જોઈને રાધાએ શરમથી નેણ નીચે ઢાળી દીધાં. પણ એના ગામડિયા ચહેરા પર ફેલાયલું મંદ સ્મિત જોવાને બીજા કોઈને ફુરસદ ન હતી. ઉભી રહેલી મોટરમાંથી બે જણ ઉતર્યા ને ચાર જણા ચડી આવ્યા.

રાધા વહુનું હૃદય ઉલ્લાસમાં હતું. સ્ટેશન–રીચીરોડ –લક્ષ્મીવિલાસ હોટલ–અને એની ચા; એણે ચાને માટે કાળાસરમાં કેટલી વખત તરફડિયાં માર્યાં હતાં, પણ મેમાન વિના ચા ઘરમાં થાય નહિ, એટલે એક વખત તો લક્ષ્મીચંદ શેઠનાં ત્રણ બેડાં પાણી ભરીને પણ ચાનો વાટકો પી આવી હતી. એને મન થયું કે ટપુભાઈને આ વાત કરૂં, પણ વળી, ભાભી ભૂખાળવી છે એવી મશ્કરી કરશે એમ ધારી મોંએ આવેલું વાક્ય મનમાં રહેવા દીધું.

'ભાભી! આ જોયા ત્રણ દરવાજા?'

રાધા વહુએ લાજમાંથી દરવાજા જોયા ન જોયા ત્યાં ભદ્રની ઘડિયાળના આઠના ટકોરા સાંભળ્યા.

'આ શું ટપુભાઈ!'

ટપુભાઈની મશ્કરી કરવાની એક બે લફંગા તૈયારી કરતા હતા, એટલામાં ટપુ રાધા સાથે નીચે ઉતર્યો.

'ઉતરો!'

'ઘર આવ્યું?'

'ના, અહીંથી ચાલતા જઈશું.'

નાની સરખી પોટલી માથે લઇ રાધા ધીમેથી નીચે ઉતરી.

બન્ને જણાં ચાલ્યાં.

'કેટલા વાગ્યા હશે?'

'આ જોયું ભાભી! આ ભદ્રકાળીનું મંદિર છે. પેલી ભદ્રની ઘડિયાળ.'

રાધા ને ટપુ વાતો કરતાં કરતાં ધીમે ધીમે ઘેર પહોંચ્યાં.

§ ૨

ઘેર ફળીમાં ખાટલા પર એક આધેડ વયનો કંઈક ઠીંગણો પડતો માણસ, અને એક પ્રૌઢ સ્ત્રી બે જણાં બેઠાં હતાં. ફળી મોટું ને ધૂમાડાથી ભરેલું જ્યાં ચોખ્ખું કહેવાય તેવું હતું. ટપુને જોઇને પેલી સ્ત્રી બોલી ઊઠી

'એલા ટપુભાઈ! તને તો બહુ વાર [illegible]. [illegible] દેવાન! આવ વહુ, આમ આવ.'

[illegible] રાધા પેલી સ્ત્રીને પગે પડી.

આશીર્વાદ આપતી હોય તેમ એ બોલી: 'તમારૂં માંડી કારવીને બેસો, બાપુ, ને તમારે એકનાં એકોતેર થાય! શું ટપુડાને ને મોટાને સાચવવા પડયા! માડી! એની મા મરી ગઈ, તે'દી તો એલી વૌ, તારો જન્મે ય ન હ હોય.'

ટપુડો ને મઘો બન્ને ભાઈ બાલ્યાવસ્થામાં જ અનાથ બન્યા હતા. હવે સૌ જુદા રહેતા હતા. કાકીને પણ પોતાનાં છોકરાં હતાં ને આજે મઘાની વહુ આવવાની હતી, એટલે એ જરાક આંટો આવી હતી.

'લે વૌ! ચોખા રાંધ્યા છે. ને ડબરામાંથી ગળ કાઢીને સૌ ખાવા બેસો. મઘા! કાંઈ જોતું કારવતું મગાવજે ને વૌ! તું સવારમાં ટપુડાને લઇને આવજે. હું હવે જાઉં. નકર મારે મોડું થશે.' મઘાની વહુને ઘરમાં પહોંચાડી કાકી થોડીવાર ત્યાં બેઠાં.

'કાકી તમે આંહી ખાવને' ટપુડો બોલ્યો. 'ના માડી' કહેતાં કને કાકી ઉઠયાં ને સવારે વૌને વહેલાં ઉઠવાનું કહી ચાલ્યાં.

'સુતી રે'શમાં. નકર રોટલા નહિ થાય.' કહીને કાકી ગયાં.

રાધાએ બન્ને ભાઇને ચોખા પીરસી દીધા.

ટપુડે ગોળનો ડાબલો આગળ ધર્યો.

'તારે નથી ખાવું ભાભી?' ટપુડો બોલ્યો.

રાધાએ લાજમાં જ માથું ધુણાવીને ના પાડી.

'અરે! એમ કાંઈ થાય? આપણે સવારે મીલમાં જવાનું હોય, ચાર બજે ઉઠીને રોટલા કરવા પડે ને ખાધા વિના કાંઈ હાલે?'

ટપુડાએ પોતાની થાળીમાંથી ચોખા કાઢીને ત્રીજી થાળી પીરસી. મઘાએ પણ થોડાક ચોખા વધાર્યા.

ઓળ લઇને ત્રણે જણ ખાવા બેઠા; એટલામાં થોડે દૂરના મકાનની ખુલ્લી બારીમાંથી અવાજ આવ્યો:

'મઘા એ મઘા!'

'ઇજનર સા'બ લાગે છે. ટપુડા! આજ તું જા'થ!'

પાસેના બંગલામાં એન્જીનીયર સાહેબ રહેતા હતા. મઘો એના હાથ નીચે જ હતો. હમેશના નિયમ પ્રમાણે એણે મઘાને બોલાવ્યો હતો. 'એ મઘા!'

ટપુડો જવાબ આપે તે પહેલાં ભુપતસંગ આવ્યો:

'મઘા!'

'કેમ!'

'એંજનર સા'બ બોલાવે છે.'

'હા હમણાં આવું છું હો—ટપુડો આવે છે.'

ટપુડો ઉતાવળો જમીને બહાર ગયો.

ટપુડો બહાર પહોંચ્યો કે તરત જ મઘાએ રાધાનો હાથ પકડ્યો: 'કેમ ખાતી નથી!'

રાધાએ કાંઇ જવાબ આપ્યો નહિ.

'બોલતી કેમ નથી!'

એ રાધાની પાસે આવ્યો તેની લાજ ઉપાડી નાખી. મોઢું સુંદર દિલગીરી ભરેલું, શરમથી છવાયેલું, રાધાનું સુંદર મોં એની નજરે પડ્યું. તેણે રાધાના બંને હાથ પકડીને ફરીને પૂછ્યું. 'કેમ ખાતી નથી!'

એટલામાં ટપુડાના પગલાંનો અવાજ આવ્યો: 'બાપુ!'

'કેમ ટપુ—ટપુડા શું કીધું એંજનર સા'બે?' એમ કહેતે

મથો બહાર આવ્યો. રાધાએ અંદર નજર નાખી તો ભાભી રોટી શાક કરીને એક તરફ ઢાંકી મૂકી હતી.

'એન્જીનીયર સાહેબ છે તું જરા આવો! મેં ભાણું હમણાં આવ્યો. પછી [illegible]. પછી મેં ભાણી આપીને તેડાવ્યો. મેં ભાણું મેલાવ્યો. ના કે' ના શાક ખાં. બોન તો માંદાં છે—રાતે બોપોર થાય છે. આપણે મધુ ઉગીને મદદ કરવા તારી ભાભીને મોકલજે. મારાને કેજે.'

મથો કાંઈ બોલ્યો નહિ. એટલામાં બુધનસંગ પાસે આવ્યો. બુધનસંગ પણ મીલમાં કામ કરતો હતો. ને એન્જીનીયર સાહેબની પાસે રહેતો હતો.

'મથા! તેં ખાધું?'

'ના.'

'ત્યારે ખાઈ લે ને. બોનને ઠીક નથી.'

એટલામાં એન્જીનીયર સાહેબનો અવાજ આવ્યો:

'મથા, એ મથા!'

'હા શા'બ: હા શા'બ' કરતો મથો દોડ્યો. થોડીવાર પછી ત્યાંથી પાછો આવી મથો ચુપચુપ ખાવા બેસી ગયો. રાધાએ પણ બે કોળિયા ખાધા—પણ એનું મન ખાવામાં ન હતું. બહાર કૂળીમાં જઈ ઠામણું ઉટકીને ઘરમાં આવીને બેઠી. પછી ટપુને બોલાવ્યો: 'ટપુભાઈ! તમારી પથારી ક્યાં કરૂં?'

એન્જીનીયર સાહેબને ત્યાં દોડાદોડી થતી જોઈ ટપુની નજર ત્યાં હતી.

મથો કૂળીમાં બેઠો બેઠો સાંભળતો હતો તે કાંઈક મં[દ] સ્વરે બોલ્યો: 'તું ને તારી ભાભી ચોકી કરી'યાવો ભાઈ એમાં કાંઈ હાલશે?'

ટપુડો ચાલી નીકળ્યો. એની પાછળ રાધા ચાલી નીકળી. એના પગમાં ખંખડતી કાંબીનો રણકો મથો ફળીમાં બેસીને સાંભળી રહ્યો.

§ ૩

ફીકી ફક્ક થઈ ગયેલી એક બાઈ ખાટલામાં સૂતી હતી. રાધા ત્યાં જઈને ઉભી. એક ડોશી ત્યાં બેઠી બેઠી પેલી બાઈને શેક કરી રહી હતી.

'વૌ–કોણ છું મથાની વૌ નાં ?'

રાધાએ બોલ્યા વિના ડોકું ધૂણાવ્યું.

'તંઈ લે, આ ગોટા, ને બો'નને એ . . . . આહી શેકવા માંડ.' ડોશીએ છાતી પાસેની જગા બતાવી,

રાધા એક ડગલું આગળ વધી. એની કાંબીનો રણકો થયો.

'હ્યો, હવે આંહી કાંબી પહેર્યા વિના આવ્યા હોત તો નો હાલત ? ટપુડાને કે, ઘેર મૂકી આવે.'

રાધાએ બહાર આવી ટપુડાને બોલાવ્યો. એક ખૂણામાં બેઠો બેઠો એ બીડી પીતો હતો.

'ટપુભાઈ, આ મારા પગની કાંબી કાઢજો !'

ટપુ કાંબી કાઢવા માંડ્યો, પણ પગમાંથી નીકળતા વાર લાગી. ટપુડાએ જોર કર્યું, રાધાએ એનો હાથ પકડી લીધો. 'ઓ'વ માડીરે ! તમારો હાથ તો જો જારે.'

ટપુડો કાંબી લઈને ઘેર ગયો. રાધા અંદર ગઈ.

રાધાએ શેકનો ગોટો મૂકતાં સુનેથી ભીનું મોં જોયું. ફીક્કું, પીળાશ પડતું, આંખ્યા ઉંડા ઉતરી ગયેલી, નિસ્તેજ

અને એકદમ વિકૃત એનું મોં જોઈને એના અંતરની અધૂરી આશા મરી ગઈ. મૂંગી એ બોલતી ન હતી, પણ એનો ચહેરો એવો વિચિત્ર હતો કે એની આસપાસનું મૌન વધારે ભયંકર બનતું હતું. રાધા મનમાં ધ્રૂજતી હતી. એના દિલમાં આ ખૂનનો ભણકાર હોય એવું લાગતું હતું. એ ઝંખી રહી હતી કે ભલે ડોશી ફરીથી આવે. પણ કંઈક બોલે તો સારું.

એટલામાં ડોશી બોલી: 'લો! હું જરાક બા'ર જઈ આવું. તું બી [illegible] માં તો બોલને. ને કંઈ કામ હોય તો બોલાવવા મોકલજે ટપુડાને. વળી બૂમો પાડતી નહિ.'

એટલામાં પેલી આંગે એનો કાંઈક ઉંહકારો કર્યો કે રાધા ભયને લીધે બેઠી જેવી થઈ ગઈ.

ડોશી બહાર ગયાં.

પણ ડોશી ગયાં કે તરત જ રાધા આંખો મીંચી ગઈ. પેલા ચહેરા સામે જોવાની એની તાકાત ન હતી. એ ભયથી ધ્રૂજી રહી હતી.

એટલામાં ડૉક્ટર, એન્જીનીઅર વગેરે સૌ અંદર આવ્યા. ટપુ આવી ગયો હતો તેને એન્જીનીઅરે બોલાવ્યો.

'ટપુડા, હમણાં આંહી અમે સૌ છીએ, ડોશી બહાર ગયાં છે, પણ હમણાં આવશે, એટલે તારી ભાભીને જવું હોય તો ભલે થોડી વાર જઈ આવે. કામ પડયે બોલાવશું.'

ટપુડે ભાભીને બહાર બોલાવી લીધી ને તેને બંગલાનાં પગથિયાંની નીચે ઉતારી તે પાછો ફરવા જતો હતો એટલામાં ભાભીનો કાંઇક ભયભીત અવાજ સાંભળ્યો.

'ટપુભાઇ! મને ઘર સુધી મૂકી જાઓ ને?'

કાંઈ બોલ્યા વિના ટપુ આગળ ને રાધા પાછળ એમ બન્ને ચાલ્યાં. રસ્તામાં એક કૂતરૂં મળ્યું, ત્યારે પોતાની કલ્પનાના જોરથી, એમાં કાંઈનું કાંઇ કલ્પીને રાધાએ ટપુનો ખભો પકડી લીધો; 'એ ટપુભાઇ! કોક ઉભું!'

'હવે ભાભી! જો તો ખરી, કૂતરૂં છે' ને તેણે રાધાનો હાથ પકડીને ધીમેથી ખભા ઉપરથી ખેસવી નાખ્યો.

રાધા ઘરમાં આવી. એને આવેલી જોઇને મઘો ફળીમાંથી ઉઠીને ઘરમાં આવ્યોઃ

'કાં કેમ થયું? ત્યાં નો સોરવ્યું?'

રાધા કાંઇ બોલી નહિ. એના ચહેરા પર ભયને સ્થાને જરાક સ્મિત આવીને ચાલ્યું ગયું. અને સ્મિતની જગ્યા પર એકદમ શરમની સુરખી છાઈ રહી.

'લે હવે બેશ માં, મારો ખાટલો આંદી પાથર. ને ટપુડાને ઓશરીમાં ખાટલી ઢાળી દે.'

રાધા ચુપચુપ બોલ્યા વિના ઉઠી. ફળીમાંથી ખાટલો લાવીને ઓશરીમાં ઢાળ્યો. પણ એના પર નાખવાનું ગોદડું ક્યાં હશે એ ખબર નહતી, એટલે મૂઝાઈ ને, ઓશરીને કિનારે ઉભી રહી.

'શું જોઈ છઈ?'

'ટપુભાઇનું ગોદડું ક્યાં?'

મઘાનું હૃદય આનંદથી નાચી ઉઠ્યું. રાધાનો મીઠો-મરમાળ-કોમળ અવાજ એને-કાને પડતાં, એની સ્વમસૃષ્ટિ જાગતી હોય તેમ તે આગળ વધ્યો.

'આંદી આવ્ય, હું ગોદડું બતાવું.'

રાધા આગળ વધી ઘરમાં ગઇ.

અચાનક મથાએ એનો હાથ પકડ્યો: ગંગા બોલ્યા વિના નીચે બેસી ગઈ, ને પગ ફેરીને પોતાનો હાથ ખેંચવા લાગી.

પણ મથાએ એનો બીજો હાથ પકડી, એને પોતાની પાસે ખેંચી અને એક મીઠું ચુંબન લેવા તેનું મોં પાસે લાવ્યો, પણ તેનો હાથ ભીડી પડીને પાછો પડ્યો. એન્જીનિયર સાહેબના ઘરમાંથી અવાજ આવવા લાગ્યા. કાન માંડ્યા ને વધારે દોડાદોડ થતી હોય તેમ લાગ્યું. મથાનો હાથ ઢીલો પડી ગયો.

ધ્રૂજતી હરિણી હોય તેમ ગંગા પણ કમાડ ઉઘાડીને એકદમ બહાર નાઠી; એને કોઈનાં પગલાં સંભળાતાં લાગ્યાં.

'કોણ તુએ છે ટપુભાઇ?'

સામેથી ટપુ જ શ્વાસભેર દોડતો આવતો હતો.

'મથાભાઇ! બાનને તો વધુ અકળ થાય છે.'

મથો બહાર આવ્યો: 'અકળ થાય છે?'

'હા, હા, હાલોને, તમારે ગામમાં જાવું પડશે.'

'હા લે; હમણાં હું આવું છું'

એટલામાં ફરી ભુપતસંગ આવ્યો: 'મથાભાઇ! તારે ગામમાં જાવું પડશે. વાને મોકલ મારી મા પાસે.'

'ભાઇ, આવડા મોટા સા'બ થઇને એકાદ માણસ રાખતા હોય! એક બાઇ માણસ રાખતા હોય! આ આજ હાલી આવે છે ત્યાં મૂરતમાં જ આ દેખાડવું . . . અરે, આપણો તે કાંઇ જનમારો છે?'

'હવે ભાઇ હાલ્યને, આપણે શું કામ? ઇ તો વધુ હોય ત્યાં વધુ લોભ હોય. બાન પાસે રાત દિ મારી મા નથી

બેઠાં રે'તાં? હજી એ બેઠાં. લે, હવે હાલ્ય હાલ્ય ઇ તો એમ જ હાલે. આપણે પાછી નોકરી તો એના હાથ હેઠે કરવી છે નાં? એને માણસ નો મળે; આપણે કોઈ મફતીયા ને માણસ રાખે? લે હાલ્ય હવે હાલ્ય.'

'પણ ભાઇ, આપણેય જીવ છે નાં? આ તારી મા બે મૈના થયાં ઉજાગરા કરે છે, તે ઇ એવડા મોટા સા'બ એક માણસ નો રાખી લ્યે!'

'લે હાલ્ય હાલ્ય. મોડું થાય છે. વૈ ભલે વાંહેથી આવે.'

મધો બોલ્યા ચાલ્યા વિના ચાલી નીકળ્યો; ધીમે પગલે ને ભારે હૈયે.

ભાભીને એકલી ઉભેલી જોઇ ને ટપુડો એની પાસે આવ્યો: 'ભાભી! તેં ચોખા ને ગળ ખાધાં?'

રાધાએ બોલ્યા વિના માથું હલાવ્યું.

'અને—લાડ કરતો હોય તેમ ટપુડો બોલ્યો. 'મારા ભાઇએ કહ્યું એટલે નાં—!'... પણ એના બીજા શબ્દો બહાર જ ન આવ્યા; રાધાની આંખની દિલગીરી ભરેલી રેતાશ જોઇ તે ચૂપ જ થઇ ગયો. એટલામાં તો પાછા ફરેલા મધાનો અવાજ આવ્યો.

'ટપુડા, હાલને, એંજનેર શા'બ તનેય બોલાવે છે.'

ટપુડો હેતમાં ભાભીને ટાપલી મારીને મધાની સાથે દોડયો ગયો.



ઓશરીનો થાંભલો ઝાલીને ઉભેલી રાધાની આંખોમાંથી આનંદરાત્રિનાં આંસુ વહી રહ્યાં હતાં.

સ્વપ્નભંગ

ટપાલિયા નથુ મેઘજીને ખબર હતી કે સીમમાં જ્યારે એની સાથે કોઈ ચાલતું ન હોય ત્યારે એની લાકડી, અને લાકડીને જમીન પર ઠબકારવાથી ટનનટનન અવાજ આપતી બેચાર લોઢાની છુટ્ટી કડીઓ એ જ એના પ્રિય સંગાથી હતાં. નથુ પોસ્ટમેન નહીં પણ વિલેજપોસ્ટમેન હતો અને પોસ્ટમેન થવાની એને મહત્ત્વાકાંક્ષા હતી. એને ત્રણ ગામ ફરવા પડતાં અને સવારે નવ વાગે નીકળી ત્રણે ગામ ફરી બીજે દિવસે બપોરે બાર વાગતાં ટપાલની થેલીઓ મુખ્ય ઓફીસે પહોંચાડી દેવાની હતી.

નથુના જીવનમાં બે મહાન સ્વપ્ન હતાં. એક તો મગન મા'રાજની પેઠે એને પોસ્ટમેન થવું હતું. મગન મા'રાજને બે અંગ્રેજી આવડતી, એટલે નથુને અંગ્રેજી સરનામાવાળા કાગળ એ વાંચી દેતો. ગામડામાંથી બે છોકરા ભણવા ગયા હતા, અને એક છોકરો ત્રીજી અંગ્રેજીમાં અને બીજો બીજી અંગ્રેજીમાં હતો. તે બન્ને જણા કાગળ ગુજ-

[illegible]

[illegible]

એનું નામ [illegible] જાય છે. [illegible], એના
હમેશના [illegible] જીવનમાં પણ, [illegible],
નદીકાંઠો, કોઈ [illegible] છાયા, [illegible] આરામનાં
સ્થાનરૂપે નિશ્ચિત થઇ ગયાં હતાં. હમેશનો ક્રમ જ થઈ ગયો

કે આ વડલો આવે ત્યાં બે મિનીટ બેસી લેવાનું; ફલકુંડી કે ગામના વેંકળા પાસે દશમી કે ઢેબરાં ખાઈ લેવાનાં; પૂંજા પટેલના ખેતરની ગુંદી પાસે બેસીને જોડા ખંખેરી કાઢવાના. નથુને આ સઘળાં સ્થાનો એટલાં પ્રિય રીતે પરિચિત હતાં કે એ પરિચયને લીધે એનો એકધારો, કંટાળો ઉપજાવે તેવો શ્રમ પણ કાંઈક હેતુવાળો બની જતો. અને વધુમાં આ સ્થાનોને લીધે એ પોતાના શ્રમને યોગ્ય વિભાગમાં વહેંચી શકતો. ત્યાં ઘડિયાળ નહિ હોય ત્યાં મુસાફરીમાં અમુક કલાકને અંતરે આરામ લેવાને બદલે, અમુક સ્થાનની રમણિયતાને લીધે આરામ લેવાની માણસને ઇચ્છા રહેતી હશે.

જે ગામડાં રેલ્વેના મુખ્ય માર્ગથી ઠીક દૂર છે તેમાં વિલેજ પોસ્ટમેન અગત્યનું અને મહત્ત્વનું પાત્ર છે. ત્યાં ગામડાના લોકોમાં, એનું વ્યક્તિત્વ માન ભરેલું હોય છે. સમાચાર જાણવાનું એ એક જ સાધન છે અને તેથી ગામડાને એક છેડેથી વિલેજ પોસ્ટમેન પ્રવેશ કરે ત્યાથી બીજે છેડે નીકળી જાય ત્યાં સુધી આબાલ વૃદ્ધ સૌ–ખાસ કરીને કામળપતરના આતુર લોકો–એને વીંટાઈ વળે છે. નથુને સીમ છોડીને ગામડામાં આવતાં અનેક પરિચિત માણસો મળી રહેતાં. કોઇ ડોસી છોકરાના કાગળની રાહ જોતી હોય, કોઈ 'મનીઆડર'ની પૃચ્છા કરતું હોય, કોઇ 'કાપળી' માગતું હોય તો કોઇ 'કોમલાંક' માટે ઉભું હોય. હેતાળ સ્વભાવનો ન હોય તો તો સીમથી થાકેલો માણસ આ સૌની સાથે વઢવામાં જ પડી જાય. નથુ હેતાળ હતો અને એ હેતનો ભાયો ગામડાવાળા પણ વાળી દેતા.

[illegible]

[illegible]

… માણસ એક વખત દેવ પાસે … નથી તેથી કે
જેમ તેમ, મહારાજનો … માટે, પાણી પીવા માટે,
નાતગાતના સમાચાર માટે, એક કે બીજી રીતે રાધા લેવા
મળે એટલે રાત તો ઘણી વખત ત્યાં જ ગાળતો.

કાળાસરની સીમમાંથી જ એને રાધાની મૂર્તિ દેખાતી.
એક વખત તો એમ રાધા મળી પણ ગઈ. સીમમાં
છાણનો સૂંડલો ભરીને એક ઝાડ નીચે એ બેઠી હતી. કોઈ

ચઢાવનાર મળે તો સારું એમ વિચાર કરતી હતી એટ-
લામાં સામેથી નથુ પોતે જ આવ્યો.

'નથુભાઈ ! સૂંડલો ચડાવોને' જરાક હસીને
રાધાએ કહ્યું.

'અરે! મરી જાશો મરી! આટલું છાણ ઉપાડ્યું
છે તે.'

નથુએ સૂંડલો ઉપાડ્યો ને પછી ધીમે ધીમે એની
સાથે જ ચાલ્યો.

'હમણાં તો કાંઈ બહુ છાણ ભેગું કરો છો!'

'તે—ઇ હમણાં હમણાંમાં થઇ જાય. પછી ચોમાસું
માથે આવે છે. પોર ભર ચોમાસે છાણાં લેવાં પડયાં.'

'બાપાને બહુ લોભ લાગ્યો છે તો!'

'અરે! બાપા ય કેટલુંક કરે? ઓણુ તો વેપારમાં
ય શુકરવાર નથી. હજી હરજીવન કંદોઇના લેણાં ચૂકવવા
રહી ગયા છે.'

હરજીવન કંદોઈ મકનજીનો પાડોશી હતો અને
મકનજીના મકાનમાંથી થોડો ભાગ એને મળે તો એના
ઘરની ઘણી સારી સોઈ થઇ જાય તેવું હતું; એટલે
મકનશેઠના વેપારકાર્યમાં એ રસ લેતો. મકન શેઠને ધીરધાર
પણ કરતો. નથુ આ વાત જાણતો હતો. પણ સદ્ધર જેવા
જણાતા મકનશેઠને પણ લેણું ચૂકવવું ભારે પડે તેમ છે એ
નવીન વાતથી આજે એના અંતરમાં ઊંડું ઊંડું આશાનું
એક કિરણ ચમક્યું. સૂંડલો લઈને ધમધમ ચાલી જતી
રાધાના દેહ તરફ તેણે અનાયાસે જોયું તો એને લાગ્યું કે
આ કોઠારી જેવા જણાતા દેહમાં ઘરની સઘળી ચિંતા વહન

કરનારી નાની સરખી ઘરરખુ ગૃહિણી વસી રહી છે.

બૈરાંની વાતને રસથી સાંભળનાર માણસ આખા ઘરનું રહસ્ય એક ઘડીમાં જાણી શકે છે. નથુને પણ રાધાએ નાનીમોટી ઘણી વાતો કહી સંભળાવી. એ દરેક વાતથી નથુની આશાનું બીજ વધારે ને વધારે દૃઢ થતું હતું. તે દિવસે રાધા જ્યારે ખાટલા નીચે પાણીનો લોટો મૂકવા આવી ત્યારે નથુએ કહ્યું: 'બાપાને ખપ પડે તો નથુને પણ સંભારજો હો'– પરંતુ નથુનો સાદ હમેશના કરતાં વધારે ધીમો, વધારે કોમળ હતો.

ત્યાર પછી બરાબર છ માસે મકનજીશેઠ રૂના વેપારમાં ધબાયનમઃ થઇ ગયા હતા. હરજીવન કંદોઇને ઘર વેચે તો જ આબરૂ રહે તેવું હતું. પણ હરજીવન એ લેવાને જેટલો વધારે ઉત્સુક દેખાતો તેટલો જ વધારે દૃઢ આગ્રહ શેઠના મનમાં પણ, એ ન વેચવાનો આવતો. ગમે તેમ પણ હરજીવન એનો પાડોશી હતો. ઘણાં વરસ થયાં બન્ને પાસે પાસે રહેતા; એટલે ગમે તેમ થાય તોપણ એકબીજાની નિર્બળતા દેખાઇ ન જાય એવી સંરક્ષણવૃત્તિ સહજ રીતે જ આવી જતી. બન્ને જણા હસતા, બેસતા, ઉઠતા, એક બીજાની પ્રસંગ બરાબર જાળવતા, છતાં દરેક પોતપોતાની જુદી જ સૃષ્ટિ રચીને સ્પર્ધામાં પાછા ન હઠવાની વલણ બરાબર જાળવતો. ભાહુત ન હોય એવા ઘણાખરા પાડોશીઓ ઘરમાં વસ્તુઓ વસાવે છે, એમાં જરૂરિયાત કરતાં પાડોશીની હરીફાઇ કે અનુકરણ કરવાની ટેવ જ કારણરૂપ હોય છે. માણસ પોતાપણાનો આટલો ડોળ કરે છે, છતાં પોતાના જીવનની ઘણીખરી જરૂરિયાત એ અનુકરણમાંથી જ મેળવતાં

શીખે છે. એટલે હરજીવનને ત્યાં જેટલા કે જેવા પાટલા હતા, તેટલા જ મકનજીને ત્યાં હતા. હરજીવનની વાસણની માંડ એ મકનજીના ઘરનું જ અનુકરણ લાગે. પાણિયારું, ઘાંસલી, ચૂલો ને જાળી-ખડકી, ચોક, ખાટલા ને ચાકળા —એ સઘળું બન્ને જણા વચ્ચે સરખેસરખું રહેતું. મકનજીએ આજ દિવસ સુધી હરજીવનને નમતું આપ્યું ન હતું; એટલે હવે આજે પણ નમતું આપવાનો એનો વિચાર ન હતો.

રાતે વાળુ કર્યા પછી મકનજીની વહુએ કહ્યું: 'હરજીવનભાઈની વહુ તો હમણાં નોખરો ચડાવીને ફર્યા કરે છે; કીધું ભાઈ, આજ અમારો વારો છે; કાલ તારો વારો આવશે. તાકી ઝાંપી છે.'

'ભલે ફરે' મકનજીએ કહ્યું, 'બે ઘરેણાં છાનાં માનાં મૂકી આવશું, પણ બાપદાદાની જમીન ખોવાની નથી.'

'હાસ્તો, બાપદાદાની જમીન કાંઈ પાછી મળે છે?'

રાત્રે સૂતાં સૂતાં પણ મકનજી શેઠ એ જ વાત કરી રહ્યા હતા: 'એ તો હરજીવનને એમ કે હવે તો હું ફાવી ગયો.' 'ભલે કાખલી ફૂટે'—શેઠાણી બોલ્યા, 'આપણી રાધા કે'તી'તી કે બા, નગુભાઈ માણસ સારું છે હો. વખતે બે પૈસા જોતા હોય તો ધીરે.'

'હા—ણુ છે તો વેપારી જેવો. એની પાસે બારસો પદરમોની મૂડી છે.'

બીજી રાતે રાધા બાપુનો લોટો મૂકવા ગઈ ત્યારે નગુ સામે જોઈને જરાક મોં મલકાવી રહી હતી. આંખમાં પણ બાની કૂમળી મીઠાશ આવી ગઈ હતી. લોટો મૂકતાં

મૂકતાં બોલી: ' સમજે નહિ તે, ભગવાન [illegible] ! [illegible] !' એ બોલમાં-રહેલ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી દીધી: એ તો આનંદ [illegible] આવી ગયો.

' પણ શું ! ' ' સમજે નહિ તે ' ગાયનો બીજા શબ્દોની મીઠાશ બીજા માટે [illegible] [illegible] હતી.

' આપને [illegible] [illegible] છે [illegible] ! [illegible] પડ્યા પડ્યા સહી લ્યો !'

' ઓ . . . ન . . . ભાઈની. ન . . . આ . . . આ.'

' સમજ્યા કેના આપને ! કેના આપને, લોભીદાસ !'

એટલો શબ્દ બોલતાં ગાયકે એનું સરસ ગાયનું ને શબ્દનું મધુર [illegible] [illegible] કે ભિખારો નિકોલોસ્ટ્રોન નામ આપ્યા સૌ હેરાન હેરાન થઈ ગયા. બીજે દિવસે એ શેરી ગાવા આવનારો સાધારણ નિકોલોસ્ટ્રોન ન હતો. પ્રેમનાં સ્વપ્નાં સર્જન કરનારો કવિ હતો.

૬ ૩

મકનજી શેઠ આવ્યા અને નથુએ એમને બારસો રૂપિયા વ્યાજે આપ્યા. શેઠ સમજ્યા કે ભિખારો ગરીબ માણસ વ્યાજ સારુ થઈને આટલું કરે છે પણ નથુને તો રાધાની બીક હતી કારણ કે આશા પણ હતી. દુનિયાનાં ઘણાં-ખરાં પરાક્રમો સ્ત્રીના સ્નેહભરેલા ભયમાંથી જન્મે છે; પણ રાધા તો ત્યાર પછી નથુ ઉપર જરાક વધારે ગુસ્સે રહેતી; માને કહેશે ' ના બા, હું રોજ રોજ પાણી મૂકવા નથી જાતી. તું જા.' અને વધુમાં નથુ સાંભળે તેમ બોલી દેતી: ' પાણીનો ઘડો નોખો રાખે તો શું થાય?'—પણ

એ સઘળાં ખોટાં વાક્યોનો સાચો અર્થ નથુ સમજી જતો. 'મા, રહેવા દો આજકાલનાં છોકરાં કોઈનું માને નહિ'— એમ કહી નથુ ગોળેથી પાણી ભરી લેતો અને લુચ્ચી રાધા નથુ દેશનબાબ એટલે હસવા બેસતી. પણ દરેક સ્ત્રી વાતાવરણમાંથી સાચી રીતે વાતને પકડી શકવાની શક્તિ ધરાવે છે, રાધા પણ સમજી ગઈ હતી કે મકનશેઠનો વેપાર ફરી બેઠો થવો મુશ્કેલ છે અને વહેલેમોડે પોતાને નથુનું ઘર વસાવવાનું છે. મકનજી શેઠે નથુના પૈસા લીધા, ત્યારે એ પૈસા નહિ ભરી શકાય તેવો ખ્યાલ તો એમને આવેલો પણ નહિ. પણ બન્યું એવું જ. દરેક વેપાર ઉંધો જ પડ્યો. એટલેતો એ દાધા ખોટા કર્યો. એ જ સવાલ ફરી આવીને ઉભો રહ્યો. કાં તો મકાન વેચીને હરજીવનને આપવું અને નથુને પૈસા ભરી દેવા અથવા તો નથુને રાધા આપીને ખાતું સરભર કરાવવું. ઘરની મોટાઈનો મોહ ન છૂટયો અને રાધાને ન છૂટકે નથુ જોડે પરણાવી

પણ આ પ્રસંગે તો નથુનું એક મહાન સ્વપ્ન પૂરું કરી નાખ્યું.

એણે કોઈ દિવસ નહિ ધારેલું કે પોતે જેને દૂરથી જાણી મહાન માને છે તે રાધા એક દિવસ એની વહુ થઈને રહેશે. પણ એ બન્યું.

૬ ૪

રાધાનો આકરો અને કામઢું સ્વભાવ નથુને પહેલે ઉપરેથી થઈ પડ્યો.

એટલામાં વળી મગન મા'રાજની ભત્રીજીની વાત પણ થઈ, એટલે એની [illegible] પણ નથુને મળી.

હવે તો વિલેજપોસ્ટમેન મટીને નથુ પોસ્ટમેન થયો. એના જીવનમાં પણ જરાક આરામ આવ્યો. એનાં બન્ને સ્વપ્ન પૂરાં થયાં. પરંતુ ફળ પક્વ થયા પછી જેમ સડો આવે છે, તેમ સ્વપ્ન પૂરૂં થયા પછી જીવનમાં એક પ્રકારની શિથિલતા આવે છે. નથુ હવે તો ઘણો ફાલતુ વખત ભજીયાંવાળાની દુકાને કાઢતો. પોતાના જેવા બે ચાર મિત્રો સાથે વખતે ફરવા પણ નીકળે. પોતાનું કામ આટોપી વહેલો નવરો પડે તો ગામમાં આંટા મારે, કે વખતે કોઈની વાડીએ ચાલ્યો જાય. અતિતૃપ્તિનો આનંદ એને ખુશમિજાજી પણ બેદરકાર અને આળસુ બનાવી રહ્યો હતો.

એમ એકાદ વર્ષ તો ઠીક નભ્યું. પછી તો રાધા પણ નથુને ત્યાં જૂની થઈ ગઈ.

રાધાને દિવસ ચડયા હતા અને એની હેળ એની માની પેઠે જરાક આકરી હતી એટલે નથુને પરણેલા જીવનની ખરી કસોટીમાંથી પસાર થવાનો વખત આવ્યો. પોસ્ટમેનની નોકરી મળ્યા પછી મિત્રોની સાથે ગેલ, હરવું ફરવું, ઠઠ્ઠા મશ્કરી ભજીયાં ચા, વગેરેની મીઠાશ પણ એને આકર્ષક લાગી હતીઃ અને વળી જે મિત્રો એના જેવા પરણેલા ન હતા, તે આવી મીઠાશ વધારે રસથી અને સ્વતંત્રતાથી માણી શકતા હતા એ જોઇને પોતે બારસો પંદરસો ખરચીને બૈરૂં લાવ્યો હતો એનો પસ્તાવો તો નહિ પણ, જરાક અસંતોષ, એના પરિણીત જીવનની મીઠાશમાં કાંઈક ખટાશ મેળવવા લાગ્યો. એને એમ પણ લાગ્યું કે જરાક ધીરજથી કામ લીધું હોત તો એ સાટું વધારે નફાથી થઇ શક્યું હોત. એટલે હમણામાં નથુની બેદરકારી ઉપર રાધાના પ્રહાર થતા

ને એને અન્યાથી લાગવા માંડ્યા હતા' એ જ પ્રકાર કે જે એને પહેલાં જીવનની ભીડાભીડની રોચ જેવા લાગતા.

એક વખત નથુ મોડો આવ્યો. એટલે ગાંધીએ કહ્યું ' ' આમ નકામા ઢોરની પેઠે ફર્યા કરો છો, નથી લુગડાનું ઠેકાણું, નથી ઘરનું ઠેકાણું, નથી ખાવાનું ઠેકાણું, તો બે ઘડી ઘરમાં પગ વાળીને બેસો તો શું થાય?'

આજે નથુને પોસ્ટમાસ્તરની વહુએ પણ ઠપકો આપ્યો હતો. પોસ્ટમાસ્તરને ત્યાં મગ આવવાના હતા ને નથુ જરા મોડો હાથે મગ લાવ્યો હતો, મનીઓર્ડરમાં એક આનો એમ પણ ઠપકો અપાવ્યો હતો, એટલે એનું મન આજે સ્ત્રી જાતિ પ્રત્યે કોઈક ધિક્કારથી ભર્યું હતું. એટલામાં ગંગાના વચનથી તેનો મિજાજ ગયો.

'નકામા ઢોરની પેઠે ફરીએ છીએ, પણ ઠાકરી તો વેચવા નથી!'

'ઠાકરી કોણે વેચી!'

'તારા બાપે તને વેચી—રૂપિયા બારસો રોકડા એક [illegible] ને પાંચસો સીધા છે—એ ખબર છે ના!'

ગંગા જેટલી આખાબોલી, ઉતાવળી ને સાચદી હતી, તેટલી જ સ્વભાવની પણ તેજ હતી. પોતે વેપારીની દીકરી હતી. ને નથુ તો એક ટપાલીનો હતો એ ભાન પર અત્યાર [illegible] કોરી ગઈ.

'હા, પણ મેં તો, [illegible], વખતે [illegible] [illegible] તે વખતે પાંચ [illegible] [illegible] [illegible]. [illegible] મજૂરી [illegible]'

આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible]

તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]

રહી જતાં, પણ આજે તો નથુએ છૂટું ખાસડું ફેંક્યું. રાધા ખસી ગઈ એટલે ખાસડું તો રાંધણિયામાં દાળની તપેલીમાં જઈને પડ્યું, નથુએ બેચાર લપાટ પણ ચોડી દીધી ને પોતે ચાલ્યો ગયો. ગામમાં જઇ નાસ્તો કરી આવીને મોડીરાતે ચુપચુપ સૂઈ ગયો.

બીજે દિવસે સાંજે નથુ ઘેર આવ્યો ત્યારે ઘેરે તાળું હતું.

પાડોશમાં રાધા બેસવા ગઈ હશે એમ ધારી સઘળે તપાસ કરી, પણ રાધા તો પિયર ગઈ છે એવા સમાચાર મળ્યા.

નથુનો પગ હવે ભારે થઈ ગયો, કાળાસર જવું તેને મન અકારું થઈ પડ્યું.

એને હવે જીવનમાં કાંઈ સ્વપ્ન ન હતું, આકાંક્ષા પણ ન હતી. હવે તો એ પોસ્ટ વેચતો, ખાતો, સૂતો, ને વારંવાર રાધા ઉપર ચીડાઈને એને શી રીતે સીધી કરવી એવી વ્યર્થ દોષિત વૃત્તિ સેવતો.

એના મનમાં કે મકનજી બોલાવે તો જઈને રાધાને તેડી લાવું. મકનજીના મનમાં હતું કે નથુ પહેલો આવીને તેડી જાય તો જ રાધાને મોકલું. નમતું ન આપવાની આ વૃત્તિએ બન્નેને ભેગાં થવાં દીધાં નહિ ને દિવસો પસાર થઈ ગયા.



એક દિવસ નથુ ઘર તરફ ફરી રહ્યો હતો તેટલામાં પોસ્ટ માસ્તરે તેને બોલાવ્યો.

નથુ ગયો.

પોસ્ટ માસ્તરે તેના હાથમાં એક કાગળ મૂક્યો. મગન

માં'રાજને પાણી માફક આવ્યું નહિ, એટલે એ પાછો ફરવા માગતો હતો. નથુને ત્યાં જવું હોય તો પોસ્ટમેન તરીકે મોકલવાની મજુરી હતી અને નહિતર તેની મૂળ જગો પર —વિલેજપોસ્ટમેન તરીકે મૂકવાનો હતો.

'શું લખવું છે બોલ?'

નથુ વિચારમાં પડી ગયો.

'શું વિચાર કરે છે? પાણીબાણી કાંઈ લાગતું નથી. મગન માં'રાજ તો છે જ એવો. એની વહુ પેલી લાડણી છે! હું તને પોસ્ટમેન તરીકે કાયમ થઈ જશે.'

નથુએ જવાબ વાળ્યો.

'સાહેબ મારે નથી જવું!'

'અરે! ગાંડા! આ તક કાં ગુમાવી દે? ટાંટિયા તોડવાની નોકરીમાંથી છૂટો તો થા, ને વહુને તેડતો જા.'

'ના ના, સાં'બ, મારે મારી સીમ ગમતી છે!'

નથુને ખબર ન હતી પણ એના અંતરમાં એ ન જાણે તેમ કલ્પના જન્મી હતી કે નમતું આપ્યા વિના સંતોષ થવા માટે આ લાગ ઠીક છે.

પોસ્ટમાસ્તર હસી રહ્યા.

આવતીકાલ પછી ફરિયાદી ડાક લઈ ટનન ટનન કરતો વિલેજપોસ્ટમેન નથુ પોતાનો રસ્તો લઈ ને નીકળ્યો.

[illegible]

[illegible]

[illegible]

નથુની આનંદવૃત્તિ [illegible] હતી ને ઓટલામાં જ 'ભાઈ! [illegible] મંડ્યો [illegible] ' એ પરિચિત અવાજથી તે જાગી ઊઠ્યો.

બંનેની નજર મળી. રાધા જ બારણાનો ગંડેરો પકડીને ઊભી હતી. [illegible] નેનમાં [illegible] હતું. પણ નથુને જોઈને એણે શરમ ભરેલા હાસ્યથી મોં નીચે ઢાળી દીધું. ઓટલામાં ગામનાં બૈરાં પણ 'એકાંત તો ઠીક ગોતી છે હો!' એવી મીઠી મશ્કરી કરતાં નીકળ્યાં.

રાધાના શરમભરેલા હાસ્યે, અચાનક મેળાપ થઈ જવાના અકસ્માતે અને વધુમાં ત્યાં ગામનાં બૈરાંઓએ કહેલા મીઠા વાક્યે અને વળી નથુ અત્યારે પકડદોરીની વલણમાં હતો જ નહિ, એટલે રાધાને એ શબ્દો કહેવાની એની વૃત્તિ તો કોણ જાણે ક્યાં જતી રહી. બંને જણાં સાથે નીકળ્યાં ત્યારે નથુએ પોતે વિલેજપોસ્ટમેન થવાની વાત કરી. એણે ધાર્યું હતું કે રાધા હમણાં કહેશે 'તમે એ જ લાગના હતા.' અને રાધાએ પણ મોં મલકાવીને એ જ કહ્યું.

'હું બહુ જ રાજી થઈ ગઈ.'

'મારા ટાંટિયા તૂટે એટલે નાં?'

'હોની શું !-જેને જેને હું જાણું છું તે બધાંની. મોહનલાલ કાકા, આળીએ પરણ્યા-પાંચમી વાર-પંચાવને થયો. કાકી સતાવીસનાં બાકી રહ્યાં. ઇશ્વરલાલ, છ છોકરાં. આળસ પગાર. પૂરું થાતું નથી. જીવન નીચોવે છે. મધુલાલ મામા બે વખત વિધુર બન્યા. બન્ને વખતનાં ત્રણ ત્રણ છોકરાં છે. ત્રીજી વાર પરણવાના છે. ધીરજલાલ, દત્તક છોકરો લીધો, પણ ખાસ કરીને તો છોકરાની વહુ માટે. તને નથી લાગતું કે આવા સાધારણ જનસમૂહને સુધારવાનું ન બની શકે તો કોઇ એકાદ ભવ્ય કલ્પનાને માટે-જીવનું જાણે એકાદ સુંદર લાગે તો તેમ-જીવનસમર્પણ કરવું ઘટે.'

'તું ભવ્ય કલ્પના, સુંદર સ્વપ્ન કોને કહે છે તે જ મને તો સમજાતું નથી. મને સ્વપ્ન ઘડવું ગમે ખરું, પણ જીવવું એના કરતાં વધારે ગમે.'

'હં ને, જાણે તું પરણી. સાસરે ગઈ. સારો પતિ મળ્યો. એ કૉલેજે જાય આવે, તું રાંધે, સાથે જમો, આ પીઓ, સીનેમા જૂઓ, છોકરાં જણો, રાસ્કરવીક ખવરાવો, આ સઘળું તમે કરો. પણ એમાં જીવન ક્યાં આવ્યું ! જે પ્રસંગને દીપે જીવન, જીવન બને છે એવું તો એમાં કોઇ નથી. મને એના કરતાં તો હિમાલયના શિખરો ઉપર એકાંતમાં વિચરવામાં સ્વચ્છંદ વિહાર, પણ રહેવું ગમે !'

'[illegible]'

'[illegible]'

જીવન સંગીત

'**મને** હંમેશાં લાગ્યું છે કે જ્યારે સૌન્દર્ય રહેતું નથી, ત્યારે લૂગડાં સજસજને પણ અમારામાં સૌન્દર્ય છે એમ જાહેર કરવા માટે, લોકો, વધારે ને વધારે શોખ ધારણ કરે છે. માણસનો અપરાધી આત્મા જેમ એક કે બીજે બહાને અપરાધનું સ્મરણ કરે છે, તેમ સાન્દર્યવિહીન દષ્ટિ એક કે બીજે બહાને સૌન્દર્યવિહીનતા સરજે છેઃ લોકો લુગડાં પહેરીને પણ સૌન્દર્યહીન રહી શકે છે.

'પણ એમાં લોકોનો શું દોષ છે?–લોકોમાં–સાધારણ જનસમૂહમાં–અનુકરણ સિવાય બીજું વધુ તેં ક્યારે દેખ્યું?'

'મને ઘણી વખત એમ થાય છે, કે આવા સાધારણ સમૂહમાં મળીને સૌ જીવે છે એમ જીવવા કરતાં તો એકાદ સ્વપ્નની પાછળ જાણે ફના થઈ જાઉં. મને દયા આવે છે.'

'કોની?'

અર્થ મોટો લાગતો. બાકીને એ સાધારણ ઘરગથ્થુ–ઘરરખુ લાગતી. બંનેની વચ્ચે વયનો તફાવત નામ માત્રનો હતો, એટલે આવા સંવાદો પડતા, ને અરસપરસ ચર્ચા પર પણ ઊતરી જતાં.

'શું કહું છું ખબર છે?'

એને ટોણું મળ્યું, 'હા અસાધારણ પતિ—અથવા નામોનિશાનથી ટળી જજો. એના જેવો સવારે ઊઠનારો અને મોડે સૂનારો આદમી ન રહેતો.'

'તું એનો અર્થ સમજતો નથી.'

'તને આપણી સાંસ્કારિક જીવનનું ભાન નથી.'

'મને લાગે છે તું કાવ્યકલ્પનાનો વ્યસની આદમી છે.'

'મને તારી ઘરરખુ રીત–ક્રાન્તિ એના અન્યાનું રક્ષણ કરે એવા ક્ષેત્રમાં પણ ઉપયોગી નથી લાગતી.'

'મને લાગે છે તને સાદા જીવનમાં સુન્દર જીવન જેવી કશું એમ ખ્યાલ નથી —'

બંને ફરવાદ ઉપરથી માથા ઉપર ઊતરવાની ટેવાયેલા [illegible]

૬

[illegible]

'તેમાં જ હું કહું છું તો. જો ભાઇ, માણસ જે જીવન વિતાવે છે, તેમાં અસાધારણ પ્રસંગો આવે જ છે. આપણી ભીખલી કામ કરવાવાળી છે નાં, એણે પોતાના બે ધણીને ઉભા મૂક્યા છે. પહેલાએ એનું સાટું ગોઠવ્યું માટે. બીજાએ મારી માટે. આ સાધારણ ભીખલીનું મારે મન અસાધારણ પરાક્રમ છે કે જેવું તું ક્રાન્તિની કવિતા લખનારો કરવાનો નથી. કારણ કે ભીખલીમાં પોતાના બળ પર ઉભા રહેવાની તાકાત હતી. એવી રીતે પ્રસંગો આવે જ, ને જેમ પળ પળ કરતાં જીવન ગણાય છે, તેમ પ્રસંગ પ્રસંગ ગણતાં જીવનની અસાધારણતા ઘડાય છે. એથી વધુ તું શું માગે?'

'પણ એવું તો કો'ક. બાકી તો બધા સવાર અને સાંજ માપનારાં યંત્રો જ ગણાય નાં?'

'જીવનવિગ્રહમાં પડયા વિના કોઇ જીવન ઘડી શકતું નથી. એકલા એકલા એકાદ સ્વપ્નની પાછળ ફના થનારામાં ભલે શક્તિ હોય, પણ એ તો કાવેરીના ધોધમાં ક્યાં ઓછી છે? ભલે એનું સ્વપ્ન ભવ્ય હશે, પણ એમ તો હિમાદ્રિની ભવ્યતા ક્યાં ઓછી છે? એવી ભવ્યતા શા ઉપયોગની– જો જોનાર કોઇ ન હોય તો.'

'એ તું ન સમજે બેન, તું નહિ સમજે. પિતાનો મૃત્યુ સદેશ શો છે તે તેને ખબર છે?'

સજળ નેને બેને ભાઈ સામે જોયું. આવા સંવાદો બન્નેની વચ્ચે ઘણી વખત થતા. પિતા પછી માતાના હમણાં થયેલા અકાળ મૃત્યુને લીધે એ સંવાદો ઘણી વખત એની આંખમાં આંસુ લાવતા. એને ભાઇ ભવ્ય કલ્પનાનો

ત્યાં આદમી લાગતો. આજને એ આધ્યાત્મ્ય પરમાણુ-પરમાણુ લાગતી. બંનેની વચ્ચે વયનો તફાવત નામ માત્રનો હતો, એટલે આવા સંવાદો પરથી, તે ગમાગમ ચર્ચા પર પણ ઉતરી જતાં.

'શું મજું હતું ખબર છે?'

એને ટૂંકું પૂછ્યું, 'હા અસાધારણ થશે— અથવા નાગમનિયાનથી ટળી જશે. એના જેવી અવધિ જાણનારો અને સાંજે સુનારો આદમી ન રહેતો.'

'તું એનો અર્થ સમજ્યો નથી.'

'તને આપણી સાંસ્કારિક ભવ્યતાનું ભાન નથી.'

'મને લાગે છે તું અલ્પકલ્પનાનો વ્યાધ આદમી છે.'

'મને તારી પરવા દીન-દુઃખી એના અભ્યાસનું [illegible] કે એના કરતાં વધારે ઉપયોગી નથી લાગતી.'

'મને લાગે છે તને સાદા જીવનનાં સુન્દર જીવન [illegible] કશાક કેમ અમારે નથી —'

[illegible]

૬

[illegible]

ટાળવાની—એ સાધના ક્રિયાઓ કરતાં જેટલો તરંગ મુખ્યાંશે વધારે આગળ નથી. તુષારના પિતાનો એક સંકલ્પ હતો કે કોઈ અસાધારણ સ્વપ્ન ઘડવું અને એને સિદ્ધ કરવા મથવું. તરંગી હતો એટલે એનું સ્વપ્ન પણ એવું જ તરંગી થયું. એને યોગની ક્રિયા પ્રક્રિયા મારફત જીવની કેટલીક અસાધારણ રહસ્ય કથા જાણી લેવાની તીવ્ર લગની લાગી. આ ભૂમિમાં એ લગની લાગવી સાધારણ હતી. એ ક્રિયાઓમાંની કેટલીક તો સિદ્ધ થઈ ન થઈ પણ એ બહાને હજારો સાધુઓએ એને ત્યાં મિષ્ટાન્ન ઉડાવ્યાં. એમાં કોઈ એકાદ વિરલ પુરુષ પણ મળ્યો. એણે એની ભૂલ ભાંગી કે જીવન રહસ્ય પ્રાપ્ત કરવા ઇચ્છનારે પહેલાં તો જીવનમાં મોહ ન રહે એવી રીતે જીવતાં શીખવું જોઈએ. એનું સ્પષ્ટ પરિણામ એ થયું કે એનો વ્યવહાર અવ્યવસ્થિત બન્યો અને એની સાદી ભોળી સ્ત્રી, જે આવી અસાધારણતાની ઉપાસના ન કરતી, પણ જેનો માયાળુ સ્વભાવ, હજારો સાધારણ પ્રસંગોને બહુ સુંદર રીતે જાળવી શકતો, તે ધીમે ધીમે હમેશની આવી અવ્યવસ્થાથી ઘસાતી ઘસાતી લુપ્ત થઈ ગઈ. એ લુપ્ત થઈ ત્યારે ઇન્દ્રધનુ જાગ્યો. એને લાગ્યું કે એણે જીવનને અસાધારણ કરવાના મોહમાં અવ્યવસ્થિત કર્યું છે. પણ હવે તો ઘણું મોડું થઈ ગયું હતું. એનો દેહ પડ્યો ત્યારે એની જુવાનીની ભાવનાનાં બે ફરજંદ બાકી રહ્યાં. તુષાર અને શચી. એ બન્ને ભાઈ-બેનની વચ્ચે આકાશ પાતાળ જેટલું અંતર પણ રહ્યું.

શચી એક દિવસ સવારમાં જાગી ત્યારે તેની પથારી પર મંદ સુગંધ ફેલાવતી અર્ધ ઉઘડેલી ડોલરની કળીઓ વચ્ચે, નટરાજની અત્યંત મનોરમ નાની સ્ફટિકની મૂર્તિ હતી. અને મૂર્તિની સ્ફૂર્તિમય દેહ નજીક એક ચિઠ્ઠી પડેલી હતી. ચિઠ્ઠી ટૂંકી હતી પણ વેધક હતી.

'શચી, બેન, મને પિતાનો સંદેશો જાણે મળ્યા જ કરે છે. જીવન ગાળવામાં મને શ્રદ્ધા નથી. મને શ્રદ્ધા, ધરવામાં છે. આ નટરાજની જેમ સંપૂર્ણ રીતે: મારે તરફ સભર ભરેલા સત્ ચિત્ અને આનંદના પ્રતીક રૂપે.'

અક્ષર તુષારના હતા. એટલામાં તો નોકરે ખબર આપ્યા કે ભાઈ સવારના વહેલે ફરવા ચાલ્યા ગયા છે.

'કઈ બાજુ ગયા છે?'

'એ તો કહે પહેલા પૂર્વ દિશામાં જવાના. પછી ફાવે તે દિશા પકડી લેવાના.'

'ખરા'

'મીરા બાનુ તો વાટ ન જોતા એમ કહ્યું છે.'

'આહ્'

હજી પથારીમાંથી મીરા ઊઠી ન હતી. [illegible] આજકાલ મીરા બગીચામાં લટાર મારવા રહેવાનો પ્રસંગ રહેવાદેવા જ આવ્યો. તુષારની એની સાથેની મૈત્રી તો આવી નિભાવવાની જ હતી.

§ ૬

માણસો એકાંતમાં કેવાં છે એ ખબર નથી. એટલે દુનિયા અવ્યવસ્થિત ગાંડાની ઈસ્પિતાલ છે. શોભાને પણ એવી સમજણના સાગરની લહેરાની ટેવ પડી ગઈ છે કે દુઃખનું બહુ દેખાતો ન હોય તો એનું લીલાપણું ખાસ ચાંપ પડતું જણાતું નથી. માણસના જીવનમાં સૌથી મોટી મુશ્કેલી એકાંતમાં ઉપયોગી જીવન જીવવાની છે. શચીની ખરી મુશ્કેલી એ જ હતી. એકલી હતી, જુવાન હતી, રૂપાળી હતી, શ્રીમંત હતી, પણ એનામાં જીવનને ઉપયોગી પ્રશ્નોમાં રોકી લેવાની આવડત તાલીમથી આવી ગઈ હતી. એવા માણસોને માટે એકાંત સ્વપ્નસૃષ્ટિ જેવું મનોહર બની રહે છે. જ્યારે તુષાર નહિ જ આવે એ ખાત્રી થઈ ગઈ ત્યારે શચીએ પોતાનું જીવન ઘડવા માંડ્યું.

જે જગ્યાએ તે હતી એ જગ્યાની નિષ્કામ ભક્તિ વિના બીજો કોઈ માર્ગ પોતાને માટે રહ્યો ન હતો. એ રીતે તુષારની સામે પોતે હમેશાં જે દલીલ કરતી, તે પણ સફળ રીતે ક્રિયામાં ઉતરતી હતી. તેણે પોતાની નજીકના નાનકડાં ગામડાંને ચારે તરફથી ઘેરીને ઉભેલા ડુંગરાઓ જોયા. એ જ જાણે કુદરતની મર્યાદા હોય તેમ તેણે પહેલવહેલાં તો પોતાના ગામનો ખૂણે ખૂણો જોવામાં જ વખત કાઢ્યો: એટલામાં તો એને તીવ્ર વેદના થઈ કે જે બહારથી ગામ દેખાય છે તે ખરી રીતે અંદરથી ખંડેર છે. ખંડેર વિનાની એક પણ શેરી ન હતી. સર્પ વિનાનું એક પણ ખંડેર ન હતું. માંદગી વિનાનું એક પણ ઘર ન હતું:

આંતરિક કલહથી ન પીડાતું એવું કોઈ પણ માણસ ન હતું. આયનો દેખાવ માત્ર હતો. ચોરી પડી ગયો હતો ને ત્રણ ચાર વરસ પહેલાં [illegible] હાગા સીધા કાગળને પણ [illegible] ન હતા. જીવનની જરૂરિયાતમાં [illegible] દુર્ગંધ હતી. પાણી ગંદું નીરસ બની ગયાં હતાં. [illegible] કોઈ પૈસાના [illegible] [illegible] નાખી [illegible] [illegible] ક્રિયાઓ–[illegible] [illegible] ન હતી, [illegible] શાંતિ પણ ન હતી, [illegible] હતી [illegible] [illegible] પવિત્રતા [illegible] [illegible] વિના [illegible] અને [illegible]. નદી નાળી [illegible]

[illegible]

હોય ત્યાં ગરીબી આવે. ગ્રામીએ પરિશ્રમેથી ભેગાં કરી એક 'શીરૂ' તૈયાર કર્યું.

એ 'શીરૂ'માં દરેક ઘરનાં દુઃખો સમાયાં હતાં. દરેક ઘરની જરૂરિયાત લખી હતી. કોઈને દાન આપવાની એની નેમ ન હતી; મદદ કરવાની વૃત્તિ ન હતી; રસ્તો બતાવવાની માત્ર ઇચ્છા હતી. તેણે પહેલાં એક શેરી લીધી. તેના ત્રણ ભાગ પાડી નાખ્યા. કારીગર વસવાયાં વેપારી: ખેડુત; નોકરીયાત ને બ્રાહ્મણ. બધાને કહ્યું: સૌના કરજની પતાવટ થઈ જાય; શેરીમાં એક સુંદર સામાન્યગૃહ બંધાય; બધાનાં છોકરાં ભણતાં થઈ જાય; પાણી રસ્તાનું સુખ થઇ જાય; એટલું હું તમને કરી આપું તો તમે શું કરો?'

'અરે બાપ, એવું તે થાય, એ તો કાલ પાકું ઇનું ઇ.'

'ના, પણ તમે શું કરો?'

'તમે કહોને!'

'તમારે એના બદલામાં વિવાહ મરણનાં ધરમકરમનાં ખરચ ન કરવાં. પરદેશી જરૂરી નહિ એવો માલ ન લેવો; ને ગામમાં સઘળું ઉપજાવી લેવું. હમણાં એટલું જ વાપરવું. પછી આગળ ઉપર તમને ધીમે ધીમે વધુ સગવડ મળે.'

'સોય ક્યાંથી લાવવી, ને સંચો?'

'અરે બાપ, અમારો વાંસલો?'

'જરૂરિયાત સઘળી વસાવો. માત્ર મોજશોખ છોડી એને બદલે રમતગમત ને ગરબા, ગરબી રાસ કે કથાવાર્તાઓ, વિજ્ઞાનના સિદ્ધાંતોની સમજણ એવી વસ્તુઓ નવેસરથી સરજો.'

કરજની પતાવટની લાલચે ને કંઇક શરમાશરમીએ પહેલી શેરી વ્યવસ્થિત થઇ.

એ પ્રમાણે આખા ગામને વ્યવસ્થિત કર્યાં પછી શચીએ એના પ્રશ્નોને વધુ ઝીણવટથી તપાસવા એકાદ જમીન પરીક્ષકને બોલાવ્યો. ત્યારે જ ખબર પડી કે જમીનના કસકસ વિષે ગામડિયાઓએ ખોટા ખ્યાલો બાંધી જમીનને પણ બગાડી હતી. તેમ જ પાણીની તંગી પણ દૂર થાય તેવી હતી. શચીની ઊંડી ઇચ્છા એક દિવસ સૌને એમ કહેવાની હતી કે સૌ જે વધારો તે સૌ સામાન્યગૃહમાં ભેગીને વાપરો : ને તમારી ગાર ભીંતોને વધારે ને વધારે દૂર ખસેડો. પણ એ દિવસ હજી દૂર હતો.

§ ૬

દરમ્યાન ભવ્યસ્વપ્નનો પેલો વ્યર્થ આદમી ક્યાં ક્યાં રખડી આવ્યો!

સાંસ્કારિક ભવ્યતાનો વારસો પ્રાપ્ત કરવા કેટલે સુધી જઈ આવ્યો?

એને ખબર હતી કે દુનિયા દેખાય છે તેટલી જ ન હોય. એને એ પણ ખબર હતી કે જીવનનું રહસ્ય શોધવા મથનારને નિરાંત ન હોય, નિદ્રા ન હોય, જીવનની એક પણ પળને ખોટી રીતે વાપરવાની નિર્બળતા ન હોય. હિમાદ્રિના ભવ્યશૃંગોની રંગની દુનિયાએ એને જૂદો જ આદમી બનાવી દીધો. એને ખાત્રી થઈ ગઈ કે પેલું એનું ગામડું એ તો કેવળ કલ્પનાનું દારિદ્રય હતું. એના જેવાને એ ન છાજે.

એને જેવા તેવા રંગ—દુનિયાએ જોયા સિવાય નહિ દીઠેલા જોવા લાગ્યા રંગની મિલાવટ સિદ્ધિને આંગણે કેટલી એણે જોઈ: આખી સૃષ્ટિનો સર્વાંગ જ અદ્ભુત હતો. એવા પ્રદેશમાંથી પાછા ફરી, પેલા ગામડાની ભીંતોમાં દટાયાની એને ઇચ્છા ન થઈ. એ તો ચાલ્યો ગયો ઇલોરમાં; જ્યાં ભારતસંસ્કૃતિનો વારસો હજી અણપ્રીછ્યો પાષાણમાં છુપાયેલો છે; જ્યાં યોગની ક્રિયા પ્રક્રિયાની રહસ્ય કથાઓ હજી વણઉકેલી પડી છે; જ્યાં જાદુ લાગે એવા પ્રયોગો સહજ મનાય છે; જ્યાં જીવનનું પૂરેપૂરું રહસ્ય જાણવાની શક્યતા છે; ત્યાં એ ગયો ને પોતાના જન્મ સ્વપ્નની પાછળ તલ્લીન બની ગયો. અજંટાના જન્મ પહેલાંની એક જૂની કિતાબમાંથી વેદવ્યાસનું ઉપાઅરણ્યનું નૃત્ય એણે શોધી કાઢ્યું. કૈલાસનાથ શંકરના જીવનપ્રસંગોને મૂર્તિમંત નૃત્યમાં આલેખેલા દીઠા. ડમરૂનો અવાજ, એને હલાવી મૂકે તેવો, જાણે એ રેખાઓમાંથી જન્મવા લાગ્યો. ભૈરવી શંખનાદ ગિરિમાળાના શિખરેશિખરે સંભળાવા લાગ્યો. જીવનરહસ્ય જાણ્યાના મંગળ પ્રભાતે શંકરે કરેલું તાંડવ, વૃક્ષની કૂંપળે કૂંપળને આનંદનું ભાન કરાવે એટલું સ્ફુર્તિમય, એણે પહેલવહેલાં જ, ચિત્રકારની કલ્પનામાં દીઠું.

એ ગ્રંથના અક્ષરે અક્ષરમાં એણે નવી પ્રેરણા—નવી શક્તિ—નવો પ્રાણ જોયાં. એને બિચારા હીરા માણેકના વેપારીની દયા આવી. જ્યાં જીવનરહસ્યો આમ પ્રાપ્ત થઈ શકે તેમ છે ત્યાં કેવળ પથરાની ખાણોમાં કામ કરનારા એને મન મૂર્ખ લાગ્યા. એણે પોતાના જીવનમાં નવો આનંદ—નવો અર્થ જોયો. એને દુનિયામાં સાથી મહત્ત્વની

અર્થ આપ્યો લાગે છે.

ગામડાની અંદર સુંદર રસ્તા પર વ્યવસ્થિત વ્યવહાર ચાલી રહ્યો હતો.

ક્યાંય ગંદકી ન હતી, ગેરવ્યવસ્થા ન હતી, મંદવાડ ન હતો.

તુષારને લાગ્યું કે પોતે નવા જીવનમાં આવ્યો છે. પણ તેને શચીનો પત્તો લાગ્યો નહિ.

કોઈકે કહ્યું કે થોડા વખત પહેલાં તે ચાલી ગઈ છે. કોઈકે કહ્યું કે તે બીજાં ગામડાં તપાસી પાછી ફરવાની છે.

રાતે સામાન્યગૃહમાં લોક ભેગા થઈને મજ્જન કરતા હતા. મહાશિવરાત્રીનો તહેવાર ઉજવાતો હતો. સૌ પોતપોતાની રીતે આનંદ કરી રહ્યા હતા.

—અને અચાનક આંતરપ્રોત્સાહનથી પ્રોત્સાહિત થઈને તુષારે શંકરનું નૃત્ય શરૂ કર્યું.

મંત્રમુગ્ધ બન્યા હોય તેમ સૌ જોઈ રહ્યા. સૌના જીવનમાં વ્યવસ્થા આવી ગઈ હતી, સૌ સુખી હતા, જીવનનો અર્થ સમજ્યા હતા, પણ આજે વાતાવરણમાં કાંઈક એવું હતું, જેવું એમણે કોઈ દિવસ અનુભવ્યું ન હતું. જે અનુભવ એમને નવો હતો. છતાં એની ભવ્યતા સમજવાની શક્તિ ઘણામાં હતી.

દરેકે દરેક માણસ જાણે આસપાસની ટેકરીઓમાંથી આવતો શંખનાદ સાંભળી રહ્યો હતો. જાણે આકાશમાંથી ભવ્ય ઘંટારવની પરંપરા આવી રહી હતી. પળેપળે જાણે કૈલાસનાથની મૂર્તિ દેખા દેતી હતી. ડમરૂ બાજી રહ્યું હતું;

તે ગઈ. એનો છોકરો મેઘો ગયો ને ગયો. એમના વિષે કોઈ વાવડ આવ્યા નહિ. એનો બાપુ ભગતો ડોસો ને ઝાંખો રહી ગયો ને ચાર પાંચ મહિના પછી નવી વહુ પરણી લાવીને પોતાના કામમાં લાગી ગયો. શેરડી ગામ હતું તેવું ને તેવું પોતાનું કામ કરવા માંડી ગયું. જાણે રૂપલી શેરડીમાં કોઈ દિવસ હતી જ નહિ. એમ છતાં સાતમ આઠમના મેળામાં તો રૂપલીના રાસડાએ કૈંક જુવાનોને ઉલાળ્યા હતા—અને એનો ગેલો ગુજરીનો રાસ ત્રિભંગ દેહે રૂપલીએ ગાયો ત્યારે આખું ગામ ચિત્રવત બની ગયું હતું. પણ એ સઘળું ગયું. એ સુંદર, મીઠી, નાની નદીના કિનારા પર રૂપલીના પગ પાછા ન જ આવ્યા.



શેરડી ગામ એ વાત લગભગ ભૂલી ગયું હતું—જો કે રૂપલીના દેહલાલિત્યનું વર્ણન—એના હોઠ, એનું નાક, એનો હસ્સો, એની કાઠી, એનું જોબન—એ સઘળાં વિસ્મૃતિના ચરમાંથી ક્યારેક ક્યારેક કોઈ કથાપ્રસંગે જાગીને ગામને ઘડીભર હલાવી દેતાં; પણ એ દુઃખદ ઘટનાની પાછળ કાંઈ વીરત્વ સંકળાયલું ન હતું, એટલે ધીમે ધીમે એ વાત મૃતપ્રાય થતી જતી હતી.

§ ૨

એવામાં એક દિવસ અચાનક એક સાંજે એક અજાણ્યો જુવાન ગામમાં દેખાયો. એ રૂપલીનો છોકરો મેઘો હતો. નાતપટલના ઘર પાસે એ ચુપચુપ ઉભો હતો. ને

દૂર દૂરથી આવતાં જનમભોમકાને મળવાથી જે આનંદ થાય તે એના અંતર પર ઉગી નીકળ્યો હતો. એટલામાં તો પરેશની નાની કોટડી–રૂમ–ઝંપામાંથી બહાર નીકળી ને આનંદના જુવાનને જોઈ જરાક શરમાઈ ગઈ એનું ગોરું રૂપાળું મોં ગેરુવાના અંતરમાં ઉતરી ગયું. એના અંતરમાં મીઠી આશની પૂર્તિ મળવાની, એનાં [illegible] જોવાની–એની નહી દેખવાની–એના [illegible] એને જોવાની જે ઉર્મિ જાગી હતી તેમાં આ ગોરું મોં જોતાં કોઈ એકદ વધારો થયો. એને તો ખરીખર એમ પણ લાગ્યુ કે પોતે જે જમીનમાં આવ્યો છે તે દેવભૂમિ [illegible] લાગે છે. તે તરત આંખે પોતાની યાદ જોતો ઉભો હતો

'કોની યાદ જુઓ છો!' રુપીએ પૂછ્યું.

'[illegible] પોલ–[illegible] જોવાની [illegible]–આ!'

'હા.'

'એ–ગીર છે!'

'ના [illegible]'

[illegible]

ઉપાડેલા માથાના ભાર, સામી-ઓશરી પડસાળથી મુગટજી પટેલ આવતા દેખાયા. મેઘો નજર ઉપર ધરી રહ્યો.

મુગટજી પટેલ આવ્યા. એ જમાનાની મુરબ્બીવટ એમના ચહેરામાં સ્પષ્ટ દેખાતી હતી. પડો પોતે કોઈએ કદી નહિ ઉપાડેલો તેથી દેહમાં જે અભિમાન આવે એ એમના ગળામાં સ્પષ્ટ સંભળાતું હતું.

'એલા ભગલા, જગલાને-પેલા બાંડિયાને' એક શીંગડું ભાંગવાથી બાંડિયા ગણેલ બાંડિયો બળદ તોફાન ન કરે એ સૂચના આપીને, પરદેશ આવનાર પ્રત્યે જરાક જોયું.

'કોણ છો ભા?'

મેઘલો પગમાં પડ્યો–દંડવત કરે તેમ. એને મેરડીની ધૂળનો સ્પર્શ પણ અજબ લાગતો હતો.

'પણ કોણ છો ભા? વાત તો કરો.'

'મારી માનું નામ રૂપી. આ ગામને પાદરથી તરકડા ઉઠાવી ગયા હતા...' રૂપલીએ એને એના બાપ જગલાનું નામ તો તિરસ્કારથી જ આપ્યું હતું. એ કહેતી એવા ખૂટલનું કોણ નામ લ્યે? એટલે મેઘલાએ પણ માનું જ નામ આપ્યું.

'અરે, ભા, ત્યારે બોલવું'તું તો ખરું—માળા–તરકડા ભેગા રહીને અમને'ય વટલાવવા નીકળ્યા છો. એમ હોય તો જરાક છેટેથી વાત કરીએ.'

મેઘાના પગ નીચેથી પૃથ્વી સરતી લાગી. સેંકડો માઇલો જે ભૂમિનાં દર્શન કરવા કાપ્યા હતા, તે સઘળો થાક એકીસાથે એના અંગમાં ચડ્યો.

'મારી માએ મોકલ્યો છે–બિચારી મરી ગઈ–'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'અ ર ર !'

'[illegible] વટલી જા, નકર મારી નાખું !'

'રામ ! રામ ! શું માણસ [illegible] થાય છે ! [illegible]'

'પછી શું માબાપ! વટલી.'

'વટલી? હેં? અરે રામ, શેરડીનું નાક કપાવ્યું.'

'પણ સાંભળો તો ખરા માબાપ! એક વેંગુ જમાદાર પાસેથી લીધું કે જો મારા મેઘલાને વાંકો વાળ કર્યા વિના એમ ને એમ છે એવો ને એવો રહેવા'દે તો વટલું, નકર જીભ કરડીને મરૂં. આ એમ મને બચાવ્યો. હું આપણા હિંદી ભૈયા ભાઈઓ ભેગો રે'તો ને વારેતહેવારે માને મળતો. એ બિચારી શેરડીને સંભારીને રો'તી. ભટ્ટજી બાપ! મને માએ કહ્યું કે મેઘલા! તારે માટે મેં કાયા વટલાવી છે. તું હવે શેરડી જાજે. આપણી સીમમાં ફરજે. નાવલી નદીમાં લુગડાં ધોવા જાજે ને સૌને મારૂં નામ સંભારી આપજે. કહેજે કે શેરડીથી ગઈ પણ એક ઘડી પણ શેરડી ગામને રૂપલી ભૂલી નથી. તમે સૌ ભલે ભૂલી ગયા. ખૂટલ જાગલો ભલે ભૂલી ગયો, પણ હું નથી ભૂલી. કહેજે કે મેં ગામનો અપરાધ કર્યો હોય તો મને માફ કરે. સૌને સંભારજે...' મેઘલો ગળગળો થઇ ગયો વધારે બોલી શક્યો નહિ!

'તારી મા વટલી ગઈ કાં?'

'હવે તો મરી ગઈ... જમાદારે પાછી કો'ક ગોરાની નોકરીમાં સોંપી દીધી. એને ત્યાં ભંગીનું કામ કરવાની શરતે એણે મને આંહી આવવાની રજા અપાવી–ત્યાં ભંગીની તાણ પડી, ને ગોરાને ભંગી વિના હાલે નહિ, આ એમાં ને એમાં મારી માએ જીંદગી કાઢી.'

'છોકરા! હવે રહેવા દે તારી માની વાત–અમારે કથાવારતામાં મોડું થાય છે.'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૬ ૩

વરદેસ અને ભંગડીના છોકરા માટે કોઈ જાતનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાંથી મળ્યું નહિ. ભેખધો [illegible] ફીરકીમાં રખડે–રાગડાકુનવાની પેરે બરાડું ચેટલી પામે—અથવા ઉઠ ભેખરાજ બેગા બળીને એને ઠીક પડે તેમ કરે. [illegible] પ્રેક્ષની નાતે ના પાડી હતી કે ભંગડીના છોકરાને નાતમાં ભેળવીને નાત ટાળી નાખવી નથી. ભટ્ટજી પણ એ જ

અભિપ્રાયના હતા. વાણિયા મા'જન તો પહેલેથી વિરુદ્ધ હતું. 'સાળું—આપણને તે શી ખબર ચોખ્ખો રહ્યો છે કે વટલ્યો છે—એવો ઢેઢવાડો ગામમાં દાખલ કરીને નિકંદન કાઢવું નથી.' સૌએ ના પાડી. મેઘલો તે મેઘલો રહી શકે, એ સથવારો બની શકે જ નહિ.

મેઘલો ભારે હૈયે પાછો ફર્યો. આખા ગામમાં કોઈ એનું સગું ન હતું. એના બાપે ચોખ્ખી ના પાડી. એમ વટલેલના છોકરાને ઘરમાં રાખીને ના'ત બા'ર નથી રહેવું. બિચારો જે હોંશમાં આવ્યો હતો તે હોંશ ઉડી ગઈ.

છેવટે એના પગ ઢેઢવાડા તરફ વળ્યા. જ્યાં ત્યાં બટકું રોટલો પામવાની જ એનામાં આકાંક્ષા રહી હતી. ત્રણ ચાર દિ ગામમાં રખડીને એ ભુરિયા ઢેઢ પાસે પહોંચ્યો. ભુરિયાને વાત કરી. 'મને ઢેઢ કરીને તો રાખો. શેરડી ગામનો તો રહેવા દો.'

પણ ભુરિયાએ માથું ધૂણાવ્યું; 'એ કેમ બને? તારી માએ ઝાંપડાનું—ભંગીનું કામ કર્યું છે. તને ભંગીને અમારા ભેગો ભેળવું, એટલે તો મા'જન, ગામમાં મને ઉભું રહેવા દે કે? મારે ઢેઢવાડામાં બીજો ઢેઢવાડો નથી કરવો.'

હવે હદ થઈ હતી. મેઘલાને સ્વીકારવા કોઈ તૈયાર ન હતું. એની માએ જે આશાથી જીવન, જોમ ને ધર્મ હોમ્યાં હતાં—મેઘલાને શેરડી ગામની ભોં દેખાડવા—તે સઘળું વ્યર્થ ગયું હતું. મેઘલા માટે ત્યાં સ્થાન ન હતું. એને વિચાર થઈ પડ્યો; 'એનું સ્થાન ક્યાં? બાપને ત્યાં નહિ—નાતમાં નહિ—ઢેઢમાં નહિ. એનું સ્થાન ક્યાં? એની માને કોઈએ ન બચાવી એ વાત બાજુ પર રહી, પણ

[illegible] ભગવાન્ [illegible] '[illegible]' [illegible] [illegible] [illegible] કરવા માટે [illegible] તેનું કારણ શું ?'

[illegible] હતા, [illegible] [illegible] કહ્યું, 'હું [illegible] [illegible] [illegible] કરી આવ્યું તો [illegible] પ્રાયશ્ચિત આપો ?'

આખું ગામ બોલ્યું : 'ના !'

ભગવાને [illegible] અગ્રજને કહ્યું : '[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]'

અગ્રજને કહ્યું : 'હા, તો પ્રાયશ્ચિત આપીએ એ તો [illegible] ફરી આવે તો.'

ભગવાને કહ્યું : 'હા, એ અગ્રજ હા પાપના દોષ તો પ્રાયશ્ચિત આપીએ.'

આખું ગામ સમજ્યા વિના ફરી બોલ્યું. 'હા, તો આપીએ.'

બીજે દિવસે સવારે, ઉઘાડે શરીરે, આખે અંગે ધૂળધૂળ બનતો, કોઈ અદૃશ્ય બળથી ખેંચાતો હોય તેમ, વસુબવાવલી એકાદ ભૂખરીનો, જન્મભૂમિનો તૃષાતુર બાળક ધોરડીની સીમ વટાવી રહ્યો હતો—આળોટતો, ખરડાતો, રહેંસાતો !

વિનિપાત

આટલાં વર્ષે શિલ્પી હીરાધર ! ભાઈ! તું તો ક્યાંથી હોય ? પણ તારી પ્રાણધારી કૃતિઓએ તો હદ કરી નાખી. એમણે તો તારી વિજયગાથા લલકારી—વડોદરા, પુના કે દિલ્હીને આંગણે નહિ—છેક સ્કોટલૅંડમાંની લીલીછમ ડુંગરમાળાઓમાં.

ઈ. સ. ૧૭૮૩નો એ સમય હતો.

મરાઠી રાજ્યના છેલ્લા બે મહાપુરુષો—મહાદજી સિંધીઆ અને નાનાફડનવિસ—પોતપોતાનું સ્વત્વ જાળવી રહ્યા હતા. મરાઠી સૈનિકોના તેજથી અંગ્રેજો ધ્રૂજતા હતા. હરિપંત ફડકે ને પરશુરામ ભાઉનાં નામ રણક્ષેત્રમાં જાદુઈ અસર ફેલાવતાં. ગુજરાતને આંગણે બેઠેલી અંગ્રેજીસત્તા મહાદજી સિંધીઆને નમતું આપતી હતી.

એ વખતે શિલ્પી હીરાધરની યશકલગી જેવા ડભોઈમાં એક બનાવ બન્યો.

અંગ્રેજો ભરૂચ અને આસપાસનો સઘળો પ્રદેશ ખાલી

કરી મહાદજી સિંધીઆના પ્રતિનિધિ ભાસ્કરરાવને સોંપવાની તૈયારી કરી રહ્યા હતા.

ડભોઈ એ વખતે જેમ્સ ફોર્બસના હાથમાં હતું. કિલ્લા સમારવાની ને રણમાં શોણિત વહેવરાવવાની યુદ્ધવિદ્યા એને વરી હતી, પણ સાથે સાથે—છેક સંધ્યા વખતે, પોયણીનો મંદમંદ પરિમલ ડભોઈના સુંદર તળાવમાંથી આવતો હોય તે વખતે, અનિમિષ નેને, શિલ્પી હીરાધરની અણમોલ કૃતિઓ જાણે કોઈ સ્વપ્નસ્થ પ્રતિમાઓ હોય તેવી, એની નજર સામે તર્યા કરતી; એવી કવિતાદૃષ્ટિ પણ એને વરી હતી. એ યુદ્ધ સમયે અવિશ્રાન્ત પરિશ્રમ લેનાર યોદ્ધો હતો. શાંતિ વખતે સૌન્દર્યસૃષ્ટિમાં રાચનારો આત્મા. થોડા સમય પહેલાં ડભોઈના કિલ્લા ફરતી મરાઠા સવારોની ધજાઓ ફરકી ત્યારે અગ્નયસ્ત્ર, કિલ્લાની મરામત, સુરંગ, તોપો—ને એવું તો કેટલુંયે સાહિત્ય એણે નજર તળેથી કાઢી નાખ્યું હતું—ને જ્યાં યુદ્ધમંત્ર રચાતો હતો ત્યાં ખૂણામાં જ શિલ્પી હીરાધરની પેલી વશકન્યા કેવું સ્મિત કરી રહી હતી!

પણ યુદ્ધના દિવસો આવ્યા ન આવ્યા ને ગયા. ડભોઈના કિલ્લાની કૂંચીઓ મહાદજી સિંધીઆના પ્રતિનિધિ ભાસ્કરરાવને સોંપવાનો વખત આવી પહોંચ્યો.

ડભોઈનું મહાજન—બ્રાહ્મણમંડળ—'ગોરા સાહેબ' ને મળવા આવ્યું હતું. એ અંગ્રેજ હતો—પણ મરાઠાના સવારોથી કંટાળેલી પ્રજાને એણે શાંતિનો સ્વાદ ચખાડયો હતો. એ પ્રાથમિક શાંતિમાં હજુ મુડદાંની દુર્ગંધ પેઠી ન હતી.

બ્રાહ્મણો—મહાજનો—સૌ આવ્યા. ગોરાએ ધારણ કરેલી રાજનીતિ અને સાચવેલી શાંતિનાં વખાણ થયાં. અને કાંઈક

યાદગીરીરૂપે નજરાણું લેવાનો આગ્રહ કરવા મંડ્યા.

જેમ્સ ફૉર્બ્સ શાંત ઉભો રહ્યો. એને ડભોઈ છોડવું ગમતું ન હતું. ડભોઈમાં એની નજરે ગ્રીસ–રોમની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પ્રતિમાઓ કરતાં ચડે એવુ કાંઈક હતું. એનાં તળાવ–લીલીછમ હરિયાળી ચડતી ઉતરતી ભોં–મંદ પવનમાં ઝૂલતાં કમળ–શિલ્પી હીરાધરની યક્ષકન્યાઓ–પેલું પૂર્વદ્વાર– એ સઘળું વાતાવરણ એને એની સ્કૉટલૅાંડની ભૂમિની યાદ આપતું હતું. અત્યારે એ યોદ્ધો મટી ગયો હતો, મુલ્કી ઑફીસર પણ મટી ગયો હતો. માતા સ્કૉટલૅંડનો બાળક બની ગયો હતો. એને–વિખૂટા પડેલા બાળકને–આ ભૂમિનો ખોળો માતાના ખોળા જેવો પ્યારો લાગતો હતો. માણસને કૃત્રિમ જુસ્સાનો ગુલામ બનાવવામાં ન આવે તો હરેક જગા એને માતાના ખોળા જેવું સાંત્વન આપી શકે છે. પૃથ્વીમાં એવો અખૂટ અમૃત રસ ભર્યો છે. માનવહૃદયમાં એવું સચરાચરના સ્વામીનું પ્રતિબિંબ જળવાઈ રહ્યું છે.

જેમ્સ ફૉર્બ્સને શાંત જોઈ સૌ બોલ્યાઃ ‘અમારે કાંઇક ભેટ–નજરાણું કરવાનું છે. તમારે લેવાનું જ છે. અમારી એટલી યાદી તમારી સાથે રાખો.’

અને મૂલ્યવાન વસ્ત્રો–અમદાવાદી અતલસ ને સુરતી ગજી–નીચે છૂપાયલાં આભૂષણો ચમકવા લાગ્યાં.

જેમ્સ ફૉર્બ્સે માથું ધૂણાવ્યુંઃ ‘મારે એ ન જોઈએ. મારે આવતી કાલે ઉઠીને બીજે દોડવું પડે. એને હું શું કરું?’

મહાજન ખિન્ન થયું. ગમે તે ઉપાયે, ટોપીવાળાને હમેશાં યાદ રહે એવું કાંઇક, આપવું જોઇએ. એમણે ફરી આગ્રહ કર્યો–કાંઇક નિરાશાભરેલા અવાજે ને ખિન્ન હૃદયે.

ફોર્બ્સે એમના આગ્રહમાં રહેલો સત્યનો રણકો પારખ્યો. જરા વાર રહીને બોલ્યો:

'મગાય કે નહિ એ મને ખબર નથી, પણ જો મને ખરેખરી મદદ આપવા માગતા હો તો તમારી પાસે થોડી અમુલખ ચીજો છે તે આપો.'

'બોલો, સાહેબ! બોલો, શું આપીએ?'

'તમને ધાર્મિક બાધ ન આવે તો જ આપવાની છે હો–'

'બોલો.'

'મને મંદિરોના બહારના ખંડિત ભાગમાંથી વેરણછેરણ રખડતી થોડીક મૂર્તિઓ અપાવો અને હીરાદ્વારની બહારની કોતરણીમાંનાં ખંડિત નમૂનાઓ છે તે લઇ જવાની રજા આપો.'

મહાજન મંડળનો–ખાસ મંડળનો–મોટો ભાગ સ્તબ્ધ બની ગયો: દિલગીરીથી નહિ, આશ્ચર્યથી. માગી માગીને હીરાદ્વારના ખંડિત નમૂનાઓ–જેમના ઉપર બેસીને ડભોઈનો હરકોઈ રખડુ છોકરો, ગામને ગોંદરે ગાયો ચૂકવા જતી કેશવી કે મોનડીની મશ્કરી કરી શકતો–એવા ટૂકડામાં સાહેબે શું માગ્યું–એ એમને મન કોયડો થઈ પડયો.

તેમનામાંથી મોટેરાઓએ ડોકું ધૂણાવ્યું.

'સાહેબ! એવું તે કાંઇ અપાય!'

ગ્લાનિનું એક વાદળ ફોર્બ્સના મોં ઉપરથી ચાલ્યું ગયું.

બીજો બોલ્યો: 'સાહેબ, એવા નમૂના તો તમને જોઈએ એટલા આપીએ–પણ એમાં તમે શું માગ્યું! કાંઇક બીજું માગો.'

જેમ્સ ફાર્બ્સ બોલ્યો નહિ, પણ એના અંતઃકરણમાં

જાણે ઝીણી શી લોઢાની મેખ પેસી ગઈ. એણે આકુળતાથી જરાક પાછું પણ જોયું—'શિલ્પી હીરાધરનો મૃતાત્મા આ સાંભળતો તો નહિ હોય ના?' એવું લાગ્યું.

એટલામાં મહાજનનો આગેવાન બોલ્યો: 'ખંડિત મૂર્તિઓ વિષે કાલે સોમેશ્વર શાસ્ત્રીને પૂછી જોઈશું. ને આપને દીરાદ્વારમાંથી જે નમૂનાઓ જોઈએ તે આપશું—પણ એને તમે શું કરશો? શી રીતે સાચવશો? એવો મફત પથારો...'

ફોર્બ્સ બોલ્યો: 'બની શકે તો એટલું આપો, બીજું મારે કાંઈ જોઈતું નથી.'

પછી સૌ ગયા.

ધીમે શાંત પગલે જેમ્સ ફોર્બ્સ ચાલ્યો ગયો—સતીમાના ચોક તરફ. પિલાજી ગાયકવાડના પુત્ર સયાજીની વિધવા સ્ત્રી ત્યાં સતી થયેલી. ફોર્બ્સને એ વાતાવરણ પણ અપૂર્વ લાગતું.



તદ્દન એકાંત જીવન ગાળનારો સોમેશ્વર, મહાજનનું ટોળું આંગણે જોઇ સ્તબ્ધ બની ગયો. વાત સાંભળી ત્યારે વધારે સ્તબ્ધ બન્યો.

'તમે શું ધારો છો? ખંડિત મૂર્તિઓ વિષે—બીજા નમૂનાઓ તો જાણે ઠીક' —મહાજને પૂછ્યું.

સોમેશ્વરે પોતાની ઝૂંપડીમાં એક ખૂણા તરફ શિલ્પી હીરાધરની એક સુંદર પ્રતિમા રાખી હતી. અંધાધૂંધી અને અશાંતિના સમયમાં આ સાત્ત્વિક બ્રાહ્મણે કેવળ વૃક્ષના આશ્રય નીચે રહીને પોતાનું જ્યોતિષનું ને વૈદકનું જ્ઞાન વધાર્યું

હતું. કમ્બોજમાં એની પ્રતિષ્ઠા અદ્વિતીય ગણાતી. એની સાત્વિકતા બધાને મન વસી ગઈ હતી. એનો અભિપ્રાય શાસ્ત્રવચન મનાતો. એની દાનરાજી શાપરૂપ ગણાતી.

મહારાજને પૂછ્યું; ' તમે શું ધારો છો ? ખંડિત મૂર્તિઓ વિધર્મીઓને-અપાય ? '

સોમેશ્વર કાંઈ બોલ્યો નહિ. એની નજર કમ્બોજ ભણી-જાણે હીરાધાર તરફ જોતી હોય તેમ આકાશમાં મીટ માંડી રહી.

' જાય-ત્યારે બધું જાય-પેલા મુદ્રારાક્ષસમાં શ્લોક નથી આવતો ! જેમાં રાક્ષસ ગરીબીનું વર્ણન કરે છે: આ દેશ પણ એવી જ રીતે ગરીબ થયો...પછી કોણ રહે ? હવે ખંડિત મૂર્તિઓ પણ ચાલી જશે. '

સોમેશ્વર જાણે સ્વગત બોલી રહ્યો હોય તેમ તેના શબ્દો નીકળ્યા. એ ભાનમાં બોલે છે કે સ્વપ્નમાં તે સમજી નહિ શકવાથી મહારાજને ફરી પૂછ્યું ' ખંડિત મૂર્તિઓ આપી શકાય ?-જો લેનાર વિધર્મી હોય તો-એ આપણો પ્રશ્ન છે. '

' હું એ જ પ્રશ્નનો વિચાર કરું છું. હીરાધરનો દૂર દૂરનો પણ કોઈ સગો છે ? કોઈ સારો સલાટ છે ? '

' કોઈ નથી. હોય તો જાણમાં નથી અને એનું આપણે કામ પણ શું છે ? આપણે તો વિધર્મીઓને ખંડિત મૂર્તિઓ અપાય કે નહિ-એ વિષયમાં શાસ્ત્રાજ્ઞા શી છે એટલું જ જાણવાનું છે. '

' ત્યારે તમને ખબર છે ? આ પેલી ખૂણામાં પડેલી મહારાજના હીરાધરની કૃતિ છે કૃતિ નથી, એની જાણે કે, પ્રાણપ્રતિમા છે એમાં હીરાધરે મૂગા પથ્થરને અમરવાણી

આપી છે. વેદની ઋચા જેવું પેલું સ્મિત—અને મોહક આરોહ અવરોહ જેવો શરીરનો ત્રિભંગ—તમે એ જુઓ તો ખરા—જાણે હીરાધર હજી ઉભો ઉભો પ્રતિમા નિહાળે છે. એના હાથની શી છટા છે . . . '

યક્ષકન્યા જેવી સોમેશ્વર શાસ્ત્રીની પુત્રીએ પાછળના દ્વારથી પ્રવેશ કર્યો : ' પિતાજી! વળી તમે એવી વાતોએ ચડયા કે ?— યક્ષકન્યા ને શિલ્પી—મહાજનના પ્રશ્નનો ઉત્તર આપોને. '

નાનું છોકરૂં માનું કહ્યું માને તેમ શાસ્ત્રી શાંત થઇ ગયો. એની નજર પૃથ્વી પર ચોંટી રહી.

' ત્યારે વિધર્મીઓને ખંડિત મૂર્તિઓ આપી શકાય ? ' અગ્રણીએ એ જ પ્રશ્ન ફરી કર્યો.

શાસ્ત્રીજી પાછા તરંગે ચડયા: ' જે ર સિ ક તા જયદેવની બાનીમાં છે—એ જ ર સિ ક તા હીરાધર શિલ્પીમાં છે. એણે પથ્થરમાં કાવ્ય લખ્યાં—હીરાધર ! ' શાસ્ત્રી હજી આગળ વધત પણ એટલામાં એની પુત્રીએ વળી ટકોર કરી: ' તમે જવાબ નહિ આપોનાં ? '

' આપું છું. લે, આપું. '

શાસ્ત્રી થોડી વાર શાંત રહ્યા. પછી એણે ધીમેથી જવાબ વાળ્યો: ' હીરાધરની આ યક્ષકન્યા—કાલિદાસની અલકાનગરીની જાણે રૂપરેખા હોય તેવી—હું એ ઘેનું રબારણના વાડામાંથી ઉપાડી લાવ્યો છું. સોનેરી રજમાં રત્ન શોધતી એ રૂપમૂર્તિ પાસે બે ગધેડાં ઉભાં હતાં—એક બીજાની સામે જોઇને, કોણ વધારે રૂપાળું છે એવી ચર્ચા કરતાં. અને યક્ષકન્યા પર હીરાધરે જે અણમોલાં અંબર ઓઢાડયાં હતાં,

ને સઘળાં ગાયના છાણથી લીંપાઈ ગયાં હતાં.'

શાસ્ત્રીજી થોડી વાર થોભ્યાઃ 'એટલે આ ગોરાને પથરા આપવામાં કાંઈ જ વાંધો નથી....'

'વાંધો નથી નાં !–હાસ્તો, ભલેને, એનો જીવ સંતોષાતો. આપણે બીજા બહુ પડ્યા છે.' મહાજને કહ્યું.

શાસ્ત્રીજી કાંઈક ખિન્ન અવાજે બોલ્યાઃ 'કાંઈ જ વાંધો નથી, કારણ કે એ ગોરો આ પથરાને સાચવશે. કોઈક દિવસ કોઈકને પ્રેરણા પાશે–કોને ખબર છે શિલ્પી હીરાધરનું દર્શન કરવા કોઈ ને કોઈ આવી ચડશે–આપણે એ ખંડિત મૂર્તિઓને બીજું કાંઈ નહિ–ગધેડાં કૂતરાં કરતાં તો સારા હાથમાં સોંપીએ છીએ....'

'હા, હા, ભલા માણસ, સો વાતની એક વાત–આપણે પથરા નકામા જ્યાં રેઢા છે–ગોરાને કામ આવે છે.'

'પણ એક શરતે...'

'શી ?'

'કાલે તમે ત્યાં જાઓ ત્યારે મને તેડી જજો.'

'બહુ સારું, બહુ સારું–' હકુકડુ મહાજન ઊઠ્યું, અને શાસ્ત્રીજીને નમીને ચાલતું થયું. શાસ્ત્રીજીએ નિર્ણય આપી દીધો હતો. શાસ્ત્રીજીએ બીજું જે કહ્યું એ કોઈ સમજ્યા ન હતા પણ–એની એ વિદ્વત્તા ભરેલી વાણી વિષે સૌ સમજ્યે વણસમજ્યે વખાણ કરી રહ્યા હતા.



બીજે દિવસે જેમ્સ ફોર્બસ, શિલ્પી હીરાધરની કૃતિઓ એમ્સીવેલ્લી જોઈ રહ્યો હતો. હવે એ આંઠી કોણ જાણે ક્યારે

આવશે એમ જાણીને પૂર્વનું હીરાદ્વાર ફરી ફરી નિહાળી રહ્યો હતો. એક કરતાં એક સરસ એવી કોતરેલી–કમાનો રજપૂતાણીના માથાની મોતીની સેર જેવી–મૌક્તિકમાળાઓ જોઈ રહ્યો હતો. જ્યાં નજર કરો ત્યાં નજર થંભી જાય એવું અજબ આકર્ષણ પથ્થરમાં ભર્યું હતું.

મહાજન આવ્યું. સોમેશ્વર અગ્રસ્થાને હતો.

ફોર્બ્સે સૌને આવકાર આપ્યો.

'અમને બહુ આનંદ થાય છે કે, અમે તમારી માગેલી ભેટ તમને આપી શકીશું. શાસ્ત્રીજીએ કહ્યું છે વાંધો નથી.'

ફોર્બ્સે શાસ્ત્રીજી સામે જોયું. ચતુર અંગ્રેજ તરત સમજી ગયો. આવનાર વ્યક્તિની ધાર્મિકતા પ્રસિદ્ધ હતી. એણે નમન કર્યું.

'હું આપનો ઘણો–ઘણો ઉપકાર માનું છું. મને હીરાદ્વારની આ કમાનોમાં...'

ફોર્બ્સ બોલતો અટક્યો. સોમેશ્વર હીરાદ્વાર તરફ એકી નજરે–એવી નજરે–જોઇ રહ્યો હતો કે ફોર્બ્સને શબ્દો બોલી એ વાતાવરણ ભંગ કરવાનું ઠીક ન લાગ્યું.

'શિલ્પી હીરાધરના ટાંકણામાં, સાહેબ, સંગીતની રમ્ય પદાવલિ રમતી હશે. તે વિના–પેલી યક્ષકન્યાની કટીમેખલા તો જુઓ–જાણે હમણાં એની સોનેરી ઘૂઘરીનો રણકાર સંભળાશે જુઓને–એના મોં પર એ રણકાર સાંભળવાનો આનંદ પણ છવાઈ રહ્યો છે....' શાસ્ત્રીજી ચિંતનમાં હોય તેમ અચાનક અટકી ગયા.

'આપને હીરાધરની સર્વોત્તમ કૃતિ કઈ લાગી છે?' ફોર્બ્સે પૂછ્યું.

એ સમજી ગયો હતો કે મહાજન કરતાં જુદી જ રીતભાતનો માનવ તેની સામે ઉભો છે. હીરાધર વિષે વાત કરનારો મળ્યો જાણી એને બહુ આનંદ થયો.

'એની સર્વોત્તમ કૃતિ?' શાસ્ત્રીજી ભયંકર શૂન્યતાના પડઘા જેવું હસ્યા. 'કદાચ, એકાદ બે'શની ગમાણમાં સચવાઈ રહી હશે!–હીરાધર! એ માનવ નહિ હોય. માનવેંદ્ર વિના આવી કૃતિઓ ન બને.'

'તમે એટલું ન કરો?–આ કૃતિઓને સાચવી રાખવાનો પ્રયાસ ન કરો?' ફોર્બસે પૂછયું.

શાસ્ત્રીજી ખિન્ન હૃદયે ફિક્કું હસ્યાઃ 'મરણ પામેલી પ્રજાની હરેકહરેક દૃષ્ટિ હણાઈ ગઈ હોય છે. આંહી એ પથર ઉપર છોકરાં થૂંકશે–તમે એને લઈ જાઓ–હીરાધરનો કોઈ સમાનધર્મી હજાર વર્ષે પણ જાગશે તો છેવટે ત્યાંથી આંહી યાત્રા કરવા આવશે. એ કૃતિઓને સાચવવાની કે સમજવાની એક પણ શક્તિ આ જમીનમાં હવે રહી નથી.'

ફોર્બસ બ્રાહ્મણ સામે જોઈ રહ્યો. એના ઘણા મિત્રોએ પુનાના પ્રસિદ્ધ નાનાફડનવિસની એને વાતો સંભળાવી હતી. અને બ્રાહ્મણોની બુદ્ધિ પ્રત્યે એને આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું. આજે એવા જ વર્ગનો એક સ્વપ્નશિલ્પી એની સામે ઉભો હતો એ જોઈ એને ઘણું આશ્ચર્ય થયું.

'ત્યારે મારા દિલની એક વાત હું પણ કહી દઉં!' ફોર્બસ રહી રહીને બોલ્યો.

સોમેશ્વરના મોં પર આછું સ્મિત આવ્યું: 'મને એ ખબર હતી–શિલ્પી હીરાધરની કૃતિઓને સમજનારો સામાન્ય

જન ન હોય–એટલે જ હું આવ્યો હતો, કે તમારી શી વાત છે એ તો સમજું !'

અત્યાર સુધી મહાજન પૂતળાની માફક ઊભું હતું–વાર્તાની એક પણ કડી સમજ્યા વિના–તેમને પણ આશ્ચર્ય થયું. તેમાંના અગ્રણીએ કહ્યું:

'સાહેબ ! અમારે પણ પૂછવું છે–તમે આ મૂર્તિઓને લઇ જઈને શું કરશો ?–એને ક્યાં રાખશો ?'

ફોર્બસે એક અર્થવાહી દૃષ્ટિ સોમેશ્વર તરફ ફેંકી. સોમેશ્વર પણ જાણે એ જ જાણવા ઉત્સુક હતો એમ જણાયું.

ફોર્બસે જવાબ વાળ્યો:

'મારો દેશ અત્યંત રમણીય છે. એના લીલાછમ ડુંગરાની હારમાળામાં મારૂં નાનું સરખું ગામ જાણે નીલમના હારમાં માણેક જડયું હોય એવું આવી રહ્યું છે. એ ગામમાં ડુંગર ઉપર અષ્ટકોણાકૃતિ બંધાવી એમાં આ મૂર્તિઓ આઠ ખૂણે પધરાવીશ–હીરાધારની કોતરણીના નમૂનાઓ સૌન્દર્યખચિત ઇલિયડની કૃતિ જેવા–ત્યાં શોભી રહેશે: પાસે ઝાડની ઘટા આવી હશે: અને તમારા ડભોઈમાં મંદ પવનથી, કમળનો પરિમલ ફેલાય છે, તેમ ત્યાં આવેલ તળાવમાં પણ, કમળની નાજુક પાંખડીઓ ચાલી રહેશે. મારી વૃદ્ધાવસ્થા એવા શાંત રમણીય સુંદર સ્થળમાં ગાળવાને અને જ્યાં મારી જુવાની પસાર થઈ રહી છે, એ સ્થળની અનુપમ લાવણ્યવતી કૃતિઓ વચ્ચે મારા થાકેલા જીવનને સમાધિનો આનંદ આપવાને–આ કૃતિઓ હું લઈ જાઉં છું. મારા દેશબાંધવો એ જોશે ને નવાઈ પામશે; ગામનાં છોકરાંઓ નિહાળશે અને અનેક પ્રશ્નો કરશે; સુંદરીઓ એ

જેશે અને દિવસો સુધી ભૂલશે નહિ—હું એટલા માટે મારા આ સ્થળનાં સંસ્મરણોની પવિત્ર યાદી તરીકે એમને લઈ જાઉં છું...' કાર્બસ વધારે બોલી શક્યો નહિ. એની નજર સ્થાનમોરનો ડુંગર નિહાળી રહી હતી.

સોમેશ્વરના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ. પોતે હીરાધર શિલ્પીને સમજવા—અનેક નક્શાટોને સમજાવવા નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યો હતો—ને સમજનાર એક સહૃદયી પરદેશીને મળી હતી. તે ફાર્બસ સામે આનંદથી જોઈ રહ્યો.

'બસ, આટલું જોવા જ હું આવ્યો હતો. તમારો આત્મા કલાધર હીરાધરને જોઈ શક્યો છે. હું પણ હવે આ સ્થળનો બેચાર દિવસનો મહેમાન છું!'

'કેમ-કેમ?'

'સહ્યાદ્રિની પર્વતમાળા મને બોલાવી રહી છે. કોઈ સમાટ-શિલ્પી મળી જાય તો હીરાધરનો જીવન રહિત સાચવવા માટે એને કહેવાનું છે. આ પ્રજાના પ્રાણ હણાઈ ચૂક્યા છે. હવે એની પરાધીનતા એ વર્ષોનો નહિ—દિવસોનો સવાલ છે, પણ [illegible] જ્યાં હરિપંત ફડકે, પરશુરામ ભાઉ, શ્રીમંત નાનાફડનવિસ વિગેરે છે—એ સહ્યાદ્રિની પર્વતમાળા [illegible] રહી છે ત્યાં હું [illegible] જવા માગું છું. કદાચ શિલ્પી હીરાધરની સર્વોત્તમમાં સર્વોત્તમ કૃતિ મારી પાસે છે તે સાથે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હીરાધરની [illegible] [illegible] નહિ જ [illegible], [illegible] હું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રજામાં હીરાધરની [illegible] કૃતિ તો [illegible] [illegible] [illegible]

વધુ સાચવવાની તો મારી તાકાત નથી–વખત છે ત્યાં કોઈને કોઈ જાણકાર મળે—'

ધીમે પગલે શાસ્ત્રીજી ત્યાંથી ખસવા લાગ્યા. ફૉર્બ્સ સાદા વૃદ્ધ તેજસ્વી શાસ્ત્રી તરફ જોઈ રહ્યો. મહાજન તરફ પણ જોઈ રહ્યો. બન્ને વચ્ચેનું અંતર ચતુર અંગ્રેજ કળી ગયો.

'કદાચ એ આજે જ પુના જવા નીકળશે!' ફૉર્બ્સે મહાજનને કહ્યું.

'ધૂની છે સાહેબ! વિદ્વાન છે, પણ ધૂની છે!' મહાજને જવાબ વાળ્યો.



ફૉર્બ્સ હીરાદ્વારની અનુપમ કૃતિઓ નિહાળી રહ્યો હતો. અને દૂર દૂર ચાલ્યા જતા તેજસ્વી બ્રાહ્મણના વાંસા પર પડતું સૂર્યનું તેજ અનેક વાણીની વાણી જેવું એક સત્ય જાણે બોલી રહ્યું હતું: 'પડે છે ત્યારે સઘળું પડે છે!'

પાનવહુ

પહેલાં પતિને અને પાછળથી પુત્રને ખોયા પછી પાન-
વહુને ખેતીમાં રસ રહ્યો ન હતો. પણ છેક બાળપણથી
અત્યંત ખેતીમાં ને ઢોરમાં ઉછરેલી હોવાથી ખેતર કે
વાડીપડું છોડવા કરતાં એને જીવ છોડવો વધારે ગમે. એટલે
એકાદ સાથી રાખીને એ પોતાની ખેડ નભાવ્યે જતી.
એની પાસે પટારામાં રૂપિયા સવા બસો રોકડા હતા અને
છોકરાની વહુ નાતરે ગઈ એની સોનાની કંઠી આશરે
સોએક રૂપિયાની હતી. માણસનો પસારો સહન કરવો પડયો
ન હોત તો પાનવહુની આવડત એવી હતી કે એ પોતાની
ખેતી બહુ જ સારી રીતે ચલાવી શકત. એનો દેહ અક્કડ
સીધો ને સશક્ત હતો. પરણીને આવી ત્યારે તો એનું
જોબન પણ તોફાને ચડેલ સમુદ્રતરંગ જેવું હતું. અને સારું
હતું કે, એનો ધણી આણંદ એના કરતાં નાનો હતો ને
વળી અક્કલમાં પણ કાંઈક કમ હતો; એટલે પાનવહુએ
આવતાં વેંત જ એને કાબૂમાં લઈને, પોતાની પેઠે ઘડી

ફરતી. ઘરમાં [illegible]
[illegible]
[illegible]
તો આ સ્ત્રીને [illegible] ઘરમાં [illegible]
નુકસાન થાય. [illegible] આણંદને [illegible]
અને ગામનો ભરવાડ કે સપાઈ કે કોઈનો [illegible]
ઓછું કરી ગયો હોય ને આણંદ જવાબ ન આપી શકે તો
'જા રે, મારા પીટ્યા બાયલા ! હાલ મારી ભેગો. નહિ તો
બગલાને બાપડી કરી હલ બાપડી !' એમ કહી આણંદને
ભેગો લઈ પોતે જઈને શોધખોળ કરી આવતી. સપાઈ
ચાકરાં ઉપર દાગ રાખવા જેટલી એનામાં ઉગ્રતા હતી.
અને જ્યાં કોઈ વાતમાં એ નમતું નહિ આપે એવો એનો
ધાક બેસી ગયો હતો. આણંદ એનાથી વયે નાનો અને
શરીરમાં પણ નબળો એટલે પાનવહુ ધારે તો એને એક
હાથલ ભેગો નીચે બેસારી દે. પણ દરેક સ્ત્રીમાં નબળા
પ્રત્યે અંતઃકરણમાં કોમળતા ભરી હોય છે એટલે પાનવહુ
આણંદને—એને ગામલોક તો આણંદો જ કહેતા—સારી
રીતે જાળવતી. એનું ભાણું બરાબર સાચવતી અને આગ
ભરેલી પ્રેમની આંખે આ છોકરા જેવા ધણી જુવાનીમાં
આવે એ રાહ જોઈ રહી હતી. પાનવહુને ભતવારીનો
સ્વાંગ સજીને લીલાંછમ ખેતરમાં ચાલી જતી જોવી, એ
યૌવનને પ્રેમની શોધમાં જતું જોવા બરોબર હતું. 'એ
ઢાંઢા ધરાઈને આઘેરા ખસી જાય' એવડો લીલી ચારનો
ભારો લઈને એ સાંજે ખેતરથી પાછી ફરતી હોય, ત્યારે
એવા ઉન્મત્ત અને જબ્બર યૌવનને જોવા નીકળેલા શેખી

જાણે એની ગોદમાં રમવાને જ જાણે પોતાને કામે નીકળ્યા હોય, એમ ઢોંગ કરીને, ચુપચુપ એની પ મેરી ખસ્યા કરતા. અને એમાં એ કોઈ અધાર્યા નીકળ્યા — કે જેનો [illegible] મુજબ આવવા ઉપર કામ માટે અદ્વિતીય હોય — તો તો પાનવદૂ એને ટોળામાં જ વીંધી નાખતા: 'અધારણ અગાડી [illegible] પડો, [illegible]! આજ મેં [illegible] છો ને" અને પોતે [illegible] [illegible] ચાલી જતી.

આખું [illegible] [illegible] તેમ [illegible] નાનો હતો. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] પાનવદૂ આખુંને એવા [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] તો આખું એમ [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], જ [illegible] [illegible] [illegible]! તો [illegible] [illegible] [illegible] [illegible], [illegible] ને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તો [illegible] છે.

[illegible]

શેરડીના વાડમાં આવજે—મારી હારોહાર કામ કરવા એટલે હું તને ધરાઈને ખવરાવું. ને તું મને ધરાઈને નીરખે—અટાણે, ખરે બપોરે સામું જોઈ રહ્યો છે તે, શરમાતો નથી ?'

પાનવહુએ ખેડ જમાવી હતી ને એને નભાવી હતી. એની આવડતથી સૌ શેહ ખાતા. એ પોતાનું જોબન જાળવી રહી હતી. અને આણંદને પણ પ્રેમથી સાચવી રહી હતી.

§ ૨

એક વખત એવું બન્યું કે પાનવહુના પિયરથી આવેલો સાથી જાગલો કોસે હતો અને પાનવહુ ખેતરમાં હતી. આણંદને માથુ દુખતું હતું એટલે ખેતરે આવ્યો ન હતો. અચાનક પાનવહુ પાણી વાળવું મૂકીને વાડીએ આવી:

'એલા જાગલા! જા તું પાણી વાળવા, હું કોસે બેસું છું.'

'તું ર'વા દે ને, બેસવું માવડી, જો ઢાંઢા પાછી મૂકશે તો—'

'હા, હા, તને એકને જ બધું આવડે. અમે કાંઈ કોસ હાંક્યો છે!'

એમ કહીને પાનવહુ કોસે બેસી ગઈ ને સાથી જાગલો પાણી પીવા થાળામાં ગયો.

એટલામાં આણંદ શેઢે આવતો દેખાયો. ગામ ગપાટાએ એના મનમાં ઈર્ષાગ્નિ તો મૂક્યો હતો. પાનવહુ કોસ હાંકે ને જાગલો પાણી પીએ, અને કાંઈક મશ્કરી પણ કરતો હોય એવું એને છેટેથી લાગે એટલે આણંદનો તો આવતાં વેંત મિજાજ ગયો.

'શરમાતી નથી, આવડી મોટી ઢાંઢા જેવડી કોસે બેઠી

હો તે ?'

પાનવહુએ જવાબ વાળ્યો: 'તે પોતાને ટોડે બેસવાનો હરખ હોય તો મોઢા નો પડઈ. આતવારે ને છાશવારે ખાટલો હાળનાં શરમ નથી આવતી !'

જગલો બોલ્યા વિના ચાલ્યો ગયો.

આણંદ પણ ખેતરમાં હાલ્યો ગયો.

ગીત લલકારતી પાનવહુ ઢોર હાંકી રહી.

§ ૩

આ બનાવ પછી આણંદ હવે મોટો થયો—મોટો તો હતો જ પણ હવે ખરેખર મોટો થયો—એટલે કે હવે એને લાગવા માંડ્યું કે માણસ જ્યાં સુધી બૈરીને હાકમાં રાખતો નથી ત્યાં સુધી એને કોઈ મોટું ગણતું નથી. એ નવું ભાન જાગૃત થયું એટલે એ હાલતાં ને ચાલતાં વાંકે ને વગર વાંકે પાનવહુ ઉપર ખીજવા લાગ્યો. જગલાને મારવા દોડે. લાકડી સર્પ ને બળદને પણ મારે. પાનવહુ આ બધું સમજતી એટલે ક્વચિત્ એકાંત જોઈ ને એને કહેતી 'હવે તારો તો ડારડો કાઢે છે હો !' પણ આણંદને પોતાનું મન એ રીતે હળાઈ જાય એ પણ હોવું નહિ. એટલે એ ચાકરીનો ચકરડીથી જવાબ વાળી રસિક વાતાવરણ જમાવી પાનવહુને પોતાની કરવાને બદલે, અમર થડાની 'હવે તને શું ખબર—જી અડે-દાઝોટા વિના હાલ કે સાચી કામ કરે ખરા કે ?' શું તારે ભાન કંઈ ભાન, તારે શું કામ' એમ કહેતો.

પછી આણંદને ગામના બે મોટા માણસમાં પોતાની ગણતરી થાય એનો પણ મોહ જાગેલો—એટલે તે. પૈકે

[illegible]
[illegible]
[illegible]
[illegible]

એક દિવસ એ ગામમાં ભારે રમતારામ ભવાયા આવી ચડયા.

પાનવહુ પણ સૌની ભેગી ભવાયા જોવા ગઈ હતી.

પુરપિયાના વેશે હદ કરી નાખી હતી. મોંઘી મશ્કરી, ટોળટપ્પા—ને ખુલ્લા શૃંગારે ભરેલી એ જુવાન વહુવારુઓને પેટ પકડીને હસાવી કરી મૂકી હતી. પાનવહુ પાછી ફરી ત્યારે કૂબીમાં આણંદ જાગતો પડ્યો હતો. આજના વાતાવરણે પાનવહુને પરવશ બનાવી દીધી હતી. આજ દિવસ સુધી સાચવેલા જોબનનું લોહી આવેશમય બની ગયું હતું. એના પગલામાં જેટલી ત્વરા હતી, આંખમાં જેટલો નશો હતો, એટલો જ સાદમાં મોહક મદિરાનો સ્પર્શ હતો. એ કૂબીમાં આવતાં વેત જ આણંદને જોઈને આટલા સાથે ભટકાઈ: 'મરો! મરો, આંહી સૂતા છો તે બોલતા ય નથી? હવે હાલો ઘરમાં—આંહી ઉઘાડે વહાણું પડયા છો તે! સવારે પાછું શરીર કળશે નહિ કે?' આ છેલ્લા શબ્દો પાનવહુ ધીમેથી—જાણે શૃંગારભાવે નમતા હોય તેમ બોલી: 'શ રી ર ક ળ શે ન હિ કે?' અને તે પ્રેમથી આણંદ સામે જોઈ રહી. એ લગભગ બોલવાની તૈયારીમાં હતી: 'હાલો, તમારું શરીર ચાંપું.'

'પણ તું ક્યાં ભવાયા જોવા મરી'તી?'

ખુલ્લા શૃંગારે ઉશ્કેરેલું જોબન આણંદના આ વાક્યથી

લગભગ મરી ગયું. એટલામાં પાછો આણંદ બોલ્યો :

'ઘરમાં પૂછ્યા કારવ્યા વિના હાલી ગઈ—એવાં લાડ આંટી નહિ હાલે હો !'

પાનવહુની ખુમારી અત્યારે પ્રગટ થાય તેમ ન હતું. એક તો એ જે પરિસ્થિતિમાં મૂકાઈ હતી તેને લીધે. બીજું આઘાત પ્રત્યાઘાત માટે શરીર કે મન કોઈ અત્યારે તૈયાર ન હતાં.

એની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે પાનવહુ આણંદ પાસે રડી પડી હતી. આણંદને પોતાનું ત્રાજવું ઉચું જાય છે એ જોઈને આનંદ થયો, કારણ કે મનમાં તો એ પણ ગભરાતો હતો કે વખતે પાનવહુ એને ધમકાવી કાઢશે. એટલામાં પાનવહુને આમ નમતું આપતી જોઈ એને પોતાની જામતી સત્તાને પુરેપુરી જમાવી લેવાની ઇચ્છા થઈ આવી. 'માને ત્યાં નાળિયેર લીધા છે—એટલે ક્યાંય પણ નાળિયેર લેવા છે. એવું મારે નો પોસાય. મારે તો આટલી-હોંશે—ને વીં બધાય કરમાં સુધી નાખીશ હવે તો નાળિયેર લેવા જ ભાઈ દેહ તો ' આને એવું બળદને હાંકવા રાખેલી પરોણીનો એક ઘા પણ પાનવહુના શરીર ઉપર કરી લીધો.

પાનવહુ કંઈકપણ વધુ શબ્દ બોલ્યા વિના ભારી ગઈ એની નીતિ હતી ગમ હતી. શક્તિ ટૂંકિત ત્યાંની ગઈ હતી [illegible] હતું શરીર [illegible]

પાનવહુને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હતે તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આવી પહોંચશું. અને એ વંડી ઠેકીને વાડામાં જ કડબના ભર ઉપર સૂતો રહ્યો. ધોળી દૂધ જેવી ચાંદની ખીલી રહી હતી. અને બળદ – ભેંશ – ને માનવ ત્રણે ઘાસના પથારાની મોજ માણતા – સવારે શું કરવું છે એની ફિલસૂફી ઘડતા – નિદ્રાધીન થવા લાગ્યા.

મોડી રાતે પાનવહુએ વાડાનું બારણું ધીમેથી ઉઘાડ્યું. એણે જે ખુમારી–શક્તિ–ને યૌવન સાચવ્યાં હતાં–એ ત્રણે ઉપર થયેલા આઘાતે એને વિહ્વળ કરી મૂકી હતી. એ પોતાના બળદ ભેંશને જોઈ લેવા ને પછી ભાગી જવા કે કૂવો પૂરવા–બહાર નીકળી હતી. ગોરો ને માંકડો બન્ને એને ઓળખતા હતા. માંકડાએ પ્રેમથી માથું હલાવીને–અરધી મીંચેલી આંખે એને આવકાર દીધો. ભેંશ ગદબ માટે રણકી. નિત્યનું સહવાસી એક કૂતરૂં પણ દોડીને એની પાસે આવ્યું.

પાનવહુએ સૌના માથા ઉપર–શરીર ઉપર હાથ ફેરવ્યો. એમને છેલ્લી છેલ્લી નીરણ પણ નાખી. અને તે આગળ વધી.

એક તૂટેલ ખાટલા ઉપર ચડી પોતે કાછોટો વાળી વંડી ઉપર ચડવાની તૈયારી કરી.

કડબ ઉપરથી જાગલો નીચે આવ્યો; તેને આજે ઊંઘ ન હોતી આવતી.

‘ ભાભી ! . . .’

પાનવહુ ચમકી.

‘ ભાભી ! સૂઇ જાઓને. ઈ તો એમ જ હાલે. ’

પાનવહુ બોલી નહિ. પણ એની આંખમાંથી થોડાં આંસુ ખર્યાં.

જાગલો આગળ વધ્યો: ‘ ભાભી ! હાલો હું મૂકી જાઉં ? ’

ને જગલો તેનો હાથ પકડી એને ઘર તરફ દોરીને લઈ ગયો.

આખી રાત પાનવહુ જાગતી પડી રહી.

તે રાતે વહેલી સવારે ઊઠીને જગલો કોસનું વરત લેવા માટે ઓશરીમાં આવ્યો હતો.

પણ વરત ઓશરીમાં ન હતું. ઘરમાં પડ્યું છે એ એને સાંભર્યું. બહાર ફળીમાં નજર કરી તો આખું બારનિંદરમાં પડ્યો હતો. જગલે ઘરનું બારણું ધીમેથી ઠેલી જોયું.

'કોણ છે ?'

અવાજ પાનવહુનો હતો. પણ જાણે એ અવાજમાંથી ખુમારી ને ગર્વ ચાલ્યાં ગયાં હતાં.

'ભાભી ! હું જગલો. વરત લેવું છે !'

'બાપુજી શું કરે છે ?'

'બારનિંદરમાં પડ્યા છે !'

ધીમેથી પાનવહુએ બારણા આડેથી પોતાનો પગ ખસવી લીધો. બારણેથી અવાજ કર્યા વિના જગલો અંદર આવ્યો. એનો પગ પાનવહુના પગ સાથે અથડાયો. 'ભાભી ! વરત ક્યાં છે ?' એનો અવાજ પણ વધારે ધીમો બન્યો હતો.

પાનવહુ ઊભી થઈ ગઈ. 'વરત ?' એમ બોલી પણ શું બોલી એની એને ખબર ન હતી. એનો અવાજ ઉનાળાના ધીમા ઘેરા વાયરા જેવો હતો.

બંને જણાં એક બીજાના અંતર અવાજથી સમજતાં હોય તેમ થોડીવાર ચુપચાપ ઊભાં રહ્યાં.

—અને ધીમેથી જગલાના ખભા ઉપર અચાનક જાણે કોઈ હાથ નમે—પાનવહુનું માથું ઢળી પડ્યું જાણે કે પ્રભાતે.

પુરુષનો હાથ એનાં આંસુ લ્હોવા ને એનું અંતર સમજવા એને વધુ ને વધુ પાસે લાવ્યો.



ત્યાર પછી પાનવહુ આણંદનો હુકમ વધુ ને વધુ ઉઠાવતી હતી. પોતાનો મત ગૌણ હોય તેમ વરતતી. અને અને ત્યાં સુધી ઢોર, ઘાસ, ખાણુ, ભાત, નીરણ, વાળુ,—અને એવા કામમાં પોતાનો વખત કાઢી નાખતી. આણંદ બળદને પરોણા મારતો, જાગલાને ધમકાવતો, ને પાનવહુની કામમાં ભૂલ પડે તો તો ધૂળ કાઢી નાખતો. હવે આણંદ જબરો બન્યો છે, એમ સૌ વાતો કરતા. ને એનાથી તૃપ્ત હોય તેમ એ પણ આમ તેમ આંટા મારતાં ક્યારેક પાનવહુને પૂછતો 'આપણો વેકનો વારો નથી ને છતાં સપાઈ કેમ કહી ગયો?' બોલવાની ખાતર બોલતી હોય તેમ પાનવહુ જવાબ દેતી: 'તમે નોંધ રાખતા હો! નોંધ નો રાખ ઈ તો સૌ ભૂલાવે.' પણ એના અવાજમાં માતાની મીઠાશ હતી. સ્ત્રીની મોહક રસિકતા તો ક્યારની અદૃશ્ય થઇ ગઇ હતી.

ત્યાર પછી આણંદ મરી ગયો. આણંદો મરી ગયા પછી પાનવહુ પોતાનો વ્યવહાર પહેલાંની પેઠે જ ચલાવી રહી. જાગલો સાથી હતો. છોકરો નારણ મોટો થતો હતો. ને પોતે પોતાનો વ્યવહાર જાળવીને બધા મરદ પટલીયાના ખળામાં હારોહાર ઉભી રહેતી. જાર, બાજરી, ઘઉં, કપાસ, તલના ખળામાં—તેમ જ દેવા લેવામાં. ખેડ પૂરતી તો એને સૌ મરદ જેવી જ ગણતા

પોતાની ને પાનવહુની આખું ગામ વાત કરે છે એ જોઈને એક દિવસ જમનાએ પાનવહુને ઘરઘરણા વિષે પૂછ્યું: 'મારે તો એમ કે એક સમવાય, નારણ મોટો થાય, ને આપણે માથેથી બીક જાય.'

પાનવહુએ ટૂંકો જવાબ દીધો: 'ઇ નહિ બને જમના! મારે છોકરાનું બગાડવું નથી ને એક તો હું જીવવાવાળી બેઠી છું ને બારવરસની!'

'પણ ગામનાં માણસ!'

'તું પરણી જા—તને હું મદદ આપું. પણ મારે હવે કોઈ ધણી ધારવો નથી. એક આણંદાને પરણીને ધરાઈ રહી.'

'પણ હું—'

'હા તું ને શું—ભલાય સરખા માની બેઠ ને આગળ વર મારા ધણી.'

'અવસ્થાબાઈ પછી જુદું લાગે—'

'હા, તે તું પરણી જા તને હું મદદ કરું. હું તો મારી છોકરીને પરણી છું. મારે હવે ઘરઘરણું કરવું નથી.'

ત્યારે પછી જમના પરણી ગઈ. નારણને પણ પાનવહુએ પરણાવ્યો. પણ ન્યુમોનિયામાં સસરાનો શીરો ખવડાવવાથી આણંદાની પેઠે એ પણ મરી ગયો. ત્યારે પછી પણ પોતાની જમીનને પ્રેમથી વળગી રહેલી – પાનવહુ [illegible] [illegible] [illegible] [illegible]

રહી સહી ઘરવખરી સાથે પોતાનું ગાડું ચલાવ્યે રાખતી હતી.

§ ૪

શહેરની છાયાની લગોલગ આવેલ પાનવહુની ગામડાની વાડી શહેર તેમ જ ગામડું બન્નેની વચ્ચે સોનાની કડી જેવી શોભી રહી હતી.

કોઇ પણ કાલ્પનિક આદમી એને બન્ને વચ્ચેની–સમન્વયની સુવર્ણરેખા જેવી ગણી કાઢે. એ શહેરની હતી પણ શહેરમાં ન હતી : એ ગામડામાં હતી છતાં ગામડાની ન હતી. એ વાડીમાં મોલ થાતા. કેળાં પપૈયાં જમરૂખ ને દાડમ પણ થાતાં. લીંબુડીયો પણ ત્યાં હતી. ફૂલછોડ પણ હતા. બાંધેલા ધોરિયા હતા ને પથ્થરની બેઠકો પણ હતી. ત્યાં એક જૂનું પુરાણું વિશ્વેશ્વરનું મંદિર હતું, અને એ પુરાણા મંદિરના પથરાઓમાં કેટલી યે એવી નૃત્યબાલાઓ વસતી હતી કે જેમના ત્રિભંગઅંગનું લાલિત્ય શીખવા કોઇપણ સંસ્કારી કન્યા દિવસોના દિવસો સુધી મૌન અભ્યાસ કરે તો પણ એકાદ અંગભંગનું લાલિત્ય વણશીખ્યું રહી જાય!

આ વિશ્વેશ્વરના મંદિરમાં પાનવહુ હમેશાં ઘીનો દીવો કરાવતી. અને એક બ્રાહ્મણ પૂજા કરવા આવતો એને બાર મહિને બારમાપ દાણા દેતી. એને દુઃખ પડતું ત્યારે એ સજળ નેને ઘણી વખત ત્યાં ઉભી રહેતી.

વધતા જતા શહેરની સૌન્દર્યરેખા રચવા માટે ' ઇંગ્લંડ-

વીર્ટર્ન ' એન્જીનીયરે જે નકશે તૈયાર કરી મૂક્યા હતો તેમાં પાનવહુની અરધી વાડી ઉડી જતી હતી.

એનું વિશ્વેશ્વરનું મંદિર પ્રગ્ન માર્ગે બની જતું હતું. ને આસપાસ નાનું સરખું ઉદ્યાન હોઈ એ હરતા ફરતા માટેનું સ્થળ બનતું હતું.

પાનવહુને એ ખબર પડી એટલે એણે પોતાની જૂની રીત પ્રમાણે દરેક માણસને મળવાનું–અને પૂછવાનું અને ઉગરવાના ઉપાયનું એમ ત્રિવિધ વ્રત શરુ કર્યું. ઘણી વખત એ મોડે સુધી મંદિરમાં વિશ્વેશ્વરની સામે સજળ નેત્રે ઉભી રહીને પોતાનો અપરાધ માફ કરવા શંકરને પ્રાર્થના કરતીઃ ઘણી વખત એન્જીનીયર સાહેબ આવતાં એની પાસે પહોંચી જતી· એક કારકુને કહ્યું કે નકશામાં ફેરફાર થાય તેમ છે, એટલે પચાસ રૂપિયા એને આપી આવી હતી. પછી કારકુને કહ્યું કે મેં ફેરફાર કર્યો છે પણ ' સરે ઑફીસમાં ' કાગળ છે એટલે ત્યાં જઈને એના સાહેબને પાંચ મણ ગોળ પહોંચતો કર્યો. પરંતુ આવી એક તો શું પણ એક લાખ પાનવહુ ભેગી થાય–જ્યાં કાગળ ઉપર પડેલી શાહીના આંકડા ને શાહીના આંકડાને ચોટેલો કાગળ–એ તામ્રપત્ર જેવા પોતાના ગીરાસના અમરલેખને–કારકુનો કે ઑફીસરો કે સાહેબો કોઈ ' પત્રંપુષ્પંફલતોયં ' વિના એક્લો મૂકતા જ નહિ. એ કાગળને સાચવતા ને કાગળ એમને સાચવતો.

એટલે પાનવહુનું નિર્માલ્ય ઘણી છતાં નહિ થાકેલું, ઘા પડવા છતાં નિરાશ નહિ થયેલું એવું શરીર કાગળ શોધવાની મહેનતથી થાકવા લાગ્યું. એ કાગળ

પંખીનો પત્તો જ લાગ્યો નહિ! પછીથી એ કારકૂન થઈ જતું: તો પછીથી જાણે કેવાનું. પણ એ ગામમાં તો કોઈ દિવસ આવવું જ નહિ. ત્યારથી એની ઑફિસોમાં ને ત્યારથી બધા કાગળોમાં એનો કાગળ જોયું જાણે ક્યાં હશે—એની જ એને ચિંતા થવા લાગી. એ સૌને પૂછતી—ને શો કહેતા કે તમારી વાતનો નિકાલ હવે નિશ્ચય થઈ જશે. ત્યારસો સનાતનના જમાના વિષે લખનાં એક અંગ્રેજ ગ્રંથકારે લખ્યું છે કે સંખ્યાબંધ એવા વૃદ્ધ જમીનદારો હતા કે જે અંતઃકરણપૂર્વક એમ માનતા કે તેઓ રાણી વિક્ટોરીઆને હાથોહાથ અરજી આપવાથી જમીન ને ન્યાય પાછાં મેળવી શકશે. એમને બિચારાને એ ખબર પણ ન હતી કે – વ્યક્તિઓ ને તામ્રપત્રો – એ તો મધ્યયુગના અવશેષો બની ગયા હતા. હવે કાગળ શાહી કલમ ને કારકુન એમના ઉપર તંત્ર હતું ને એઓ તંત્ર ઉપર હતાં!

કોઈ દિવસ ન લાગેલો એવો થાક પાનવહુને હવે લાગવા માંડ્યો. જગલો પરણ્યા પછી ચાલ્યો ગયો હતો. ન ચાલ્યો ગયો હોત તો પણ અરધ એક કપાય જતાં એને રાખવો મુશ્કેલ હતો.

એની અરધી વાડી કપાઇ ગઈ. સજળનેને જે વિશ્વેશ્વરની પાસે એણે પોતાનાં સુખદુઃખ કહ્યાં હતાં તે વિશ્વેશ્વરે પ્રજા માટે દર્શન ખુલ્લાં મૂક્યાં હતાં: અને પાનવહુ તરફ પીઠ ફેરવી હતી. નાનું સરખું એક સુંદર ઉદ્યાન પણ ત્યાં બની ગયું હતું. અને ચેવડાના પડીકાં લઇને સાંજે કેટલાક છોકરાઓ ત્યાં આવીને નાસ્તો કરવા લાગ્યા. પાનવહુની વાડી અરધી કપાઈ ગઈ – અને એનું મહેસુલ પણ અરધું

[illegible] કે, [illegible] '[illegible]' [illegible] [illegible] [illegible] [illegible] — [illegible] મૂકી હતી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ભરાવા માંડી.

જીવનમાં કદી ન જોયા હોય એવા [illegible] એ વાદીઓ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હતી, અને પરદેશ, [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] — [illegible] જોયા હતાં, પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પોતાના [illegible] ચિત્તમાંથી [illegible] [illegible] ન હતું! અને માનવદૂ [illegible] [illegible] [illegible] હતાં [illegible] નો [illegible] [illegible] [illegible] [illegible] હતો. [illegible] [illegible] [illegible] માટે — એણે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] ત્યારે [illegible], [illegible] કે [illegible] [illegible] [illegible] — [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દેવાની [illegible] — નો [illegible] [illegible] [illegible] [illegible] આપ્યું. માનવદૂએ જવાબ આપ્યા વિના [illegible] [illegible] માથું ધુણાવ્યું.

— પણ [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] જેવી નૃત્યમૂર્તિઓને, રત્ન જેવી [illegible], [illegible] સાચવવા માટે ઇન્સ્પેક્ટર [illegible] ને જે સર્વે ઑફિસરને તથા સેક્રેટરિએટ ઑફિસરને — પુરાતત્ત્વ વિભાગ તરફથી સુવર્ણના ચંદ્રકો આપવાની [illegible] ચર્ચાપત્રો વર્તમાન-પત્રોમાં છપાવા લાગ્યા હતા!

— અને પેલી અજન્તાની નૃત્યમૂર્તિઓ જોવા માટે કેટલાક

સંસ્કારી જુવાનો હવે ત્યાં આવતા જતા થયા હતા. અને એ સમજવા જેવી વાતો કરતા. પાનવહુ પોતાના ઝૂંપડી જેવા મકાનમાંથી રોગ લાગવા છતાં મરવા પડેલા માંકડાને નિહાળતી ગભાણ પાસે બેઠી હોય. એની જુવાનીનો અને કાર્યકુશળતાનો એ છેલ્લો સાક્ષી પણ ધીમે ધીમે રજા લેતો હતો. ‘ She knows nothing ’ એ રિમાર્ક સાથે ભૂતમૂર્તિઓના અદ્‌ભુત દર્શનનો ઉલ્લેખ કરી, આવાં રત્નો ઉકરડામાં સડે છે એ વિશે અફસોસ કરતા પરદેશી જેવા દેશી જુવાનો ચાલ્યા જતા. પાનવહુ ધીમે ધીમે જમીનનું ઋણ પોતાના શોણિતથી ચૂકવી રહી હતી.



પતિનો, પુત્રનો, પ્રિયતમનો સઘળાંનો વિયોગ સહન કરનારી, પૃથ્વીની પુત્રી, જમીનની દીકરી, જમીનને જનેતાની માફક વળગનારી, પાનવહુ હવે ત્યાં અસહાય જેવી થઈ પડી રહી હતી. એ સઘળા ઘા ખમી શકી – પણ કારકુનના છેલ્લા કાગળિયા ઘાએ એને હતી ન હતી કરી મૂકી – એની રત્નરેખા જેવી દેહને નીચોવી લીધી.

પારકાં તેજ

નાના સરખા જંગલા ગામના એક સાધારણ મકાનમાં રાત્રે લગભગ આઠ-સાડાઆઠ વાગે ત્રણ જણાં બેસીને કેરોસીન લેમ્પને અજવાળે વાતો કરી રહ્યાં હતાં. આરામ ખુરશી પર બેઠેલો એક જુવાન એ સાંભળી રહ્યો હતો. વૃદ્ધ ડોસો, અધિક ઉમરની ગણાય એવી એક સ્ત્રી, અને નવજુવાનીમાં પગ મૂકી પછી ઉગ્રસંયમને પરિણામે જુવાનીની કેવળ ભરમ ધારણ કરી રહેલી, ન જુવાન કહેવાય કે ન પ્રૌઢ ગણાય—એવી ન ઉમરની એમની પુત્રી.

'તો તું એમ કર ભાઈ, કે હમણાં ભલે સુશીલા તારી સાથે આવે!'

જુવાન કાંઈ બોલ્યો નહિ. પણ જવાબ આપવાની અનિચ્છાને ક્રિયાત્મક રૂપ આપી એણે વખત પસાર કર્યો. એ જરાક નીચો નમીને બૂટની દોરી બાંધી રહ્યો હતો.

'કેમ બોલ્યો નહિ ભાઈ!' માએ પૂછ્યું.

'ભાઈ તો બોલ્યો કે પણ અમે સાંભળ્યું નહિ.' સુશીલાએ જવાબ વાળ્યો: 'જવાબ ન આપીએ તે આપણામાં વાર લગાડી એ પણ એક રીતે જવાબ જ કહેવાય!'

'હા. એ વાત પણ સુશીલાની સાચી છે.' ડોસાએ કહ્યું: 'સારું. આપણને ભાઈ એનો જવાબ આપે છે એ પણ સારું.' એટલામાં એકાવાળા ભીમજીએ બહારથી બૂમ મારી: 'ગંગારામ બાપા! ભાઈને—અનિલભાઈને—કે'જો હું હમણાં નીકળું છું.'

જાંબુડા, સ્ટેશનથી દોઢ—બે માઈલ થતું. અને ગાડીએ પહોંચાડવા માટે બે ત્રણ એકા અને એક ટપ્પો એવાં ચાર પાંચ વાહન ચાલતાં હતાં. જૂના સંબંધને અંગે ડોસાએ ભીમજી એકાવાળાને કહી રાખ્યું હતું કે, આજે ભાઈ જવાનો છે માટે તું ઘર પાસેથી નીકળે, ત્યારે બૂમ મારતો જજે. એકાવાળો તૈયાર થવાની બૂમ મારી ચાલ્યો ગયો હતો.

'દિને જતાં કાંઈ વાર લાગે છે? હજી હમણાં ભણવા જાતો'તો.' ગંગારામે કહ્યું, 'અને આપણે સ્ટેશને મૂકવા જતા.'

'હજી તો જાણે હું હમણાં જ ઠપકો આપી રહી છું: 'એ અનિલ—અનળીયા—તારે આજે નિશાળે નથી જવું નાં? ત્યાં તો મોટો સા'બ પણ થઈ ગયો.'

જાંબુડા ગામમાંથી અંગ્રેજી શિક્ષણ લઈ મેડીકલ કૉલેજમાંથી પસાર થઈ, ઠીક કહેવાય એવી નોકરી મેળવનાર અનિલ પહેલવહેલો જ હતો. બીજા બે ચાર છોકરાઓ ભણવા ગયા હતા. પણ સીક્સ્થ ને સેવન્થથી અટકી પાસેના ગામડાઓમાં માસ્તર થઈ ગયા હતા. એટલે એમણે બાપદાદાનો ધંધો પણ ગુમાવ્યો હતો અને નવા ભણતરમાં પણ

કાંઈ લશ્કરવાર વાળ્યો ન હતો. આવો પહેલો જ પ્રસંગ હતો જ્યારે જોખમનો વરસાદ હોઈ, અનિલ પોતાની નવી નોકરી ઉપર હાજર થવા માટે ઉપડતો હતો.

શ્રીમંત નવાબ થવાને હજી ઘણા પછી નવા શહેરમાં અને જ્યારે મારના જૂથમાં એ આમથી તેમ ભટકતા મારવા મારેલ સંગ્રામ માંગાજ જૂની હવાના-પણ, જૂની હવાનાં કેટલાંક સુંદર તત્ત્વો જાળવી રાખનારા પ્રમાણિક પુરુષ હતા. અનિલની વધુ ઉપરથી હમણાં આવી ચઢે તેમ ન હતુ. એટલે એને એકલાને રસોઈપાણીની હરકત ન પડે માટે નુકાનાને સાથે લઈ જવા માટે એ હઠ કરતા હતા. પણ જુવાન છોકરાને એ વાત પસંદ નથી એ જોઈ એમણે નમતું આપ્યું. પણ એમના દિલમાં ઊંડું મંથન ચાલી રહ્યું હતું: 'આ અબાધી-ચ્યવંત પવિત્ર-એવી છોકરીનું શું થશે? આજે પણ સાથે રહેવા જવાની ના પાડનારો જ્યાં, જ્યારે એ વળી મારા પછી પોતાની વહુને લાવી બેસે, ત્યારે તો બેનને પછી કોઈ પણ દિવસ પાસે રાખે જ શાનો?—અને આ પરિસ્થિતિમાં જ્યારે મા બાપ નહિ હોય—ત્યારે આ નિર્દોષ પુત્રી ક્યાં જઈને આશરો માગશે?' સંજોગે અનિલને કાંઈ વધારે કહ્યું નહિ પણ એના અંતરમાં શલ્યની જેમ આ ઘા ખૂંચી રહ્યો હતો. એને એમ પણ લાગ્યું કે એની સ્વતંત્રતા કે જે, જરાક પણ અગવડના નિભાવવાની ના પાડે, એ સ્વાર્થપરાયણતા તો નહિ હોય ના? એને કાંઈ સમજ પડી નહિ. એ ચૂપ રહ્યા.

ટ્રેનમાં જૂટના 'ઠખ ઠખ ઠ...ખ' અવાજ સાથે અનિલ ફરી રહ્યો હતો. એ અવાજ—'ઠ...ખ' જાણે આખા વાતાવરણના પડઘા જેવો લાગતો હતો: 'ઠ..ખ..ઠખ..ઠખ.'

'બાપા! તમે ટપાનું કહ્યું હોત તો? એક તો વાર લાગે, વળી આ ચીંથરે હાલ જેવો ભીમકો સામાન લઈને સ્ટેશનમાં આવે તો'ય ભુંડા લાગીએ!'

ગંગારામે ટપાને બદલે એકાનું કહ્યું હતું. કારણ કે ભીમજી સાથે સંબંધ હતો. વળી એ બચરવાળ આદમી બહુ ગરીબ હતો. એને આટલી મદદ કરી શકાય તો આપણે થોડીક અગવડ વેઠી લેવી એમ પણ એના અંતરમાં આવેલું.

'ભાઈ! બચારો, બચરવાળ ગરીબ છે. એવાનો એકો લેવો એ સારું.' સુશીલાએ કહ્યું.

'Nonsense! સાલ્લાઓ, છોકરાં પેદા કર્યે જાય!'

દીકરો અરધી કલાક પછી જવાનો છે એમ ધારીને ખિન્ન બની ગયેલી માતા એક અર્થવાહી નજરે ગંગારામ સામે જોઈ રહી. ગંગારામ નીચે જોઈ ગયા હતા.

'ભાઈ! તારી વહુને તો હવે તું જ કાગળ લખીને બોલાવી લેજે—આંહી આવે ને વળી તેડવા આવવું પડે...'

અનિલનો પિત્તો ઉછળ્યો: 'હવે એ વાત જવા દો ને.'

'સારું ભાઈ!' એની માએ જવાબ વાળ્યો: અને હવે કાંઈ બોલવું નહિ એવા સંકલ્પ સાથે સાડલાનું સોડિયું વાળી જરાક વધારે અંધારામાં સરી.

પણ અનિલને મળેલ વાતાવરણમાં Shock—આંચકા મારવાનું માહાત્મ્ય ઘણું હતું. એવું થાય છે ત્યારે માણસ બોલે છે એમાં પણ વગર કહ્યે આંચકા આવે છે 'છોકરી વીસ વરસની થઈ પણ હજી આરામ નહિ લેવાના—હવે છોકરી પાસે માની સુવાવડ કરાવશે! હું તો એમને લખી નાખવાનો છું બાપા!'

'શું ભાઈ?' ગંગારામે ધીમા અવાજે પૂછ્યું.

'કે તમે જનાવર જેવા છો માટે તમારી છોકરી તમારે ત્યાં જ રાખો!'

ગંગારામ બોલ્યો નહિ. મા બોલી: 'એમ કાંઈ થાય ભાઈ! એ તો વખતે આપણું કામ હોય—વખતે એને કામ હોય!'

'નોન સેન્સ!' અનિલ આ શબ્દ ઘણા અર્થોમાં વાપરતો હોય તેમ લાગ્યું. તેમ જ એ શબ્દ બધી દલીલના અંત માટે હોય તેમ એટલું બોલીને એ વધારે જોરથી હસવા લાગ્યો.

એટલામાં શીમળજીનો અવાજ આવ્યો 'વા ય! અ ન ડ આ ય!'

શબ્દની આ અશુદ્ધિ માટે ભાઈ ન ખીજાય તો સારું' એમ ધારીને સુશીલા બારણાંવચ્ચે આવ્યું ઉપાડવા આગળ આવી. 'કેમ શીમળભાઈ! કાં અંદર કાંઈ વાગ્યું છે?' તે આગળ વધીને બારણા બહાર ઊભેલા શીમળ પાસે ગઈ. બારણામાં જોઈ બોલેલું લાગ્યું. સામાન્ય ભણેલા અને ધૂમાડાવાળા હરીફોના આંખ ઊજળાવાળી દીપે શાંત શીર તે જોતજોતી જણાતું છો કે આંખ ટકાવીને સાહબોથી એની આંખે જોયાં કર્યું હતું!

'કા બાબી' તમે પણ ભાત ભરેલો છે?' સુશીલાએ ઊંચા પાસે જઈને અંદર નાખેલું લોટ ભરાય ન લાગ્યું પોતે અંદર જઈને ઊભા ચુંબન કર્યું ભાગી

એટલામાં 'ધ્રુજીને' ને 'ભોગવો' ને એવું કરતાંમાંત જઈને બોલતાં બહાર નીકળ્યો. તેણે જ આ

ઉઘાડે શરીરે ગંગારામ હતા. અનિલ ને એની મા ફળીમાં રકઝક કરતા હતા.

'તું તો બહુ દાધારીંગો ભાઈ! એમ ના લખાય!'

'ન લખાય? શું કરવા? મેં તો લખી નાખ્યું છે મા!'

ગંગારામ ભીમજી પાસે ઉભા રહીને સામાન ગોઠવાવતા હતા પણ એના કાન આંહી ફળીની વાતચીતમાં હતા. તેમને પુત્રના આ ઉતાવળા–ઉગ્ર વર્તનમાં કાંઈ સમજ પડી નહિ. એટલામાં 'હરિ! હરિ!' એમ બોલીને ગ્લાનિને ઉડાડી મૂકવાનો પ્રયત્ન કરતા પિતાનું અંતર જાણનારી પુત્રીએ ધીમેથી કહ્યું: 'બાપા! તમે જ અનુભવને શ્રેષ્ઠજ્ઞાન નથી કહ્યું?'

એટલામાં તો અનિલ પણ બહાર આવ્યો.

'ભીમજી! ભાઈનો સરસામાન વધુ ને મેં તને કહ્યું ન હતું?'

'હશે. બાપા! માફ કરો.'

'શું છે?—અંદર કોણ બેઠું છે?'

સુશીલાએ હસતી આંખોએ અંદર બેઠેલ સ્ત્રી સામે જોયું.

'એ તો ભા...ય! બીજું કોઈ નથી. બિચારૂં બાઈ માણસ એકલું ક્યાં જાય?—આપણા પડખેવાળાં ઈચ્છાશંકરનાં વહુ છે. પીયર જાય છે.'

'પણ આપણે એનું શું—નથી જોતા એનો ઓકો!'

'અરે ભા...ય! તમને જરાય અડચણ ન આવે!'

'હવે ક્યાં આવ્યું છે ભાઈ!' ગંગારામે સમાધાનનો માર્ગ કાઢ્યો.

'અને આ છોકરું કોનું છે?—એને ક્યાં બેસારીશ!'

ભીમજીનો નાનકડો ૭ સાત વર્ષનો છોકરો એકામાં આગલા ભાગ ઉપર બેઠો હતો.

'બાપુ! ઈ તો મારો છોકરો છે. મારી બેગો બેસશે. વૌ, બાઈ! તાવમાં પડી છે—બે નાનાં બચ્ચાં ઘેર છે, એટલે આને બેગો લઈ લીધો છે. ઘેર વૌને બહુ હેરાન કરે છે.' અને તે અનિલના પગમાં પડ્યો.

ગોરું, સશક્ત, ઉજળું સ્ત્રીશરીર અંદરના ભાગમાં વધારે સંકોચથી છેક ખૂણો સાચવીને બેસી ગયું.

'ના ના, ભાભી! તમ તારે સરખાં બેસો ને! ભાઈ! જરાક સ્ટેશને મજૂરને કહેજે હો!'

અનિલ જવાબ આપ્યા વિના એકામાં ચઢી બેઠો.

'જાળવજો માડી!'

'જાળવજો બાઈ!'

'કાગળ-પત્ર જરૂર લખજો. અને કાંઈ ઉતાવળ ન કરતા. સુંગણું સાચવીને પાછું લાવજો ભીમજી!'

એકાના કીચડ કીચડ અવાજમાં—ને કુતરાના ભસવાથી ચઢેલા ગાનમાં બીજા અવાજ ડુબી ગયા. અને એકો આગળ આવ્યો.

ꣻ

§ ૨

ફળીમાં આવીને મગારામ ખાટલો ઢાળીને બેઠા.

'બેટા! સુશીલા! થોડાંક કાથાં લાવીને તો બેસે ને. આજ તો ઉંઘ નહિ આવે!'

સુશીલા કાંતતાં સૂર આપતી. ગાતી જતી.

સૌ કાંતતાં કાંતતાં બેસી ગયાં. થોડી વાર ગુપચુપ કામ ચાલ્યું.

ઉપર આકાશમાંથી ગંગાજળ જેવી ચાંદની વરસી રહી હતી. ધીમે ધીમે ગામડું નિઃસ્તબ્ધ બનતું જતું હતું. અને ત્રણે જણાં ભારે વેગે અને મૂંગે મોંએ કાંતતાં કાંતતાં રહ્યાં હતાં.

ગંગારામનું હૃદય ભિન્ન હતું. તેણે ધીમા એવા ખોંખારો ખાધો: 'સુશીલા! નાનપણની એક વાત યાદ આવે છે!'

દીકરી સમજી તેને મા સામે જોઈ રહી. ગંગારામના હૃદયમાં મંથન ચાલી રહ્યું છે એ બન્ને મા દીકરી સમજી ગયાં. સુશીલાએ જવાબ વાળ્યો: 'શી?'

'હું એ વખતે રાજગઢમાં કામકાજ કરું. દરબાર બહુ સારો. સારે નરસે વરસે ગરીબ ગરબાંને જાળવે. સંયમી– અને વળી શંકરનો ભગત. શેઠ વીરપાળ એ વખતે વેપારમાં ભારે જામેલ. પણ એનો છોકરો એવો નફ્ફટ પાક્યો કે કાંઈ કીધાની વાત નહિ. મોજશોખનો પાર નહિ. એક વખત તો શેઠ પોતે મારવા દોડ્યા'તા. પછી દીકરાની દેહ હણવા કરતાં પોતાને મરવું મીઠું લાગ્યું!'

મા અને દીકરીના હાથમાં એકી વખતે કાલામાંનું રૂ અટકી પડ્યું.

'મારે હમેશાં શંકરને મંદિરે જવાનું. એક દિ નદીમાં નાહી જ્યાં મંદિરનું દ્વાર ઉઘાડું છું ત્યાં શેઠનું માથું પગમાં લોટી પડ્યું! ધડ જૂદું પડ્યું હતું. લોહીની ધારાથી શંકરલિંગ નાહી રહ્યું હતું! શેઠે દેહ આપી દીધો.'

તારાંકિત શાંત રાત્રિમાં છેટે આમલી ઉપર એક ઘૂવડ

બોલી રહ્યું હતું; ઘૂ ઘૂ ઘૂ. બાકી સઘળે શાંતિ હતી.

'બાપા! હવે મારે નથી સાંભળવું. મને બીક લાગે છે!'

'પણ સાંભળવાનું હવે છે. શેઠે ગામતરું કર્યું પછી છોકરે, માને અને બેનને એવું દુઃખ આપ્યું કે એના કરતાં કસાઈ સારા!'

'પોતે જુવાન. વળી લફંગો. બેનને સાસરે મોકલે નહિ. સાસરાવાળાને કહેવરાવશે રૂપિયા પાંચ હજાર આપો તો તેડી જાઓ. દીકરી બિચારી જળવિનાની માછલીની પેઠે સાસરે જવા માટે તરફડે! અને પોતાની વહુને તેડે નહિ; ત્યાં કહેવરાવશે પાંચ દસ હજાર આપો તો તેડું!'

'અરધેરી રાત ભાંગી હશે. હું માદેવને મંદિરથી પૂજા કરીને ગામમાં પાછો ફરું.'

'બરાબર નદીને આ કાંઠે આવ્યો ને ત્યાં શેઠ વીરપાળ પોતે—એવી જ પાઘડી, એ જ બેસ, એજ સીકલ—જાણે ઉભા છે. હાથમાં રૂપાની મૂઠવાળી સીસમની લાકડી છે. લાકડીને ટેકે જરાક નમીને ઉભા હતા. ચંદ્રની ચાંદની જાણે વરસતી હોય એવી શીળી, ઠંડી, સ્થિર નજરે મારી સામે જોઈ રહ્યા!'

'બાપા હવે નહિ, હવે નહિ. મારે નથી સાંભળવું!'

'મેં જાણ્યું, એમના હોઠ પણ ઉઘડતા જોયા; પોતાનો હોય એવો જ અવાજ જાણે આવ્યો: 'મારાથી આ જોવાતું નથી. મા'રાજ! કાં દીકરાને અને કાં દીકરીને બેમાંથી એક-ને હણી નાખો. હું કહું છું નાં, હણી નાખો. તમને પાપ નહિ લાગે! તમે પણ આટલું નહિ કરો?'

'બાપા!' સુશીલાનો અવાજ ભયથી કાંપતો હતો.

સુશીલા કાલાં લઈ આવી. પાસે બેઠી.

બંને કાલાં ફોલવા બેસી ગયાં. થોડી વાર ગુપચુપ કામ ચાલ્યું.

ઉપર આકાશમાંથી ચંદ્રામૃત જેવી રજની વરસી રહી હતી. ધીમે ધીમે ગામનું નિઃસ્તબ્ધ બનતું જતું હતું. અને ત્રણે જણાં ભારે હૈયે અને મૂંગે મોંએ કાલાં ફોલી રહ્યાં હતાં.

ગંગારામનું હૃદય ખિન્ન હતું. તેણે ધીમો એવો ખોંખારો ખાધો: 'સુશીલા! નાનપણની એક વાત યાદ આવે છે!'

દીકરી સજળ નેને મા સામે જોઈ રહી. ગંગારામના હૃદયમાં મંથન ચાલી રહ્યું છે એ બંને મા દીકરી સમજી ગયાં. સુશીલાએ જવાબ વાળ્યો: 'શી?'

'હું એ વખતે રાજગઢમાં કામકાજ કરું. દરબાર બહુ સારા. સારે નરસે વરસે ગરીબ ગરબાંને જાળવે. સંયમી— અને વળી શંકરના ભગત. શેઠ વીરપાળ એ વખતે વેપારમાં ભારે જામેલ. પણ એનો છોકરો એવો નફ્ફટ પાક્યો કે કાંઈ કીધાની વાત નહિ. મોજશોખનો પાર નહિ. એક વખત તો શેઠ પોતે મારવા દોડ્યા'તા. પછી દીકરાની દેહ હણવા કરતાં પોતાને મરવું મીઠું લાગ્યું!'

મા અને દીકરીના હાથમાં એકી વખતે કાલામાંનું રૂ અટકી પડ્યું.

'મારે હમેશાં શંકરને મંદિરે જવાનું. એક દિ નદીમાં નાહી જ્યાં મંદિરનું દ્વાર ઉઘાડું છું ત્યાં શેઠનું માથું પગમાં લોટી પડ્યું! ધડ જુદું પડ્યું હતું. લોહીની ધારાથી શંકરલિંગ નાહી રહ્યું હતું! શેઠે દેહ આપી દીધો.'

તારાંકિત શાંત રાત્રિમાં છેટે આમલી ઉપર એક ઘૂવડ

બોલી રહ્યું હતું; ઘૂ ઘૂ ઘૂ. બાકી સઘળે શાંતિ હતી.

'બાપા! હવે મારે નથી સાંભળવું. મને બીક લાગે છે!'

'પણ સાંભળવાનું હવે છે. શેઠે ગામતરું કર્યું પછી છોકરે, માને અને બેનને એવું દુઃખ આપ્યું કે એના કરતાં કસાઈ સારા!'

'પોતે જુવાન. વળી લઈ ગો. બેનને સાસરે મોકલે નહિ. સાસરાવાળાને કહેવરાવશે રૂપિયા પાંચ હજાર આપો તો તેડી જાઓ. દીકરી બિચારી જળવિનાની માછલીની પેઠે સાસરે જવા માટે તરફડે! અને પોતાની વહુને તેડે નહિ; ત્યાં કહેવરાવશે પાંચ દસ હજાર આપો તો તેડું!'

'અધરાતે રાત ભાંગી હશે. હું મા'દેવને મંદિરથી પૂજા કરીને ગામમાં પાછો ફરું.'

'બરાબર નદીને આ કાંઠે આવ્યો ને ત્યાં શેઠ વીરપાળ પોતે-એવી જ પાઘડી, એ જ ખેસ, એજ સીકલ—જાણે ઉભા છે. હાથમાં રૂપાની મૂઠવાળી સીસમની લાકડી છે. લાકડીને ટેકે જરાક નમીને ઉભા હતા. ચંદની ચાંદની જાણે વરસતી હોય એવી શાળી, ઠંડી, સ્થિર નજરે મારી સામે જોઈ રહ્યા!'

'બાપા હવે નહિ, હવે નહિ. મારે નથી સાંભળવું!'

'મેં જાણે, એમના હોઠ પણ ઉઘડતા જોયા; પોતાનો હોય એવો જ અવાજ જાણે આવ્યોઃ 'મારાથી આ જોવાતું નથી. મા'રાજ! કાં દીકરાને અને કાં દીકરીને બેમાંથી એક-ને હણી નાખો. હું કહું છું નાં, હણી નાખો. તમને પાપ નહિ લાગે! તમે પણ આટલું નહિ કરો!'

'બાપા!' સુશીલાનો અવાજ ભયથી કાંપતો હતો.

[illegible]

... અંદર આવ્યાં. વાતચીત થઈ. જ્ઞાન પાછો સવારે
વહેલા જવા માટે મોટરમાં સૂઈ ગયો. અને કુંજીમાં જરાક શાંતિ
થઈ ન થઈ એટલામાં પહેલાના અવાજનો ઊંડે દીધો પડઘો હોય
તેવો અનિલનો અવાજ પાછો બારણે આવ્યો: 'બાપા!'

'અરે! આ શું? અનિલ કે કોણ?'

'હું જ છું. ઉઘાડો!'

હાથમાં એક માત્र એટેચી. પાટલુન બૂટમાં ધૂળનો પાર નહિ—એવા વેશે અનિલે પ્રવેશ કર્યો: એની પૂર્વની અવાજની તીખાશ પણ ચાલી ગઈ હતી.

'બેટા!'

'કેમ ભાઈ! પાછો! બીમજી ક્યાં છે!'

'બીમજી તો ત્યાં સ્ટેશને રહીને સવારે થડિયાં લઈને આવશે એટલે હું ચાલતો આવ્યો. બીજો ટપો પણ આજે કોઈ ન મળે.'

'કેમ!—કાંઈ ખબર મળ્યા 'તા તારે સાસરેથી! તારી વહુ આવ્યાં છે!'

'ના ના! પણ એ તો જે જગ્યા નવી નીકળવાની હતી તે યોજના પડતી મૂકાઈ, એવો તાર મને સ્ટેશને મળ્યો!'

ગગારામને દીકરાનો અવાજ—તેજહીણો અવાજ—ખૂંચી રહ્યો.

'ઠીક ત્યારે, હવે!'

'હવે!—હવે વળી છ આઠ મહિના રાહ જોવાની. એટલામાં ક્યાંક જગ્યા ખાલી પડશે!'

સુશીલાએ અનિલના હાથમાંથી એટેચી લઈ લીધી. ને પાસે ખાટલો ઢાળ્યો.

સૌ મુંગા મુંગા એક બીજાની સામે જોઈ રહ્યા. તેજ હરાઈ ગયું હોય તેમ અનિલ શાંત બેઠો હતો.

મૃત્યુના પડછાયા જેવી ભયંકર શાંતિ ઘરમાં પથરાવા લાગી.

દૂર ભજનિકોએ ભજન શરૂ કર્યાં:

'અગનને ઉધેઈ નવ લાગે, મહામણિને મેલ જો ને,
સાધુ સંતના શીળાં વેણાં, પરનેજનાં તીખાં જો ને.'

ત્રિલોચન

રાવસાહેબ આનંદપ્રસાદ કરતાં પણ એના પુત્ર ત્રિલોચનમાં વધારે બુદ્ધિ હતી.

રાવસાહેબ ભણતા ત્યારે હમેશાં પહેલા વર્ગમાં આવતા. ત્રિલોચન અત્યાર સુધી પહેલા વર્ગનો પહેલો નંબર જાળવતો આવ્યો હતો. અત્યારે એ બી. એ માં હતો: એનો ઐચ્છિક વિષય ફિલસૂફીનો હતો.

પિતા પુત્રની વચ્ચે કાંઈક રસિક ગણાય તેવો—કાંઈક તોફાની કહેવાય તેવો—સંવાદ અત્યારે ચાલી રહ્યો હતો.

'તમે આ પગલાને તમારી જરૂરિયાત તરીકે જણાવ્યું કાં ?'

'હા.'

'અને એમ દરેક માણસ પોતાના હરેક પગલાને જરૂરિયાત માને તો કેટલાં સંકુચિત વર્તુલો જન્મ પામે ?'

રાવસાહેબે કાંઈ જવાબ આપ્યો નહિ. પણ પોતે વર્ષો સુધી કોર્ટમાં અનેક મનુષ્યોની જુબાની લીધેલી, એવી

જુબાની આજે પોતાનો પુત્ર, પોતાની સાઈ રહ્યો છે એ વિચારે જરાક ખિન્ન થયા. ખિન્ન પણ થયા અને ચહેરા પર તીખાશ પણ આવી ગઈ. છતાં તેમણે ઉપર ટપકે શાંતિથી જ જવાબ વાળ્યો:

'ત્રિલોચન! કેટલીક વસ્તુઓ સંપૂર્ણ રીતે જાણવાનો પ્રયત્ન કરવા કરતાં થોડીક અધૂરી મૂકી દેવામાં કાંઈક ઑર મજા નથી!'

'એ વાત વિશ્વનાં રહસ્યોની છે. આપણી વાત રૂપિયા આના પાઈની છે. તમને જે પગલું ભરવાની જરૂરિયાત લાગે છે, તે પગલા વિષે એવો નિયમ લાગુ પડે તેમ નથી. પણ આપણે મુદ્દા ઉપર આવી જઈએ. તમે કહ્યું તમને પરણવાની જરૂરિયાત લાગે છે કાં?'

'હા.'

'અને તો હું? મારું શું થાશે?'

'કેમ વળી તારું શું થવાનું છે? તું મજા કર. આ સઘળું તારું જ છે.'

'તમે કૃષ્ણા સાથે પરણવાના છો!'

'હા.'

'તો પછી મારે આ ઘરનો ત્યાગ કરવો જોઈએ.'

'કેમ?'

'હું ફિલસૂફી શીખું છું ને મારો વિચાર એ તત્ત્વજ્ઞાન જીવનમાં ઉતારવાનો પણ છે. જીવનને સંપૂર્ણ રીતે જીવવા ઈચ્છનારે, પોતાનાં તૈયારીનાં વર્ષોમા, કોઈ પણ પ્રકારની ઉપર-ટપકેની વ્યાવહારિક રસિકતામાં, વખત ગુમાવવો ન જોઈએ.'

ત્રિલોચન

રાવસાહેબ આનંદપ્રસાદ કરતાં
ત્રિલોચનમાં વધારે બુદ્ધિ હતી.

રાવસાહેબ ભણતા ત્યારે હમેશાં પં
ત્રિલોચન અત્યાર સુધી પહેલા વર્ગનો
વતો આવ્યો હતો. અત્યારે એ બી.
ઐચ્છિક વિષય ફિલસૂફીનો હતો.

પિતા પુત્રની વચ્ચે કાંઈક રિ
તોફાની કહેવાય તેવો—સંવાદ અત્યાર

'તમે આ પગલાને તમાર
જણાવ્યું કાં ?'

'હા.'

'અને એમ દરેક માણસ પોતાન
જરૂરિયાત માને તો કેટલાં સંકુચિત વર્તુલો

રાવસાહેબે કાંઈ જવાબ આપ્યો નહિ.
સુધી કોર્ટમાં અનેક મનુષ્યોની જુબાની લીધ

'બરાબર.'

'તમારી ઉમ્મર ઘણી મોટી છે. એટલે એવું અનુમાન અસ્થાને ન ગણાય કે, તમે પાંચ સાત વર્ષ પછી ન હો, તો પચીસ-ત્રીસ વર્ષની એક નવજુવાન વિધવા અને એનાં ત્રણ ચાર છોકરાંને મારે પાળવાનાં આવે!'

રાવસાહેબ સડક થઈ ગયા. એમણે ત્રિલોચનને ઘણો બુદ્ધિશાળી માન્યો હતો એ સાચું પણ એની બુદ્ધિ આવી ઝીણવટથી ભવિષ્યનો પ્રશ્ન છેડશે એમ એની કલ્પનામાં પણ ન હતું. તાત્કાલિક સદ્‌ગુણીની છાપ ન ભૂંસાય એટલા માટે, અને કાંઈક ગત પત્ની પ્રત્યેની સાચી મમતાથી, અને પછી જુદા જુદા ધાર્મિક પ્રયોગોમાં પડી જવાથી, રાવ સાહેબે વચગાળેનાં આઠ વર્ષો ગાળી નાખ્યાં હતાં; પણ એમની રસવૃત્તિ મૂર્છા પામી હતી, મરી ન હતી. બદલાઈ પણ ન હતી. કેવળ તકની જ રાહ જોઈ રહી હતી. પોતાની જ જ્ઞાતિમાં સુશિક્ષિત અને વળી મોટી ઉમ્મરની કન્યા મેળવવાનું શક્ય છે એમ લાગતાં જ એમણે પ્રયત્ન કર્યો ને આજે એમાં ફતેહ પામ્યા હતા. કૃષ્ણા એક બે વખત એમને ખાનગીમાં મળી પણ ગઈ હતી, અને આવી રસિકડી, કાંઈક છકેલી ગણાય તેવી છોકરી રાવસાહેબની નજરમાં બેસી ગઈ હતી. મુગ્ધભાવ કરતાં પ્રગલ્ભતા પ્રૌઢ પુરુષોને વધારે પ્રિય લાગે છે.

રાવ સાહેબે પ્રત્યુત્તર ન આપતાં મૌન જાળવ્યું.

'અને મારા જીવનક્રમમાં, પરિણીત અવસ્થાને સ્થાન આપવું કે નહિ, એ વિષે હજી હું ચોક્કસ નિર્ણય પર આવ્યો નથી, એટલે તમારા નવજીવનનું પરિણામ લેવાની

[illegible]

'હું કન્યાને પરણું તેથી મારી જિંદગીમાં કંઈ પણ ફેરફાર થવાનો નથી, ત્રિલોચન!'

'એ જિંદગી વિશે આપણે વાત કરીશું. પણ તે પહેલાં હું તમને એક બે વાત કહી શકું!'

'હા, કહો.'

'હું અત્યારે માનું છું કે મારે પરણવું નથી.'

'બરાબર.'

'તમે માનો છો કે તમારે પરણવાની જરૂરિયાત છે.'

'બરાબર.'

'તમારી ઉમ્મર ઘણી મોટી છે. એટલે એવું અનુમાન અસ્થાને ન ગણાય કે, તમે પાંચ સાત વર્ષ પછી ન હો, તો પચીસ-ત્રીસ વર્ષની એક નવજુવાન વિધવા અને એનાં ત્રણ ચાર છોકરાંને મારે પાળવાનાં આવે!'

રાવસાહેબ સડક થઈ ગયા. એમણે ત્રિલોચનને ઘણો બુદ્ધિશાળી માન્યો હતો એ સાચું પણ એની બુદ્ધિ આવી ઝીણવટથી ભવિષ્યનો પ્રશ્ન છેડશે એમ એની કલ્પનામાં પણ ન હતું. તાત્કાલિક સદ્ગુણીની છાપ ન ભૂંસાય એટલા માટે, અને કાંઈક ગત પત્ની પ્રત્યેની આછી મમતાથી, અને પછી જુદા જુદા ધાર્મિક પ્રયોગોમાં પડી જવાથી, રાવસાહેબે વચગાળેનાં આઠ વર્ષો ગાળી નાખ્યાં હતાં; પણ એમની રસવૃત્તિ મૂર્છા પામી હતી, મરી ન હતી. બદલાઈ પણ ન હતી. કેવળ તકની જ રાહ જોઈ રહી હતી. પોતાની જ જ્ઞાતિમાં સુશિક્ષિત અને વળી મોટી ઉમ્મરની કન્યા મેળવવાનું શક્ય છે એમ લાગતાં જ એમણે પ્રસન્ન કર્યો ને આજે એમાં રૂઢૈવ પામ્યા હતા. કૃષ્ણા એક બે વખત એમને ખાનગીમાં મળી પણ ગઈ હતી, અને આવી રસિકડી, કાંઈક છકેલી ગણાય તેવી છોકરી રાવસાહેબની નજરમાં બેસી ગઈ હતી. મુગ્ધભાવ કરતાં પ્રગલ્ભતા પ્રૌઢ પુરુષોને વધારે પ્રિય લાગે છે.

રાવ સાહેબે પ્રત્યુત્તર ન આપતાં મૌન ભજવ્યું.

'અને મારા જીવનક્રમમાં, પરિણીત અવસ્થાને સ્થાન આપવું કે નહિ, એ વિષે હજી હું ચોક્કસ નિર્ણય પર આવ્યો નથી, એટલે તમારા નવજીવનનું પરિણામ લેવાની

મારી તૈયારી ન હોય એ ફેશનની વાત છે.'

'બરાબર.' રાવસાહેબે જરા ગંભીર જવાબ આપ્યો.

'એટલે એમ કરો—'

'શું?'

'અત્યાર સુધીની વડીલોપાર્જિત મિલકત બધી મારા નામ ઉપર ચડાવી દો. અને પછી તમને ઠીક પડે તેમ કરો.'

'પણ તારી અત્યારની પરિસ્થિતિમાં ફેર ન પડે તો!

'એ શા રીતે?'

'જાણે જો ને. આ મિલકત અત્યારે તારી જ છે. નવી આવનાર કૃષ્ણાને સંતાન થાય તો જ એમાં ફેર પડે. કેમ ખરું?'

હવે આશ્ચર્યમુગ્ધ બનવાનો વારો પુત્રનો હતો. પિતા કૃષ્ણાને પરણે છે એ વાતથી જ એ સડક થઈ ગયો હતો. પણ આવી રીતે નવી વૈજ્ઞાનિક પદ્ધતિનો આવો ઉપયોગ કરીને પરણવાના છે એની એને પણ ખબર ન હતી.

'બરાબર' એનો જવાબ પણ ઢીલો બન્યો.

'અને હું તને ખાત્રી આપું છું.'

'કે...?'

'હું કૃષ્ણાને પરણીશ ...'

બહાર ચંપલનો જરાક ખખડાટ થયો. અર્ધ ઉઘાડા બારણામાંથી એક સુંદર ચહેરો ત્રિલોચનની નજરે પડ્યો ન પડ્યો, એટલામાં પિતાના અધુરા વાક્યને પૂરું થતું સાંભળી એ ચમકી ઉઠ્યો.

'.... અને છતાં તને વચન આપું છું કે કુટુંબમાં કોઈ નવું બાળક હવે નહિ આવે.'

'નહિ [illegible] — [illegible] નિયમ [illegible]...'

[illegible]

[illegible]

[illegible]

કદાચ અત્યંત પ્રમાદને લીધે માનવ એકલો રહેવાની, એટલે કે વિચાર કરવાની શક્તિ, ધીમે ધીમે ગુમાવી બેસે, ને બીજાના તૈયાર વિચારોથી પોતાના વિચાર ઘડતાં શીખે તો નવાઈ નહિ—અને તે સઘળું પણ, હું વિચાર કરું છું એવા ભ્રમમાં રહીને. ત્રિલોચને કાંઈ પણ કહ્યા વિના જે મંતવ્ય પોતાના માટે ચાલુ હતું તે ચાલુ જ રહેવા દીધું.

પણ એને એક વસ્તુ વધારે ભયંકર લાગતી હતી. આટલી રસિક સ્ત્રી–પત્ની તરીકે નહિ, સ્ત્રી તરીકે નહિ, રખાત તરીકે પણ નહિ, પણ કેવળ યંત્ર તરીકે જીવે એ વિચાર માત્રથી એ ધ્રૂજતો હતો. એમાં એને જીવનનું હલકામાં હલકું સ્વરૂપ દેખાતું હતું. કેવળ વસ્ત્રાભૂષણો ને ટાપટીપ માટે – કેવળ ભોજન ને આરામ માટે – આટલી સુંદર જુવાન રસિક સ્ત્રી, યંત્રની પેઠે જીવવાનું કબૂલ કરે એ વસ્તુસ્થિતિ, એને અધોગતિની પરાકાષ્ટા જેવી લાગતી હતી. એ બોલતો નહિ – પણ કૃષ્ણા પ્રત્યેની એની ઘૃણા એની મૌન ભરેલી ઉપેક્ષામાં સ્પષ્ટ દેખાઈ આવતી.

§ ૩

જન્માષ્ટમીનો દિવસ હતો.

રાવસાહેબને ત્યાં મિત્રમંડળ આવવાનું હતું. આખા ઘરને વિવિધ રીતે શણગારવાની તૈયારી થતી હતી. એનો જૂનો નોકર નાથજી સાવરણી લઈને ખૂણે ખૂણો ને થાંભલે થાંભલો સાફ કરી રહ્યો હતો.

નાથજી પ્રત્યે રાવસાહેબને વિશ્વાસ હતો; અને એના

[illegible]

[illegible]

[illegible]

'નાયક' તેને કૈલાનું બીજું કાંઈ કહ્યું ?

'મને મારી આ બાબત [illegible]'

'ઉતરેલ સાંજે છે.'

પાસેના [illegible] નથી [illegible]
[illegible] પર પછી

હતી : એની આંખમાંથી અટકાવ્યા વિના આંસુ વહી રહ્યાં હતાં : એવી અસ્ખલિત વહેતી અશ્રુધારા – આજે કોઈ પ્રકારના આનંદ જેવી લાગતી હતી. આવું – અને આટલું રડવાનું પણ એને માટે ક્યાં હતું ? એની દૃષ્ટિ અત્યારે અંતર્મુખ બની, કોણ જાણે કેટ – કેટલે દૂર ભટકી રહી હતીઃ અત્યારે એ પોતાના સંતોષની ખાતર પણ બોલ્યા વિના રહી શકી નહિ :

'નાથજી! કેવડો'ક લાગે છે ?'

પાસેના ખંડમાં કામ માટે આવેલ ત્રિલોચનના કાન પર આ શબ્દો પડ્યા. એ જરાક પોતાના નિયમ વિરુદ્ધ પણ ત્યાં થંભી ગયો. સામાન્ય રીતે, કૃષ્ણા આવ્યા પછી, એ આ ઘર તરફ આવતો જ નહિ. પાસેના – જરા દૂર આવેલા – જુદા ઘરમાં જ રહેતો. કૃષ્ણાના શબ્દોની આતુરતાએ એના પાછા ફરતા પગને રોકી દીધા. કૃષ્ણાના શબ્દોમાં આતુર-વેદનાનો સ્પષ્ટ ધ્વનિ હતો. ત્રિલોચન ધ્યાનથી સાંભળવા માંડ્યો. નાથજી બોલી રહ્યો હતો : 'હું મળ્યો ત્યારે તો બા, શરીર પણ ખાસ્સું દડબા જેવું હતું !'

'કનૈયા જેવો લાગતો હશે ! મારો કનૈયો !'

'બા ! આવડું બચું મા વખૂટું પછી ગળી જાય – કાં'ક કરીને આંહી લાવોને !'

'નાથજી ! – આ બધુંય – હું એને માટે જ કરી રહી છું !'

અંધકારમાં જેમ વિજળી ઝબકે ને માર્ગ દેખાઈ જાય તેમ ત્રિલોચનના અંતરમાં અજવાળું થઈ ગયું. એનું ત્રીજું નેત્ર જાણે ખુલ્લી ગયું. કૃષ્ણાના જીવનની એને કૂંચી મળી ગઈ. આ જુવાન છોકેલ જેવી ગણાતી – લગભગ યંત્ર જેવું જીવન

ગાળવા મથતી સ્ત્રી – મા તો હતી. કદાચ એ માતૃત્વ છુપાવવા માટે જ એ આટલી કૃત્રિમ રસિકતા ધારીને ફર્યા કરે છે. એનાં વસ્ત્રાભૂષણ–દાગીના વિહીના દંભ એમાં ભર્યો હશેઃ અને જ્યાં પોતે તત્ત્વજ્ઞાનનો વિદ્યાર્થી આજ દિવસ સુધી એના દુઃખ વિષે કાંઈ જ જાણતો નથી. ત્રિલોચનને એક ઘડીભર પ્રગટ થવાનું અને કૃષ્ણાને ધીરજ આપવાનું મન થઈ આવ્યું. પણ એ જેવો આવ્યો હતો તેવો જ ચુપચુપ પાછો ચાલ્યો ગયો.

§ ૪

રાત્રે જ્યારે ત્રિલોચન પિતાના ખંડમાં આવ્યો ત્યારે સામાન્ય નિયમ વિરુદ્ધ કૃષ્ણાને ત્યાં બેઠેલી જોઈ ને ઘડી ભર આશ્ચર્ય પામ્યો. એટલામાં તો પોતાની ખુરશીની પાછળ જમીનપર દૃષ્ટિ રાખીને ઉભેલા નાથજીને જોતાં જ એને સવારવાળી વાત યાદ આવી ગઈ. એને એક વધુ નવી વાત પણ સુઝી. આ નાથજી પંઢરપુર જાત્રા કરવા ગયો એમ કહેવાનું તેનું રહસ્ય મળ્યું. એ પણ, આ સ્ત્રીની વેદનાએ પ્રેરેલો ધાગાણુ હતો. કૃષ્ણાનો છોકરો પંઢરપુરમાં હશે એ પણ ચોક્કસ. એમ વધારે સાકળ મન સાથે જોડે તે પહેલાં એની નજર પિતાના ચહેરા પર પડી. એના પિતાના ચહેરા પર કાંઈક ઉમના હતી. જો કે એને ખબર હતી કે એના પિતાનું અંતર ચહેરા ઉપર ભાગ્યે જ જોઈ શકાય છે. એ ચુપચુપ બેઠો રહ્યો.

'ત્રિલોચન! તને ખબર હશે – અને મારી મૂર્ખાઈ ભુલાઈ જાય માટે જ તેં મને કહ્યું નહિ હોય!'

ત્રિલોચનનો અવાજ ધીમો શાંત પણ આગામી બનાવનો સૂચક હોય તેમ જરાક ધ્રુજતો હતો.

'શાની ?'

'કે આ કૃષ્ણાને એક બાળક છે. એ બાળકી હતી ત્યારે એ જન્મેલું. ને હાલ તે પંઢરપુર અનાથાશ્રમમાં ઉછરે છે. આપણો વિશ્વાસુ નાયકજી એક બે વખત યાત્રા કરી આવ્યો તેમાં પણ એ ભેદ હતો.' 'વિશ્વાસુ' શબ્દમાં રહેલા કટાક્ષે નાયકજીને વધારે અંધારા ભાગમાં મોકલ્યો. કૃષ્ણા એક પણ શબ્દ બોલ્યા વિના કે, ત્રિલોચન તરફ દૃષ્ટિ પણ કર્યા વિના હતી તેમ જ બેઠી રહી. એનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો હતો. આંખમાં ખોટું તેજ ઝગારા મારતું હતું. પણ પોતાના સઘળા બળથી, આ બંને પુરુષો સામે ટકવાની એની પ્રતિજ્ઞા – એની બેસવાની ઢબમાં દેખાઈ આવતી હતી. ત્રિલોચન આપને તીક્ષ્ણ શરોથી વીંધી નાખશે એ એને મન દીવા જેવું સ્પષ્ટ હતું.

'ના.'

'ત્યારે એ હકીકત મને થોડા સમય પહેલાં મળી હતી. – મેં તપાસ કરી ને વાત સાચી ઠરી. વધારે નાયકજી કહી શકશે. કેમ નાયકજી ?'

નાયકજીએ જવાબ આપ્યા વિના પોતાનો ચહેરો વધારે અંધારામાં છૂપાવી દીધો.

'હવે ?' ત્રિલોચને પૂછ્યું : 'હવે શું કરવાનું છે ?'

'હવે – કૃષ્ણાએ જવું જોઈએ. આજે મેં એટલા માટે જ તને બોલાવ્યો છે.'

'ક્યાં જાય ?'

'ગમે ત્યાં.'

ત્રિલોચન એક ઘડીભર થોભી ગયો. તેને કૃષ્ણાની સવારની વેદના યાદ આવી: તે પિતા તરફ ફર્યો.

'તમને મળેલી પ્રતિષ્ઠિત સમૃદ્ધિએ તમને આ સ્ત્રી અપાવી. એણે પોતાના અંતરમાં હજારો વેદના સમાવીને—તમારી જરૂરિયાત પ્રમાણે તમારી સાથે સ્વાંગ સજ્યો. હવે એ ક્યાં જાય?'

'એ જોવાનું કામ મારું નથી. એના બાળકના પિતા પાસે.'

ત્રિલોચન જોઈ જ રહ્યો. વેદના છૂપાવીને બેઠેલી કૃષ્ણાની મૂર્તિએ એને સતેજ કર્યો. એના મનમાં વિચાર ચાલી રહ્યો: 'આ સ્ત્રીએ યાતનાઓ સહી-હસતે મોંએ, કે, પોતે કોઈક દિવસ પોતાના પુત્ર માટે કાંઈક કરી શકે. એણે વિંછીના ડંખ લાગતાં હોય એવાં વસ્ત્રાભૂષણો પહેર્યાં; રાવસાહેબને રીઝવવા. વેદનાઓને અંતરમાં સમાવી; સ્મિતની નિત્ય હાજરી રાખવા. અને આજે એ કેવળ અનાથની જેમ . . . .'

તે અકસ્માત બોલી ગયો: 'ત્યારે એ જોવાનું કામ મારું છે. એ બાળકનો પિતા હું છું!'

રાવસાહેબ એક ઘડીભર ખુરશીમાં બેઠા જેવા થઈ ગયા: તેનો અવાજ ફરડાઈ ગયો:

'તું . . . ત્રિલોચન! તું? સાચું—'

'હા. હું.'

કૃષ્ણાએ આશ્ચર્યથી ત્રિલોચન તરફ જોયું. આ છોકરાને એણે આંખો આવીને કોઈ દિવસ પૂરો નિહાળ્યો પણ

ન હતો. આજે એના કાંઈક રૂપાળા સૌમ્ય ચહેરા પર એણે નજર કરી. એના નાજુક ચહેરામાં [illegible] હતી.

'શા માટે તું? શા માટે ઘરની પ્રતિષ્ઠા ઉપર પાણી ફેરવે છે?'

'તમારે પિતા ન બનવું માટે એણે માતા ન બનવાનું સ્વીકાર્યું. એ ગૃહિણી ન રહી: પત્ની ન રહી; સ્ત્રી ન રહી; તમારી ખાતર યંત્ર જેવી બની રહી. પણ એ હજારો યાતનાઓ એણે જેને માટે સહી છે તે માતૃપદને કોઈથી હલકું નહિ કહી શકાય. એને અપમાની નહિ શકાય. જંગલીમાં જંગલી પ્રજા પણ માતાને સન્માને છે. તમે એને કાઢી મૂકશો હવે–તો હું આશ્રય આપીશ. તમે ન લાવ્યા હોત તો સવાલ જુદો હતો.'

'પણ એનું પાપ...?'

'તમારી પ્રતિષ્ઠાના મુકાબલે એ પુણ્ય જેવું જણાય છે.'

'અને તું? તારું શું છે?'

'મારે શું છે?—હું તો જે હતો તે જ છું. મને સ્ત્રી સામે જોવા માટે જે વખત જોઈએ તે પણ અત્યારે ક્યાં છે? પણ અત્યારની સરસ્વતીએ જે બળ–અને જે નિર્બળતા આપ્યાં છે, તેનું કાંઈક અંશે ઋણ ચૂકવવાનું હોય તેમ, હું માથે આવશે તો વેઠીશ. અત્યારની કેળવણીએ જે કાયરતા આપી છે, તે કાયરતાએ આ રસિક મધુર પુષ્પને વેડફી નાખ્યું છે: એણે તમને કહ્યું નાં, એ ભણતી હતી ત્યારે કોઈ કાયર પુરુષે એનું જીવન રહેંસી નાખ્યું. સરસ્વતીમંદિર પ્રત્યે થતા એ ઉપાલંભનો પ્રત્યુત્તર હોય તેમ, જે બાળકને હું ઓળખતો નથી અને જે સ્ત્રીને હું

પિછાનતો પણ નથી—કેવળ કાયરતાનું વાતાવરણ મીટાવી દેવા માટે—હું તેમને સ્વીકારીશ. અને તેને માટે વેઠવું પડશે તો વેઠીશ. વિદ્યા કાયરતા આપે છે એ આરોપ કોઈક બીજા સાચા વિદ્યાર્થીએ મીટાવવો તો પડશે જ નાં!'

૭

નાથુજી કાંઈ સમજ્યો નહિ. રાવસાહેબ હવે શું કરવું તે વિચાર કરવા લાગ્યા. કૃષ્ણાનું વદન, આભારનાં આંસુના છંટકાવથી ગુલાબની લાલી અને માધુર્ય ધરી રહ્યું.

લગ્ન જીવન

જોરાવર કામ ઉપર ચડે ત્યારથી છેક છેલ્લી ઘડી સુધી પોતાનું કામ બરાબર કર્યે રાખે. એના અર્થહીન કામને એણે પોતાની મહત્તાથી મહાન બનાવ્યું હતું એમ કહીએ તો ચાલે. એનું કામ–બીજું કાંઇ ન હતું–વિશાળ ઑફીસ સાફ કરવાનું. ઑફીસની બારીએ બારી, ખૂણે ખૂણો, થાંભલે થાંભલો, ઉપર નીચે, આસપાસ સઘળે એ સાફ કર્યા જ કરતો. એને એટલું જ કામ હતું. છતાં એ કામમાંથી એણે કોઈ દિવસ એક મિનીટની પણ ચોરી કરી ન હતી. ક્યારેક સિગારેટ પીવા–કે કોઈ આવતા જતા માણસ સાથે બે ઘડી વાતો કરવા થોભે–એ સિવાય એને બીજું વ્યસન પણ ન હતું.

એ આખો દિવસ કામ કર્યા કરતો. ક્યાંયથી ભમરીનાં દર પાડતો હોય, ક્યાંયથી જાળાં પાડતો હોય, ક્યાંય કાચની નીકળી ગયેલી લેપી ફરી ચાંદતો. ગમે તેમ પણ એ આખો દિવસ પોતાના એ કામમાં તલ્લીન રહેતો.

આ એની કામમાં પરોવાઈ રહેવાની રીત માટે એનો સ્વભાવ તો કારણ રૂપ હતો જ, પણ એની સ્ત્રી મધી પણ એમાં કારણ રૂપ હતી. એની નાનમાં મોટો એના કરતાં ઘણું વધારે રૂપ મધીમાં હતું. એનું શરીર મજબૂત અને કાંઈક ઉંચું કહેવાય તેવું હતું: નાક અણિશુદ્ધ: આંખ મોટી: ભીનેવાને ને ભરાવદાર શરીર એટલે રૂપાળી લાગતી. જોરાવરને પણ મધી ઉપર ઘણી પ્રીતિ હતી—એટલે કે, એ એને માટે શણગાર લાવવા પૈસા ખરચતો: મીઠાઈ ખવરાવતો: એને જરાક લાકડી પણ બનાવી હતી. અને મોટા ઘરનાં બૈરાંની પેઠે માંદી પડે તો જોરાવર એને માટે દવાની બાટલી પણ લાવતો. જોરાવરના મોટા ભાઈ વાઘાજીને બે છોકરા હતા. એની વહુ મહા તોફાની હતી. એનું નામ મોતી. પહેલાં તો બન્ને ભાઈનાં ઘર એક ઓશરીએ હતાં પણ પછી કજીયા શરૂ થયા એટલે વાઘાજી રોકડ ભાગ લઈ, જોરાવરને ઘર સોંપી પોતે પાડોસમાં ભાડેના મકાનમાં રહેતો. ઘરમાં કાંઈક શાંતિ થઈ, મધી જેવી વહુ મળી; એટલે ઘરના જીવનનો પડઘો હોય તેમ જોરાવર પોતાના કામમાં સંતોષથી કરી શકતો.

§ ૨

એક દિવસ સાંજે જોરાવર આવ્યો ત્યારે મધી ઉદાસ હતી. એની આંખમાંથી આંસુ હમણાં જ સૂકાયાં હતાં. જોરાવર આવતો ત્યારે પહેલાં તો ચુપચુપ મધી પાસે બેસી જતો, પછી પોતાની નવી જુની વાતો કરતો ને ધીમે

મોગે મઘી પોતાનું અંતર ખોલતી. એનું ન ગામ-ને લી સવારથી મઘીનું અંતર જાણવા એકરાર વગેરે તો એ અંતર જાણવાને બદલે આનંદ ઉભરાતું-મળતું. મઘી અંતરમાં એક વાગ્યા સુધી રહેતી એ જો ગમે એને પણ હતી. એટલે મઘીને ઉદાસ જોઈને એનું દુઃખ જાણવા એની પાસે બેસી ગયો.

'આજ તને શું થયું છે ! આજ અમારી ઑફીસ તો એક ગાંડી બાઈ આવી ચડી ને શું અલકમલક વાતો કરે.'

મઘીના દુઃખ ભરેલા ચહેરા પર જરાક સ્મિત ફરક્યું 'એવી શી વાત કરતી'તી ? હું તમને ઓળખી ગઈ છું હો—મને રાજી રાખવા બનાવટી વાતો લાવો છો તે કાંઇ મારાથી અણજાણ નો'ય.'

'ગાંડી તો—અમથી તો ખાશા ચશ્મા પે'રીને ફર ફર કરતી'તી, હોવે.—પણ કીધું ક્ય'મ આવી? તો કે માં છોકરો ઑઈ ઑફીશમાં ક્યાં બેઠો' છે ?'

મઘીનો ચહેરો લેવાઇ ગયો 'દીકરા !—દીકરા તો દેવનેય દરલભ !'

મઘીને અત્યાર સુધીમાં ત્રણ છોકરી થઇ ત્રણે મરી ગઈ હતી. શરીર ખાસ્સું હજી યૌવનની મધ્યમાં હોય તેવું હતું. પણ એના અંતરમાં નિરાશા જાગી હતી કે હવે એને દીકરો તો નહિ જ થાય. અને એ સુતેલી નિરાશાને આજે જેઠાણીના પ્રત્યાઘાતી શબ્દોએ અતળ ઉંડાણમાંથી જગાડી હતી. મોતીએ કહ્યું હતું, વાત-વાતમાં, કે રળો કમાઓ

[illegible]

[illegible]

[illegible]

એવી રીતે પહેલી બે વાર વખત [illegible] મોરીસમાં આવવું [illegible] ને [illegible] સાથે એને [illegible] વાતો કરવાનો [illegible]

[illegible] તો [illegible] શબ્દો ભૂલી ગયા પછી આજે જ [illegible] પાસ, તે દિવસે કહેલી ફરી [illegible] વાતને ઉપજાવી હશે એના અંતરમાં, એટલી વાત કરવા

માટે હવે તો પશ્ચાત્તાપ પણ થયો હશે. એ ગમે તેમ હોય, 'હજી ભગવાન સામું જોશે' એ વાક્યમાંથી સાચું આશ્વાસન મળ્યું હોય તેમ, મઘી તો નિત્યની જેમ જ જોરાવર પાસે વાતો કરતી, એની વાતો સાંભળતી અને દિવસો પસાર થતા હતા.

§ ૩

મઘી જે દિવસે પરણીને આવી, બરાબર તે જ દિવસે, શિરસ્તેદાર કૃપાશંકર આચાર્ય પણ પરણ્યા હતા. મૂળ તો એમની જ્ઞાતિમાં કન્યાની છુટ હતી: તેમાં આચાર્ય કુટુમ્બ પ્રતિષ્ઠાવાન ગણાતું; અને એમાં સામાજિક દૃષ્ટિએ ઘણી સારી ગણાય તેવી ચારસો – સાડાચારસોની જગ્યા ઉપર આચાર્ય હતા, એટલે એમને તો કન્યાઓમાંથી પસંદગી કરવાની હતી. એમનાં વહુ લલિતા – સારૂં ભણેલાં હતાં. અને કોલેજના એક હોંશિયાર જેવા પરજ્ઞાતિના છોકરાની પ્રીતિ – માબાપના કહેવાથી નહિ પણ આચાર્યની મોટરના મોહથી – તજી દઈને પોતે પરણ્યાં હતાં. એ ખરી રીતે માણસને નહિ પણ મોટરને પરણવાની પેરવી કરતાં હતાં, ને એટલામાં સૌથી પહેલી આચાર્યની મોટર મળી ગઈ!

લલિતા અને મઘી બન્ને એક ગામનાં હતાં. પણ સામાજિક સ્થાનને લીધે બન્ને એક ગામનાં છતાં એ સંબંધ નજીવો ગણાય. પણ મઘી ત્યાં કોઈ કોઈ વખત કામેકાજે જતી એટલે લલિતાનો એને પરિચય હતો. લલિતા ક્યારેક કામેકાજે એને આંહી પણ બોલાવતી ખરી.

શરુઆતની લલિતા રૂપરૂપની રાશિ જેવી, મઘીને

ન ઓતી કોઈનું ઉત્તાપરને એ. એની ભાષા પ્રકારે કહી નવું, 'નવી માતાની પુનમ છે કે'' આ, જ્યાનંદની નવિતા પૂરા થતી નાજુક આને કરી નાંકે હતાની 'અજાણી શોભની પુત્રી જેવી' બની ગઈ હતી. નવિતાની બાજુ એ કદી કોઈને નહિ જોઈતી હતી-પરભર્યાં તે કશું કરતી હોય. નોકરો બાપ તેમ ફરતા હોય. મોટા કુટુંબોમાં ખાસ ઉપર નોકરોને આચાર્યના પિતા કે પાછળ નાનાના હોય. કેટલુંક એક ઠેકાણે બેઠીને આટલા ભાવની હોય અને નોકરોને ધમકાવતી હોય. કેટલી આચાર્યના નિવાસમાંથી કેમ બધાં તેમ બહેનો હતીઓની ગોઠવા હતી—વખતબખ કોઈક એવાં જ આવતી, એટલાં કુટુંબની વ્યવસ્થા હતી. એવાં આવતાં હકનાં ફુરતાં: પણ અનુકૂળ કામ લેવા માટે જરૂરાતી કે કામની આશ : જ ન હતી. એમાં કોઈ કહે, કોઈને ન હતું કે તેમ કેટલું ન હતું: જ્યાં લલિતા ઉભી હોય ત્યાં નંખતા આંખો ને નોકર બધુ ઉભાં હોય ! જ્યાં લલિતાની ઠેકાણું ઉભી રહે ત્યાં આંખો કોઈક ઘણો રહેતો ' લલિતાનાં સાધુ ત્યાં ઉભાં રહે ત્યાં અપજા ફૂલના પડિયા ઉભા રહેતા ' કૃપાશંકર આચાર્યની કોઈક લાગવગભરેલી જગ્યાના પ્રતાપે પગમાં સપના નીકળે ખડકાયે હતી. અને એ ખડકેલી આંખે 'ઠેકાણ' હોય તેમ કવિવારે કોઈ વખત કૃપાશંકર પત્ની ' સર્વે ' સેવા નીકળતા તો 'હવે આને ઠેકાણું તો મોો'' એ એક જ વાક્યથી બધું પતાવી લેતા. કદાચ એ વાક્ય એના જીવનનું અનિશ્ચિત ઘણાવનું સપનું ઠેકાણે મૂકવાનું હતું ને કોઈ ઠેકાણે ન હતું.

લલિતા કોઈ વખત બપોરે મેડીની ઉપલી બારીએથી

મઘી સાથે વાતો કરતી – જો મઘી કાંઈ કામે આવી હોય ને પોતે નવરી હોય તો. બન્ને એક જ ગામનાં હતાં એટલે ક્યારેક એ વાત વધારે નિકટનું રૂપ પણ પકડી લેતી. એમાંથી એને આ નારીના જીવનની ખબર પડી કે એના જીવનમાં અસંતોષ હતો–છતાં મારી નાખે એટલી બધી ગેરવ્યવસ્થા ન હતી. એને જોરાવર ઉપર શ્રદ્ધા હતીઃ જોરાવરને એના ઉપર. જો કે એ શ્રદ્ધા જે એક વસ્તુ ઉપર ટકી હતી – સ્વમાન–તે ઘવાય તો શ્રદ્ધાના ભુક્કેભુક્કા ઉડી જાય એટલી મરદાનગી એને આ સશક્ત સ્ત્રીમાં વારંવાર દેખા દેતી હતી. એ ઘણી વખત કહેતીઃ 'જોરાવર મને રાખે છે તો સારી રીતે–પણ કોને ખબર છે, બા, આવતી કાલની, એટલે હું તો એક ભગવાનનો જ આધાર રાખું છું!'

§ ૪

ત્યારપછી એક દિવસ મઘીને ખબર મળ્યા કે જોરાવર ને વજી હમેશાં મળે છે ને વજીને જોરાવરે ઘર માંડવાનું કહેવરાવ્યું છે. એ કાંઈ બોલી નહિ. એના અંતરમાં રહેલી જોરાવર પ્રત્યેની શ્રદ્ધા ડગી ગઈ. એને લાગ્યું કે જે બીજ પોતે મૂક્યું હતું તે હવે પોતે જ નિર્મૂળ કરવા મથે તે અશક્ય છે. ને એટલામાં કોઇ દિવસ ન ફરકવાવાળી એની જેઠાણી મોતી પણ આવીને કહી ગઈ કે, 'મૂઈ! હાથે કરીને શોક્યનું સાલ કાં ઘરમાં નાખ્ય. મારે તો શું પડી છે, બાઈ! પણ હું તો તારું ભલું કરવા કહું છું!' જેઠાણી એનું કેવું ભલું કરવા તૈયાર હતી તે તો મઘીને ખબર હતી. એટલે ત્યારપછી તો મઘીએ નિશ્ચય કર્યો કે હવે જોરાવરને કાંઇ કહેવું નહિ.

મઘીને ખબર પડી જ્યાં મઘી બોલી નહિ એટલે જોરાવરને વધારે હિમ્મત પણ આવી.

જોરાવર પરણ્યો, ને વહુ ઘરમાં આવી.

પણ ત્યાર પછી થોડા દિવસે એક નાનકડું પોટલું લઇ મઘી પોતાને ઘેર જવા ચાલી નીકળી.

લલિતા પોતાની બારીએથી નીચે જતા આવતા લોકને નિહાળી રહી હતી, તેની નજરે એ ચડી.

'મઘી! એ મઘી! ક્યાં જાય છે પોટલું લઈને!'

'હું તો હવે ઘેર જાઉં છું બા! કાંઈ કહેવરાવવું છે!'

'કેમ અલી – ભાગી વળી?'

'હવે "હારૂં" નથી લાગતું બા!'

'અરે! – તમારા વરણમાં તો બીજી પરણે ને ત્રીજી પે પરણે. ને ક્યાં બિચારો કારણ વિના પરણ્યો છે?'

'હાઃ હાચું બા. પણ હવે મને નથી ગોઠતું! જીવ મુંઝાય છે. હવે જાણે ઘરમાં જીવ થીર થાતો નથી.'

'એટલે તું ઘેર જાઈશ ને ખાઈશ શું?'

'મજૂરી ક્યાં મરી ગઇ છે? આંહી પણ રોટલો રળી ખાતી. અને ઘેર પણ રોટલો રળી ખાવો છે!'

એટલામાં કૃપાશંકર આવ્યા. એટલે લલિતા નીચે ગઇ ને મઘી પોતાને ઘેર ચાલી ગઈ. જોરાવરે ઘણું કહેવરાવ્યું, કાગળ લખ્યા, પણ ત્યારપછી એ પાછી ન આવી.

§ ૫

લલિતા ઘણાં વર્ષે પોતાના ગામડામાં પિયર આવી હતી. અને જરાક થાક ખાવાથી, થોડોક આરામ મળવાથી, નાના સુંદર ફળીની થોડી ખુલ્લી જગ્યા જોવાથી એનું કાંઈક પ્રસન્ન બનેલું ચિત્ત, કલ્પના અને વિચારમાં પડ્યું હતું. કોઈ દિવસ એને વિચાર કરવાનો સમય જ ન હતો, એટલે એ સુખી છે, દુ:ખી છે કે શું છે એ વિશે એના મનમાં પ્રશ્ન જ ઉઠ્યો ન હતો. એનું એકધારું જીવન – અગીઆરથી પાંચ સુધી નોકરી કરતા કારકુનિયા જીવનની પેઠે – પ્રશ્નો વિનાનું બની ગયું હતું. એમાં પ્રશ્ન ઉઠતો નહિ: તરંગ જાગતો નહિ: કલ્પના આવતી નહિ: નવીનતા પણ હતી નહિ. રસોઇ, નોકર, છોકરાં, ગાડી, ફર્નીચર, પથારી-સઘળું નિયમ પ્રમાણે ચાલ્યા કરતું. એને કૃપાશંકરના સ્વભાવનો ઓછામાં ઓછો પરિચય હતો. એનાં ત્રણ સંતાન-માંથી એકને માટે એને ઇચ્છા જાગી ન હતી. શરૂઆતના થોડા દિવસો બાદ કરો–એટલે લગ્નજીવનનું એક પણ ગાઢ સંસ્મરણ એના મનમાં રહ્યું ન હતું. એને જીવન ઉપર કંટાળો ફરતો હતો અને એના કારણની એને ખબર પણ ન હતી. આજે એ, એ વિષય ઉપર જરાક ચિંતન કરી રહી હતી. કારણ એના જીવનમાં આ પહેલો જ પ્રસંગ હતો જ્યારે એ પોતાના દિવસો શાંતિથી સંભારતી હતી.

લગ્ન – કૃપાશંકર – કૉલેજ – મિત્ર [illegible] – [illegible] – [illegible] – [illegible] [illegible] – [illegible] અને [illegible] એમ એ સંભારતી જ ગઈ. [illegible] [illegible] એ [illegible] હતી – અને [illegible] ન હતી. [illegible]

આનંદ પડેલો કે કલ્પનાપ્રદેશની ઊંચી ટોચે ચઢી. કારણ કે પોતાનામાં અત્યારના પ્રચલિત વિચારોની સામે થવાની શક્તિ ન હતી. ગોરવ – વૈભવ – વિલાસ – પ્રતિષ્ઠા – એ બધાં સાધારણ સ્થિતિ કરતાં અસાધારણ રીતે આવ્યાં છે, એ વિચારથી આવેલા માનસિક પતનને લીધે, એટલું, એના જીવનને અત્યાર સ્વામીના હાથમાં સોંપી દીધું; અને પોતાને કોઈક પ્રકારનું સ્વાવલંબન હતું કે, જેના વિચારથી સ્વામ સાધારણ સ્થિતિમાંથી પણ પોતે આનંદ મેળવવાનું કારણ બનાવી શકી હોત – એ આખો વિચાર જ ઊડી ગયો હતો – એ એને આજે સાંભર્યું.

એટલામાં બહારની ઉઘાડી ડોકાબારીમાંથી મંજરી અંદર આવી. એનું શરીર જે હતું તે જ હતું. ઉમરનું એક બાળક આગળને કેડ ઉપર લેવાથી એનો જુવાન દેહ વધારે આકર્ષક લાગતો હતો. જાણે માતૃત્વ મેળવીને સંપૂર્ણ થયું હોય તેમ શરીર પણ વધારે ખીલ્યું હતું.

'મધી! તું ક્યાંથી?'

'હો બા, તમે આવ્યાં છો, જાણીને થયું, લેને હું મળી મારી આવું!'

'છોકર' કોનું? મધી!'

'મારો દીકરો છે બા!' – લલિતાને સામું જોયું. 'ને'હિ ત્યાંથી નીકળ્યાં, ને દો'ડા ચડ્યા'તા, પણ કીધું ભગવાન તમે હાથે આપશે તો સંધુય સરખું પડશે!'

લલિતા જોઈ રહી. મા ને દિકરો – બન્નેમાં એક પ્રકારની મીઠાશ વસી રહી હતી.

'તે હવે ચાલ મારી ભેગી !'

'ક્યાં બા ?'

'આ જોરાવરને મળવા સ્તો!'

'નૉ રે બા! ઘણું ય કેવરાવે છે હવે તો—સાત આક પતાં એ ઘરમાં પડયાં—પણ હવે આ પડખે આવી ગ્યો ને પાછું મન નો માને ત્યાં શે જાવું ?'

લલિતાના જીવનમાં આજે જાગેલા પ્રશ્ન સાથે મઘીની જીવન ફિલસૂફીનો અચાનક મેળ મળતો હતો. તેને લાગ્યું કે આ સ્વતંત્રતા મોહક હતી—પણ એમાં જીવનની કેટલી બધી મુશ્કેલી ભરી હતી.

'પણ રોટલા પાણીએ દખી થાય છે નાં ! પાછું નાનું છોકરું સાચવવું !'

'તે કયાં બે ચાર હાચવવાનાં છે બા ?—મારા પેટને કેટલું જોઈ—ને આ ગભરુ શું ખાતું'તું ?'

'પણ તો'ય ધણીને ઘેર સારાં !'

'નો'રે બા! એણે તો નોરા કરીને લખ્યું છે, તને દખ ન પડે, તને નાની માનશે, પણ ના રે બા! મારે તો કાંઇ મારૂં પોતાપણું છોડીને હવે ભટકવાનું નો'ય. હવે અરધે અવતાર તો આવી. હોવે.'

પોતાની જાતને—અને પોતાના બચ્ચાને જાળવી રાખવાની આત્મશ્રદ્ધા ધરાવનાર મઘીને જોઈને, લલિતાને, પોતાનું બળ તુચ્છ લાગ્યું. એની અણઘડતા અને અજ્ઞાન જ આ બળ આપી રહ્યાં છે, એ વિચારે વળી ઉંડુ મંથન પણ જગાડયું.

પરંતુ એટલામાં તારના પટાવાળાએ પ્રવેશ કર્યો.

'લલિતા પ્રભાશંકર!'

લલિતાએ હાથ લાંબો કરી તાર લીધો: તેમાં એના સગા કાકાએ ચિંતા બતાવી હતી કે આચાર્યને 'છોકરો' નહિ હોવાથી, ને લલિતાને માત્ર છોકરીઓ થતી હોવાથી, કેટલાક જ્ઞાતિ બંધુઓએ પેરવી માંડી છે. માટે લલિતાએ જલદી આવી જવું જોઈએ.

તાર હોય—એટલે કાંઈ અનિષ્ટ જ હોય—એવી માન્યતા હોવાથી મધી ઉઠી: 'લ્યો બા, બેહો હું જાઉં. સઉ સારા સમાચાર છે નાં!'

લલિતાએ ટૂંકો જવાબ વાળ્યો: 'હા. એ તો માત્ર મને બોલાવે છે!'

પોતાના છોકરાને તેડીને વહાલથી એનો ગાલ ખેંચતી મધી બેઠી થઈ. 'મારે તો આ પરખે છે નાં બા! એટલે હવે હું નહિ આવું. કે' જો તમારા પટાવાળાને બા!' પોતાના છોકરાને વધારે વહાલથી એક મીઠું ચુંબન ભરી ચાલવા માંડી: બોલની બોલની—'આ છે નાં!'

મોટા પુરુષને છોડીને બીજા નાના પુરુષ ઉપર વિશ્વાસ રાખવા મથની નારીને જતી, લલિતા જોઈ રહી. કોઈ પણ હિસાબે પોતાનું સ્થાન જાળવવા માટે એણે એક પુરુષને જન્મ આપવો જ જોઈએ—શક્તિ હોય ન હોય ગમે તે થાય, અને નહિતર એની અનેક જાત બહેનો, તેમના દેહ,-રૂપાચંદ્રને સરખે-ધરવા તૈયાર છે, એ દુઃખદ વિચારથી ગ્લાનિમય બનીને, પોતાનો સરસામાન બાંધવા માટે એ પણ અંદર દોડી.

એ પણ એ જ કામ કરતો. દર ગ્રીષ્મઋતુમાં નવા નવા મોટા માણસો હવા ખાવા માટે આવ્યા કરતા—પણ ચોકીદાર નરભુને આ બંગલો—આ કમ્પાઉન્ડ—આ જગ્યા જૂનાં થયાં હતાં.

દાર્જીલિંગના આકાશમાં, કલ્પના ગણતાં થાકી જાય એટલા રંગો નીકળી આવતા; સવારે બપોરે સાંજે—જ્યારે જૂઓ ત્યારે હજારો રંગોથી આકાશ ભરેલું ભરેલું લાગેઃ જાણે કોઈ કન્યા પોતાનું ઓઢણું ભરતકામથી ખીચોખીચ શોભાવી રહી છે. ચાંદની રાતે બરફના ધોળા પહાડો જાણે ચંદ્રામૃતની ધારાથી સાફ થયેલા રજતરાશિ જેવા શોભી નીકળે! ફૂલો અને પતંગિયાં કુદરત દેવીના આભરણ બનવાની સ્પર્દ્ધા કરતાં હોય. હજારોરંગી આકાશ કરતાં ક્યારેક પૃથ્વી પણ વધારે સુંદર લાગે. પણ નરભુને એ કશી વાતમાં રસ ન હતો. કશી વાતનું આકર્ષણ ન હતું. કોઈ વાતમાં ધ્યાન ન હતું. વરંડામાં, આરામ ખુરશીમાં બેસીને, હાથમાં ચોપડી લઈ—અદ્ભુત રંગથી રંગાયલા આકાશને જોતા માણસોને જોઈને નરભુને તો આશ્ચર્ય થતું કે આ માણસો આમ શું જોયા કરે છે? એને રસ એક જ વાતમાં હતો. મહિને બાર રૂપિયા મળતા તેમાંથી આ વખતે કેટલું વધારેમાં વધારે બચવાની શક્યતા દેખાય છે — એ એક જ વાતમાં એને રસ હતો. જે જે માણસો પૂર્વદ્વારમાં દર ઉનાળે રહેવા આવતા એ સઘળાનું નિરીક્ષણ પણ એ એ જ દૃષ્ટિએ કરતો. કોણ કેટલું આપવાની શક્તિ ધરાવે છે, એ રસ સિવાય બીજો રસ, એને ખાવામાં હતો. એને ષડ્રસ—રસગુલ્લાં ખૂબ ભાવે—પણ એ મીઠાઈ મોંઘી પડે. સાધારણ રીતે એ મહિને પંદર દિવસે

સોંઘી મીઠાઈ લાવતો ને કોઈ પાણીઘર પાસે બેસી નિરાંતે ખાઈ પછી સૂઈ જતો. આ બે રસ સિવાય એક ત્રીજો રસ પણ નરભુના જીવનમાં હતો. કાનમાં ' કનુપી ' નાકમાં ' નક્લી ' ને કંઠે ગંઠા જેવું પહેરી, ઘેરા વાદળી મખમલના કબજામાં પોતાનું યૌવન છુપાવતી, પડોશના ગણેશબહાદુરની સ્ત્રી પાર્વતી, જ્યારે લાલ રંગની ચાદર ઓઢીને બહાર નીકળતી, ત્યારે જો બની શકે તો, નરભુ એના પગની પાનીને લાગેલી રતુંબુડી ધૂળ બની જાય.

•

પણ એ સ્ત્રી વળી અજબ હતી. નરભુને રમાડતી. પુરુષો ઘણી વખત પોતાની જાતને બુદ્ધિશાળી તરીકે ખપાવે છે, પણ એમની હોંશિયારી એ ખરી રીતે વ્યાવહારિક ડહાપણ છે – જે હરકોઈ માણસ, નિત્યના સહવાસથી મેળવી શકે. પણ સ્ત્રીઓ જે સમજી શકે છે તે અંતરની વાત હોય છે. એક રીતે કહો તો માનસ વિષે સ્ત્રીઓનું માનસ ઘણી સ્પષ્ટતાથી ઘણું કહી શકે છે. એ કયારેક નરભુ પાસેથી સીગારેટ માગી લેતી. કયારેક સંદેશ પણ મગાવતી ને નરભુનો નોકર જેવો ઉપયોગ કરી બે તીખા શબ્દોમાં એને બેસારી પણ દેતી. નરભુના જીવનનો આ ત્રીજો ગુપ્તરસ–મહિનાઓ થયાં જન્મ્યો હતો અને મહિનાઓ થયાં સુપ્ત પડ્યો હતો.

§ ૨

તે દિવસની ઠંડી આજ પણ યાદ છે. બારી બારણાં સઘળાં બંધ કર્યાં હતાં–સગડીમાં ધગધગતા કોલસા નાખો

ન નાખો એટલામાં તો ઠંડી ફરી વળતી હતી. ખાટલામાં પડવાની વાત તો હિમમય સરોવરમાં પગ મૂકવા જેવી હતી.

પૃથ્વીને પણ ઠંડી લાગતી હોય તેમ, એ પણ અવાજહીણ અને એકદમ શાંત બની ગઈ હતી. દૂરના પહાડ પર દેખાતા ચળકના તારા જેવા, વીજળીના દિવાઓ પણ, જાણે ઠંડીમાં ઠરતા હોય તેમ ધ્રુજતા ધ્રુજતા ઝાંખો પ્રકાશ પાડી રહ્યા હતા. કોઈ બારણું જરાક ઉઘાડે તો રાત્રિનો અંધકાર, પોતાનો હિમ જેવો ઠરેલ સ્પર્શ શરીરને કરતો હોય તેમ, શરીર પર ઠંડીની કાતિલ છુરી ફેરવી દેતો. નરબુ પોતાની કોટડી પાસે બંબામાં લાકડાં નાખીને સળગાવી ત્યાં જમીન પર જ ધાબળો ઓઢીને સૂઈ ગયો હતો. પારો ૫૮° ઉપર હતો, સૂવાનું અશક્ય હતું: નરબુ પાસે કોલસા કે લાકડાં મંગાવવા બે ત્રણ બૂમો પાડી. પણ કાંઈ જવાબ મળ્યો નહિ.

જરાક ધીમેથી બારણું ઉઘાડી બંબાઘર પાસે જવા માટે રવાના થયો.

નરબુને બે ત્રણ સાદ કર્યા. પણ તે ઘસઘસાટ ઊંઘતો હતો. બંબામાં પાણી ગરમાગરમ ઉકળી રહ્યું હતું. તેમાંથી થોડું પાણી લઈ–પાછા ફરવાની તૈયારી કરી–એટલામા નરબુ ઊંઘમાં પડખું ફર્યો અને એના હાથમાંથી ફેંકી શકાય તેમ એક કવર નીચે પડી ગયું–એટલે દેવતામાં બળી જશે એ ખાતર એ ઉપાડી લીધું: નરબુનો ધાબળો પણ સરખો કરી, બે ચાર લાકડાં ઉપાડી, ઠંડીના–નદીના ઘોડા પૂર જેવા–પ્રવાહથી બચવા માટે દોડીને રૂમમાં પેસી, બારણું વાસી દીધું.

નરભુના છોકરાનો કાગળ હતો; રેઢીયાર હિંદી બંગાળીમાં લખેલો ને તારીખ વિનાનો.

'તમે અમારે માટે દેશ વેઠો છો, અને મારી માની આંખમાંથી તો આંસુ સુકાતાં નથી. હરઘડીએ તમને સંભારીએ છીએ. મક્કઈ પાકી ગઈ ને ડોડા શેક્યા અને તમને યાદ કરીને સૌ રોયાં. મીઠું ધાન રંધાય છે; ને તમે યાદ આવો છો. અમારે માટે પાઈ પાઈ ભેગી કરી તમે પેટે પાટા બાંધીને રો'છો એ વાત તો ભૂલી ભૂલાતી નથી. આ વખતે હું ત્રીજીમાં પાસ પડી ગયો છું. મા કહે છે; તું પાસ પડતો જા, એટલે બાપનું દળદર ટળી જાય. મને તમારી સાથે ડુંગરામાં રખડવાનું બહુ મન થયું છે. આપણો એક બળદ નકામો થઈ જાશે એટલે માને ત્રણ દિ થયાં ધાન ભાવ્યું નથી. કુલુકાકા માને ખોટી ધમકી આપી ગયા છે. પોલીસ હમણાં બહુ જ ખરાબ આવ્યો છે. ઘાસ કાપનારીનાં દાતરડાં ઉપાડી લીધાં હતાં. તમે કાગળ લખજો. આપણા ગામમાંથી ફુલ હતી તે ભાગી ગઈ છે. ગામનાં માણસ તો કે' છે જોગમાયા મારતી હતી એટલે વહુ ભાગી ગઈ. પણ સૂરજવિક્રમને તમે ક્યાં ઓળખતા નથી? શરાબ પીને જુગાર રમતાં પૈસા હારી ગયો એટલે પઠાણને ત્યાં ફુલને વ્યાજે મૂકી છે, એમ પણ ઘણા ય કે' છે. કોઈ કે' છે કલકત્તાની બજારમાં બેઠી છે. સાચું ખોટું ભગવાન જાણે. ભગવાન આપણા દિ

જાગવે તો ઘણું છે. અગાઉ મરગી ને પૈસા નહિ હોય તો શું કરશું એ વિચારે હમણાં નો કોઈ કોળિયો ધાન ખાતું નથી. ભગવાન સૌ સારાં વાનાં કરશે.'

નીચે છોકરાની સહી હતી; ખીલ્જેર. કદાચ એકાદ બે ડાઘ હતા, તે છોકરાનાં આંસુ હશે—કે વખતે ગામડાગામમાં દૂર દૂર—એકાદ પડી ગયેલ ખંડેર જેવા મકાનમાં, નરભુનું આખું કુટુંબ—વહુ છોકરાં ને પાડોશી સૌ આ કાગળ લખાવવા બેઠાં થયા હશે. કદાચ આ પરદેશી પત્રકી માટે આટલી ચપરખી ભોંપામાં ભોંધો વિલાસ હશે. કાગળ પૂરો થતાં એના લખનારે અનુભવેલી વેદના અત્યારે આંહીં પણ ફરી જાગ્રત બનીને અસર કરી રહી. કારણ કે એ ચોકી ચપાટી ન હતી; જીવની વેદના હતી. એમાં લખનારે હૃદય મૂક્યું હતું. એ 'કલા' હતી

ત્યારે આ ગરીબ, ઢંગધડા વિનાનો, માત્ર વાજાંનું જ જાણનારો, બુદ્ધિહીન જેવો માણસ પોતાના કેવળ અજ્ઞાન જેવા જ્ઞાનવડે જીવનની લડત લડી રહ્યો છે એ કાગળના અક્ષરે અક્ષરની હકીકતથી સ્પષ્ટ થતું હતું. એટલામાં તરત સાંભર્યું કે નરભુ બંબા પાસે સૂતો છે ને વખતે ધાબળો સળગશે તો બિચારો દાઝી જાશે.

એ વિચારથી ઝબકીને હું એકદમ બહાર નીકળ્યો.

§ ૩

બહાર મધરાતની ઠંડી અને શાંતિ બન્નેએ બેમાં

થઈને પૃથ્વીને અંધકારમાં નામમાત્ર રહેવા દીધી હતી. વાદળાં ઘેરાયાં હતાં અને વરસાદ પડતો ન હતો પણ તોળાઈ રહ્યો હતો.

બંબાઘર પાસે પહોંચવા માટે બહારનો રસ્તો ન લેતાં – એક ઓરડામાંથી બીજામાં ને ત્યાંથી ત્રીજામાં એમ થઈ વરંડામાં આવી જાળીમાંથી બહાર નજર કરી. કોલસાના ઉજાસમાં – ને સળગતા લાકડાના તાપમાં – જોયું તો, નરભુ બેઠો થઈને, પોતાની પેલી જવાન પાડોશણના પડખામાં બેસી, તાપથી લાલ બનતા એના ગાલને નિહાળી રહ્યો હતો.

'પારવતી!'

'શું છે?'

'તું મને શું કામ હેરાન કરે છે!'

'હેરાન? હું ક્યાં તને હેરાન કરું છું. આ લે તને હેરાનગતી લાગતી હોય તો હું આ છેટી બેઠી –'

પારવતી નરભુ પાસેથી આઘી ખસી ગઈ – પણ એવી રીતે કે નરભુ હાથ લાંબો કરે તો એના હાથને પકડી શકે.

નરભુએ હાથ લાંબો કર્યો. પારવતી વધારે દૂર સરી. નરભુ નજીક સર્યો. પારવતી બંબા પાસે જઈ બેઠી – પણ એના મોં ઉપર પડતા પ્રકાશથી, જાણે નશા ભરેલી રાગ-[illegible] હોય એવી એ શોભી નીકળી.

વરસાદનાં ફોરાં ધીમે ધીમે પડવા લાગ્યાં.

'તું નહિ માને!'

'મને અડકે! – [illegible] વાત [illegible] ને [illegible] [illegible] કે એમ! [illegible] તો [illegible] આવ્યો છે!'

નરણુને પગારને લીધે પેલા કાગળનું સ્મરણ થયું લાગ્યું. તે ચારે તરફ ખાંખાં ખોળા કરવા લાગ્યો.

'શું ખોવાયું?'

'મારો કાગળ મેં આંહી જ રાખ્યો'તો.'

'શું હતું એમાં?'

'હોય શું? ખુશીખબર.'

'મારી પાસે છે.'

'લાવ ત્યારે.'

'જો, આ રહ્યો'–પારવતીએ મખમલના કબજામાં છુપાયલું યૌવન–કદાચ જાણી જોઈ ને–પ્રયાસતથી બતાવ્યું. કાગળ ત્યાં હતો.

બંબા પાછળ નરણુ આગળ ખસ્યો. પારવતી હસીને છટકી ગઈ.

કાગળની ચિંતાએ–ને છોકરાના સંસ્મરણે નરણુને ઘડીભર વિચાર કરતો કરી મૂક્યો. તે પારવતીની પછવાડે રમત કરવાની છોડીને બંબા પાસે આરામ લેવા–તાપવા બેસી ગયો. પારવતીએ એ જોયું. 'ઘર સાંભર્યું? નરણુ!'

'ઘર!–અમારે ગરીબને ઘર શું? ઘર ક્યાં છે? મારે તો આંહી જ ઘર બની ગયું છે. મારો કાગળ ક્યાં ગયો હશે? લે હવે તું નથી માનતી તો હું જાઉં છું. અમારા સા'બ પાછા સવારમાં વહેલા ઊઠે છે.'

નરણુ જવા માટે બેઠો થયો.

'નો પ્લીઝ દે!' પારવતી પોતાનો હાથ આગળ ધરી રહી.

'પૈસા મારી પાસે ક્યાં છે? મારે ગરીબને એમ પૈસા દેવા પોસાય પણ ક્યાંથી? બળદ મરવા પડ્યો છે. કાલે ૪ શેર મોકલવાના છે. પારવતી! મારો કાગળ તારી પાસે હોય તો દઈ દે.'

'તારો કાગળ મારી પાસે નથી. તારા સમ.'

એક નિ:શ્વાસ મૂકીને ભારે પગલે નરશુ ઘર તરફ ફર્યો. હરિણીના જેમ દોડીને પારવતી પણ ભાગી ગઈ. નરશુ એને જતી સતૃષ્ણ નજરે જોઈ રહ્યો અને પછી ચુપચુપ ઘરમાં આવ્યો. પણ એના અંતરની અકથ્ય વેદના – એણે લીધેલા માર્ગે એના જીવનને હચમચાવી મૂક્યું હતું તેનો આઘાત તો હવે સ્પષ્ટ જણાયાં – જ્યારે એણે ધાબળો નીચે નાખીને શરીરને એના પર લગભગ પછડાય તેમ પડતું મૂક્યું ત્યારે.

§ ૪

બીજે દિવસે સવારે નરશુ પોતાના કામમાં લાગી ગયો હતો. રાતની વાત ભૂલવા મથતો હોય તેમ એ વધારે ને વધારે જોસથી કચરા કાઢતો હતો. ફેરફેરા કરતો હતો. હરકોઈ પ્રકારે પોતાની જાતને વધારે ને વધારે કામ આપી રહ્યો હતો.

'નરશુ!'

'જી!'

'લે, તુમેરા કાગજ, હમકુ [illegible]'

'હાં સા'બ, વો મેં ઢૂંઢ રહા થા.'

અને કાગળને ઉપાડી એક નજર ફેરવી પછી એને ખીસામાં મૂકી એ વધારે ને વધારે કામની દરકાર કરવા લાગ્યો. ત્યાં કામ ન હતું ત્યાં પણ કામ શોધવા લાગ્યો.

'હાં, સા'બ આપકુ એક બાત પૂછને કી હય!' તે અચાનક સામે આવીને ઉભો.

'ક્યા?'

'અપ હમેરા લડકા તીજીમાં પાસ પઢ ગયા. ઉમર બી પંદર–સોલાકી હુઈ હય. ઔર સા'બ, દરકન મોતી કે દાણે દેખ લો. હીસાબ કીતાબમેં બડે હોંશિયાર હય. અબ મેં પૂછતા હું સા'બ કે ઇસકે લીયે, કોઈ બડી છોટી, સા'બકી જગા, મીલનેમેં અબ કીતની દેર લગેગી!'

નરભુની સામે હું જોઈ રહ્યો. એ માણસને હવે થાક લાગ્યો હતો. એને જરાક કોઈકના આધારની જરૂર હતી. મહિનાઓ થયેલાં મારેલી રસવૃત્તિઓએ એના શરીરને છિન્ન ભિન્ન કરી નાખ્યું હતું–મહિનાઓ પછી, એકાદ ઘડી માટે, એને પોતાના સ્વજનની ગણાય એવી કોઈ શાંત છાયામાં બેસવાની કેવળ કુદરતી ઇચ્છા થઈ આવી હતી. વિજળીના જેવા આંચકા સહીને એનું શરીર હવે મૂર્છા અનુભવતું હતું. બાર રૂપિયા અત્યારે જ એના ખીસામાં ન હોત તો એ કદાચ નીચે તૂટી પડત.

§ ૫

એટલામાં યૌવનને ધરિત્રીથી રંગ્યું હોય તેવી પેલી રસમૂર્તિ પારવતી કાંઈક કામે ત્યાં આવી ચડી. એનો ઘટ્ટ વાદળી મખમલી કબજો ને આસમાની ચાદર એના દેહને ગજબનાક નશાના રંગે રંગી રહ્યાં હતાં. એટલી જ બેદરકારીથી — [illegible] જગાને એવી બેદરકારીથી — તે ત્યાં ઉભી રહી.

મારો જવાબ સાંભળવા ઉભો ન રહેતાં, [illegible] વધારે [illegible] સાફ કરવાના કામમાં પડી ગયો: ને [illegible] [illegible] ગોળીને સ્વચ્છ કરવા લાગ્યો. [illegible] [illegible] આવી રહી હતી. ધરડ — ધરડ — ધરડ. અને એ [illegible] [illegible] અનુરૂપ પ્રતિધ્વનિ હોય તેમ એ વધારે ને વધારે [illegible] એને બળી રહ્યો; ધ ર ડ . . . ધ ર ડ . . . ધ ર ડ.

[illegible]

[illegible]

માયા

ઈ. સ. ૧૮૫૭ના જમાનાની આ વાત છે. એ વખતે દિલ્હીમાં કિશોરીલાલ નામે એક ગવૈયો રહેતો હતો. જૂના મોગલ જમાનાની તાનસેની કલા એને વારસામાં કે ગુરુપરંપરાથી મળી છે એમ કહેવાતું; એ સાચું હો કે ખોટું પણ એના જર્જરિત ઘરમાં આમતેમ પડેલાં કેટલાંક વાજિંત્રો ઘણાં જૂનાં હતાં એ તો સાચું હતું. એની સારંગીનું આયુષ્ય કમમાં કમ દોઢસો વર્ષનું હતું. એની દિલરૂબા તો શાહજાદી જહાનઆરા પાસેથી સીધી ઊતરી આવ્યાનો એનો દાવો હતો. અને એવા તો બીજા એના અનેક દાવા હતા કે જે દાવા ખોટા હોવાનો એ કોઈક વખત એકરાર પણ કરતો. કિશોરીલાલ રંગીજંગી માણસ હતો અને સઘળા ગવૈયાની જેમ પોતાની ચીજ વિષે શહેનશાહ જેટલું અભિમાન રાખતો. રાયપિથોરા તરફના એકાંત ભાગમાં તે રહેતો, અને ઝાઝી લપછપ વિના પોતાની ગરીબીના અભિમાનમાં જ દિવસો ગાળતો. એ ગરીબ હોત તો તો એ ક્યારનો મરણ પામ્યો હોત; એ અભિમાની

હોય તો ગમે તેનું એને એક બે ચોપડી દીધી હોય: પણ એની ખુમારી ભરેલી ગરીબીમાં એક પ્રકારનું સામર્થ્ય હતું. એમ કહેવાય છે કે એની એક ઉસ્તાદી ચીજ માટે તો એણે ખુદ બાદશાહી વજીર . . . ને ના પાડી દીધી હતી. અને એ એના તાનમાં હતો ત્યારે ચોરી છૂપીથી સાંભળવા માટે બાદશાહી વજીરને પગે ચાલીને જવું પડ્યું હતું. સ્વેચ્છાથી વરેલી દરેક ગરીબીની આસપાસ આવું આવું કાંઈક લોકો પોતાની કલ્પનાથી પણ ઘડી કાઢે છે, એ સ્વીકારી લઈએ તો પણ, કિશોરીલાલના સ્વમાન વિષે સાચું કહેવાય તેવું હતું. વૃદ્ધની પાસે કંઈક ઉસ્તાદી ચીજો હતી. અને એમાંની કેટલીક તો ચાંદનીચોકમાંથી એણે ખરીદેલી હાથીદાંત પરની જૂની બાદશાહી છબીઓ સિવાય બીજાએ ભાગ્યે જ સાંભળી હશે. જો કે એના પાસે સાત આઠ વરસથી સતત અભ્યાસ કરતો એક જુવાન શિષ્ય એ વાતની ના પાડતો હતો. પણ એણે ઘણા પ્રેમથી બાદશાહી અવશેષની ઘણી ચીજો જાળવી હતી એ વાત સાચી હતી.

કિશોરીલાલનો જુવાન શિષ્ય સંગીતમાં તો અચ્છા ઉસ્તાદોની હરોલમાં બેસે તેવો હતો જ, પણ એ ઉપરાંત એ ક્યારેક માટીમાંથી સાચા રંગો બનાવી ચિત્ર ઉપર પણ હાથ અજમાવતો. કિશોરી એને ઘણી વખત વારતો કે ‘ ઉદાસી ! યે તુમ વ્યભિચાર કર રહા હો—એક કા પ્રેમ દૂસરી જગો પર દે રહા હો ! ’ પણ કિશોરીલાલ રાત્રે સૂઈ જાય ત્યારે ગુપચુપ ઊઠીને પણ જુવાન ઉદાસી એકાદ નૂરજહાં કે જહાનઆરા કે અર્જમંદબાનુબેગમની તસ્વીર કાઢવા પ્રયત્ન કરતો.

[illegible]

[illegible]

કિશોરીલાલ આવી ઉઠાડી કે [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible]
[illegible] હતો. [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible]
[illegible]
[illegible] પણ [illegible] [illegible] પણ [illegible] [illegible]
[illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કિશોરીલાલ પાસે
[illegible] તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] પણ આવતી. [illegible] [illegible] [illegible] [illegible]
દેહની [illegible] [illegible] આવતી હતી અને [illegible] [illegible]
જેમ એના [illegible] ઉપરથી અનેક [illegible] [illegible] થઈ
હતી. કવિની [illegible] [illegible] જેમ [illegible] [illegible] [illegible]
તેમ તેના મુખ [illegible] [illegible] [illegible] [illegible] હતા.
તેની દેહલતામાં ખાસ કરીને [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] વય જેવી [illegible] રેખાનું [illegible] [illegible] હતું.
વખતે ઉદાસી, માયાની સાથે [illegible] [illegible] [illegible] [illegible]

ફરતો. અને એક બીજાને સ્પષ્ટ સમજણ ન હતી, પણ બન્નેની એક બીજાને હૂંફ લાગતી હોય તેવું જણાતું હતું. ગવૈયો ઉદાસી પોતાના કામને ભૂલીને પણ, ક્યારેક માયાને મળવા આવતો. ધીમે ધીમે એના વિના ગવૈયાને સંગીતમાં પણ કાંઇક અપૂર્ણતા લાગતી હતી—અને પછી તો માયાને સંભળાવવા માટે જ એ ગાતો હોય એમ થવા માંડ્યું હતું. બન્ને નિર્દોષ મુગ્ધાવસ્થા વટાવી—પ્રેમપંથમાં પગ મૂકવાની તૈયારી કરી રહ્યાં હતાં.

જુવાન પુરુષ અને સ્ત્રી બોલ્યા વિના કેટલીક વાતો કરે છે એવી વાતો એ પણ ક્યારેક કરતાં ખરાં. કિશોરીલાલ અને રામકિશોર, બન્ને વૃદ્ધો, ઘણી વખત શિયાળાની ઠંડીમાં સગડી પાસે તાપતાં જૂના જમાનાના કથાભાગથી પોતાના અંતરમાં રસાયન રેડવા પ્રયત્ન કરતા, ત્યારે પોતાના ગાલ પરની લાલી પર જુવાન ઉદાસી જોતો હોય, એવું માયાને અચાનક લાગતું; અને એ જરાક હિંમત કરીને ઉંચે જોતી તો ત્યાં ઉદાસીની આંખો પકડાતી. અને ખૂબી એ હતી કે પકડવા ઇચ્છનારની પોતાની આંખો પણ ચોરી જ કરતી હતી. બે ચોર એક બીજાની ચોરી પકડવા વ્યર્થ પ્રયત્ન કરી રહ્યાં હતાં, અને એવા બે ગુપ્ત ચોરીમાંથી આશાનું એક કિરણ પ્રગટ થતું હતું.

જીવનની પ્રથમ મૂક જુવાની આવી પ્રગટ—અપ્રગટ પળોથી ધીમે ધીમે અંતરમાં પ્રેમનો વિકાસ અનુભવતી હતી. એવી પળોને એકદમ પ્રગલ્ભતાથી વ્યક્ત કરનારાં ઘણાં સ્ત્રીપુરુષો એ કાવ્યમય વાતાવરણ ગુમાવવા માટે પાછળથી પસ્તાયાં નથી ?

પણ આંહીં તો બન્ને મૂક હતાં. બોલતાં ન હતાં,
બીજાને ઘણું કહી રહ્યાં હતા. ગવૈયો ઉદાસી સ
જેવી આકર્ષક માયા માટે ગાંડો બન્યો હતો; ત
ને ગવૈયાએ મોહિની લગાડી હતી. એનું પરિણામ સ્પષ્ટ હતું

§ ૩

એટલામાં વાતાવરણ જ બદલાઈ ગયું. અંતર વલોવી નાખનારી આત્માર્પણની ઘેલછા ફેલાઈ ગઈ, અને ઘેર ઘેર જાતિ અને ધર્મ માટે આત્માર્પણની વાતો ચાલવા માંડી; મંગળ પાંડેના શરીરસમર્પણની કથા સંભળાતી હતી. હિન્દુ હો કે મુસલમાન–ધર્મ પહેલો, બીજું બધુ પછી. ધર્મ નહિ તો જાતિ નહિ–જાતિ નહિ તો દેશ નહિ. એવી વિચારપરંપરાથી આબાલવૃદ્ધ સૌ ભડકી ઊઠયાં; વાયવ્યપ્રાંતની 'ચપાટીઓ'માં જ્વાળામુખીનાં જાણે બિંદુ ભર્યાં હોય તેમ જ્યાં જ્યાં એ જતી ત્યાં ત્યાં એક મૂંગો સંદેશો લઈ જતીઃ 'લુખ્ખી ચપાટી પણ નહિ મળે!' એટલું નાનું સરખું કાવ્ય એક હૃદયથી બીજે હૃદય ફરી રહ્યું હતું. અને રોટલી વિના શી રીતે જીવાશે–એવી ભયંકર કાલ્પનિક ગરીબીએ સૌને ધ્રુજતાં કરી મૂક્યાં હતાં.

લખનૌ, અયોધ્યા, મિરત, કાશી, કલકત્તા; આખા ઉત્તરહિંદના જુદા જુદા સમાચારથી દિલ્હી ખળભળી ઊઠયું હતું. જુવાન ઉદાસી ધીમે ધીમે એ વાતોમાં રસ લેતો થઈ ગયો. નાનાસાહેબ–રંગબાપુજી–આઝિમઉલ્લાખાં–જમાદાર ઈશ્વરપાંડે–એવા મોટાથી માંડીને છેક નાનાં એવાં અનેક

નામો ચલણી સિક્કાની માફક દિલ્હીની બજારમાં અથડાવા લાગ્યાં. દિલ્હી ડોલંડોલાં થયું હતું. અને સાથે જુવાન ઉદાસી પણ એ ધૂનમાં ચડતો જતો હતો. મિરતની વાતોથી તો આખું દિલ્હી જાણે ફરી ગયું હતું. વાતાવરણ જ એવું શસ્ત્રોથી ભરેલું હતું કે ઉદાસીની કોઈપણ ઉસ્તાદી ચીજ એમાં શાંતિ આપે તેવું હતું નહિ. ઉદાસી સારંગીને બદલે શસ્ત્ર તરફ ખેંચાતો હતો. ત્યાર પછી તો વીજળીની જેમ એક પછી એક બનાવો બની જવા લાગ્યા. અસ્ત્રાગાર પડયું; અંગ્રેજો ભાગ્યા; વૃદ્ધ બાદશાહ બહાદુરશાહ ધ્રૂજતે હાથે લાકડીનો ટેકો લઈ સિંહાસન પર બેઠો—સૈનિકોએ ફરજ પાડયાથી; પણ એ ગમે તેમ હો, આખા દિલ્હીમાં નવું લોહી ને નવા ભય આવ્યાં હોય તેમ સૌ ચાલી રહ્યાં હતાં.

આ વાતાવરણની અસર ઉદાસીને પણ લાગી. આઠ આનાની બંદૂક અને ચાર આનાની તલવાર લઈ હરકોઈ માણસ ઘડીના છઠ્ઠા ભાગમાં સશસ્ત્ર સૈનિક બની દિલ્હીમાં પોતાને ઠીક લાગે તેમ જાત હોમવાની તૈયારી કરી શકતો. ઇરાનથી લશ્કર આવતાં હતાં.—તુર્કી લોકો મદદે દોડતા હતા—અને ફિરંગીઓ ઘડીના છઠ્ઠા ભાગમાં હતા ન હતા થઈ જવાના હતા. એવાં જાત જાતનાં ગપ્પાંથી—ખોટા વીરત્વથી—અને સાચી શ્રદ્ધાથી દોરાઈને અનેક જુવાનો પોતપોતાને ઘેર તલવાર ને બંદૂકની સજાવટ કરી રહ્યા હતા. આખું વાતાવરણ જ તોપોના અવાજથી ઘેરાયેલું હતું.

એક દિવસ સાંજે ઉદાસી ચુપચુપ બેઠો હતો—દરિયાગંજ તરફના માર્ગની પ્રતીક્ષા કરતો—એટલામાં માયા ત્યાં આવી પહોંચી. એણે આવીને ઉદાસીના કાનમાં બહુ જ ધીમેથી

કહ્યું ' મારે ત્યાં એક ફિરંગી સંતાયો છે.'

અત્યારે ગમે તેવા વિશ્વાસુ માણસને પણ કાનમાં આટલી જ વાત કહેવામાં આવે તો એ ઊભા થઈ આગળ આવતો. પણ ફક્કડ, મોચી અને બાગી-ઓમાંના ઘણાએ ફિરંગીઓને બચાવ્યા હતા. અને એવી જ કોઈ પ્રેરણાથી માચણે પોતાના કાકાની જાણ બહાર એક ફિરંગીને ખાટલા પાછળ મકાનમાં સંતાડ્યો હતો. હવે એને કેમ સહીસલામત રવાના કરી દેવો એ ચિંતામાં એણે સૌથી વધારે વિશ્વાસપાત્ર ઉદાસી તરફ નજર કરી હતી.

ઉદાસી બાબા તરફ જોઈ રહ્યો: 'અરે બાબા! તું શા શું બોલે છે તેનું તને ભાન લાગતું નથી.'

' બિચ્ચારો! ચાર દિવસ થયાં ઘામાં હેરાન થતો પડ્યો છે. એને પરદેશીને બીજું કોણ મદદ કરે!'

ઉદાસી બોલ્યાચાલ્યા વિના ઊભો થયો અને બાવાની પાછળ ચાલી નીકળ્યો.

' બિચ્ચારાની મડમ મરી ગઈ; છોકરું છૂટું પડી ગયું; પોતે ઘાથી ઘવાયો છે. હવે શું થશે!'

' માતા ભવાની ભોગ માગે છે '—અચાનક જ પોતાના સ્વભાવથી પ્રતિકૂળ એવું વાક્ય ઉદાસીથી બોલાઈ ગયું. બોલ્યા પછી તો એ પોતે પણ એનાથી ક્ષોભ પામ્યો હોય તેમ શાંત થઈ ગયો.

તોપોના અને બંદૂકોના અવાજથી વાતાવરણ ઘેરાઈ રહ્યું હતું. દૂર દૂર દરિયાગંજ તરફ માનવમહાસાગરનો ઘૂઘવાટ ગાજી રહ્યો હતો; ઠેર ઠેર ઘોડેસવારો ને સૈનિકો ઘૂમી રહ્યા હતા.

ઉદાસી માયાની સાથે વાડીને છેડે આવેલી ગંજીના વાડા તરફ ગયો. એ ભાગ નિર્જન ને એકાંત હતો. જૂના ખોખડધજ વડની છાયા સિવાય બીજું કોઈ આકર્ષણ ત્યાં ન હતું. કાંટા–વાડ–ઝાડ–ઝાંખરાથી ને ખાડા ટેકરાથી એ ભાગ ભરપૂર હતો. ત્યાં માયા ચુપચુપ ચાલી. પાછળ ઉદાસી ચાલ્યો.

'સંભાળજે!' માયાનો ચણિયો એક ઝાંખરામાં ભરાયો હતો. ઉદાસી ધીમે ધીમે પાછળ આવતો હતો, તેણે તેને મદદ કરી. બોરડીના કાંટા કાઢવાનો મહાવરો ન હોય તો પ્રેમના કાંટાની જેમ અંગ ઊતરડયા વિના તે બહાર નીકળતો જ નથી.

'આવા કાંટાથી જ રસ્તામાં બચવાનું છે.' ઉદાસી બોલ્યો અને એના દ્વિઅર્થી નહિ છતાં દ્વિઅર્થી શબ્દો સાંભળી માયાએ માયાથી ઉદાસીના વાંસા પર જરા ધબ્બો લગાવ્યો–કદાચ પહેલી જ વખત આ તોફાની વૃત્તિ એનામાં આવતી લાગી.

એટલામાં પાસેનો દુઃખ ભરેલો અવાજ સાંભળી બન્ને એ તરફ ગયાં. એક જુવાન અંગ્રેજ સિપાઈ ખાટલામાં પડયો પડયો દુઃખમાં રિબાઇ રહ્યો હતો. તેનું કપાળ, હાથ પગ, ઢીંચણ સઘળાં પાટામાં ઢંકાયાં હતાં. અસહ્ય વેદનાથી એ બૂમ મારતો હતો–અને બૂમ દાબવાની જરૂરિયાતનું ભાન હોવાથી આખા શરીરના પછાડા મારી તે દુઃખ વ્યક્ત કરી રહ્યો હતો. તેની ચારે તરફ ઘાસનો પથારો હોવાથી તે સ્થાન જેમ બને તેમ નજર બહાર રહેતું હતું.

ઉદાસી અંદર ગયો. તેણે ધીમેથી ખાટલા પાસે નીચે નમી અંગ્રેજ સિપાઈનો હાથ હાથમાં લીધો. તાવથી આખું

શરીર ધ્રધ્રગી રહ્યું હતું.

'ભાઈ!' કૃત્રિમ નહિ પણ રૂંધાયલા અવાજની મીઠાશથી આકર્ષાઈને સૈનિકે આંખ ખોલી નાખી–જોવા કે કોણ આવ્યું છે.

'પાણી!'

માયાએ પાણીનું પ્યાલું તેની સમક્ષ ધર્યું. થોડું પાણી પી પાછો તે જરા બેચેન જેવો પડયો રહ્યો.

'ભાઈ!'

સૈનિકે ફરી આંખ ખોલી. એ આંખમાં અજબ વેદના હતી–એવી વેદના કે એ દશ્ય નહિ જોવાયાથી ઉદાસી જરા નીચે જોઈ ગયો. એ આંખ કહી રહી હતી કે 'તમે મને જીવને જોખમે બચાવ્યો છે; પણ હવે આ શરીરને થોડી વાર આરામ લેવા દો–હવે એને હેરાન ન કરતા. હું હવે રજા લઉં છું!'

ઉદાસીએ અંગ્રેજ સામે જોયું.

અંગ્રેજે એની સામે જોયું.

'કયા મામલા હૈ? દારુખાનાકી હાલત?' અંગ્રેજે હાંફતાં હાંફતાં તૂટક સ્વરમાં પૂછયું.

'મામલા અબ ખતમ હો ગયા હૈ!'

'ખતમ?'

'અપનેવાલે દૂસરા લશ્કર, જો આનેવાલે થા, ઉસકા પત્તા ન મીલનેસે સબ અંગરેજ, શહર ખાલી કર અપની જાન બચાનેકે લીયે ચલ ગયે.'

'ઔર દારુખાના!'

'સબ જલ ગયા!'

'જલ ગયા ! કિસને જલાયા !'

'આપકે ફિરંગી અફસરકા હુકમસે જલા દિયા–કુછ ન બચા.'

અંગ્રેજે છુટકારાનો શ્વાસ લીધો. દારૂખાનું બળવાખોરોને લેવા ન દેતાં અંગ્રેજ સૈન્યે જલાવી દીધું હતું એ વિચારથી એને કાંઈક આશ્વાસન મળ્યું લાગ્યું. બીજું મદદે આવનારૂં લશ્કર પહોંચી ન શક્યું એટલે અંગ્રેજોને દિલ્હી તો છોડવું પડ્યું, પણ છોડતાં છોડતાં બની શકી તેટલી સેવા તે કરતું ગયું હતું, એ વિચારથી એને જરા શાંતિ થઈ. એના માનસિક પરિવર્તને શરીરપર તાત્કાલિક અસર કરી હોય તેમ લાગ્યું.

'આપકુ ઈધરસે ચલના હૈ ? મેં મદદ જરૂર કરૂંગા. ગાંવડેવાલે લોક ભી આપકે લીયે કુછ ન કુછ કરેંગે.'

'અબ હમેરેમેં તાકાત નહિ હૈ. હમેરા છોટા બચ્ચા આપકુ મીલ જાય–કભી મી લ જા ય–તો ઉસકે લીયે હમેરી ઈતની મામુલી ચીજ આપકી પાસ રખીયે.'

'ક ભી મી લ જા ય–' અંગ્રેજ સૈનિક વધુ બોલી શક્યો નહિ. એનો સ્વર રૂંધાતો હતો, અવાજ ઠરડાતો હતો, પણ વાક્ય તો હૃદયને હલાવી નાખે એટલી વેદનાથી ભર્યું હતું.

'ક ભી મી લ જા ય' અને એણે એક નાની શી વીંટી માયાના હાથમાં મૂકી. કોઈ કુશળ કારીગરે સુંદર રીતે કોરેલી એક નાની છબી–સ્ત્રીની–અંદર શોભી રહી હતી.

અંગ્રેજ સનિકે આર્દ્રતાથી માયાની સામે જોયું. એને શું કહેવું હતું એ કહ્યા વિના જ સમજાય તેવું હતું. માયાએ ભીની આંખે ડોક ધૂણાવી એને આશ્વાસન આપ્યું:

'બેન્કેશરી અખ્ત્રા.'

મૅનિક જવાબ આપી શક્યો નહિ.

મૅનિક માટે આશાપીરાનો અભિલાષ કરી જલદી જલદી ભર્યાં પગલાં હતાં. પાછા ફરતાં નેપથ્યે મૅનિક આવું જોયું, પણ તે સામેથી નીકળી ગયો હતો અને એના મોં પર કાંઈ વિષાદની છાયા પથરાની હતી. એ છાયામાં પણ 'હ ળી મી લ ન સ' એ શબ્દો સ્પષ્ટ હતા.

૧૪

ઉતારા પર પાછો ફર્યો ત્યાં એના ગુરુ શુકને સંગીતની આરાધનામાં તલ્લીન જોઈ એ બહાર ફરવા આવ્યો. એનું મન વ્યગ્ર બન્યું હતું. વાતાવરણમાં ગુંજી રહેલા શબ્દોએ એના પર જાદુઈ અસર કરી હતી. આજના અંગ્રેજ મૅનિ દારૂખાનાનો ઇતિહાસ જાણીને જે કાંઈ આશ્વાસન મેળવ્યું એ એણે નજરોનજર જોયું હતું. શ્રીમંત નાનાસાહેબને એણે એક વખત દિલ્હીમાં જોયા હતા. એણે મુગલનો વૈભવ અને અત્યારની ગરીબી–ગરીબી કરતાં પણ તિરસ્કાર–મેરકાર ને સ્વમાનની દરિદ્રતા જોયાં હતાં. એ હૃદયથી તો ક્યારનો યે કાશી–બનારસ–બિઠુર–ગંગાજમના–લખનૌ–અયોધ્યા એ નામોનો શોખીન બની ગયો હતો.

તે ફરતો હતો ત્યાં અર્ધો સૈનિક અને અર્ધો સાધુ જેવા એક માણસને એક ઝાડીમાંથી છૂપી રીતે પોતાના તરફ આવતો જોયો. એના મનમાં દહેશત લાગી કે નક્કી કોઈ બાતમીખોરને પત્તો મળવાથી તે આ તરફ અંગ્રેજ

સૈનિકની તપાસમાં આવ્યો છે. પણ પેલો માણસ નજીક આવ્યો ત્યારે તેને શાંતિ થઇ. આવનારનો ચહેરો સાધુ જેવો હતો. વેશ પણ સાધુ જેવો હતો. માત્ર એની આસ-પાસનું કાંઈક એ સૈનિક હોય એવી ભીતિ ઉત્પન્ન કરતું હતું; ખાસ કરીને એની ત્વરિત ચાલ અને સીધું અક્કડ શરીર.

આવનારે ઉદાસી તરફ જોઈને ધીમેથી પૂછ્યું: ' બ્રાહ્મણ છો ? '

જવાબમાં ઉદાસીએ ડોકું ધૂણાવ્યું.

' માતા ભવાનીને ઓળખો છો ? '

ઉદાસીના અંતઃકરણમાં એક ઝીણી રુદ્રલહરી પસાર થઈ ગઈ. બોલનારના અવાજ ને ઉચ્ચારણમાં એવી જાતની આકર્ષક શક્તિ હતી.

' હા. '

' આજે એ માતા ભવાની ભોગ માગે છે. જુઓ ! ' તેણે પોતાની ઝોળીમાંથી એક ચપાટી કાઢી: ' આ જોઈ ? લુખ્ખી સુક્કી ભાખરી પણ હાથમાં નહિ રહે—જો આ તક ગુમાવી તો. '

' હું તો સંગીતનો અભ્યાસી છું. મારે એ કામ નથી. '

' સંગીતનો ઉપાસક હો, તો તો, માતા ભવાનીની ખપ્પર ગાથા ગાઇને રોમરોમમાં વીરત્વ પ્રગટે એવી શક્તિ બતાવ. આમ શું કરે છે ? સંગીતનો ઉપાસક તો હું પણ છું. ભગવાન શંકરનું ડમરું વાગે છે ત્યારે હું પણ થીર રહેતો નથી. યુદ્ધભેરી ગાજે છે—જુવાન, આમ બેઠો છે શું ? આ રોટી જો—રોટી વિના તું શું સંગીત કરવાનો હતો ! '

બોલનારની વાણીમાં અજબ જાદુ હતું. ઉદાસી એની

સામે જોઈ રહ્યો.

'પણ તમે છો કોણ ?'

'હું ! અરે, હું ગમે તે હોઉં તેનું તારે શું કામ છે ? હું મારે માટે નહિ, તારે માટે તૈયાર થા. મેં ત્યાગેલા આનન્દ ભાંડ્યો છે, બંધ જ આ છે. કોઈ ક્યાંય નથી. રહેવાની પણ નથી.'

'નાનાસાહેબ પાસેથી આવો છો ?'

'હા, ને ના.'

'હું માનતો નથી કે મુકીભર માણસો ફિરંગીને કાઢી શકે. એવી ઘેલછા શું કામની ? હિન્દીનો આ જર્જરિત આઝાદ શું કરવાનો હતો ? અને તમારામાં તાકાત પણ શી છે ?'

જવાબમાં પેલો બેદરકારી ભરેલું હસ્યો: 'અરે આ તને કોણે શીખવાડ્યું ? દારૂગોળો અથવાય એમ નથી, એમ જ્યારે ખબર પડી, આ તારા હિન્દીના અન્ધારામાં જ, ત્યારે એક બહાદુર સૈનિક નીકળ્યો એ ખબર છે ના ? દારૂગોળાના ધુમાડા ભેગો એ પણ ધુમાડો થઈ ને ઊડી ગયો. એનું નામ મેં બરાબર યાદ રાખ્યું છે. રહેશે. કોઈકને તો હોમાવું જ પડશે—તે વિના દેશ ન બચે.'

ઊંડા મંથનમાં પડ્યો હોય તેમ ઉદાસી શાંત થઈ ગયો.

'જો ભાઈ, હું તો આસતો મુસાફર છું. જ્યાં કોઈક જોઉં છું ત્યાં ચપાટીપંથ ફેલાવું છું. પણ મારે વધુ વખત ગુમાવવા પોસાય તેમ નથી, મારે ઘણી ધરતી કાપવી છે. હું તો તને એટલું કહું છું : માતા ભવાની ખપ્પરભોગ માગે છે. બીજું કાંઈ તારાથી ન બને તો છેવટે એક ખપ્પરગીત તો લખી જાજે. કોને ખબર છે, કોઈક વખત કોઈક ગાશે. 'कालोह्ययं निरवधि विपुला च पृथ्वी'

'સંસ્કૃત ભણ્યા છો !'

ભણ્યો છું ને ભણાવ્યું છે, પાતંજલ યોગદર્શન પણ જોયું છે. તને એમાંથી એક સંદેશ આપીને જાઉં. 'આત્મા સ્વતંત્ર છે, મુક્ત છે. એને બંધન હોય નહિ.'

મુસાફરે જવા માટે પગ ઉપાડ્યો. પણ ઉદાસી એની અજબ રીતથી મંત્રમુગ્ધ બની ગયો હતો. તેણે મુસાફરની ઝોળી પકડી :

'પણ મને સમજ તો પાડો. મારા વૃદ્ધ ગુરુનું શું !'

'માતા પહેલી–પૃથ્વી પહેલી–ધરતી પહેલી; બીજું બધું પછી.'

'અને માયા–' પોતે શું બોલતો હતો એ ભાન આવતાં ઉદાસી બોલતાં અટકી ગયો. મુસાફર કાંઈ સમજ્યો નહિ, પણ તેણે જવાબ વાળ્યો:

'માયા–બીજી માયા મળશે. તારે પુરુષને વળી માયાનો મોહ શો ? બસ હવે–' મુસાફરે તો માયાનો સામાન્ય અર્થ –લક્ષ્મી–સમજીને કહી નાંખ્યું હતું. અને તે ત્વરિત ગતિથી ચાલ્યો ગયો. એ કોણ હતો તે ઉદાસીને ખબરે ન પડી. એણે ચપાટીની વાત સાંભળી હતી–પણ આજ નજરે જોઈ. જાણે બીજો જ ઉદાસી બની ગયો હોય તેમ એ દિઙ્મૂઢ બનીને ઊભો રહ્યો, ને પછી ધીમે પગલે માયાની વાડી તરફ ચાલ્યો ગયો.

§ ૫

ઉદાસી ચાલી રહ્યો હતો, પણ એના કાનમાં પેલા

અજાણ્યા મુસાફરના છેલ્લા શબ્દો ગુંજી રહ્યા હતાઃ ' માતા ભવાની કે ખપ્પર મેં કોઇ અયસી મામૂલી ચીજ નહિ રખનાં. ઉસમેં તો અચ્છેમેં અચ્છે ખમીર દેના ચાહિયે.'

અને એમ ને એમ એ માયાની વાડી પાસે આવ્યો.

અંગ્રેજ સૈનિકની ખબરઅંતર કાઢીને પાછી ફરતી માયાએ તેને દૂરથી જોયો. તે તેની પાસે દોડી.

' ઉદાસી ! પેલો સૈનિક બિચારો વધુ માંદો થતો જાય છે. ફરી શકે તેમ નથી. આપણે એને જાળવવો જ પડશે.'

પણ ઉદાસીનું લક્ષ એની વાતમાં ન હતું. એ અત્યંત ગંભીર હતો. એણે અચાનક માયાના ખભા પર હાથ મૂક્યોઃ ' માયા, ન કરે નારાયણ, ને હું જાઉં તો તું આપણા વૃદ્ધ ગુરુને જાળવજે.'

' તું ક્યાં જવાનો છે પણ ? કહે તો ખરો !'

ઉદાસી કાંઈ બોલ્યો નહિ. તે માયા સામે જોઈ રહ્યો.

' અને આપણે કદાચ ન મળીએ . . .'

' હું તને નથી સાંભળતી, જા. આવ્યો છે મોટો જોશી થઈ ને !' માયા તેને હેતથી હડસેલો લગાવીને ખસી ગઈ.

' જો, માયા, મારે લખનૌ-બનારસ-અયોધ્યા જોવાં છે. હું ત્યાં જવાનો છું. મને એ બધાં બોલાવી રહ્યાં છે.'

' અને આંહીં !' માયાને હવે ખરેખર વાતની ગંભીરતા સમજાઈ.

' આંહીં તું રહેજે-વાડી સાચવજે-ગુરુને સાચવજે-હું પાછો આંહીં આવીશ. અને કદાચ આપણે ન મળીએ તો-કદાચ હું રણમાં પડું તો-'

માયાનો ચહેરો પડી ગયો. તે ગંભીર બની ગઇ. હવે

એને ઉદાસીની ઘેલછા સાચી સમજાઇ ગઈ.

'અને કદાચ ન મળીએ તો, માયા, સામેના નિરભ્ર ભૂરા આકાશમાં પેલા બે તારા કેવા સુંદર શોભી રહ્યા છે–તું એ જો !'

પણ હવે માયા ત્યાં વધારે વખત થોભી શકી નહિ. એનું હૃદય સ્થિર ન હતું. તે આંખ આડે બે હાથ દઈને બોલતી બોલતી દોડી ગઇ.

'તું જતો નહિ–તું જતો નહિ. હજી તો આપણે આ મરણપથારી પર પડેલા સૈનિકના બાળકને શોધીને એને એની માની પેલી છબી આપવી છે. તું જતો નહિ.'

સુંદર ચાંદનીમાં એની રેખાદેહ અત્યંત મધુર લાગતી હતી. હવામાંથી હજી અવાજ આવતો હતો: 'તું જતો નહિ–જતો નહિ–સવારે મને મળજે. આપણે પેલી છબી . . .'



બીજે દિવસે સવારે નિયમ પ્રમાણે માયાએ ઉદાસીની રાહ જોઈ, પણ ઉદાસી આવ્યો નહિ. કદાચ કામમાં હશે એમ ધારી તે પેલા ઘાયલ સૈનિકની સારવારમાં પડી ગઈ. સાંજ પડી પણ ઉદાસીનાં દર્શન ન મળે. રાતે ચાંદની ખીલી; આકાશમાં તારા અને રજની આવ્યાં; વૃક્ષોએ માયાવી રૂપ ધર્યું; પૃથ્વી જાણે હસી રહી; પણ ઉદાસી ક્યાંય દેખાયો નહિ. ગયો કે શું ? એવી આશંકાથી આઘાત પામતી માયા કિશોરીલાલને ત્યાં ગઇ, પણ ત્યાં કોઇ હતું નહિ. માત્ર વૃદ્ધ ગવૈયો એકલો પોતાની ધૂનમાં બેઠો હતો.

કોઈ અજબ સ્વરમાં ગવૈયો 'ભૈરવપ્રશસ્તિ' ગાઈ રહ્યો હતો. જાણે આકાશમાંથી શંખધ્વનિ થતો હોય–રણભેરી વાગતી હોય–એવી ભીષણ સ્હામટી ત્યાં ફેલાઈ રહી હતી. ભગવાન શંકર યોગનિદ્રામાંથી જાગી ડમરૂ હાથમાં લઈ ધરાને જગાડે તેમ ગવૈયો આજે ધરતીને જગાડી રહ્યો હતો.

માયા ત્યાં ઊભી રહી શકી નહિ– ગવૈયાની સ્હામટીથી એનું રૂંવેરૂંવું ઊભું થઇ ગયું હતું. ગવૈયાને પૂછી પણ શકી નહિ. અત્યંત ઉદાસ થઇને તે પોતાની વાડીમાં પાછી ફરી. પણ તેનું અંતર–હૃદય ગવૈયાના સ્વરસ્વરમાં અથડાતું હતું. તેના વૃદ્ધ કાકાએ એને શાંત–ચુપચુપ–ઉદાસ બેઠેલી જોઇ કહ્યું: 'બેટા, હવે હમણાં ત્યાં જતી નહિ. એને બીજી ખબર ન હતી, પણ ગવૈયો આવી 'ભૈરવપ્રશસ્તિ' ગાતો ત્યારે એમાં વીજળીના કડાકા જેવા આઘાત ભરેલા રહેતા એટલું એ જાણતો.

ભૈરવપ્રશસ્તિમાં પડેલા ગવૈયાને તો ઉદાસી વિષે કાંઇ પૂછી શકાયું નહિ. પણ માયાને મૂંગા મૂંગા અંતરમાં સમજ પડી ગઇ હતી કે ઉદાસી ક્યો–તે ગયો. કાકાએ એની દિલગીરીને હેતુ જાણ્યો નહિ; પણ એની વાડી અને ગવૈયાની ઝૂંપડી વચ્ચે પડેલા જે પ્રેમવ્યવહાર હતો તે હમણાં અટકી પડ્યો હતો તેથી આ દિલગીરી છે એમ એણે અનુમાન કર્યું. એણે પોતાની રીતે નવા નવા છોડ અને, એની નવી નવી ખૂબી વિષે પોતાની ભત્રીજીને અનેક વાતો કરી, પણ છતાં એના આંતરમંથન વિષે એ કાંઇ જાણી શક્યો નહિ. અને માયા પોતાના અંતરમાં જ પોતાના વિષાદ સમાવી રહી.

બળવો શમ્યા પછી ઘણા દિવસે કોઈએ હરદ્વારી મેળા
વાત કરી હતી કે ગવૈયા કિશોરીલાલે ભૈરવપ્રશસ્તિ ગા
એના એકના એક શિષ્ય ઉદાસીને રણભેરી લેવા ઉસ્કે
મૂક્યો અને રાણી લક્ષ્મીબાઈએ એ ભૈરવગાનની છાયા પે
ઉદાસી પાસેથી સાંભળી, રણચંડીનું સ્વરૂપ નિર્માણ ક
પણ એ તો બધાં ગપ્પાં.

ઉદાસી ગયો તે સાચું, પાછો ફર્યો નહિ તે સાચુ
અને એકલી અટૂલી માયા–ઘણી વખત–ઘણી વખત–એ
વાડીમાં ઉદાસ બનીને બેસતી ત્યારે એના કાનમાં જાણે એ
મૃદુ અવાજનો વિષાદભર્યો પડઘો સંભળાતો:

'અને કદાચ આપણે પાછાં ન મળીએ–તો માય
સામેના નિરભ્ર આકાશમાં પેલા બે તારા કેવા સુંદ
શોભી રહ્યા છે–તું એ જો!'

તોફાન

'હુવે તોફાન કરીશ !'

અરધી દુનિયાને ગુલામ બનાવનાર શબ્દના અવાજથી ઠીકરા ભેગા કરવાના પડતા મૂકીને બહારથી જ્યોતિ અંદર આવી. મા ધનંજયના બે હાથ પકડી પૂછી રહી હતીઃ

'હવે તોફાન કરીશ !'

તોફાન વિષેની પોતાની અને માની માન્યતા જુદી હોવાથી–કદાચ તોફાનનો અર્થ જ નહિ સમજવાથી–'હા' અને 'ના' એ બે શબ્દ વચ્ચેની ગભરાટ ભરેલી સ્થિતિમાં ધનંજય ઊભો હતો. એ અનિશ્ચયાત્મક સ્થિતિ દુરાગ્રહ છે એમ માની મા વધારે જોરથી બોલી :

'બોલ, હવે તોફાન કરીશ !'

આના કરતાં ઠીકરા ભેગા કરવા વધારે ઉપયોગી છે એમ ધારી જ્યોતિ પાછી બહાર ચાલી ગઇ.

જ્યોતિને બહાર જતી જોઈ ધનંજયને અચાનક નવું



એનું મગજ કામ કરતું અટકી ગયું. એને ઝોકાં આવવાં લાગ્યાં ને તે ખાધા વિના જ સૂઇ ગયો.

બીજે દિવસે એ ઊઠ્યો ત્યારે ઝાડ નીચે પુસ્તનુમા તડકો આવી ગયો હતો; કુરકુરિયાં દોડતાં હતાં; એણે ઓશરીમાં ઊભાં ઊભાં જ—એ ટીપ્પુ, એ ટીપ્પુ કહીને એક કુરકુરિયાને બોલાવવાનું શરૂ કર્યું ને પેલું બચ્ચું દોડતું દોડતું ઓશરીના કાંઠા સુધી આવ્યું—ત્યાં તો 'મારા પીટયા—હજી માનતો નથી કે? કૂતરાંને ઘરમાં ઘાલવાં છે?' એવા અવાજ સાથે ધબ્બો પડતો પડતો રહી ગયો. ધબ્બો પડયો નહિ-પણ પડવાનો હતો એ ભય માત્રથી ધનંજય ધ્રૂજી ઊઠ્યો. તેને લાગ્યું કે ચુપચુપ બેસવા જેવી મજા નથી—એ પાછો ઓશરીમાં બેસી ગયો. ને એના નાના મગજમાં ચડેલા થાકથી એ ફરી ઝોકાં ખાવા લાગ્યો.

એટલામાં એનો બાપ નીકળ્યો, એણે કહ્યુ: 'એલા અત્યારે સુવાય કે?—જા, બહાર જા. રમવા જા.'

ધનંજય બહાર રમવા દોડતો હતો ત્યાં માએ કહ્યું, 'જો, મારો પીટયો, વળી દોડયો કે!'

'મેં કહ્યું છે.' બાપે કહ્યું.

'તમે શું કહ્યું છે? તમે જ એને ચડાવો છો—તમને બાપડાને છોકરાં સાચવવાં પડતાં હોય તો ખબર પડે.'

બૈરાં એમ માને છે કે પુરુષને છોકરાં સાચવતાં આવડતાં નથી; પુરુષ એમ માને છે કે સ્રીને છોકરાં સમજાવતાં આવડતાં નથી; ખરી વાત એ છે કે બન્નેમાંથી એકેને છોકરાં સરજતાં આવડતાં નથી.

ધનંજય આ સંવાદનો રસાસ્વાદ લેવા ઊભો ન રહેતાં

દોડયો ગયો.

ધનંજય રમતો હતો એટલામાં એનો પગ કૂતરાની પૂંછડી પર પડ્યો. ને કૂતરાએ કરડવાનું તો ન કર્યું પણ ડાંઉકારો તો કર્યો. ધનંજય રડ્યો. ને રડતો રડતો મા પાસે ગયો.

'મારો પીટયો–કરડયો નાં તારો ડાહ્યો!' ને માએ એને માર્યો.

માએ માર્યો કારણકે એક બબલી પાછળ, અને બીજી બબલી આગળ, ને ત્રીજી બબલી પડખે–ને ચોથી બબલી નહિ પણ બબલીનો બાપ, બબલી જેવો, ઢંગધડા વિનાનો, ઘરમાં કઈ ચીજ ક્યાં પડી છે તે ભાન વિનાનો–સઘળાં માને સતાવી રહ્યાં હતાં. દારૂ જેમ મજૂરનો શ્રમ ઉતારે છે, તેમ માર સ્ત્રીઓનો કંટાળો દૂર કરે છે.

ત્યાર પછી ધનંજય સમજી ગયો કે બહુ બહાર રખડવાથી માર પડે છે એટલે એ બબલી સાથે હમેશાં એક રૂમમાં રમવા પેસી જતો. પછી તો એને જમાડવા માટે પણ બૂમ પાડવી પડે. માને લાગ્યું કે છોકરો ડાહ્યો થઈ ગયો છે.

એકાદ પખવાડિયા પછી, કાંઈક નિરુત્સાહી છોકરાને દવાખાને ન લઈ જવા માટે, મા બાપને ઠપકો આપી રહી હતી. એટલે ધનંજય બાપ સાથે દવાખાને ગયો; 'વ્યાધિ હજાર પણ ઔષધ બાર' જેવું કોડલીવર સૂચવાયું. એક બાટલી ખરીદાઇ. રસ્તે ચાલતાં છોકરાએ પૂછ્યું: 'બાપા! પેલા ઝાડ પર શું બેઠું છે?'

ઝાડ પર સમળી બેઠી હતી. ઊંચે જોયા વિના જ બાપે કહ્યું, કાગડો. સામેથી 'જે જે' ના અવાજ સાથે કાંઈક

મંદ હસતા મગનદાસ ઊભા હતા.

'કેમ માસ્તર સાહેબ! કેમ છે! હવે અમારો ધનંજય તમારી નિશાળે આવવાનો છે તો! કેમ ધનંજય!'

ધનંજયે સમજ્યા વિના હા પાડી.

બીજે દિવસે મા ધનંજયને ધમકાવી રહી હતી: 'આ પીવા તો જ મળશે, જો, આટલી ચમચી ચાટીશ તો.'

વીરાંગના

કેસરગઢની એક બાજુ ગાઢ જંગલ ઝૂકી રહ્યું છે અને બીજી બાજુ ડુંગરાઓની પરંપરા ચાલી જાય છે. થોડે દૂર રામપુરા નામે ગામ છે. આ બન્ને ગામના નાના જાગીરદારો વચ્ચે વંશપરંપરાથી વૈર ચાલ્યું આવતું હતું. જ્યારે જ્યારે જાગીરદાર મરવા પડે ત્યારે પોતાના દીકરાને પ્રતિજ્ઞા લેવરાવે: 'રામપુરા સાથે હડહડતું વૈર હું ચાલુ રાખીશ.' આ પ્રમાણે ત્રણ પેઢી પસાર થઇ ગઇ હતી અને અત્યારે ચોથી પેઢીમાં પણ એ જ વૈરનાં બીજ એમ ને એમ સાબૂત પડયાં હતાં.

કેસરગઢના જાગીરદાર–સરદાર કલ્યાણસિંહને પુત્ર ન હતો. પણ તેની પુત્રી સજજનકુંવર પુત્રની ખોટ જણાવા દે તેવી ન હતી. કેસરગઢનાં જંગલોમાં સજજનકુંવર પોતાના પિતા સાથે વારંવાર શિકાર કરવા જતી. છેટેથી કદાચ એના કાળીનાગ જેવા ચોટલાની એકાદ લટ છૂટી દેખાય તો ભલે, બાકી તે ઘોડા પર એવી અચ્છી સવારી કરતી, અને તેનો

તેમ પણ એવો અનોનૂપ પુરુષ જોવો હતો કે કોઇ તેને સ્ત્રી ધારે જ નહિ.

તે અસલ રજપૂતાણી હતી. એની અણિયાળી આંખમાં જાણે કસ્તુરી ઓગાળીને કાજળ પૂર્યું હોય, તેવી નૈસર્ગિક મોહક રેખા હતી. પ્રફુલ્લ ચહેરા પર એટલી ધીરજી હતી કે પુરુષોને તેની પાસે ઉભા રહેતાં નાનમ લાગે. જ્યારે તે ઘોડા પર બેસીને કેસરગઢમાંથી બહાર નીકળતી, ત્યારે જાણે લડાઇની અધિષ્ઠાત્રી દેવી પોતે પૃથ્વી પર્યટન માટે નીકળી હોય, એટલું ગૌરવ એના અંગેઅંગમાં શોભી રહેતું; આટલું છતાં સૌંદર્ય કોમળતાને જરા પણ ગૌણપદ ન મળતું.

એના હૃદયમાં મૃદુભાવો ભર્યા હતા અને જ્યારે એના ચહેરા પરથી ગૌરવ સરી જતું, ત્યારે જાણે અઢાર વર્ષની કોમળ નવવધૂ પોતાનો ઘુંઘટ ખોલીને મંદમંદ હસી રહી છે એમ લાગે. માધુર્ય અને વીરશ્રીનો ક્યાંક જે વિરલ મેળાપ કુદરત કરે છે, તેવો મેળાપ આ રાજપૂતાણીના ચહેરામાં હતો–કેસરગઢની ઘણી સ્ત્રીઓ એને વારંવાર નીરખ્યા કરતી, ને તે પુરુષ નથી એમ જાણવા છતાં, 'રહ્યું, આ એ સામુ જુએ છે, ત્યારે જાણે કાળજું વીંધી નાખશે એમ લાગે છે!' એવું બોલ્યા વિના રહી શકતી નહિ. એ વાક્યમાં ખરી રીતે તો સ્ત્રીનું તત્ત્વજ્ઞાન ભર્યું છે. સ્ત્રીઓને એકલા માધુર્યમાં આનંદ આવતો નથી. એકલી શૂરવીરતા પણ તેમને ફાવતી નથી. આ બંનેનો મેળ હોય એવા પુરુષત્વભર્યા માધુર્યમાં સ્ત્રીઓને આનંદ અને આશ્રય બન્ને મળી રહે છે.

સજ્જન, કલ્યાણસિંહ સાથે ઘણી વખત કેસરગઢના

જંગલોમાં શિકાર કરવા જતી. એની તલવારનો ઘા અચૂક હતો એ સિદ્ધ થઈ ચૂક્યું હતું.

એક દિવસ આ પ્રમાણે સજ્જન પોતાના પિતા સાથે શિકાર ખેલતી હતી ચારે તરફના જંગલોમાં ખોખડધજ ઝાડો ડોકિયાં કરી ઉભાં હતાં; ભયંકર વાંકળાઓ ગર્જન કરી કરી દોડ્યા જતા હતા; આખું જંગલ બોલતું હોય, એવો અવાજ થઈ રહ્યા હતો; ને સામે કાંઠે મોટી મોટી બો ને બખોલો, મનુષ્યને ગળી જાય તેવાં કોતરો, ને તેની પેલી મેર, જોતાં છાતી ફાટી જાય તેવા ભયંકર ખોડા ખડકોની પરંપરા આવી રહી હતી.

સજ્જન અહીં પોતાનો શિકાર શોધતી ફરતી હતી. કલ્યાણસિંહ ઘણે દૂર પાછળ ઘૂમતો હતો. એક જગ્યાએથી તે પસાર થઈ કે તરત જ ઘરરર અવાજની સાથે એક વાઘ તેના પર કૂદી પડ્યો. હમેશના પરિચયથી આ જંગલી પ્રાણીઓ પણ સજ્જનને ઓળખતાં થઈ ગયાં હતાં; અને એ નીકળે ત્યારે પ્રથમ હલ્લો કરવામાં જ ફાયદો છે એ સૌ સભા ભર્યા વિના જ સમજી ગયાં હતાં. વાઘ પ્રચંડ હતો; અને તેનો હુમલો પણ વેગભર્યો હતો. રજપૂતાણીની ઘોડીને તે વળગી પડ્યો હતો, પણ સજ્જનના મોં પર ગભરાટ કે ઉતાવળને બદલે રણકુશળ યોદ્ધાના જેવી ચપળતા અને સમયસૂચકતા હતાં; તેણે પોતાનું માથું જરા ઉંચું કર્યું, કપાળ પર આવતી એક બે લટ પાછી સરી પડી; ને તેણે તરત જ પોતાની પાસેનો સોનેરી મૂઠવાળો ભાલો વાઘની મોંફાડમાં ખોસી દીધો. આ હુમલાથી વાઘ યમના જેવું ભયંકર રૂપ ધરી, ઘોડીને છોડી, રજપૂતાણી તરફ ઉછળ્યો-

રજપૂતાણીએ મદદની બૂમ મારવામાં કે હાથથી નિશાની કરવામાં કે આંખના અણુસારાથી પણ કલ્યાણસિંહ ક્યાં છે એ જોવામાં એક પળ પણ ગુમાવી નાહ. અત્યારે જીવનનો હિસાબ પળપળમાં હતો. તેણે વાઘને જેમ વધારે ભયંકર સ્વરૂપમાં દીઠો તેમ તેની આંખમાં વધારે ને વધારે તેજ ને નિશ્ચય આવ્યાં. પણ કલ્યાણસિંહ બહુ દૂર હતો, ને કદાચ સજ્જન વાઘને મારી દેત તો પણ પોતે મૃતપ્રાય થઈ જાત; તે વખતે અચાનક જંગલમાંથી એક જુવાન રજપૂત નીકળી આવ્યો. અગ્નિના તણખા જેવા રજપૂતે પોતાનો ઘોડો તરત જ તેના તરફ દોડાવ્યો. વાઘના ભયંકર દાંત રજપૂતાણીના આરસી જેવા ચહેરામાં ચોખ્ખે ચોખ્ખા પ્રતિબિંબિત થયા હતા, ને એક ઘડીમાં વાઘનો આગળ વધેલો પંજો તેના માથા પર પડ્યો હોત; તે વખતે રજપૂતે તલવારના એક ઘાથી વાઘને ભોં ભેગો કરી દીધો. મરતા પ્રાણીએ ઉપર બિચારી ઘોડીને એટલા ક્રોધથી પીંખી નાખી હતી કે તેને તરત જ મારી નાખવી પડી. સજ્જને પોતાના જીવનદાતાને જોવા પ્રયત્ન કર્યો, પણ તે તો જેવો આવ્યો તેવો જ વેગભર્યો ઘોડો દોડાવતો ચાલ્યો ગયો હતો. તેના આસમાની રંગના ઝભ્ભાની કોર માત્ર દેખાતી હતી.

પણ તે રામપુરાનો રાઠોડ સરદાર સાગર છે એ તેના ઘોડાના રંગ પરથી અને બીજી નિશાનીઓથી ચોખ્ખું માલૂમ પડી આવ્યું હતું. કલ્યાણસિંહ મદદે આવી પહોંચ્યો હતો તેણે પણ જોયું કે પોતાનો વંશપરંપરાનો દુશ્મન રાઠોડ સરદાર પોતાની પુત્રીને જીવિતદાન આપી ચાલ્યો ગયો છે. તેની રજપૂતવટ વંશપરંપરાના શૌર્યના દૃહાઓ પર રચાયલી

એટલે પોતે નમે ત્યારે પોતાનાં પાંચ હજાર વર્ષ નમે છે એવી માન્યતા પર તેનું નાનું સિંહાસન ટકી રહ્યું હતું. કલ્યાણસિંહને પોતાના ઉપર એક રાઠોડ ઉપકાર કરી જાય તે કરતાં સજ્જનની દેહલતા પર વાઘના પંજા પડયા હોત તે વધારે ગૌરવભર્યા લાગત.

વૃદ્ધ કલ્યાણસિંહ સજ્જન પાસે આવ્યો ત્યારે તેના હૃદયમાં સજ્જનના પ્રાણ બચ્યા તેનો આનંદ ન હતો. તેના ચહેરા પર પોતાના અભિમાનને જે ઘા પડયો તેની તાજી નિશાની હતી.

રજપૂતને લાગ્યું કે રાઠોડ પોતાને બરાબર ઘા મારી ગયો છે. તે સજ્જન પાસે આવ્યો ત્યારે તેનો ચહેરો વધારે કડક હતો. ને હમેશાં વાંકા રહેવા સરજાયેલાં નેણમાં માનભંગ થયાની ગ્લાનિ હતી. રજપૂતાણી પણ તેની જ પુત્રી હતી. તેણે પણ પોતાને જે વીતી તે વિશે એક પણ સખુન કહ્યો નહિ; અથવા તો એના હૃદયનો એક પણ બંધ ઢીલો પડીને પિતા પાસે મૃદુતા ધારણ કરી રહ્યો નહિ. તે પણ એવી ને એવી અડગ ઉભી રહી. પાસેથી એક ઊંટ જતું હતું તેના પર સવારી કરી તે પિતાની સાથે ચાલી નીકળી.

પણ જ્યારે રૂપાળી રાત્રિ ઉઘડી ને નાના નાના ફૂલ જેવા તારા રમવા આવ્યા, ત્યારે સજ્જન પોતાના શયનગૃહમાં આકાશના એક તરફ એકી ટશે જોઇ રહી હતી.

તે પોતે વીરત્વની પિછાન તો માતાના દૂધમાંથી પામી હતી. એટલે આજના બનાવ પર ધ્યાન કરતાં સાગરનો અને મરદનો જેવો દેખાવ તેની નજર આગળ તરી

આવ્યો. તેનું તેનો ઘોડો, તેનાં હથિયાર, તેની પોશાક પર બેસવાની છટા અને સુંદર મુખાવનમાંથી રૈભાવ ઝરતો જોયાં હતાં. કલ્પના પાણી પાય છે ને પ્રેમના છોડ હજારો વર્ષ કર્યાં એવા ને એવા તાજા રહે છે. પ્રેમ જ્યારે જૂનો થશે ત્યારે પૃથ્વીનો છેલ્લો દિવસ હશે. આ રજપૂતાણી આવી વીરરસ ભરેલી હતી એટલે એના હ્રદયમાં સ્વયંભૂ પ્રેમના કુમળા અંકુર ઊગ્યા. ઊંડા પેસી ગયા. એનો પ્રેમ તો એના વીરરસ જેવા—હ્રદયમાંથી ઉજળાં જળનું જેવા—આપણી ગંગાની ધારા જેવા—પ્રગટ થયો. એને લાગ્યું કે સાગરની પોશ પર બેસવાની છટા પોતાને અનુકરણ કરવા જેવી છે. અનુકરણ એ પ્રેમનું બીજું નામ છે.

હવે એની આંખ જ્યારે આકાશના તારા પર ફરતી, ત્યારે તેમાં સાગરનાં દર્શન થતાં. જેવો તેનો પ્રેમ હતો, તેવો અફર તેનો નિશ્ચય હતો. જીવનને હાથમાં રમાડનારાં માણસો જ્યારે પ્રેમ કરે છે, ત્યારે તેમના પ્રેમની ધૂન આકાશથી પાતાળ સુધી એક સ્વરૂપમાં ફેલાઈ રહે છે. રજપૂતાણીએ નિશ્ચય કર્યો કે રાઠોડને એક વખત તો મળવું જ.

પણ રાઠોડને મળવાના બધા પ્રયત્ન નકામા ગયા. તેના બાપે તેના પર એવી ચોકી રાખી હતી કે તેની જાણ વિના એક તણખલું પણ હાલે તેમ ન હતું. કેટલાક મનુષ્યો નિષ્ફળતાથી ઢીલા પડે છે; પણ કેટલાક જેમ નિષ્ફળ થાય તેમ બમણા ઉત્સાહથી આગળ વધે છે. સજ્જન જેમ જેમ પોતાના યત્નમાં નિષ્ફળ થઈ, તેમ તેમ, વધારે ને વધારે ઉત્સાહ રાખતી ગઈ. હજી જ્યારે પોતાના બચાવની વાત

નીકળતી, ત્યારે તેના પિતા હાડા કલ્યાણસિંહના ચહેરામાં એટલી જ અડગતા દેખાતી. પણ સજ્જન પોતાના હૃદયમાં રાઠોડનું નામ એમ ને એમ જાળવી રહી હતી.

એક દિવસ વળી તે શિકાર ખેલતી હતી. તેણે એક જંગલમાંથી નીકળતાં થોડે દૂર એક રજપૂત સવાર જતો જોયો. રજપૂત ઉપર લૂંટારાઓ તૂટી પડયા હતા. તે પોતાના રક્ષણ માટે તલવાર કાઢીને ઘૂમી રહ્યો હતો. સજ્જને પોતાનો ઘોડો મારી મૂકયો. તેણે જે પહેલું તીર છોડયું તે લૂંટારાના સરદારને બરાબર કપાળમાં લાગ્યું ને તે તરત જ મૃતપ્રાય થઈ નીચે ઢળી પડયો.

બીજા મદદે આવે છે તે જોઇને લૂંટારાઓ એકદમ પલાયન કરી ગયા. સજ્જન ત્યાં પહોંચી ત્યારે તેણે એક બહાદુર જુવાનને નીચે લોહીમાં પડેલો જોયો, તે એકદમ ઘોડા ઉપરથી ઉતરી અને પાટો બાંધવા પાઘડી ફાડી. રજપુત બીજો કોઇ નહિ પણ તેની કલ્પનામાં ઘૂમનાર રાઠોડ સરદાર સાગર હતો.

સાગરને એક પાલખીમાં બેસારીને સજ્જન લઇ ગઇ. હાડા કલ્યાણસિંહે ઘાયલ શત્રુની સારવાર કરવાનો અતિથિધર્મ તો પ્રેમપૂર્વક બજાવ્યો. પણ જ્યારે તે સાજો થાય ત્યારે તેની સાથે તલવાર લઇને ઘૂમવાનો તેનો નિશ્ચય તો અફર જ રહ્યો.

આ સારવાર કરવાનું કામ સજ્જનના હાથમાં હતું.

§ ૨

સાગરના ઘા રૂઝાવા આવ્યા હતા અને કાલે સવારે તે ઘેર જવાનો હતો. આજે કલ્યાણસિંહ હાડાના ઘરમાં તેની છેલ્લી રાત્રિ હતી. સારવાર કરતાં સજ્જનનાં નેણ તો તેણે જોયાં હતાં; તેણે સજ્જન સામું જોયું ત્યારે તે નીચા નેણે તેની સામે ઉભી રહી હતી અને પાટો બાંધતાં-ઉખેડતાં તેના કોમળ હાથ ઉપર રાહોડે એક વખત પ્રેમભર્યો હાથ મૂક્યો ત્યારે પણ સજ્જન માત્ર મીઠું હસીને પોતાનું મોં છૂપાવી ગઇ હતી.

પ્રેમની ભાષા તો હમેશાં અર્ધવ્યક્ત જ રહી છે, પણ સાગર આજે છેલ્લી રાત્રે વિચાર કરતો હતો કે સજ્જનને મળવું કે નહીં. તેનો ઓરડો તો એક પડસાળ ઓળંગો એટલે સામે જ હતો. સજ્જન અને તેની દાસી બે જ જણાં ઓરડામાં હતી. અને સજ્જનની દાસી તો સજ્જનના ભાવ પ્રમાણે જ કામ કરવાની. એના હૃદયમાં ગડમથલ જામી હતી, હજી બન્નેએ નિચાનીમા જ પ્રેમ દર્શાવ્યો હતો અને આજે ભાષાને વચ્ચે લાવવી હતી.

રાત્રિના દશ થયા હતી. કલ્યાણસિંહ હજી પોતાના મહલમાં બેસીને તડાકા મારતો હતો. તેની મેડીમા ઉપરે માળે સાગર આમથી તેમ ફરી રહ્યો હતો. આકાશ નિર્મળ હતુ, અને અનેક તારા ડોકિયાં કરીને દુનિયાનો પ્રેમ જોતા હતા.

અચાનક સિતારનો મધુર સ્વર સંભળાયો. મહાર્ણવમાં જેમ ઉછાળા ચડે તેમ રજપૂતના હૃદયમાં તરંગો ચડવા

લાગ્યા. તલવાર ધારણ કરનાર હાથની આંગળીઓ પર સ્વરનો સ્પર્શ થવા લાગ્યો.

'આહ! આ કોણ? સજ્જન!'—ને મનમાં જ બોલ્યો.

સિતારનો મધુર સ્વર એકાકાર મધુરતમ બની ગયો હતો. આ વગાડનારી તલવાર પકડી શકે છે એમ કહેવાની હિમ્મત ન થાય. એટલું સ્ત્રીમાધુર્ય જ રેડાઈ રહ્યું હતું. કેટ કેટલા વિરોધી ભાવોને સાચવનાર એક જ હૃદય! કોઈકે વીરત્વની વ્યાખ્યા આપતાં એને 'અનેક વિરોધી સત્ત્વોનું સુંદર મીલન' એમ નથી કહ્યું?

રણકાર કરતો સિતાર બંધ પડ્યો ત્યારે સાગર ઓશરી ઓળંગી ગયો હતો. ને સજ્જનના ઓરડાની પાસે ઉભો હતો. વાઘને એક ઝપાટે બે કકડા કરી નાખનાર રજપૂત એ ઉંબરો ઓળંગતા પહેલાં વિચાર કરવા થોભ્યો હતો.

સજ્જનની દાસી કામ માટે બહાર નીકળી. સાગર એક તરફ છૂપાઈ ગયો. અજવાળામાંથી આવનાર એકદમ અંધારામાં કંઈ ન જોઈ શકે તે ન્યાયે, રજપૂતને તેણે જોયો નહિ. સાગર ધીમેથી અંદર ગયો. સજ્જન તેના પલંગ પર બેઠી હતી, ને તેનું લાવણ્ય—શુક્રના તારા જેવું—નિર્મળ અને મધુર શોભી રહ્યું હતું. મનુષ્ય જે શરાબ પીને મસ્ત બને છે તેવા શરાબનો રંગ તેના હાથ પગની પાની પર હતો; મોટી નિર્મળ આંખમાં, અત્યારે વીરત્વની માત્ર છાયા હતી અને તેને બદલે અંગઅંગ ફૂટી નીકળતા યૌવનનું તેજ ખીલી રહ્યું હતું. જ્યાં નજર પડે ત્યાં આંખ ઠરી જાય એટલું અમી એમાં ભર્યું હતું. સુંદર સેંથો પાડેલા બાલ પર બન્ને બાજુ મોતીની માળા લટકી રહી

હતી. અને તેની સુંદર, ધારીલી, લાંબી નાનકડી, નાકની દાંડી, અત્યારે તો નિશ્ચિત સ્વભાવ દર્શાવવાને બદલે, આત્માના ઊંડાણમાંથી આવતો પ્રેમનો નશો બનાવવાનું કામ કરતી હતી. કમળના ફૂલમાંથી નીકળતી મંદ સુગંધ તેના શરીરની આસપાસ ફેલાઈ રહી હતી. મનુષ્ય, એક લાખ રૂપિયાનું એક મોતી ઓગાળીને, એની પાસે મીઠી શરાબની પ્યાલી ધરે, અને ત્યારે પણ તેને લાગે કે, આ તાજા ગુલાબના જેવા હોઠથી એ શરાબ પવિત્ર બને છે અને તેની કિમ્મત વધે છે. ક્યારેક જ કુદરત એક પણ દોષ વિનાનું એક શરીર લાવવાનો જે પ્રયત્ન કરે છે તે પ્રયત્ન સજ્જનના શરીરમાં આબેહૂબ મૂર્ત થતો હતો. તેનું સૌન્દર્ય તેની આસપાસ સુગંધરૂપે ફેલાઈ રહ્યું હતું. અને એ ખુશબોમાં સિતારના સ્વરની જેમ મનુષ્યના આત્માને બીજી ઊંચી દુનિયાનો પ્રવાસી બનાવવાની શક્તિ હતી.

સાગર ઘડીભર થંભી ગયો. સજ્જન તેની સામે જોઈને મીઠું હસી.

સાગર આગળ વધ્યો, તેની પાસે બેઠો, અને મધુર અવાજથી પણ જે બોલે છે તેની સંપૂર્ણ જવાબદારી અને આનંદ સમજીને બોલ્યો;

'મારી 'સીના' કહું કે ?'

ધીમેથી ગુલાબની કળી જેમ ખીલે તેમ, સજ્જનના બે હોઠ જરાક જુદા પડયા.

'તમે નહીં કહો તો બીજું કોણ કહેશે ?'

સાગરે સિતાર પર હાથ મૂક્યો. તેમાંથી એક તાર રણકો કરીને જાગી ઊઠ્યો.

'તમારો સિતાર પણ આટલી સુંદર ભાષા બોલે છે!'

ફરી-ફરી સ્ત્રીના નવા શબ્દ સાંભળવા એ પુરુષ-જીવનનો એક સમયનો આનંદ છે.

'સિતારને પણ ખબર લાગે છે, એટલે આજે એ પણ પ્રશંસાના બે શબ્દો બોલે છે.'

સૌંદર્ય, શૌર્ય, કલા, અને વિનય—આ ચાર રત્નનો સમૂહ સજ્જનના ચહેરા પર એક સાથે સાગરને દેખાયો.

ધીમે ધીમે કલ્યાણસિંહનો ડાયરો વીંખાતો લાગ્યો. એક પક્ષી ચીંચીંઆરી કરતું ભાગી ગયું, ને દાસીના હાથમાંથી પડી ગએલા વાસણનો ખખડાટ થયો.

બન્ને સુંદર સ્વપ્ન જેવી પ્રેમની અવસ્થામાંથી જાગ્રત થયાં:

'કાલે તો હું જઈશ. મને સંભારશો ખરાં?'

'તમને જીવનથી જોડયા પછી સંભારવાના ક્યાં રહ્યા? પ્રેમ—અને શૌર્ય બન્નેની અકળ ગતિ તો તમારા ધ્યાનમાં છે નાં? તમે બીજાં સ્વપ્નોમાં આ સ્વપ્ન વિસારી તો નહિ મૂકો નાં?'

'રજપૂતનું વચન'—તેણે પોતાનો હાથ સજ્જનના કમળપત્ર જેવા હાથમાં મૂકયો. સજ્જને તેના પર આત્માના અક્ષર જેવું ચૂંબન મૂક્યું.

'મારી 'સીતા' કહેવાનો આનંદ . . .'

તેનું વાકય અધુરું રહ્યું. કલ્યાણસિંહનાં પગલાં સ્પષ્ટ સંભળાયાં

'મારા રામ! . . . જુઓ, જુઓ આ એનાં પગલાં. તમે સામે મોંએ મારો હાથ માગશો કે?'

'હા.'

'અને એ ના પાડશે તો!'

'તો–તો–વળી પ્રેમને દેશ કે કાળનાં બંધન હોય! જો હવે મળાએ ત્યારે.' તેણે સજ્જનના કોમળ હાથને બે હાથમાં લીધો, ને તેની સામે આનંદની એક દૃષ્ટિ નાખી, ઉતાવળે પગલે પોતાના ઓરડામાં ગયો.

§ ૩

થોડા દિવસો એ વાતને વીતી ગયા છે. જે રહસ્યથી પ્રેમની વાત નવી ને નવી રહે છે, તે રહસ્યના પ્રભાવથી સજ્જન અને સાગરના હૃદય જૂની વાતને હમેશાં નવી રીતે સંભારે છે.

કલ્યાણસિંહ એક ઢોલિયા પર બેઠો છે, ને તેની સામે સજ્જન ઉભી છે. સાગરે, સજ્જનનો હાથ માગ્યો હતો અને કલ્યાણસિંહે તિરસ્કારથી એ માગણી પાછી ઠેલી છે. હજી પણ વાત નીકળે છે ત્યારે એ કહે છે કે, રાઠોડે મારું હડહડતું અપમાન કર્યું છે.

'જ્યારે એ માંદો હતો, ત્યારે અતિથિ ધર્મને માન આપી, મેં તેને સાચવ્યો. તેનો બદલો, સાગરે એ આપ્યો કે તેણે તને ફોસલાવી લીધી. એ માણસને સ્વીકારતાં મારી એકોતેર પેઢી એની સામે પોકાર કરે છે. દીકરી, મારા ખાતર એનું નામ ભૂલી જા.' બાપ દીકરીની વચ્ચે અત્યારે સાગરની જ વાત નીકળી હતી. અને કલ્યાણસિંહે સજ્જનને એ વાત જ ભૂલી જવા કહ્યું.

'બાપુ! આ એક જ વાત એવી છે કે જેને ભૂલવાનો પ્રયત્ન કરવો એ પણ પાપ લાગે છે!'

'પાપ લાગે છે? રજપૂતનો પિત્તો ઉછળ્યો. પણ તેણે શાંતિ રાખી; તેનો સ્વર વધારે મોટો બન્યો. 'આ ડેલીના જડ પથ્થરા પણ સાગરની સામે ખડા થાય તેમ છે; એને મારા સંબંધી તરીકે સ્વીકારું તેનાં કરતાં એક વાઘને સ્વીકારું તો મને ઓછી શરમ લાગે. એ વાત તું ભૂલી જા.'

સજ્જને શાંતિથી જવાબ વાળ્યો; 'પ્રાણદાન દેનારનો બદલો માત્ર પ્રેમદાનથી જ વાળી શકાય. ઉપકાર ન જાણવો એ પશુતા છે.'

'તેં એને જીવિતદાન આપીને બદલો વાળી દીધો–માટે હવે તું એ વાત ભૂલી જા.'

'ઉપકાર લઈને ઉપકાર કરવો એ પશુ પણ કરે છે. પરંતુ હું એને–પ્રેમદાનથી જ ખરી રીતે પૂજી શકીશ. સાગરની તલવાર જેટલી તીક્ષ્ણ છે, તેટલું જ એનું હૃદય કોમળ છે. સિતારના સ્વર પાસે પાણી પાણી થઈ જાય છે, ને વાઘની તાડ પાસે એની તલવાર અગ્નિના તણખા જેવી પડે છે.'

રજપૂતે સજ્જનને વધારે ઠપકો આપ્યો, તેને કુલાંગાર કહી અને એમ ને એમ મૂકી ચાલ્યો ગયો. સજ્જન પરની એની ચોકી વધારે મજબૂત હતી, અને હવે સજ્જને પણ પોતાનો માર્ગ ખોળવાનો નિશ્ચય કર્યો હતો.

§ ૪

રાઠોડ સાગર એક સાંજે નીરાંતે બેઠો હતો. ત્યાં તેના ઘરમાં એક વૃદ્ધ સ્ત્રીએ પ્રવેશ કર્યો. તે કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના તેની પાસે ઉભી રહી. તેણે ધીમેથી પોતાના છેડામાંથી એક ચિત્ર કાઢીને રાઠોડ પાસે ધર્યું.

સાગર એ ચિત્રની સામે જોઈ રહ્યો. ચિત્રમાં એના પ્રેમનો ઇતિહાસ હતો. એક હરણી પર વાઘ તૂટી પડયો હતો. એક બહાદુર રજપૂત–તલવારના એક ઘાથી–વાઘને એ બાગમાં વહેંચવા કમ્મર કસીને ઉભો હતો. ઘડીભર એની સીતા એના સ્વપ્નામાં ખડી થઈ ગઈ, સિતારના સ્વરની જેમ એનું હૃદય બોલી ઉઠયું. તેણે વૃદ્ધ સ્ત્રી સામે જોયું, પણ એક ઘડીમાં તો તે સરી ગઈ હતી. રાઠોડ પોતાના ખંડમાં એકલો હતો. અને પાસે સજ્જનના પ્રેમના ઇતિહાસનું એક પાનું પડયું હતું.

તેણે પોતે–બીજું ચિત્ર બનાવ્યુ. તેમાં પેલી હરણી શિકારી રજપૂતની છાતીમાં લપાઈ ગઈ હતી અને તે બન્નેના ઉપર એક નિર્દોષ કબૂતર ઉડી રહ્યુ હતું. પોતાની ખાસ દાસીની મારફત આ સંદેશો સજ્જનને મોકલાવ્યો. સજ્જન તેનો ભાવાર્થ સમજી ગઇ. કબૂતરના જેવી ઝડપથી રાઠોડ સજ્જનને મેળવવા યુક્તિ કરી રહ્યો હતો.

એક દિવસ હમેશના નિયમ પ્રમાણે પિતા પુત્રી શિકાર કરતાં હતાં, અને બન્ને જુદાં પડી ગયાં હતાં. પાસેની વાડમાંથી, એક જમરજસ્ત સુવર નીકળ્યું ને સજ્જન તેની

[illegible]

. . . . [illegible]

[illegible]

અચાનક, જંગલમાંથી એક ઘોડેસવાર નીકળી આવ્યો. તે ઝપાટાબંધ ઘોડા પરથી નીચે ઉતર્યો, ફૂલની જેમ તેણે રજ-પૂતાણીને ઉપાડી લીધી, ને તેને ઘોડા પર બેસાડી પોતે તરત જ પાછળ કૂદી પડ્યો. તીરના વેગે એનો ઘોડો રવાના થઈ ગયો, ને કલ્યાણસિંહ હાડાની નજર આગળ જ તે સામેથી હાથ હલાવતો અદૃશ્ય થઈ ગયો. તેની પાછળ આખું જંગલ ગાજી ઉઠે એવો કલ્યાણસિંહનો અવાજ આવ્યો.

'રોકો! રોકો! આ હાથતાળી મોંઘી પડશે હો!'

પણ સાગરનો ઘોડો તો જંગલ વટાવી અદૃશ્ય થઈ ગયો હતો.

મણિધર જાગે નહીં ત્યાં સુધી જ સુંવાળા લાગે છે. એ જાગ્યા એટલે એની નજરમાંથી અગ્નિના તણખા ખરે છે, એ પ્રચંડ ફૂંફાડાં મારે છે ને હળાહળ ઝેર પાડે છે. સાગરે તો પોતાની સીતાનું હરણ કર્યું. પણ કલ્યાણસિંહ રાજપૂત બચ્ચો હતો. તેના હૃદયમાં સૂતેલો મણિધર આજે ફૂંફાડા મારતો ઉભો થઇ ગયો. રામપુરામાં હજી તો પાંખા પાંખા

પાનેતરમાંથી, કોઈ દિવસ નહીં ને આજે સજ્જન જરા જરા કરમાર્ગને નીચે નજર નાંખે છે. હજી તો પેલા મીંઢળના મંગળસૂત્રનું કંકુ ખર્યું નથી, અને હજી તો, સજ્જનની બીની મેંદીના રંગ જેવી ઠસુંબલ પાની પર રામપુરની રજ પણ ચોંટી નથી, ત્યાં તેના પાદરમાં નગારે ઘાવ થાય છે, ને રજપૂતનાં લોહી ઉછળી ઉછળીને કૂદે તેવાં રણશીંગાં ફૂંકાય છે. મીંઢળવાળા હાથે તલવાર લેવી એ તો રાજપૂતોનો જૂનો મેવાડી ધર્મ છે. કલ્યાણસિંહ હાડો પોતાના બસો હાડા રજપૂતો લઈને રામપુર પર ધસ્યો આવે છે, એવા સમાચાર મળતાં જ રાઠોડોને ભેગા કરવા માટે રામપુરમાં રણશીંગું ફૂંકાયું. મોરલી વાગે ને અસલ મણિધર જેમ જાગીને ડોલે, તેમ રણઘેલા રજપૂતોનાં લોહી રણશીંગું સાંભળતાં ઉછળ્યાં. દોઢસો રાઠોડ ભેગા થયા.. ને પોતાના નાયકની રાહ જોવા લાગ્યા.

એ નાયક રજપૂતાણી પાસે ઉભો હતો. સજ્જન આજ દિવસ સુધી તલવાર લઈને ઘૂમતી, આજે તો તેણે, પોતાના હાથે સાગરને તલવાર બંધાવી. સજ્જનના ચહેરા પર આજે કેસરી રંગની છાંટ છે ને તેમાંથી શૌર્યને બદલે સૌંદર્યની લહરી છૂટે છે. નવવધૂના ચહેરા પર જે મોહક લાલી હોય તે ત્યાં ખીલી રહી છે. ત્યાં રસભર્યા સિતારનું સંગીત ઉઠયું છે અને પેલા બે હોઠ ઉપર પ્રેમનો નશો ને શરાબનો રંગ છે. પણ રાજપૂત-પોતાના મીંઢળવાળા હાથે તેની સામે એક દૃષ્ટિ કરીને લડવા ચાલ્યો. સજ્જન એને બારણા સુધી વળાવા ગઈ. બારણાને હાથ અડકાડીને ત્યાં જ ઉભી રહી. રાજપૂત આગળ વધ્યો. સજ્જને એને દૂર પણ હૃદય

[illegible] પડી. ને [illegible]
[illegible] પણ કલ્યાણસિંહે [illegible]
[illegible] જંગલી [illegible]
[illegible] પડ્યું. ને તેના [illegible]
[illegible] સાગર [illegible]
[illegible] રાજાજીને [illegible] દેખાડ્યાં. . . . . .

. . . . તેના કપાળ પર [illegible]
[illegible] ચિહ્ન જામ્યાં હતાં. અને આખું શરીર લોહીની
[illegible] હતું.

અચાનક, જંગલમાંથી એક ઘોડેસવાર નીકળી આવ્યો. તે
અપાટાબંધ ઘોડા પરથી નીચે ઉતર્યો, ફૂલની જેમ તેણે રાજ-
પૂતાણીને ઉપાડી લીધી, ને તેને ઘોડા પર બેસાડી પોતે
તરત જ પાછળ કૂદી પડ્યો. તીરના વેગે એનો ઘોડો રવાના
થઈ ગયો, ને કલ્યાણસિંહ હાડાની નજર આગળ જ તે
સાંકેથી હાથ હલાવતો અદૃશ્ય થઈ ગયો. તેની પાછળ આખું
જંગલ ગાજી ઉઠે એવો કલ્યાણસિંહનો અવાજ આવ્યો.

'રોકો! રોકો! આ હાથનાળી મોંઘી પડશે હો!'

પણ સાગરનો ઘોડો તો જંગલ વટાવી અદૃશ્ય થઈ
ગયો હતો.

મણિધર જાગે નહીં ત્યાં સુધી જ સુંવાળા લાગે છે.
એ જાગ્યા એટલે એની નજરમાંથી અગ્નિના તણખા ખરે
છે, એ પ્રચંડ ફૂંફાડાં મારે છે ને હળાહળ ઝેર પાડે છે. સાગરે
તો પોતાની સીતાનું હરણ કર્યું. પણ કલ્યાણસિંહ રાજપૂત
બચ્ચો હતો. તેના હૃદયમાં સૂતેલો મણિધર આજે ફૂંફાડા
મારતો ઉભો થઇ ગયો. રામપુરામાં હજી તો પાંખા પાંખા

પાનેતરમાંથી, કોઈ દિવસ નહીં ને આજે સજ્જન જરા જરા શરમાઈને નીચે નજર નાંખે છે, હજી તો પેલા મીંઢાળના મંગળસૂત્રનું કંકુ ખર્યું નથી, અને હજી તો, સજ્જનની ભીની મેંદીના રંગ જેવી કસુંબલ પાની પર રામપુરાની રજ પણ ચોટી નથી, ત્યાં તેના પાદરમાં નગારે ઘાવ થાય છે, ને રજપૂતનાં લોહી ઉછળી ઉછળીને કૂદે તેવાં રણશીંગડાં ફૂંકાય છે. મીંઢાળવાળા હાથે તલવાર લેવી એ તો રાજપૂતોનો જૂનો મેવાડી ધર્મ છે. કલ્યાણસિંહ હાડો પોતાના ત્રણસો હાડા રજપૂતો લઈને રામપુરા પર ધસ્યો આવે છે, એવા સમાચાર મળતાં જ રાઠોડોને ભેગા કરવા માટે રામપુરામાં રણશીંગડું ફૂંકાયું. મોરલી વાગે ને અસલ મણિધર જેમ જાગીને ડોલે, તેમ રણઘેલા રજપૂતોનાં લોહી રણશીંગડું સાંભળતાં ઉછળ્યાં. દોઢસો રાઠોડ ભેગા થયા. ને પોતાના નાયકની રાહ જોવા લાગ્યા.

એ નાયક રજપૂતાણી પાસે ઉભો હતો. સજ્જન આજ દિવસ સુધી તલવાર લઈને ઘૂમતી, આજે તો તેણે, પોતાના હાથે સાગરને તલવાર બંધાવી. સજ્જનના ચહેરા પર આજે કેસરી રંગની છાંટ છે ને તેમાંથી શૌર્યને બદલે સૌંદર્યના લહરી છૂટે છે. નવવધૂના ચહેરા પર જે મોહક લાલી હોય તે ત્યાં ખીલી રહી છે. ત્યાં રસભર્યા સિતારનું સંગીત છલક્યું છે અને પેલા બે હોઠ ઉપર પ્રેમનો નશો ને શરાબનો રંગ છે. પણ રાજપૂત–પોતાના મીંઢળવાળા હાથે તેની સામે એક દૃષ્ટિ કરીને લડવા ચાલ્યો સજ્જન એને બારણા સુધી વળાવા ગઈ. બારણાને હાથ અડકાડીને ત્યાં જ ઉભી રહી. રાજપૂત આગળ વધ્યો. સજ્જને એને ટૂંકો પણ હૃદય

સોંસરવો નીકળે તેવો સંદેશો આપ્યો:

'મારા રામ! જોજે હો. કેસરીનો ધર્મ ચૂકતો નહિ તારી સીતા આંહી નહીં મળે તો સુરગંગાને કાંઠે સામી ઉભી રહેશે!'

રજપૂત પોતાના ઘોડા પર બેસીને ચાલ્યો ગયો ને તે નજરમાંથી અદશ્ય થયો, અને સજ્જન પાછી વળી.

હાડા અને રાઠોડ મળ્યા. કલ્યાણ અને સાગર, ઉછળતી તલવારે ભેટયા. જાણે રુદ્રાવતાર સ્થાપવો હોય તેમ તુમુલ યુદ્ધ મચ્યું. કલ્યાણસિંહ એક વખત તો સાગરની તલવાર નીચે પટકાયો, પણ ધર્મયુદ્ધના આગ્રહી રજપૂતે એને બચાવ્યો. આ બચાવ તેને મૃત્યુ કરતાં પણ વધારે ભયંકર લાગ્યો, એટલે તે તરત જ પાછો લડાઇમાં ઘૂમવા માંડયો.

પણ હાડાની સંખ્યા વધારે હતી, ઘણાક રાઠોડે તો મરતાં પહેલાં બબ્બે હાડા લીધા તો પણ પચાસ હાડા વધ્યા. આથમતી સંધ્યાના આછા સોનેરી રંગમાં કુંકુમના થાળ જેવો પૃથ્વી માતાએ રજપૂતોના લોહીનો થાળ ધર્યો. એક એક રાઠોડ કપાઈ પડયો હતો, ને માત્ર સાગર એકલો, છેવટે કોઇ સાથી ન રહ્યો ત્યારે–જરા જરા અંધારાનો લાભ લઇ રણક્ષેત્રમાંથી પાછો ફર્યો હતો. હાડા પણ ત્રણ-સોમાંથી માત્ર પચાસ જીવતા રહ્યા. રાત્રિ તો રણભૂમિમાં જ ગાળવાનો નિશ્ચય કરી કલ્યાણસિંહે ત્યાં જ તંબુ નખાવ્યો.

સાગર થોડીવાર સુધી અંધારામાં જંગલમાં છૂપાઈ રહ્યો. ચારે તરફ તમરાંની એક સરખી ચીચીયારી બોલી રહી હતી. દૂર દૂર રણક્ષેત્ર પાસે શિયાળિયાં, માણસના નસીબપર રડતાં હતાં. ને રાત્રિના રાજા ધ્રૂવ: સવાય

બીજાને પોતાના સંગીતનું અભિમાન ચઢે તેવું હતું નહિ. તે વખતે રાઠોડ, જંગલમાંથી નીકળ્યો. ધીમે બોલતાં પાંદડાઓની વચ્ચે થઈ તે ચુપચુપ ચાલ્યો ગયો. તેનું દરેક પગલું ધીમું પડતું હતું; ને નમેલા નેણુપર અફસોસનો ભાર ચઢી બેઠો હતો. તે રામપુરા તરફ ચાલ્યો.

રામપુરાની સીમમાંથી તેણે પોતાના ઘરના ટમટમતા દીવા જોયા. પેલી બારીમાંથી સજ્જન એકીટશે આ પંથ ઉપર નજર રાખતી બેઠી હશે તે એને સાંભર્યું. અને રણક્ષેત્રમાં સુતેલા દોઢસો રજપૂતો સાંભર્યા. સજ્જનનું સંગીત તો તેણે સાંભળ્યું હતું, પણ તેની આંખનું તેજ પણ તેણે જોયું હતું; એ તેજને પોતાની છાયા વસમી લાગશે, એવી ધડમથલ તેના હૃદયમાં હતી.

પણ આજે હજી ચોરીથી ઉતર્યાનો નવો રંગ, રજપૂતાણીને નરમ બનાવશે, ને તે પોતાને એકને બચેલો જોઇ, આંસુ સારતી, તેને ભેટી પડશે એ પ્રેમની કલ્પના પણ તેને ઘેરતી હતી. તે ધડકતે હૃદયે ઘરના ઉંબરા પાસે ઉભો. બારણું બંધ હતું, ને ધક્કો આપતાં તે એટલા જ બળથી સામું થયું. સાગરનો હાથ ધ્રુજ્યો. બારણાને ઠોકવા તેનો હાથ ઉપડ્યો નહિ. રજપૂત ગમગીન અને ગંભીર બની ત્યાં ઉભો. શોક, પ્રેમ ને ગાંભીર્ય—એ ત્રણે પ્રવાહ તેના હૃદયમાં ચાલી રહ્યા હતા. અંતે તેણે તલવારની મૂઠથી બારણું ઠોક્યું.

અંદરથી એક શાંત હિમ્મત ભર્યો અવાજ આવ્યો; 'કોણ છે?' અવાજ તો તેની સીતાનો જ હતો. રજપૂતના હૃદયમાં એક પ્રેમનો વેગ જ પ્રબળ બની રહ્યો.

'સીતા, દેવી ! એ તો હું તારો રામ છું !'

રજપૂતાણીનો જવાબ આવ્યો. એમાં હૃદયના ટુકડા થાય એટલી મક્કમતા હતી.

'લડાઈનું શું થયું છે?'

રજપૂતને પગથી માથા સુધી પરસેવો વળી ગયો. તેનું ઉછળતું લોહી એકદમ ઠંડું પડી ગયું.

'આપણે હાર્યા. પણ દોઢસો રાઠોડ રણક્ષેત્રમાં પડયા છે. એક હું છેલ્લો બચ્યો. અઢીસો હાડાનાં શબ પણ ત્યાં જ છે. લડાઈમાં જ્યારે કોઈ ન બચ્યું ત્યારે માત્ર એક હું તારા માટે જ પાછો આવ્યો છું.

ભયંકર મૌનથી જ જવાબ મળ્યો.

'દેવી ! સીતા ! બારણું ખોલી દે !'

રજપૂતાણીના અડગ નિશ્ચય પર શૌર્યનું તેજ ચઢતું લાગ્યું.

'કોને માટે?' તેણે મક્કમ અવાજથી કહ્યું.

'હું સાગર છું. તારો રામ.'

'મારો રામ? મારે 'રામ' નથી. જ્યાંથી તું નાસી આવ્યો છે, તે રણક્ષેત્રમાં એ અત્યારે પોતાના ભાઈઓની સાથે મરણ પછીની મીઠી ગોદમાં સૂતો હશે. મારો સાગર કાં તો રત્નની છોળ લઈને આવ્યો હોત, અથવા તો તે ન જ આવે.''

'તું મને અત્યારે આશ્રયની પણ ના પાડે છે? સજ્જન! આવી હઠીલાઈ તું કેમ કરે છે?—હું તારો સ્વામી—હજી આજે જ આપણે ...'

'મારો સ્વામી તો અમર હોય છે. દોઢસો માણસ

પર મૃત્યુનો હાથ ફરતો હોય ત્યારે તે આવા જીવંત મૃત્યુ માટે પાછો ન ફરે. મારો સ્વામી તારા જેવો ભીરુ ન હોય. આ હૃદયમાં તારા શાની કૈં સુંદર પ્રથમ યામનાં નથી. આ વિધવા—નવવધૂના ઘર પાસેથી તું દૂર થા. મારા જીવંત મૃત્યુ પામેલા સ્વામીને કેમ અમરતા શીખવવાની એ હું સારી પેરે જાણું છું. જા, પરદેશી! બીજે ઘેર જા.'

રાઠોડનું હૃદય તેના ઉગ્ર શબ્દોથી ધ્રૂજી ઊઠ્યું. રજપૂતાણીના વીરત્વભર્યા શબ્દોથી તેને પોતાની નાનમ લાગી. એની પાસે તે પુરુષ શરમાયો. રજપૂતાણી એને અમરતાનો પાઠ પઢાવવા નીકળી હતી એ વિચાર માત્રથી તે મૂંઝાયો. સજ્જનના સ્વભાવને તે સારી પેઠે જાણતો હતો. એ દૂધમાંથી જ રજપૂતાણીનો સ્વભાવ ધાવીને ઉછરી હતી. રણક્ષેત્રમાં છેલ્લે કેસરિયાં એ રજપૂતનો ધર્મ, ને જૌહર એ રજપૂતાણીનો ધર્મ તેની રગેરગમાં ભર્યો હતો. સાગરને સજ્જનના જીવનનો ભય લાગ્યો. તેણે બારણા પર તલવારની મૂઠ ઠોકી. પણ અંદરથી જવાબ આવ્યો નહિ. સાગરે બધા બળથી બારણું ઠેલ્યું, પણ તે મજબૂત હતું. રજપૂતાણીને બોલાવી, પણ ત્યાં કોઇ હતું જ નહિ. ફરી બારણું ઠેલ્યું ને એક મોટા અવાજ સાથે તે કડડભૂસ નીચે પડ્યું. સાગર અંદર ધસ્યો પણ અંદર સજ્જન હતી નહિ. તેનું હૃદય સજ્જનના જીવન માટે ધ્રૂજવા લાગ્યું. તે બીજા ઓરડામાં ગયો. સજ્જન ત્યાં હતી નહિ, પણ રોતી કકળતી દાસીઓએ તેને સામેનો ઓરડો દેખાડ્યો. ઝગાં-ઝગાં થતા અગ્નિથી ઓરડો તેજતેજ ભર્યો થઇ ગયો હતો. ત્યાં ચંદનની ચિતા પર રજપૂતાણી ઉભી હતી.

અગ્નિના ભડકા વચ્ચેથી સંગતનો રમ્ય સ્વર આવતો જોઇ રજપૂત થંભી ગયો. સજ્જન શાંત ચિત્તે ગાઇ રહી હતી.

'અગન અબ, રાખો લાજ હમારી . . .

હમ સબ સખા તિહારી. . . અગન.'

સ્વર બંધ પડયો. અગ્નિ તેને ચારે તરફ વીંટવા લાગ્યો.

મીઠાં ચંદનના લાકડાં ભડભડ સળગતાં હતાં, અને તેની વચ્ચે સજ્જનની અડગ રમ્ય મૂર્તિ ઉભી હતી. અગ્નિમાંથી કોઈ તેજની દેવી નીકળતી હોય એવી તે શાંત હતી.

રજપૂત તેના તરફ દોડયો. પણ તેણે શાંતિથી પોતાનો હાથ ઉંચો કરીને તેને ઉભો રાખી દીધો. સાગર તેના તરફ જોઈ રહ્યો.

આખા ચહેરામાં કોઇ જગ્યાએ દુઃખનો લીસોટો, માધુર્ય પર ડાઘ કરવા જેવો પણ, ન હતો. તેની આંખમાંથી વીજળી ખરે તેમ એકલું તેજ ઝરતું હતું. એવી અડગ મોહક છટાથી તે ઉભી હતી કે તેની નીચે અગ્નિ બળે છે એ વાત પર તેનું લક્ષ હતું જ નહિ. તેનાં કપડાં ભડભડ સળગી ઉઠયાં હતાં. યૌવન અને રૂપ નામશેષ થતાં ચાલ્યાં, પણ રજપૂતાણીની આંખમાંથી તેજ ઓછું થયું છે, કે તેના મધુર ચહેરા પરથી વીરશ્રીએ હાથ ઉઠાવ્યો છે એ બન્યું નહિ; એ જેવી સુંદર હતી તેવી જ સુંદર રાખની ઢગલી થઈ પડી. અગ્નિના ભડકામાંથી પણ મૃત્યુને હઠાવનારી તેની આંખનું તેજ—અગ્નિને ઝાંખપ દેનાર વીજળી જેવું પ્રકાશી રહ્યું હતું. છેલ્લે તે ચિતામાં પડી ગઈ ત્યારે પણ પેલો ચહેરો એટલો જ સુંદર ને અડગ હતો. એના શૌર્યની ચૈતન્ય ભરેલી ઝગઝગતી રાખ માત્ર સાગર જોઈ રહ્યો.

ઘ

તેણે તે શબ ઓકડી કરી. ને પોતાના લગ્નમંડપ વચ્ચે ધરામાં મુકી પૃથ્વી માતાને સાચવવા આપી. પછી પોતાની તલવાર લીધી, અને વર્ષોના વેરની તૃપ્તિ આજે કરવી હોય તેમ તેને ખુલ્લી કરી નાખી જેમ આવ્યો હતો તેમ જ તે ચાલી નીકળ્યો. ને ભયંકર જંગલોની વચ્ચે થઈ કલ્યાણસિંહની શોધ કરવા રણક્ષેત્ર તરફ ચાલ્યો ગયો.

'કબર પરનાં ફૂલ'

ઘણી વખત પૂનમની ચાંદની રાતે હું એ જગ્યાએથી નીકળ્યો છું. ઉંચાં ઉંચાં દેવદારૂનાં વૃક્ષોની ઘટામાંથી આવતી તેજછાયાની મનોહર ફૂલગુંથણી એ જગ્યાને કાંઇક અજબ પલટો આપી દે છે. દિવસે જુઓ તો એક તરફનાં કાળાં ખડક, બીજી તરફ જંગલમાં ચાલ્યો જતો રસ્તો, બે તરફનાં નાના નાના પહાડો વચ્ચે બનેલું મેદાન અને મેદાનમાં સુંદર ફૂલછોડો વચ્ચે ગોઠવાયેલી દેશી ક્રિશ્ચિયનોની કબરભૂમિ—એક રીતે એ સઘળું અત્યંત નીરવ હોવાથી, તમને શોક આપે; પણ રાત્રે એ જગ્યા અત્યંત રમણીય લાગે; અને રમણીય હોવાથી જ ઘેરો વિષાદ—ન સમજી શકાય તેવો ગહન શોક—અંતરના ઉંડાણમાંથી પ્રગટ કરે. જાણે સઘળું નીરવ છે અને તેથી જ ગૂઢશોક એમાં છૂપાઇને બેઠો છે. આપણને હરઘડીએ લાગે કે દરેક કબરને કંઇક કહેવાનું છે. સઘળી કબરોમાં પણ એક કબર તો ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. તેના પર ફૂલછોડને બદલે થોડાક વેલા ઉગ્યા હતા અને રાતની

ચાંદનીમાં એ વેલાનાં ભૂરાં પાનની એક ભાવુ સજીવન આંખ હોય તેમ ચમકી રહેતી. ખરેખર, એ કબરને કાંઈક બોલવાનું હતું. અથવા એની શૌના કરનાં જ્યારે સાદી સત્તરમાં કાંઈક અર્થભર્યું મૌન હતું.

અંધારી રાત હતી. હું ત્યાંથી નીકળ્યો ત્યારે એકલો હતો. 'ક્રીકરીક' ના કનાકન અવાજ સિવાય સઘળું વન શાંત હતું. અચાનક કોઈએ ખેંચી હોય તેમ મારી આંખ પેલી સાદી કબર ઉપર ગઈ. ભ્રમ હોય, સ્વપ્ન હોય કે ચંદ્રકિરણની રચના હોય, કબર પાસે ચાલીસ-પચાસ વર્ષનો ડોસો બેઠો હતો. પહાડી લોકો પહેરે છે તેવી ટૂંકી પોતડી, કુડતું ને માથે ગોળ કાળી ટોપી હતી. તેના જમણા હાથની અંગુઠા પાસેની આંગળી કોઈ નિશાની કરતી હોય કે કહેતી હોય તેમ લબાડસી હતી.

વિશ્વાસઘાતના ભયંકર ઘા પછી, મનુષ્યનો ચહેરો જેવો લોહી વિનાનો ફિક્કો, નિસ્તેજ, શૂન્ય થઈ જાય તેવો એ ચહેરો હતો.

આગળ કે પાછળ જોયા વિના એકદમ મૂઠી વાળીને હું દોડી ગયો. પછવાડેથી આવતો જંગલનો અવાજ ભયંકર રીતે મોટો બની રહ્યો હતો. રસ્તાને બીજે છેડે જઈ ને શ્વાસ નીચે મૂકી મેં પાછળ જોયું તો માત્ર પાન ખખડતાં હતાં ને કબર પાસે કોઈ ન હતું!

મોટીંગને નાચમાંથી પાછા ફરતા, કોઈ યુરોપીઅન યુગલને લઈ ને દોડતી 'રીક્ષા'ના અવાજે જાગૃત થયો. 'ડાબી બાંય!' રીક્ષાવાળાએ અવાજ આપ્યો. મેં ચુપચુપ આગળ ચાલવાનું શરૂ કર્યું ત્યાર પછી હું કોઈ દિવસ એ રસ્તે

ફરવા નીકળ્યો નથી, પણ એક દિવસ ટિબેટન ભોટ–ભૂતિયો પુપુદિન જંજેલા મારી સાથે ફરવામાં હતો તેને મેં એ વિષે વાત કરી. આ પુપુદિન જંજેલા સાતઆઠ વર્ષ સુરતમાં નોકરી પર રહી આવેલો એટલે હિંદી–ગુજરાતી ઠીકઠીક બોલી શકતો. તેણે આ કબરનો રસિક વૃત્તાંત કહ્યો.

'એ તો એવું બન્યું કે સુરતના કોઈ મોટા અધિકારી આંહી હવા ફેર કરવા આવ્યા હતા. તે વખતે રામચરણ તેની સાથે ગયો.'

'રામચરણ કોણ ?'

'સાહેબ ! પેલી કબરનો ડોસો. તમે દેખ્યો તેનું મૂળ નામ રામચરણ છે. ક્રિશ્ચિયન તો એ પાછળથી દુઃખનો માર્યો થઈ ગયો. બિચારો બહુ દુઃખી થયો. ઘરની બૈરીએ પણ હાંકી કાઢયો. એક માત્ર નાને છોકરે તેને પાણી પાયું. એવું હતું, સાહેબ ! કે રામચરણ બિચારો ડુંગરાની ખેતીમાં માંડ માંડ પૂરૂં કરતો પછી આ સુરત શહેરના મોટા સા'બે એને નોકર રાખ્યો. ચાલાક હતો, ને હાથનો ચોખ્ખો હતો, એટલે સૌને ગમી ગયો. સૌની સાથે સુરત ચાલ્યો ગયો. ઘેર બૈરાંછોકરાં જેમતેમ ગુજારો કરતાં, ને રામચરણ દર મહિને સુરતથી પૈસા મોકલતો.

પછી એવું બન્યું કે રામચરણને મુંબઇ જવું પડયું. હિમાલયનો આ પહાડી મુંબઇ જોઈને તો ઘેલો બની ગયો. જ્યાં જુઓ ત્યાં દીવા ઝગારા મારે છે, મોટર ગાડીઓ હારબંધ દોડી રહી છે, ઠેર ઠેર લોકો નાસ્તાપાણી કરે છે, ઘેર ઘેર આનંદ થઈ રહ્યો છે, રસ્તે રસ્તે ઇશ્કની વાતો ચાલી રહી છે, ગલીએ ગલીએ નવજુવાન સ્ત્રીઓ ઈશારા

ફરી રહી છે, રામચરણ તો એમાં ભાન ભૂલી ગયો.

'બિચારાએ મરતા પહેલાં મને કહ્યું હતું કે 'અરેરે! મુંબઈ જેવા શહેરમાં લોકો આવી દગલબાજી રમતા ન હોય!–'

'એવું બન્યું સાહેબ! કે રામચરણ તો ઈશ્કની રમતમાં પડી ગયો.–'

'અને ભયંકર દરદનો ભોગ થઈને માંડ માંડ પોતાના જુનવાણી પહાડ ભેગો થયો.'

'પણ પહાડના સૌ બચ્ચાંઓએ એને નકાર્યો. આવો ભયંકર રોગ લઈને તે પાછો ફર્યો એટલે સૌએ એને ધીક્કાર આપ્યો. પછી એ ક્રિશ્ચિયન થઈ ગયો. પછી મરી ગયો. પણ ત્યારથી એ ઘણી વખત રાતે પોતાની કબર પાસે ઉભેલો દેખાય છે.'

❦

પછી તો રામચરણ કેમ ક્રિશ્ચિયન થઈ ગયો તેની કહીકત મેં બીજેથી મેળવી લીધી. એ નૈનીતાલ પાસે આવેલ મનોરનો રહેવાશી. નૈનીતાલ હિમાદ્રિની રત્નકણિકા જેવું સુંદર અને તેજભર્યું છે. પાર્વતીના નયનમાં પ્રેમની ઉષા પ્રગટે અને એ નયન જેવું રસભર્યું લાગે તેવું નૈનીતાલ કલ્પદ્રીએ રસમૂર્તિ જેવું અને અનેક જુદાં જુદાં રિમનથી ભરેલુ–લાગે છે. ત્યાના નૈની સરોવરના જલતરંગ પર નર્યો તાપ પડતો હોય ત્યાં સુધી જ આપણે પૃથ્વી પર છીએ એવુ લાગે; પણ આકાશમાં વાદળાં ઘેરાય, પહાડો વાદળની તેજ–છાયાથી રમણીય બનવા લાગે કે તરત નૈની સરોવરની મુખમુદ્રા હજારો પલટા લેવા માંડે. એમાં રસ, રંગ,

રેખા, અને રમત સઘળું ખડું થાય. પૃથ્વી પર નહિ, પણ મેઘદૂતની કોઈ કાલ્પનિક અલકામાં ઉભા હોઈએ તેવું લાગે. એ નૈનીતાલની પાડોશમાં મનોર કરીને નાનું ગામડું છે. ત્યાં ભયંકર ગરીબી રહે છે અને પહાડની રસિકમાં રસિક સ્ત્રીઓ રહે છે. રામચરણ ત્યાંનો રહેવાશી હતો. તેની સ્ત્રી ભાગિરથી કડક હતી. બિચારો રામચરણ તો દરેક પળે સ્ત્રીનાં મેણાં ખાઈ ખાઇને આપઘાત કરવાનો વિચાર કરવા લાગ્યો. પાપની સ્મૃતિ તાજી રાખીને પાપીનો ઠપકો 'આપવો એના જેવું હલકટ પાપ બીજું કોઇ નથી. અને પાપને ન ભૂલનારાં માણસો ખુદ પાપીના કરતાં પણ વધારે પાપી છે. ભાગિરથી રામચરણનું પાપ ભૂલવા તૈયાર ન હતી. પાણી આપતાં તેને સંભારી આપતી કે તેં આ હલકું કામ કર્યું એટલે જ આજે દુઃખ વેઠવું પડે છે. આલુનું શાક આપતાં સંભારી આપે કે થોડું ખાજો, હવે કમાણી કરો ત્યારે વધારે ખાજો. બિચારો રામચરણ આપઘાત કરવાના જ વિચાર કરવા લાગ્યો. આખા ઘરમાં તેના પોતાના ઓળા ભમતા હોય એમ તેને લાગવા માંડયું. એટલું છતાં એના પર એક નાના બચ્ચાએ એવો જ પ્રેમ જાળવ્યો હતો. તેનું નામ મંગળ. એ છ સાત વર્ષના છોકરાએ પોતાના બાપને તાવમાં પ્રેમથી બોલાવ્યા, હેતથી પાણી પાયું; વહાલથી ચૂંબન લીધું; માયાથી હસાવ્યા. એના મનમાં રામચરણ-પોતાનો હતો તેવો જ બાપ–વસી રહ્યો હતો. ભયંકરમાં ભયંકર પાપનો ડંખ માત્ર પ્રેમ જ વિસરાવી શકે છે. રામ-ચરણ પોતાની ગંભીર ભૂલ ભૂલવા માંડયો; પણ કુદરત જેટલી પોતાના અર્થ શાસ્ત્રમાં મક્કમ છે, તેટલી જ એના નિયમમાં

અશક્ય છે; એટલે એનો દેહ રોગની છાયાથી મુક્ત થઈ શકે તેવું રહ્યું ન હતું. મનોરમાં ઉગમણી બાજુએ જ્યાં એક ભયંકર ખડક એકદમ સીધો એવો જ ભયંકર ખીણને જોતો ઉભો છે ત્યાં—એવા ઘોર સ્થળમાં રામચરણને જરાક શાંતિ વળની લાગી. તે હમેશાં ત્યાં જઈને બેસવા લાગ્યો.

ત્યારે રામચરણને કોઈએ સંઘર્યો નહિ, સગાંઓએ એની ભૂલને હજાર ગણી મોટી કરીને ક્રૂર મશ્કરી કરી, સ્ત્રીએ દર્પણે એના પાપનો ઘા તાજો ને તાજો રાખ્યો, ત્યારે આપઘાતના વિચારથી ઘેરાયેલો રામચરણ એક વખત આ ખડક પાસે બેઠો હતો.

મનોરમાં એક પાદરી ઘણી વખત આવતો. એણે ઘણાને દુઃખમાં મદદ કરી હતી. કેટલાયને આશ્વાસન આપ્યું હતું.

જૂનો ડાગો કોટ, હાથમાં લાકડી, ટોપી ને એક હાથમાં ચોપડી લઈને આ પાદરી ત્યાં આવી ચડ્યો.

રામચરણ ખડક ઉપર એવી રીતે બેઠો હતો કે જાણે હમણાં પડશે. જાણે હવા માટે નહિ પણ પડવા માટે જ બેઠો હોય.

અત્યંત માયાથી પાદરીએ તેને બોલાવ્યો.

જેણે હમણાં હમણાંમાં મનુષ્યના અવાજમાં છૂપો તિરસ્કાર ને આંખમાં ભયંકર મશ્કરી જ દેખ્યાં હતાં, તેને આ અવાજ અજબ સાંત્વન આપી રહ્યો.

'મિસ્ટર ક્યું ઇસ તરહસે બૈઠે હો ? ગિર પડોગે. ઠીક ઠીક બૈઠો. હવા ભી અચ્છી હૈ, બાદલ ભી ઘૂમ રહા હૈ.'

પહાડનું અજ્ઞાન બચ્ચું આટલી માયા દેખીને રડી પડ્યું ! રામચરણ કોઈના પ્રેમભર્યા અવાજની ને રડવાની

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'[illegible]!'

'[illegible]'

રામચરણે આકાશ સામે જોયું.

[illegible] એને તિરસ્કાર કરતો.

ત્યારપછી તો રામચરણ મરણ પામ્યો. પણ એ ક્રિશ્ચિયન થઈ ગયો હતો. ને સાન ભૂલી ગયો હતો. આખિરશીએ તેનું નામ કોઈ દિવસ ઘરમાં લીધું નહિ કે લેવા દીધું નહિ, છતાં કોઈ અદૃશ્ય આકર્ષણના બળથી, મંગળ, એની સ્મૃતિ જગાવી રહ્યો હતો. એને એના પર સાચો પ્યાર હતો. મુંબઈથી આવ્યો ત્યારે રામચરણ એને માટે રમવાની મોટર નહોતો લાવ્યો? મુંબઈથી આવ્યો ત્યારે ઉદાસ છતાં, રામચરણ પેલી ટેકરી પાસે બેસીને એને મુંબઈની વાત નહોતો કરતો? દરિયો, જમીન, મોટર, વિજળી કેવી કેવી વાતો એણે કરી હતી? મંગળને એ સઘળું યાદ હતું. એને બાપનું નામ વહાલું હતું. દર રવિવારે એ પોતાના બાપની કબર પાસે જતો. થોડી વાર બેસતો ને પછી ચાલ્યો આવતો.

§ ૨

પણ જેવું હિમાલયનું સૌન્દર્ય છે, જેવી નૈનીતાલની મોહિની છે, તેવી જ ભયંકર ત્યાંની રમણિયતા છે. ભાગિરથી એકલી પડયા પછી પહેલાં તો મજૂરી કરવા જતી. ભીમતાલના રસ્તા પર એ વખતે એક નવું સુંદર મકાન બંધાતું હતું. ભાગિરથી ત્યાં મજૂરીએ જતી. તે મકાનના માલિકનો જુવાન છોકરો 'વેકેશન' હોવાથી ફુરસદમાં આરામ ખુરશી પર બેઠો બેઠો એમર્સનના નિબંધો વાંચતો.

એક દિવસ ભાગિરથીએ સહજ જ કહ્યું: 'બાબુસા'બ ! સીગાર હય ?'

પહાડી ઓઓ સીગારેટની ઘણી શોખીન છે. બાબુ સાહેબ પણ સીગારેટના શોખીન હતા ! તેમણે ડબ્બીમાંથી કાઢીને એક સીગારેટ તેના પર ફેંકી.

'માચીસ ?'

બાબુસાહેબે દિવાસળીની ડાબલી પણ ફેંકી.

તે દિવસથી પથરા સારતી ભાગિરથીની આંખનો બાબુ સાહેબ અભ્યાસ કર્યો કરતા.

આટલું છતાં હજી ભાગિરથી ઉગરી શકે તેમ હતું. કારણ કે એનો છોકરો મંગળ જંગલખાતામાં ચોકીના કામ ઉપર રહ્યો હતો. ઉમ્મર તો નાની કહેવાય, પણ ચાલાક બહુ હતો; એટલે જંગલમાં ક્યાંય, ઘાસ કાપવાવાળા કે લાકડાં કાપવાવાળા, ભૂલથી દેવતા ફેંકીને દવ ન લગાડે, એની સંભાળ રાખવા એને નીમ્યો હતો. એના મામાના હાથ નીચે એ રહેતો ને આખો દિવસ એકલો એકલો ગાઢ જંગલમાં ફર્યા કરતો. દર

રવિવારે સાંજે એ ભાગિરથીને મળવા આવતો, આજે પણ એ જ પ્રમાણે આવ્યો હતો. સાથે ભાગિરથીનો ભાઈ પણ હતો.

કામ કરવાવાળા કડિયાઓમાં એક જુવાન મિસ્ત્રી ભાગિરથી ઉપર રહેમ નજર રાખતો. અને એ રહેમ નજરનો લાભ ઉઠાવવાની તક જોતો હતો. જ્યારે કામ કરીને સૌ મજૂરો ઘર તરફ પાછા ફરતા ત્યારે હરરોજ આગળ રસ્તે તે ભાગિરથીને સમજાવતો ને સતાવતો. પણ ભાગિરથી પોતાના નિશ્ચયમાં મક્કમ હતી. એનામાં એટલું અભિમાન હતું કે તારા જેવાને તાબે તો હું ના જ થાઉં. કડિયો એને હમેશાં સમજાવે, સતાવે, વધારે કામ લે, વળી મહેરબાની બતાવે, તેમ તેમ ભાગિરથીનો નિર્ણય વધારે મક્કમ થતો જાય. આવી રીતે નિત્ય સહચારમાં આવતાં સ્ત્રી પુરુષોમાં, ઘણી વખત સ્ત્રી પુરુષને રમાડે છે ખરી, અને વળી એમાંથી જેટલો લાભ લઇ શકાય તેટલો લાભ પણ ઉઠાવે છે ખરી, છતાં એ પોતાની જાતને મર્યાદામાં રાખી શકે છે. ભાગિરથી પણ પોતાની જાતને મર્યાદામાં રાખી રહી હતી. અને એક પ્રસંગ ન બન્યો હોત તો કદાચ ભાગિરથી અધઃપતનના માર્ગમાંથી ઉગરી જાત.

પણ જ્યારે ભાગિરથી કોઈ રીતે માની નહિ, ત્યારે પેલા કડિયાએ જુદો જ માર્ગ લીધો. એના ભાઇને વાત કરી.

'ભાઇ ! હું તો પરદેશી માણસ છું. મારે શું ? પણ આ જોયું જાતું નથી. આવી રીતે ઉઘાડે છોગ ?'

ભાગિરથીના ભાઇએ કહ્યું: 'કોની વાત છે ?'

કરિયાએ બહુ જ અચકાતાં અચકાતાં ધીમેથી કહ્યું: 'ભાગિરથીની વાત છે; બાપુસા'બ સામેથી નજર ખસેડની જ નથી'

તે દિવસે સાંજે મંગળ ને આગળ ચાલ્યો ગયો હતો ભાગિરથી અને તેનો ભાઈ બન્ને વાતો કરતાં પાછળ આવતાં હતાં.

રસ્તામાં પાણીઘર આવ્યું ને ભાગિરથી નળમાંથી પાણી પીવા રોકાણી.

અચાનક તેના ખભા પર એ ધોલ પડી.

'અરે! અરે!' ભાગિરથી ઉભી થઇ ગઇ. પણ તેના ભાઇએ તો કાંઇ પણ બોલ્યા વિના તરોતક સપાટ લગાવ્યા કરી.

ભાગિરથીએ તેનો હાથ પકડયો, પણ તેણે તો હાથ છોડાવીને લાકડી લગાવી દીધી.

'સાલ્લી! કમજાત! લડકે કી રોટીમેં પથ્થર ડાલતી હય!'

'અરે, પણ બાત તો સુન!'

'મૈં સુનનેવાલા નહિ! વો તેરા કૌન હૈ!'

સામેથી સડક ઉપર પેલો જુવાન છોકરો આવતો દેખાયો. એ પણ આ મામલો જોઇને થંભી ગયો.

'અરે! ભાઈ! ક્યા બાત હય?'

'સા'બ, આપ બડે લોક હો: હમારી બાતસે આપકો કાઇ મતલબ નહિ'

પેલો છોકરો ચાલ્યો ગયો. એનો ભાઈ પણ એને રડતી મૂકીને ક્રોધમાં આગળ ચાલી ગયો. તેટલામાં પેલો

કડિયો રસ્તા પરથી નીકળ્યો. ને પણ ઓળખ્યો, સહાનુભૂતિ બતાવતો હોય તેમ તે પાસે આવ્યો:

'અરે! કોણ ભાગિરથી? કેમ રુએ છે? શું છે?'

આંસુથી લાલ બનેલી આંખો ભાગિરથીએ તેના તરફ ફેરવી. કડિયાના મોં ઉપર પથરાતો છાનો આનંદ તે જોઈ રહી. તે બોલી નહિ, પણ તેણે કડિયાને દૃષ્ટિથી વિંધી નાખ્યો. દિલગીરી, ક્રોધ, અને વૈરથી લાલ બનેલી એ આંખોમાં ભાગિરથીએ, અતૃપ્ત લાલસાને ઉશ્કેરી મૂકે એવું છાનું સ્મિત મૂકયું હતું: કડિયો, આકાશી વાદળીના જેવા આ રંગો જોઈ ભાન ભૂલ્યાની માફક ભાગિરથીના હાથને સ્નેહથી ચૂંબવા નીચે વળ્યો ન વળ્યો ત્યાં એના માથા ઉપર નેતરની સોટીનો ધીમો ફટકો પડયો: 'યે ગધ્ધે કયું કરતે હો'–એવા અવાજ સાથે. કડિયાની પાછળ પેલો જુવાન છોકરો ઉભો હતો. ભાગિરથીના ભાઈને ચાલ્યો ગયેલો જોઈ, એ પાછો ફરી, ચુપચુપ આ તાલ જોતો ઉભો હતો. કેળવણી પામેલા માણસો પોતાના જંગલીપણાને જે દમામથી સંસ્કારિતામાં ખપાવી શકે છે તે દમામથી જ એણે 'યે ગધ્ધે' કહીને કડિયાને એના સ્થાનનું ભાન કરાવ્યું. કડિયો, કાંઈક વ્યગ્ર, કાંઈક શરમીંદો બનીને, એકદમ પેલા જુવાનની તરફ ફર્યો: 'સા'બ! ભૂલ થઇ ગઇ'–પણ એ બેઠો થઈને ચાલવા માંડે તે પહેલાં રૂપેરી ઘંટડીના જેવા અવાજે જરાક મીઠું હસીને ભાગિરથી બોલી ઉઠી: 'યે સબ કારીગર કૂત્તે જેસે હો ગયે હે;' અને એણે પોતાના પગ વડે એને આઘો ખસેડી મૂકયો. કડિયો બોલ્યા ચાલ્યા વિના ઉભો થઈને ચાલવા માંડયો. ને એને જતો જોઈને

કાંઇક ઉતાવળે, વ્યગ્ર, પણ લાલસા ભરેલા અવાજે બાગિ-
રથી બોલીઃ 'એસિમે-ગીગાર હવ!' અને એ અવાજમાં
કડિયાની ક્રૂર મશ્કરી હતી. પોતાની જાતને હોમી દેવાની
ઉચ્છૃંખલતા પણ હતી.

§ 3

બીજે દિવસે બાગિરથી કામ કરવા આવી, ત્યારે તેણે ઘટ્ટ જાંબુડિયા રંગના મખમલના કબજા નીચે પોતાનું ભરેલું યૌવન એવી તો છટાથી છૂપાવ્યું હતું કે બિચારો કડિયો તો હેરાન હેરાન થઇ ગયો. પાધેવાળી ચાદર ઓઢી હતી ને મીઠા પીળા રંગના ઘાઘરા પર ગુલાબી રૂમાલ બાંધ્યો હતો. લાલ પરવાળાની માળા તેની છાતી પર ઝૂલી રહી હતી. આખો યૌવનનો ખૂને ગુલાબ જેવો સ્વાંગ પહેરીને જાણે કોઇની દરકાર ન હોય તેમ તે આવી હતી. કાલના અન્યાય ભરેલા મારે ને પાછળથી કડિયાએ બતાવેલી દંભભરેલી નિષ્ઠુર દયાએ તેને બદલાવી નાખી હતી. એણે નિશ્ચય કર્યો હતો કે ગમે તે થાય પણ આજે તો ધગધગતા અંગારા ઉપર થઇને પણ પેલા જુવાનને મળવું છે. જુવાનને મળવું છે એમાં એને એટલો રસ ન હતો, જેટલો, ધગધગતા અંગારા ઉપર થઇને મળવું છે એ નિશ્ચયમાં હતો. એનું અધઃપતન હવે ચોક્કસ હતું.

અને તે પેલા જુવાન સાથે હાસ્યવિનોદ કરવા બેઠી. બધાની હાજરીમાં, સૌના દેખતાં, અને કડિયાના દેખતાં તો તેણે પેલા જુવાન પાસેથી પાન પણ લીધું ને લાલ હોઠથી રસ-

આપું એક ચુંબન પણ દીધું ને ભાગિરથી તેને ભેટી [illegible] એણે કહી પણ દીધું કે 'સાચે! તું તો [illegible] મારે [illegible] તો હું ન જ થાઉં!'



પ..ણ..પ..ણ પાછું એનું એ..ભાગિરથીએ જે ભૂલ કરી તે તેને પણ નડી. રામચરણના જેવા ભયંકર દર્દથી તે બિચારી પણ પીડાવા લાગી. એને ખબર ન હતી કે શહેરના જુવાન છોકરાના રૂપાળાં મુખડાંની પાછળ આવી ભયંકરતા છૂપાઈ રહી છે.

ભાગિરથી પણ રોગનો ભોગ થઈ પડી અને તેનાથી સૌ દૂર ખસવા લાગ્યા.

એક ન ખસ્યો મંગળ.

જે દર્દમાં એણે પિતાને ગુમાવ્યા હતા એવું જ ભયંકર આ શહેરી દર્દ હતું.

જેમ તેણે પિતાને પ્રેમથી સાચવ્યા હતા તેમ જ ભાગિરથીને પણ સાચવી.

નૈનીતાલની હજારો પગદંડીઓ એના પિતાએ પગ તળે કાઢી હતી. દરેક ઝાડ સાથે બાપદીકરાને સંબંધ હતો.

આજે ભાગિરથી જ્યારે માંદી પડી ત્યારે મંગળને એ સઘળું સાંભર્યું; એણે ભાગિરથીને પણ વારંવાર સંભારી આપ્યું: 'મા! પેલી લરીયા કાંટાની કેડી જ્યા તો બહુ જ સુંદર બની છે હો!' ભાગિરથીને હવે આજે રામચરણ સાંભર્યો.

રામચરણને પોતે માર્યો હતો તે પણ યાદ આવ્યું. તેણે

મંગળને પૂછ્યું પણ ખરું કે: 'તને રામચરણ સાંભરે છે!'

મંગળે કાંઈ જવાબ દીધો નહિ. એની આંખમાંથી માત્ર એક આંસુ ખર્યું.



એક દિવસ ભાગિરથી દર્શન કરવા નીકળી.

રસ્તો લાંબો હતો, પણ તેનું હૃદય ભારે હતું; મનમાં વેદના હતી; રામચરણને પોતે માર્યો છે એ પશ્ચાત્તાપ હતો. આસપાસના ડુંગરાઓ ઉપર સ્પષ્ટ રેખાની પગદંડીઓ પહાડીને આમંત્રણ આપી રહી હતી.

ભાગિરથી ધીમે ધીમે ચાલી રહી હતી.

સાંજ નમતી હતી અને દેવદારનાં વૃક્ષો પર આછો ઉજાસ પથરાઈ રહ્યો હતો. ચંદ્રમાનું અજવાળું ધીમે ધીમે વધતું જતું હતું.

કબરસ્તાન પાસેથી નીકળતાં ભાગિરથીના મન પર એક મહાન શિલા જેટલો ભાર હતો. એની એકાદ કબરમાં રામચરણ સૂતો હશે. કદાચ એની માટી પણ ફરિયાદ કરશે કે જો, જો, મને ભાગિરથીનો ચરણસ્પર્શ ન થાય!

આજે પોતે એટલી જ પતિત બનીને, એટલી જ રોગી બનીને, એટલી જ હલકી થઈ ને, ધરતી ઉપર ચાલી રહી હતી. રામચરણને પણ મંગળે જ પ્યારથી બોલાવ્યો હતો; પોતાને પણ મંગળ પ્યારથી બોલાવે છે. તેનું હૃદય નરમ બની ગયું હતું. તે ધીમે પગલે આગળ વધી.

પણ જરા જરા અંધકાર ઉજાસની તેજછાયા ભરી

રમ્મતમાં એણે એક કબર ઉપર ટૂંકી પોતડી, કુડતું ને માથે ગોળ કાળી ટોપી મૂકીને બેઠેલો રામચરણ જોયો. એનું મોં ફિક્કું હતું; હાથની આંગળી કાંઇક નિશાની કરતી હોય તેમ લંબાયલી હતી.

ભાગિરથી દષ્ટિભ્રમથી ભડકીને ઉતાવળે ચાલી. પાછા ફરીને જોયું તો કાંઈ ન હતું; માત્ર ભ્રમ હતો.

પ..ણ આ કાંઈ ભ્રમ હોય? પેલી કબરની પાસે—ડોસો બેઠો હતો તેની પાસે જ—પેલો છોકરો દીનતાથી ઉભો છે: માથું ઉઘાડું છે: હાથમાં ટોપી છે; કબર પર નીચો નમીને ફૂલ મૂકે છે; આ કાંઇ ભ્રમ હોય? ભગિરથીએ વધારે સાવધાનીથી જોયું તો એક છોકરો ત્યાં ઉભો હતો ને કબર પર ખરેખર ફૂલ મૂકી રહ્યો હતો.

ભાગિરથી ચુપચુપ એના તરફ પાછી વળી.

તે છેક પાસે આવી. છોકરો કબર પર ફૂલ મૂકીને બોલી રહ્યા હતો; 'આ હજારો પગદંડીઓનો રસ્તો તમે મને બતાવ્યો છે. પિતાજી! હજારો પગદંડીઓ તમારી રાહ જૂએ છે!'

ખભા પર કોઈના સ્પર્શથી ભડકીને તેણે પાછળ જોયું. તેની મા ઉભી હતી. તેનાથી બોલાઈ ગયું: 'અરે! મા! તું!'

'બેટા! મંગળ! કોની સાથે વાત કરે છે?'

'બાપાની સાથે, આ મારા બાપની કબર છે.'

ભાગિરથી ભારે હૈયે ત્યાં જ બેસી ગઈ. 'અરેરે! મંગળ જીવતાં જેને ધિક્કાર્યો—જેને કૂતરાને મોતે માર્યો...જેને કાઢી મૂક્યો, આજ હવે એ સાંભરે છે. મને કે'તો ખરો, તારા બાપ વાતમાં કાંઈ મારું પૂછે છે?'

મંગળ માની સામે જોઈ રહ્યો: ‘અરે! મા! કાંઈ ગાંડી થઈ છે? મને આ હરેક પગદંડી ફરતાં બાપ યાદ આવે છે. હરેક ઝાડ નીચે અમે બેઠા હતા. હરેક ડુંગર ઉપર એની યાદ છે. હું એટલે જ અહીં આવું છું. તું પણ આવતી જા, બાકી, કાંઈ મરેલાં વાત કરે છે?’

‘વાત ન કરે! તું કે’ છે ને વાત કરે છે!’

‘વાતમાં એટલું જ . . .’

‘કે!’

‘તારી માને સાચવજે.’

ભાગિરથી હસી રહી: ‘બોહો મારું તો નામ પણ ન દે.’

‘પણ હું કહું છે ને!—તારું નામ દે છે.’

ભાગિરથી મંગળ સામે જોઈ રહી. એણે તેના હાથમાંથી ફૂલ લીધાં. કબર પર મૂક્યાં ને નીચું માથું નમાવી પહેલી વખત આંસું રડી.



જ્યારે માદીકરો બન્ને પાછાં વળ્યાં ત્યારે બન્નેનાં હૃદય કોમળ બનીને એક બીજાની વધારે ને વધારે નજીક આવી રહ્યાં હતાં. છોકરાને આજે પહેલી વખત એની માથી કાંઈ છુપાવવાનું ન હતું, અને તેથી રામચરણની વાતો પ્રેમથી સાંભળતો રહ્યો હતો: અને ભાગિરથી સાંભળી રહી હતી.

આંહીં તો કાલ આહીંથી પંદર ગાઉ દૂર. પરમ દિવસ વળી ત્યાંથી દોડવાનું. અમારી તે કાંઇ જીંદગી છે ! પણ તું હમણાં ક્યાં છે ?'

ઈન્સપેક્ટર સાહેબના મોંમાં 'તું' ખરેખર ધોગ્ય લાગતું હતું. એ અધિકારી હતા ને હું નાનો સરખો નોકર હતો એટલે નહિ, પણ એક તો અમે સાથે ભણતા ત્યારે એ રીતે કહેતા હતા તેથી. બીજું એ પૂરા ૭ ફીટ ઉંચા મજબૂત પડછંદ આદમી હતા. મારા ખભા પર એમણે બોજો હાથ મૂક્યો ત્યારે એમના પાસે મારું એકવડિયું નાનું શરીર હાથમાં ધારણ કરેલી લાકડી જેવું લાગ્યું. ત્રીજું–અને સાચું કારણ તો એ, કે, તેનો સ્વભાવ આવા સંબંધો સાચવવામાં ખરેખર માયાળુ હતો.

'હું તો હમણાં એક દારૂના વેપારીને ત્યાં નોકર છું !'

'એમ ! પ્રિવિયસ પછી તેં તરત છોડી દીધું !'

'હા.'

'ઠીક, લે, ચાલ ચાલ. આંહીં પાસે જ મારો ઉતારો છે. અમે બન્ને ઉતારે ગયા. ફળીમાં કુંભાર પાણીનાં માટલાં ભરી રહ્યો હતો. એક તરફ રસોઈ તૈયાર થતી હતી; બીજી તરફ એક બે પટાવાળા સલામ ભરીને ઉભા હતા.

'અમારી તે કાંઈ જીંદગી છે યાર ! જો ને, આંહીં વળી એક ચોરી થઈ છે ને આવવું પડ્યું છે !'

'એમ ?'

અમે બન્ને બેઠા ન બેઠા ત્યાં તો 'સાહેબ ! દૂધ તૈયાર છે લાવું ?' એમ કહેતોક ને ગામનો પોલીસપટેલ આવ્યો.

પીરસવા લાગ્યા.

' હવે તારે દેશાઈ જવું નથી ? શેઠાણી તો છે ને, અન્નપાણી.'

મેં કહ્યું : ' પણ એક નિર્માં તો ભારતી ગઇ ઉપર હાથ નો પાંચદસ હજારનો ખાડો દેશના ઘરમાં ત્યારે.'

' વેપારની તો બલિહારી છે, યાર ! હું તો આ નોકરીથી કંટાળ્યો છું. તારા શેઠને કહે ને મને ક્યાંક ગોઠવી દે.' ઇન્સપેક્ટર બોલવાની ખાતર બોલ્યા કે તેમ એ કહેવું મુશ્કેલ હતું.

' અરે ભાઈ, તમારી હકૂમત કેટલી !'

' હકૂમત શી ? અમને પૂછનારાઓ કેટલા ! હવે જવા દે ને.'

એમને અત્યારનું આ વાત કરવાનું મન હતું. કારણ કે એમાં એમની સત્તાનો સાચો ખ્યાલ આપી શકાય તેવું હતું. ' આ ત્રિકમ મા'રાજની વાત હમણાં ન થઈ ? એ માણસે પોતાના પાડોશી વાણિયાની વહુને ભગાવવામાં મુખ્ય ભાગ લીધો છે. વહુનાં ઘરેણાં પણ ગુમ કર્યાં છે. એનાં પોતાનાં માબાપ કોણ છે એ કોઈને ખબર નથી. એમ કહેવાય છે, કે એના બાપ ભગવાન મા'રાજને એક દિવસ ઉકરડા પાસેથી આ છોકરો મળ્યો. એણે ઉછેરીને મોટો કર્યો. સ્વભાવનો બહુ ગરીબ છે, પણ કોણ જાણે કેમ આ કામમાં એનો મુખ્ય હાથ છે. હમણાં બોલાવું છું, તું જોજે.'

' જમાદાર !'

બહારથી એક સિપાઈ દોડતો આવ્યો.

' ત્રિકમ મા'રાજકુ ભેજો.'

થોડીવારમાં સિપાઈ ત્રિકમ મા'રાજને લઈને આવ્યો. એને જોતાં જ મારા મનમાં અરેરાટી છૂટી. એટલો સૌમ્ય–

[illegible]

[illegible]

'[illegible]'

'નિશ્ચિત.'

'[illegible] સમજાવતાં નથી [illegible]

[illegible] મોતી દે દે.'

[illegible]

માણસ, પણ અમે તો આવા કેટલા ય કિસ્સા જોઈ નાખ્યા. હરામખોરની જાત જ એવી ગરીબ દેખાય છે.' કોઇ જમાદાર જેવા પોલીસે કહ્યું.

'ઉમરભાઈની વાત પણ સાચી છે હો'–પોલીસપટેલે ધીમેથી એમાં પણ ટેકો પૂરાવ્યો.

'અરે યાર, આવી વાતનું ઊંડાણ તો ભલભલાને ઠગે તેવું હોય છે. એક ઠેકાણે મેં ખૂનનો કેસ જોયો છે. પોલીસ પટેલ-ફોજદાર સૌએ લાંચ લીધેલી, અને છતાં એમણે જ કેસ કર્યો, સાક્ષી કર્યો, ખૂનીને હાજર પણ કર્યો, અને માત્ર મરનારનાં હાડકાં ખોટાં રજુ કરી કેસ ઉડાવી દીધો. ઉપરથી ખોટો કેસ કરવા માટે જરાક ઠપકો મળ્યો. ઠપકો મેળવવા માટે જ કેસ કર્યો હતો કે જેથી લાંચ લીધી છે એમ ભવિષ્યમાં પણ કોઇ બોલી શકે નહિ. ઠપકો મળ્યો તે સહન કર્યો પણ પૈસા તો હજમ થઇ ગયા!—એટલે આમાં કોણ સાચું એ કળવું ભારે મુશ્કેલ છે.'

'સારો રસ્તો એ છે કે દયા રાખવી. દોષિત છૂટી જાય તો વાંધો નહિ, પણ નિર્દોષ માર્યો ન જાય એ જોવું જોઇએ.'

'અમે ઘણું સમજીએ છીએ પણ શું થાય ?—જુઓ. આ વાણિયણ કોણ જાણે ક્યાં લાગી ગઇ હશે. ભગાવનાર આ મહારાજ છે એમ પોલીસ જાણે છે. એ વાતના સાક્ષી છે. મુદ્દામાલ પકડાયો છે. કાયદાની દૃષ્ટિએ માણસને દોષિત ઠરાવવા માટે જેટલી સામગ્રી જોઇએ તેટલી તૈયાર છે–પછી ? અન્યાય થઇ જાય તો છૂટવાની અનેક બારી હોય છે. કાયદા, વકીલ, પૈસા, લાગવગ એ સઘળું કામ આવી શકે છે. પણ દયા બતાવીને કેસ પકડી ન શકો એ નામોશીમાંથી

ગયે/નાખવાને ત્રિવિક્રમનો દીન સ્વર. ઊંચે ગયે અજિંક્ય લાગે ત્યારે ખંડમાંથી ઇન્સ્પેક્ટર બહાર નીકળ્યા ને મોટા પ્રચંડ અવાજથી, 'જમાદાર હિમરસીંગ, એને ભમનકૂ જેલમેં ભેજ દો,' એમ બોલ્યા ત્યારે ત્રિવિક્રમ રડી પડ્યો નહિ. એણે ક્ષીણ સ્વરમાં કહ્યું: 'સાહેબ! આપ મને જેલમાં નથી મોકલતા. જીવનો મારી નાખવા મોકલો છો. ચોરી મેં કરી નથી. ચોરી વિષે મને ખ્યાલ પણ નથી. સાહેબ! હું બ્રાહ્મણનો દીકરો જેલમાંથી પાછો જીવતો પાછો નહિ આવું.' એ બોલ્યો ત્યારે જાણે એ પ્રમાણે થવાનું હોય એવી શ્રદ્ધાથી બોલ્યો. પણ એના વચન ઉપર સૌ હસ્યા. માણસ નિર્દોષ હોય એટલું આજના કાયદાતંત્રમાં બસ નથી; એને દોષિત ઠરાવવામાં આવે તો એમાંથી છટકી જવાની કુનેહ પણ એનામાં હોવી જોઈએ.

'સારું, સારું, બેડી ખખડશે એટલે ઠેકાણે આવી જશે.' ત્રિવિક્રમને લઈ ગયા.

ઇન્સ્પેક્ટર સૂવા માટે આવ્યા પણ આખી રાત એમણે પાસાં ફેરવ્યાં કર્યાં. એક વખત તો મને ઉઠાડીને કહ્યું: 'બ્રાહ્મણનો છોકરો નિર્દોષ હશે! તને શું લાગે છે? પણ જો ચોરી ન પકડાય તો મારી આબરૂ જાય.'

મેં કહ્યું: 'મને નિર્દોષ લાગે છે. એને પોતા પર શો આરોપ છે તેનું 'પણ સાચું' ભાન નથી.'

પણ ઇન્સ્પેક્ટરના મનનું સમાધાન થયું નહિ. બીજે દિવસે હું મારે કામે ચાલ્યો ગયો.

એ વાતને બે ચારવર્ષ વહી ગયાં.

[illegible] એકલો ક્યારે ય બોલતો નહિ. કોઈ ને કોઈ એની પાસે હોય જ. શાને એકલો રહેતો પણ નહિ. અને એમાં કાંઈ આશ્ચર્ય પણ નહિ. એટલું લાગ્યું કે એ સંપૂર્ણ સુખી નથી. એના અંતરમાં કાંઈ શલ્ય છે.

બીજે દિવસે હું જવાનો હતો એટલે અમે બન્ને દિવાનખંડમાં બેઠા હતા.

રૂમમાં ઝાંખી રોશની બળતી હતી. ખુલ્લી બારીમાંથી આકાશના તારા દેખાતા હતા, કોઈ દૂરના ગામમાં મધુર શરણાઈ વાગી રહી હતી. અચાનક તે ઉઠયો.

તેની ચાલ વિચિત્ર હતી. ચહેરો લેવાઈ ગયેલો હતો. આંખમાં નિરાશા હતી.

તેણે મારા ખભા પર હાથ મૂકયો. હું ચમકયો. પાછળ જોયું તો તે ઉભો હતો.

‘ કાલે ચોક્કસ જવું છે ? ’

‘ બીજો ઉપાય નથી. ’

'ત્યારે . . .' તે ખુરશી ખેંચીને સામે બેઠો. મારે તને એક વાત કરવી છે.

'હાં !'

'પેલો ત્રિવિક્રમ મહારાજ—તે દિવસે તું આવ્યો હતો—તેની વાત સાંભરે છે !'

મેં ડોકું ધૂણાવીને હા પાડી.

'એ માણસ નિર્દોષ હતો.'

'એમ ! મેં તમને કહ્યું નો'તું ?'

'જમાદારનો જ એક દોસ્ત બાઈને ભગવી ગયેલો. ઘરેણાં તો સૌએ સરખે ભાગે વહેંચી લીધાં હતાં. બાઈની તો પછી કૂવામાંથી લાશ જ મળી. પણ ત્રિવિક્રમ અત્યંત ગરીબ શાંત પેટા જેવો, એટલે સૌએ એના પર ઓઢાડયું. વાણિયા પારોશીને પણ એનું ઘર પડાવવાનો મોહ થયેલો.'

'તમને કેમ ખબર પડી ?'

'એ વાત પણ કહું છું, સાંભળ. ત્રિવિક્રમને જેલમાં મોકલ્યો ત્યારે એણે એવી દીનતાથી—શાંતિ ભરેલી દીનતાથી—મારી સામે જોયું કે એની બે આંખો તો હમેશને માટે મારા હૃદયમાં જાણે ઘર કરી ગઇ. આજ પણ હું એ જોઇ શકું છું . . .' તેણે બારીમાંથી બહાર આકાશ તરફ નજર કરી. હું મૂઢ બન્યો. 'આને પેલું લાગ્યું છે કે શું !'

'બીજે દિવસે હું જેલમાં તપાસ કરવા ગયો ત્યારે ત્રિક્રમ મહારાજ ખરેખર મરણ પામ્યો હતો !'

'હેં !'

'હા. પહેલાં તો એ જેલમાં સમજ્યો જ નહિ. એના

પાલક બાપ ભગવાનજીએ એને એવા લાડથી ઉછેર્યો હતો, કે તેણે પોતાના ફળીની બહાર કોઈ દિવસ પગ મૂક્યો ન હતો. કેવળ ધાર્મિક સંસ્કાર ને શિક્ષાવૃત્તિ પર જ એ નભ્યો હતો. એને જેલનું નામ સાંભળીને એવો ત્રાસ થયો કે એ બિચારો 'હરીચ્છા' કરીને ત્યાં બેઠો. તે બેઠો પછી બેઠો જ ન થયો.'

'અરર! મરી ગયો?'

ઇન્સપેક્ટર પગથી માથા સુધી ધ્રૂજી ઉઠયા: એનો અવાજ પણ ધ્રૂજતો હતો. 'મરી ગયો. અને મને મારી ગયો. ત્યારપછી એક વરસની અંદર મારો . . . . મોટો છોકરો, ... મરી ગયો. . . . . . રાતે સૂતો, સવારે ન ઉઠ્યો. એ શું બન્યું તે ખબર ન પડી. પણ અમારી કામ કરવાવાળી મોંઘીનો આમાં હાથ હોય એમ લાગ્યું. જો કે પૂરું સત્ય તો મળ્યું નથી. એક દિવસ એની ખૂની આંખમાંથી આ વાતની ખબર પડી ગઈ. ભગવાનજી મા'રાજને ઉકરડા પાસેથી જે બાળક મળ્યું–ને જેને એણે ઉછેરીને મોટું કર્યું–તે બાળક તે ત્રિવિક્રમ. એ ત્રિવિક્રમ મોંઘીનો જ છોકરો! પછી તો મોંઘી પણ ભાગી ગઈ.'

હું બેઠા જેવો થઈ ગયો. નાની સરખી જણાતી વાતનું આવું ભયંકર પરિણામ જોઈ ધ્રૂજી ઉઠ્યો.

'મોંઘીએ ત્રિવિક્રમનું વેર લીધું હોય એમ લાગે છે. એ પકડાય તે પહેલાં નાસી ગઈ એટલે પૂરું સત્ય ન મળ્યું. પણ લોકવાયકા સાચી લાગે છે. . . . . . મારા કુટુંબના છોકરાને એણે હણી નાખ્યો, દેખાય નહિ તેમ;

સમજાય નહિ તેમ. એણે મને અનાથ ને અપંગ બનાવી દીધો. મારું જીવન હણી નાખ્યું. અત્યારે હવે મારામાં કાંઈ નથી.'

'અને વિક્રમની પેલી બે આંખો હજી મારી પાછળ ભમતી હોય એમ લાગે છે.'

'ભાઈ! હું તો એક મરેલો માણસ છું. તારા જેવો કો'ક સાત આઠ દિવસ આવે ત્યારે જ જીવ જરાક શાંતિ પામે છે.

હું ઊંડા વિચારમાં પડી ગયો. દેખીતી સમૃદ્ધિની છોળની પાછળ આંસુનો આવો સમુદ્ર જોઈ ને અવાક્ બની ગયો.



બીજે દિવસે હું ચાલી નીકળ્યો, ત્યારે તે મને બારણા સુધી વળાવા આવ્યો. પોતાના સૌથી નાના છોકરાને તેડીને બારણા વચ્ચે ઉભા રહી દુઃખ ભરેલું મધુર હસીને તેણે મને સલામ કરી અને છલકાતી આંખે તે તરત પાછો ફરી ગયો.

ઠંડી ક્રૂરતા

અકસ્માત ફૂટી નીકળેલી સહેલિયાણી [illegible]

[illegible]

ન સંભળાય એવી રીતે; પ્રભાતના કીર્તનો—ઓ પરની ઝીણું
ટેવ પાડી; બાપુની અવગણના, માંખના એક ધંધાદારી
એમને વેપારી શ્રીમંત ગણવા—આમંત્રણ કરી નીકળેલા અનેક
દલાલિયા શ્રીમંત કહેવા—એ એમનું અપમાન હતું. હજીને
દાર શ્રીમંત કહેવા તો ક્યામાંયથી અને નવરાશી જનતા.
એમનું વહેણ પણ એવું જ. વહેવારૂને કંઈક અદ્ભુત
મોહ હતો. જૂનવાણી રીત પ્રમાણે ભૂખ્યા દરવાજે બંધ
રહેતા ને ટોળાબાજી ખૂબી રહેતી. ક્યાં બે ચાર ઘેલા ભેગા
રહેતા. ટૂંકામાં બે ઓળખાણ રાખનારી ટેવ હતી. બોલવાં
બાબતોને ફરતી નાખે: આવા કેટલાં અવસરમાં ઓળખીતા
ગમ્યા લાગે. 'વેપારી નમતું જોખ' એ સૂત્રને ભારે હો
ચડયા હતા. ગુમાવી એમ અને આગમચ ઘણાં પેઢીધરની
શ્રીમંતાઈમાંથી મળેલા એટલે એમાં ઉમંગ પણ રહેતી.
જ્યાં ચંદુલાલને નમે ઉંમ ન હતી હશે, કારણ કે, એ જ
પેઢીધર લક્ષ્મીને વરેલી વિનય વૃત્તિ પણ એમનામાં હતી.
ઘણી વખત એવું મન થાય કે એમનામાં વિનય વધ્યા
ઓછો હોત ને ઉમંગના પીંછાં વધારે હોત. કારણ કે પહેલા
ગુણ ધીમે ધીમે રાગત્યાગી ઠંડી ક્રૂરતામાં પરિણામ
પામતો હતો

નાનપણમાં ચંદુલાલને કામ કરનારી એક ખવાસણ
બાઈએ મોટા કર્યા હતા. મા તો બાળપણમાં જ મરી
ગયેલા એટલે જસોદાબાઈએ જ એમને ઉછેરીને મોટા કર્યા.
વેપારની હકીકત વાતોમાં આવું અવળું સમજાવેલું પિતાનું
મગજ, બાળઉછેરની ચિંતા માટે બાપે જ પા કયાંક પણ
ફારગ પાડી શક્યું. એટલે એ સઘળો ભાર જસોદાબાઈએ

ઉપાડી લીધો. જસોદાબાઈ ભણેલી હતી. કપટી ન હતી પણ એનું વાતાવરણ એની બુદ્ધિ અને શક્તિને અનુરૂપ જ હોઈ શકે. એટલે હજારો એવી વાતો, કે જે એના મનથી કાંઈ દોષરૂપ ન હતી, તે બાળકને હમેશાં મળતી રહી. અને એ સીધી મળી હોત તો તો કદાચ ચંદુભાઈના મન ઉપર નહિ જેવી અસર ઉપજાવત. પણ એ વાતો જાણે એનાથી ખાનગી રાખવાનો પ્રયાસ થતો હોય એમ એને જાણ્યા કરતું; અને વધારામાં કેટલીક વાતો તો અસ્પષ્ટ ધ્વનિરૂપે જ રજુ થતી. એ રચનાનું પરિણામ એ આવ્યું કે પંદર વર્ષના ચંદુભાઈની નિરાશા અને શોભાની વૃત્તિ [illegible] પુરુષ રચનારા કરતાં પણ કલ્પનામાં વધારે આગળ વધી શકી.

જસોદાને પણ એનું શરીર હતું અને શરીરના ધર્મો હતા. ચંદુભાઈના દેખતાં ઘણી વખત શરીરના ધર્મો આગળ [illegible]

[illegible]

રહેનારાં—સ્વાર્થબુદ્ધિ ને સંકુચિત મન—એમાંથી ક્રમે ક્રમે જન્મ્યાં. ને પાછળથી જન્મ્યા છતાં એ જ પ્રધાનરૂપ બની ગયાં; તે એટલે સુધી કે ચંદુભાઈની કોઈ પણ ચીજ—પેન અને પેપરથી માંડીને સ્ત્રી સુધી—કોઈના પણ હાથનો સ્પર્શ પામે તો ચંદુભાઈનો પિત્તો ખસી જાય. પછી તો એ ટેવે એવી ઉગ્ર જમાવટ કરી દીધી કે ચંદુભાઈ માલિક અને માલિકીના જબરજસ્ત ઉપાસક થઈ પડયા. એવા જબરા ઉપાસક કે કઇ નકામી વસ્તુમાં એમને માલિકીનો મોહ ઉત્પન્ન નહિ થાય એ કહેવું મુશ્કેલ થઈ પડે. બગીચામાં અરડૂસી હોય ને એનાં પાન કોઇના ઉપયોગમાં આવે છે એવી ખબર ચંદુભાઈને પડે તો તેમના મનથી એ પણ માલિકીના હકમાં આવી જાય.

§ ૨

ચંદુભાઇની પહેલી સ્ત્રી કેસર શ્રીમંતની પુત્રી હતી. એ સ્વભાવની જરા ઉગ્ર હતી. એટલે ચંદુભાઇની સાથે એને રોજ ઊડતી. ખરી વાત એ હતી કે કેસરમાં અસાધારણ રૂપ હતું. પહેલાં તો આ ચંદુભાઇને ગમ્યુ, કારણ કે જેમ એમની પ્રતિષ્ઠા સર્વોત્તમ હતી, જેમ એમની ઘોડાગાડી નંબર વન હતી, જેમ એમનો બંગલો સર્વશ્રેષ્ઠ હતો, તેમ એમની સ્ત્રી પણ સર્વથી સુંદર હતી. એટલે પહેલવહેલાં તો ઠીક ઠીક છટથી બન્ને સમાજમાં હળ્યાં ભળ્યાં. પણ પોતાના કરતાં વધારે સરકારી એવા માણસો તરફના આકર્ષણ માત્રને ચંદુભાઈ વિશ્વાસનું જ રૂપાંતર ગણી લેતાં શીખી

ઓરડામાં આવવાને આડે બારણે જ ઉભી રહી ગઈ, પણ
કંઠી કરવા અને ઉમના વચ્ચે હમેશાં પહેલી સ્થિતિ
નિત્ય એવાં છે. એટલે તેમજ પોતાના સ્વભાવમાં રહેલી
ઉમ ઉતાવળમાં ધીમે ધીમે ફેરફાર ગયા—ત્યારે ચંદુભાઈ
કાંઈ ન હોય તેમ ધીમે ધીમે વજન વધારતા જ ગયા.
કેસરના મૃત્યુ પછી એમણે નિશ્ચય કર્યો કે હવે કોઈ શ્રીમંત
કુટુંબની કન્યા તો લેવી જ નહિ. એમ નિશ્ચય ન કર્યો હોત
તો પણ તેમનું વય કાંઈ નાનું ન હતું. એટલે હવે ગામ-
ડામાંથી કોઈ સુઘડ કન્યા શોધી લાવ્યા. એનું મૂળ નામ તો
મણી કે મોતી એવું કાંઇક હતું. ચંદુભાઈએ એને સુધા-
રવાનો પ્રયત્ન કર્યો. તેમાં પહેલાં એનું નામ સુધાર્યું. એનું
નામ પાડ્યું સુહાસિની.

સુહાસિની બિચારી ગામડાની હતી, અને આજ્ઞા
માનવાને જ ટેવાયલી હતી. એક વખત એની મા મળવા
આવી, ને દરવાજેથી કહેવરાવ્યું કે 'મારી મણીને જોવા
આવી છું' ત્યારે અંદરથી જવાબ મળ્યો કે મણી અહીં
નથી. બહુ રકઝક કરી ત્યારે પ્રત્યુત્તર આવ્યો કે હમણાં
નહિ મળી શકે. પણ ડોશી ગામડાનાં હતાં એટલે 'લે
મારા પીટ્યા, ઘર અમારી દીકરીનું છે ને તમે હુકમ
સંભળાવનાર કોણ?' એમ કહીને અંદરના ચોકમાં પેઠાં.
પણ એની પાછળ રોકવા આવતા કેવાને, ચંદુભાઈએ
ઉપરના ખંડમાંથી આંખ મારી ઇશારત કરી દીધી, એટલે
એણે ડોશીને પાછી ધકેલી મૂકી. ડોશીએ બૂમરાણ કરી મૂક્યું.
'એ મણી' એમ કહીને. પણ મણી જુએ તે પહેલાં તો
દરવાજા બંધ થઈ ગયા ને પહેરગીરની કોણીનો જ

કન્યાનાં સગાંવહાલાંએ ઠીક પૈસા લીધા. ચંદુભાઈએ પોતાનાં બીજી વારનાં લગ્ન પરથી ધડો લઈને આ કન્યાનાં સગા-વહાલાંને સ્પષ્ટ ચેતવણી આપી કે તમારે મારે ત્યાં આતવારે ને છાશવારે આવીને ઊભવાનું નથી.

'અરે પણ અમારી દીકરી જેવી દીકરી, જીવ તો ચોટયો રહે નાં!'

'તો કોઈ વખત આવો; પણ દરેક વખતે આવીને અણધડની પેઠે 'એ અમારી ફલાણી આંદી' છે કે!' એવી વાત અમારે ત્યાં ના પોસાય.'

'ના ના, કોઈ દિવસ આંટો આવીએ–વરસે બે વરસે–અને તે પણ ઘડી બે ઘડી, આ બીજું શું, ગોકળ સમા સોના રૂપામાં છોકરીને રમતી જોઈને, જીવને શાતા વળે.'

'હા. તે ભલે. એમ તો કાગળ લખો.'

'બસ ત્યારે થયું. એ સૌથી રૂડું. આપણી દીકરી સુખી છે એ જાણ્યું એટલે ટાઢક થઇ. બીજું શું?'

એ વાત પણ પતી ગઇ. રજની–એનું નામ રજની–તો ખરેખર સોનેરી રજનીજ જાણે બનેલી હતી. એવો સુંદર દેહ. શરીર પણ ખાસ્સું પ્રમાણસર. નહિ ઉંચું નહિ નીચું. વળી પાતળું કહેવાય નહિ ને જાડું ગણાય નહિ એવું. ચંદુભાઈ તો ઘેલા ઘેલા થઈ ગયા. જેવી રૂપાળી એવી જ રમતિયાળ. જ્યારે જુઓ ત્યારે મોં ઉપર અકારણ હાસ્યની છાયા ફરતી જ હોય. પણ તે રચેલી કે કુનેહથી બનેલી નહિ. રમતિયાળ સ્વભાવને લીધે જન્મેલી. ચંદુભાઇ તો બિચારા આવા કરવી કે ઉડાવવી એનું સઘળું ભૂલી ગયા. રજનીના મોહિની સ્વરૂપે

કંટાળો આવ્યો હતો. દિવસોના દિવસો જે વાત છૂપી રાખવા તે યત્ન કરી રહી હતી તે વાતનું ગોપન પણ એના અંતરમાં શલ્ય જેવું બન્યું હતું. મૂળ તો એ રખડુ જાતની જંગલી છોકરી હતી. બંગલાના ને પૈસાના મોહે વેચનારાના હાથે વેચાઇ. પણ હવે આ સોનેરી પીંજરમાં એનું મન-પંખી તીવ્રવેદના ભોગવી રહ્યું હતું. એને પોતાના નૈસર્ગિક સ્થાનમાં જવાની ઉત્કંઠા જન્મી હતી. ને તેથી કોઇ કોઇ વખત આંતર વેદનાને પરિણામે, જે સ્થાન એની કલ્પનામાં રમ્યા કરતું, તેની સંસ્મરણક્રિયા ક્યારેક એનાથી થઇ જતી. એમાંથી ધીમે ધીમે જમોદા બાઇએ સાંકળ ગૂંથી કાઢી હતી. અને કાંઇક આછી રૂપરેખા ચંદુભાઇને પણ દેખાતી જતી હતી.

અઠવાડિયું થયાં મુંબઇ તરફના વેપારસમાચાર બહુ આશા-જનક ન હતા; અને ચંદ્રકાન્ત રમઝમાં મળવા માટે આગ્રહ આવું આવું કરતો હતો એટલે એ અસ્થિરતા પણ, ચંદુભાઇને વ્યગ્ર બનાવી રહી હતી. આ બધું તો હતું જ, અને એમાં હમેશાં હિસાબ કિતાબ કરવા માટે રાખેલા રજનીના ખાસ માણસને કાઢી મૂકવા પોતે તૈયાર થયા હતા. એટલે ઘરનું વાતાવરણ જ કાંઇક ગંભીર હતું.

ચંદુભાઇ પોતાની ઑફિસમાં બેઠા હતા. કાંઇ ખાસ મહત્ત્વનું કામ ન હતું. પણ આજે હોડીમાં રજની સાથે ફરવા જવાનું હતું, ને આકાશમાં વાદળાં ઘેરાયાં હતાં, એટલે ખિન્ન હૃદયે એ આકાશ તરફ ને પવન તરફ જોઇ રહ્યા હતા.

એટલામાં તારના પટાવાળાએ પ્રવેશ કર્યો.

ચંદુભાઇએ લાંબો હાથ કરીને ઝડપથી તાર લીધો.

જોઈ. તે શેઠનો ચહેરો ફરી ગઈ. પોતે પણ તૈયાર થઈ ગઈ. જે ક્રૂરતાથી પોતે કંટાળી હતી તેનો અંત નજીક જોઈને કંઈક ખુશી પણ થઈ.

'તેં મને પહેલેથી કીધું હોત–' શેઠના અવાજમાં અસાધારણ ઠંડી હતી.

'પણ મેં કીધું તમે જાણ્યું જ છે, ને બનાવો ન થાય માટે જ શાંત રહ્યા છો.'

'ના ના, મને ખબર નહિ. પણ તેં પહેલેથી કીધું હોત—તો આપણે પ્રાયશ્ચિત્ત કરી લેત–'

તેણે ધાર્યું હતું કે શેઠ ધમકાવશે. પણ શેઠના શબ્દોમાં અસાધારણ ઠંડી હતી. મૃત્યુના હાથના સ્પર્શ જેવી. એટલે એ રોઈ પડી.

'ઠીક હવે, વાતને દાટો. તારાં માબાપ જીવે છે?'

'ના.'

'તમે જાતનાં કેવાં, ચમાર?'

'ના, ચામડાં.'

'ચામડાં? ભંગી?'

'ના. ભંગીથી હલકાં. ભંગી મેલું ધૂએ. મહેનત કરે ને ખાય. અમારો ધંધો શરીરને વેચીને ખાવાનો. ચોરી કરવાનો ...એટલે ખરી રીતે હલકાં.'

શેઠ કાંઈ બોલ્યા નહિ. ઊંડી ગમગીનીમાં પડી ગયા.

ધીમે રહીને મંદ અવાજે બોલ્યા: 'આજે ચંદ્રકાન્ત આવે છે. તારે સગું વહાલું કોઈ છે?–પેલાં બધાં હતાં તે ક્યાં ગયાં?'

'મારે કોઈ નથી. એ તો સઘળાં મને વેચવા આવ્યા

અણુસારે સાથે ચાલી નીકળે. પછી તો જરાક મોંએથી સીસોટી વગાડવાની. બાવળાની સિંહગર્જનાના પાસે પેલા માસ્તર ભાઈના મોકલેલા વાણિયાના બે છોકરાના ભાર નહિ કે ટકી શકે! દોડયા જાય. પણ એવી રીતે કોઈ દોડે તો તે પોતાને પાછળ આવવાનું આમંત્રણ આપે છે એવી બાવળાની માન્યતા હતી. એટલે બાવળો પણ પાછળ દોડે. અમને નિશાળે જતાં મોડું થતું હોય, એટલે અમે પણ પેલા છોકરાઓને બૂમો મારીને ઉભા રહેવાનું કહેતાં કહેતાં ચીડાઇને, અને બાવળાને પાછો કાઢવાનો પ્રયત્ન કરતા પાછળ દોડીએ. બાવળાને વારવા માટે અમે પથરા પણ ફેંકીએ પણ બાવળાને અમારી આ સઘળી ગતની ખબર એટલે એ અમારો હુકમ માને જ શાનો?–પથરા ફેંકીએ, ઢેફાં મારીએ, નળિયાં લગાવીએ, પણ અમારો એકે ઘા બાવળાને ન પહોંચે. કોઇક પહોંચે ને લાગે તો તેના અર્થની અમારા કરતાં બાવળાને વધારે ખબર હોય. એ જાણતો હોય કે આ ઘા ઠીક છે, પણ ઘાના બદલામાં ઘરમાંથી આજ એ રોટલી–ઘીએ ચોપડેલી–ચોક્કસ મળશે.

આ બાવળાની બેનને અમે ટીપુડી નામ આપ્યું હતું. ટીપુડી બહુ જ ખરાબ હતી. જેટલાં કુરકુરિયાં આવે એટલાં પંદર દિવસમાં સાફ કરી નાખે. કાંઇક પોતે ખાઈ જાય ને કાંઈક મરી જાય. પણ એનાં બે બચ્ચાં અમે બચાવી લીધાં. એમનાં નામ આપ્યાં: રૂકમૈયો અને ધોળિયો. રૂકમૈયાની વાત પુનીડોશીને ત્યાં ભાગવત વંચાતું ત્યાં સાંભળેલી, એટલે એ નામ એકને આપ્યું. પણ બીજાનું તો રંગ ઉપરથી જ ધોળિયો નામ રાખ્યું. રૂકમૈયો બાળપણમાં

મરી ગયો પણ ધોળિયો બચી ગયો હતો. અને બાવળના મરણ બાદ એ અમારો દિવાનનો દોસ્ત બની રહ્યો હતો.

સૂર્યસ્નાનના પ્રયોગની એને પણ ખબર હતી. એટલે જે દિવસે અમે એવો પ્રયોગ કરતા હોઈએ ત્યારે તો તે આવો પાછો થઈ જતો આથી પાછો થતા છતાં અમારું રક્ષણ તો એ કરતો જ હોય.

આ કોઈ કામ માટે એ બાજુ આવવા નીકળે તો ધોળિયો, કાંઈક મશ્કરી ભરેલી આંખે મજાક કરતો હોય તેમ, આગળથી આવીને અમારી પાસે ઉભો રહે: એનું કહેવું હોય કે, 'ઘરનું કૌતુક જોવા જેવું છે.' ત્યારે તેની આંખમાં અમુક પ્રકારનું મનતર ભરેલું હાસ્ય આવી જતું. વળી નિશાળના છોકરા તરવા આવે છે એની ચેતવણી આપવા એ પૂંછડી પટપટાવતો આવતો. ને જરા જરા ભસીને બહાર જતો.

એટલે જ્યારે નિશાળના છોકરાઓ બોલાવવા આવે ત્યારે તો ખાટલામાં પડ્યાં પડ્યાં અમે બાઈબેન તાવથી ફફળતાં હોઈએ, છતાં કેવળ અભ્યાસના પ્રેમની ખાતર જવાની તૈયારી પણ કરીએ. કારણ કે નિશાળમાં પછાત રહેવાનું તો અમને ન જ ગમે. પણ પેલા છોકરાઓ શરીરમાં આવો તાવ જોઈને પોતે જ ના પાડે. એટલે અમારે પગથું પાછું ખાટલામાં પડવું પડે!—છોકરા ગયા પછી ધોળિયો, જીભ કાઢતો કાઢતો આવીને ઉભો રહે ત્યારે તેના ચહેરા પર લુચ્ચાઈ ભરેલું હાસ્ય દેખાતું હોય!

અમે એમ માનતા હતા કે અમારા આ પ્રયોગની કોઈને ખબર ન હતી. પણ કોઈક વખત અમે માને સમ-

જાવવામાં ફાવી જતા—અને કોને ખબર નથી કે બાપ કરતાં માને સમજાવવું સહેલું છે—ત્યારે મા, પોતાની મુશ્કેલી બતાવતાં કે, ભલે, આજે નિશાળે ન જતા, પણ તમને કાલે હું ખોટી ચિઠ્ઠી નહિ લખી આપું કે તાવ આવ્યો હતો. ત્યારે અમે ઉત્સાહથી કહેતા કે વાંધો નહિ—નિશાળેથી તેડવાવાળા આવીને જોશે કે તાવ આવ્યો છે પછી શું વાંધો છે?—ને મા હસીને કહેતાં કે ‘ જાવ રે લુચ્ચાંવ ! તમને કેમ તાવ આવે છે એ મારાથી ક્યાં અજાણ્યું છે ? ’ એટલે અમારા આ પ્રયોગની માને ખબર હતી એ તો પછી ખબર પડી !

મા તો કહેતાં કે મારો પીટચો ધોળિયો પણ, તમારા જેવો જ લુચ્ચો બની ગયો છે ! આ ધોળિયો રખડુ હતો. કોઈ કોઈ વખત સવારના સાતથી જ ઉપડી જતો. અને બપોરે બે વાગે પણ પાછો ન આવતો. ધોળિયો ઘણો ચાલાક હતો. સાધારણ રીતે એ બહુ ભસતો નહિ. ભસે ત્યારે તમારે સમજવું કે કાંઈક પણ કારણ હશે. કેટલાક તો ઘેર આવીને બેસે :ત્યારથી તે તેઓ જાય ત્યાં સુધી એ ભસ્યા કરતો. એક આંખે કાણો, માથે ટાલવાળો, ટૂંકડી પોતડીવાળો, અને બોલવામાં તો બડો ચાલાક, એવો હરજી સોની જ્યારે આવતો ત્યારે ધોળિયો બહુ ભસતો. એની ખબર તો પછી પડી. હરજીને એવી ટેવ હતી કે હમેશાં એકનું ઉછીનું લેવું ને બીજાનું આપી દેવું. આજકાલમાં જેમ દુનિયાના કેટલાંક મહારાજ્યો, ૧૯૩૫ નું દેવું પતાવવા, ૧૯૪૫ નું નવું દેવું કરે, ને ૧૯૩૬ નું દેવું પતાવવા ૧૯૬૦ નું નવું દેવું કરે, તેમ હરજી એક દેવું પતાવવા

બીજું દેવું કરતો. ને એવી રીતે એના પર અનેક દેવા છતાં, એક પણ દેવું ન હોય તેમ એ ફરી શકતો. ગામડામાં જન્મ્યો ન હોત તો, એની આ દેવા કરવાની પદ્ધતિ એને કોઈપણ વ્યવસ્થિત સામ્રાજ્યના નાણાં ખાતાના પ્રધાનની નોકરી માટે યોગ્ય બનાવી શકત. દરજી એક વખત રૂપિયા લઈ ગયો, ત્યારે બીજું નવું દેવું કરી વાળવાને બદલે, તત્ત્વજ્ઞાનની મદદથી, આપણું છે તે પણ વસ્તુતઃ આપણું નથી, એમ સિદ્ધ કરવા આવ્યો હતો. એક વખત અમારા એક દૂરના સગા આવ્યા ત્યારે તો મહેમાનને પણ શરમ આવે ત્યાં સુધી ધોળિયો ધૂરક્યા કર્યો હતો. મહેમાનને તો ફળીમાં ખાટલો ઢાળી આપ્યો. તે સૂતા. પણ સવારે એ ખાટલામાં મહેમાન ન હતા. અમને તો પાછળથી ખબર પડી કે મહેમાન સવારે ઊઠીને એકલા ગયા નથી, પણ જેણે એમને આખી રાત પાણી પાયું હતું તે લોટાને પણ, ઉપકાર ભરેલી એની યાદ સાચવવા માટે, સાથે લેતા ગયા છે.

અમારા ગામમાં હોળીના દિવસોમાં જે છૂટ લેવાતી તે સ્વતંત્રરાજ કરતાં પણ વધારે હતી. દિવસે તો જાણે ધીરૈયા નીકળે ને મરજી પ્રમાણે લાકડાં છાણાં પડાવે, પણ રાતે તો જે કાંઈ ઘરની ભીંતની બહાર હોય તે સઘળું બાળવાનું હોય એમ ઉપાડી જાય. કોઈના લાકડાં, કોઈનાં વાંસડા, કોઈની વાડી, કોઈના ભાંગેલ ગાડા, કોઈના તૂટેલ હળ—એમ આખા ગામનો કચરો એક રાતમાં ભેગો થઈ જતો. અમારે ત્યાં રહેવાનું ટાણું આવ્યું ત્યારે વાડામાં છાણાંની મોટી વજ*

* વજ—વલિ—આવલિ ઉપરથી. વજ=હાર

હતી. જો ઘેરૈયા ત્યાં પહોંચે તો તો એક છાણું બાકી રહે તેમ ન હતું એટલે અગાઉથી ખંડણી ભરી દેવાની હોય તેમ છાણાનાં સૂંડલાના સૂંડલા ભરીને સૌ મૂકી આવેલા.

પણ તે છતાં કોઈની નજર પેલા વાડામાં આવેલ છાણાની વળ ઉપર પડી. ને આખું લશ્કર તેમાં પેઠું. એ વખતે એકલા ધોળિયાએ જગેસર્દ ખેલીને એ છાણાં બચાવ્યાં હતાં. એ પાછો ફર્યો ત્યારે એનું મોં લોહીલુહાણ થઈ રહ્યું હતું, ને લડાઈના આવેશમાંથી તો એ કલાકે તદ્દન મુક્ત બન્યો હતો. પણ બ્રાહ્મણના કૂતરાએ કેમ વર્તવું એ વિધિનિષેધ શાસ્ત્રમાં નહિ, છતાં ડોશીશાસ્ત્રમાં તો હશે જ; એટલે એક વખત સવારના પહોરમાં, ધોળિયો, એક નાનું હરણનું બચ્ચું મારીને વાડામાં લઈ જતો જોવામાં આવ્યો ત્યારથી, ‘ બ્રાહ્મણના કૂતરાને આ શોભે ? ’ એમ કહીને સૌએ એનો બહિષ્કાર કર્યો હતો. પછી તો ધોળિયાએ આવા અકસ્માત વારંવાર શરૂ કર્યા. અધૂરામાં પૂરું સાંજે અમારી સાથે ફરવા નીકળે ત્યારે એનો ઉત્સાહ એ અમારામાં સંક્રાન્ત કરે; અને એવી રીતે બ્રાહ્મણના છોકરાવ કૂતરા સાથે શિકાર કરવા જાય છે, એવી કાંઈક અતિશયોક્તિ ભરેલી પ્રશંસાત્મક કટાક્ષ નિંદા એને લીધે ચાલુ થઈ. પછી એનો વધારે બહિષ્કાર થવા લાગ્યો. બ્રાહ્મણના કૂતરાએ કેવી રીતનું વર્તન રાખવું જોઈએ એ વિધિનિષેધની સમજ ધોળિયાને નહિ, એટલે એ તો નિયમ પ્રમાણે ફળીમાં બેસતો. પણ એનો બહિષ્કાર એવી સખ્ત રીતે કરવામાં આવ્યો હતો કે, એને રોટલો રોટલી કે પાણી કે આશરો કાંઈ પણ ન આપવાનું નક્કી થયું હતું. એટલે જ્યાં

એ નિરાંતે સૂતો હોય ત્યાં કોઈ ચંપાવીને અચાનક હાકડી મારે ત્યારે એ બહુ મૂંઝાઈ જતો. એ ભસી શકતો નહિ, કરડી શકતો નહિ, તેમ નાસી પણ શકતો નહિ. અંતે એવું ઠર્યું કે ધોળિયાને માટે એક અસ્પૃશ્ય જમીનનો ટુકડો કાઢવો અને ત્યાં એ બેસી રહે.

ધોળિયાના મરણનો પ્રસંગ એના જીવનને અનુરૂપ હતો. નાની સેવા અને મોટા પરાક્રમ એની વચ્ચેનો તફાવત નજીવો છે, એમ જ્યાં સુધી સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી તો ધોળિયાએ બજાવેલી અસંખ્ય નાની સેવાઓ છતાં 'એમાં શું મોટું કર્યું !' એ સવાલ જ જીભ ઉપર રમી રહેવાનો. પણ ધોળિયાએ સર્પ નીકળ્યા ત્યારે તેની ચેતવણી સૌથી પહેલી આપી હતી. ધોળિયાએ ચોરની હાજરીની ચેતવણી તો એના જીવનમાં ઘણી વખત આપી હશે. એનામાં એક કળા આવી ગઈ હતી એમ કહો તો ચાલે કે, ચહેરા ઉપરથી જ એ સાહુકાર ચોરનો ભેદ કળી જતો. ને પોતાનું ભસવું એ પ્રમાણે ફેરવતો. એક વખત તો એક ચોરભાઈએ અનેક અનેક તરકીબ કરીને એને હેળવવા પ્રયત્ન કર્યો હતો. ને એને ખાત્રી થઈ ગઈ કે હવે તો ધોળિયો એનો દોસ્તદાર બની ગયો છે, ત્યારે જ કમાડ ખેસવીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. અલબત્ત એણે પ્રવેશ એવા ઘરમાં કર્યો હતો કે જ્યાં ખૂબ શોધખોળને અંતે એકાદ રખડતું વાસણ જ હાથમાં આવે. ને એ પ્રમાણે ઘણી મહેનતને અંતે એને એક પછેડી હાથમાં આવી, તે લઈને એ બહાર નીકળ્યો. ધોળિયાએ અત્યાર સુધી એની મૈત્રી જાળવી હતી. પણ એ જ્યારે પછેડી લઈને ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે એણે એવો ભયંકર

ને પોતાને જૂઠરું જમવા ન આવવાનું માટે આવડે છે એમ ધારીને વધારે જમતા. અલબત, એમાં હમેશાં ગુમાવતા. અને એ અધૂરો અર્થ મેળવવા માટે જ પોતાને પરવશતા હોય એમ માની વારંવાર પૈસા મંગાવતા. એક બે વખત માગ્યે ખાનગી મોકલેલા પણ ખરા. પણ છેવટે તો કંટાળીને એમને આપઘાત કરવો પડેલો.—એ ઘણા નબળા હૃદયની નિશાની હતી. પણ જ્યાં સુધી એમ બને છે, ત્યાં સુધી એ નિર્બળતાની નોંધ કર્યા વિના બીજો ઉપાય નથી. મને વિચાર તો એમ જ હતો કે એમ, એના વરને તમાચો મારીને નાસી આવી એવું લખું, પણ એણે એવું કર્યું નહિ, ને કેરોસીનનું શરણું લીધું માટે મેં એમ લખ્યું છે.—પોળિયો માન ભંગ થયા પછી અમારા ફળીમાં બહુ દેખા દેતો નહિ. કૂતરામાં એક દોષ છે. માનભંગ થયા છતાં માણસ, માણસને રોટલાની ખાતર વળગી શકે છે, પણ કૂતરાની જાત એવી હલકી છે કે, માનભંગ થયા પછી એકાદ બે વાર અનુભવ લઈ, પછી પોતાનો માર્ગ પોતે શોધી કાઢે છે. પોળિયો પણ અમારે ત્યાંથી માનભંગ થયા પછી કાંઈક રખડુ જેવો થઈ ગયો હતો. જો કે હજી વારંવાર આવી જતો ખરો. છેલ્લો એને જોયેલો ત્યારે કાંઈક માંદો હતો. એ માંદગી અમારે કારણે ન કહેવાય એ હેતુથી કે ગમે તેમ, પણ એક વખત મહસુને દિવસે અમે નદીએ નહાવા ગયા ત્યારે ત્યાં વડની છાયા નીચે એ સૂતો હતો. અમે એને બોલાવ્યો, પણ એ આંખ ઉઘાડીને પાછી મીંચી ગયો. પાણી લાવ્યા પણ પીધું નહિ. હાથ ફેરવ્યો ત્યારે પૂંછડી જરાક હલાવી.

બીજે દિવસે અમે ત્યાં ફરવા ગયા ત્યારે ત્યાં પોળિયો

ન હતો. એનું શું થયું એ ખબર ન પડી. કોઈએ એને ઝેર દીધું હતું તેથી મરી ગયો તે વિષે પણ ખાત્રી ન થઈ. વગડવાઘરીનું ટોળું ત્યાંથી નીકળેલું એણે એને જાતવંત ભાળી સાથે ઉપાડી લીધો હોય એ પણ સંભવિત હતું. પણ ચોક્કસ રીતે શું થયું તેનો પત્તો મળ્યો નથી. અમારા ગામનો એ સર્વશ્રેષ્ઠ કૂતરો હતો. વિધિનિષેધના સખ્ત નિયમો જેમ માનવજાતમાંથી, જે કાંઇ સર્વશ્રેષ્ઠ હોય તેને ભગાડી નાખે છે, તેમ વિધિનિષેધના અતિ સખ્ત નિયમો વડે જ આ કૂતરાને પણ અમે નકામો બનાવી દીધો એમ ઘણી વખત લાગી આવે છે.



અને હરણનો શિકાર કરનાર રાજા મહારાજાને અમારો હાથ જ્યારે જ્યારે સલામ કરતો ત્યારે ત્યારે એ જ દોષ માટે ઘોળિયાને દેશવટો દીધો હતો એ સંભારીને હૈયું ડંખતું.

જ્યારે સામાન્યતા નાશ પામશે

એકદા ઉદ્ધતાઈ ભરેલા વર્તન માટે આખી જ્ઞાતિએ એનો બહિષ્કાર કર્યો ત્યારે 'સંસ્કાર જ્ઞાતિ એ જ ખરી જ્ઞાતિ છે અને બાકી તો બધો અબોટિયાંનો ઢગલો છે.' એવા અત્યંત ઉદ્ધત જવાબ વડે એણે જ્ઞાતિની દરકાર પણ કરી ન હતી. આ બધું બન્યું ઊગતી વયે. પણ ત્યાર પછી પિતાના મૃત્યુ બાદ એની પ્રકૃતિ કાંઈક શાંત ને સ્થિર બની હતી. દુનિયાના આજ્ઞાનને ટોરાબંધ ઉપાડી લેવાની તેજસ્વિતા હજી રહી હતી, પણ સાથે સાથે જ જેમ બને તેમ અથડામણ ઉત્પન્ન કરવાને બદલે, આવે ત્યારે તૈયારી બનાવવાની ધીરવૃત્તિ પણ આવી હતી. એ ધીરવૃત્તિને ઉશ્કેરે એવો એક બનાવ પાછો બની ગયો.

રાજેન્દ્રનો સ્વભાવ આવો બન્યો એનાં અનેક કારણો l. રાજેન્દ્ર નાનપણથી માતા વિનાનો બન્યો હતો, એટલે ાની છાયા તળે ઉછરવાનું હતું. એથી કરીને એના સવમાં કુમાશની સ્પષ્ટ છાપ દેખી શકાતી. છતાં એ

સ્વભાવથી ક્રૂર ન હતો. એટલે દેખીતી કઠિનતાની નીચે સિદ્ધાંત સાચવવાનું બળ જન્મ લઇ રહ્યું હતું. વળી એણે મોટી ઉમ્મરે પિતાને એક બે વખત પરણતા—એક વહુ મરે તો હાંડલું બદલાવી લાવે તેમ વહુ બદલાવતા જોયા હતા. એટલે એને વહુ, વર ને લગ્ન એ ત્રણે શબ્દો મશ્કરી માટે લોકોએ ઘડી કાઢયા હોય એવું લાગવા માંડયું. ને જ્યારે પોતાની બેનને લગ્નના સંબંધ નીચે હેરાન થતી જોઈ ત્યારે તો છેક નાનપણથી જે સંસ્કાર ઘડાતા હતા તેની ટોચ આવતી હોય તેમ, તેના અંતઃકરણમાં એક મૂક વિચાર જન્મ્યો, કે, આ સઘળું-લગ્નો—બેવકૂફીભર્યાં લગ્નો—દુનિયામાં જે જે જગ્યાએ અંધકાર દેખાય છે એ સઘળું—એક જ વસ્તુમાંથી જન્મે છે—અહંતામાંથી. અહંતા જન્મે છે પૈસામાંથી. પૈસો આવે છે ખોટા અઘટિત લાગવગ ભર્યા વ્યવહારમાંથી. અઘટિત વ્યવહારનો આશ્રય લેવાની વૃત્તિ જન્મે છે જરૂરિયાતો વધારવાથી. જરૂરિયાતો વધે છે ત્યાગવૃત્તિનો ત્યાગ કરવાથી. માટે જેમ મૃત્યુ એ જીવનત્યાગનો મહાપ્રસંગ ગણાવો જોઇએ તેમ, વિચારચક્રપ્રવર્તન કરવા માટે હરકોઈ મનુષ્યની ખરી મહત્તા એના ત્યાગથી અંકાવી જોઇએ. અને એ ચીલામાં પોતે બરાબર ચાલ્યો તો જ કહેવાય કે પિતા પિતામહે એકઠી કરેલી સંપત્તિ લોકકલ્યાણ માટે આપી દઈ, પોતાની સ્વતંત્ર જીવનમાળા ગૂંથે.

આ વિચાર એના હૃદયમાં પરિપક્વ થઈ પડયો રહ્યો.

જે રાતે એના પિતા મરણ પામ્યા તે જ રાતે એણે ઈંદિરાને બોલાવી.

ભાઈ અને બેન એક બીજાના વિચાર સમજી શકે

એટલી નિકટના મેળની શક્યાં હતાં.

ઇંદિરાની આંખમાં આંસુ હતાં.

'ઇંદિરા' રાજેન્દ્રે એના શીધા સ્વભાવ પ્રમાણે તરત શરૂઆત કરી. એને મન સમય એ સર્વોત્તમ સમૃદ્ધિ હોવાથી એનો દુરુપયોગ અસહ્ય હતો. 'ઇંદિરા પિતાજી ગયા. હવે તારી શી ઇચ્છા છે!'

'કઇ બાબતમાં?'

'જે વિચાર મેં મનમાં ધારેલો તે અમલમાં મૂકવા ચાહું છું. વિચાર પરિપક્વ થયા પછી અમલમાં મૂકતાં જે નબળાઇ બનાવે છે, તે માણસ મારે મન મરણ પામેલો છે. પિતાની સમૃદ્ધિ સઘળા લોકકલ્યાણમાં વપરાઇ જાય તો હમણાં દેખાતું એક જ શ્રેષ્ઠ ઉદાહરણ ભવિષ્યમાં એ જાતનું વાતાવરણ તૈયાર કરે. માટે તારી ઇચ્છા હોય તો આપણે બંને નવી જ યોજના કરીને સમૃદ્ધિથી છૂટાં થઇ જઇએ.

અને એવી તારી ઇચ્છા ન હોય તોપણ મેં તો સંકલ્પ કર્યો છે ને પાર ઉતારવાનો છે.'

ઇંદિરા કાંઇ બોલી નહિ. તેની આંખમાંથી થોડાં વધુ આંસુ પડ્યાં. રાજેન્દ્રે તે વખતે એ વાતને વધારે છેડી નહિ. પણ ત્યાર પછી વખત જતાં ધીમે ધીમે ભાઇબહેન એક નિશ્ચય પર આવી ગયાં હતાં ને સમય આવતાં તરત એ પ્રમાણે કરી લેવાની રાજેન્દ્ર તૈયારી પણ કરી રહ્યો હતો.

§ ૨

પિતાએ એક ગંભીર ભૂલ કરી હતી. મોટી વયે પરણી

શુદ્ધ ઉપેક્ષાવૃત્તિ પણ એણે કેળવી હતી.
ફેરફાર થયો નહિ, માત્ર એના નાના ચિબુક
ચડેલું જોઇ શકાય.

ભાઇનું આ અપમાન બેનથી સહન થયું
લાગ્યું: 'તેં કહ્યું પણ ભાને ખોટું લાગ્યું છે હો!'

'ના રે! ખોટું શાને લાગે! ગામડાનાં છો
મટી જવાનાં? આજે મોહનલાલ આવવાના છે!

મોહનલાલ ઇંદિરાનો વર હતો.

એને વર કહેવો હોય તો ભલે, બાકી તો
ઘરના ઢસાર્ડ જેવો હતો. વળી અક્કલ પણ ઓછી
સ્વાર્થ બહુ હતો. ઇંદિરા ને મોહનલાલ સાધારણ રી
હળતાં મળતાં નહિ. પિતા હતા ત્યાં સુધી પિતાનું મન ર
ઇંદિરાએ મોહનલાલને કમ્પાઉન્ડમાં પ્રવેશ કરવા દીધો
પણ ખરી રીતે એ મોહનલાલને અંતઃકરણથી ધિક્કારતી.

'ના.'

'કેમ!' ઉર્વશીએ કહ્યું.

ઇંદિરા કાંઇ બોલી નહિ, પણ તેણે ઉર્વશી સામે જોયુ
સે ઉભેલા પુરુષને મન એ નજર ખાલી નજર જ હતી.
ી સ્ત્રીઓ કેટલીક વાતો એવી નજર વડે કરી શકે છે, તેવી
ીને કરી શકતી નથી. ખરી રીતે નજર વડે વાતો કરવાની
સ્ત્રીઓની જ છે કોઇ પણ ફેન્સી મેળાવડામાં સ્ત્રીઓ
ી મળતી હોય છે ત્યારે એ વસ્ત્રાભૂષણની સાથે સાથે
રેક વાતો પણ નજર વડે કરતી હોય છે. ઉર્વશીની
ઇંદિરાની નજર સાથે મળતા જ તેમાંથી ચમક
ેમ લાગ્યું

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

રાખીને, ફેરો પારવા બેઠો હોય તેમ. એની જગાએ વધા
પતલી ઝીણી આંખ, નાની મોટી મૂછો—એક બાજુ નાની
ને બીજી બાજુ મોટી—તથા આગળ પડતું અને હોઠ ઉપર
ટીંગાઈને જાણે હોઠમાંથી વચનામૃત પીતું હોય તેવું નાક
—સઘળાં અંગ ઉપાંગ શોભી રહ્યાં. ખાસ કરીને તો એણે
પહેરેલા વધારે પડતા ભભકાવાળા રંગને લીધે.

'સાચું કહું તો, રાજેન્દ્રભાઈ, તોબા. છેલ્લા થોડાં વર્ષમાં
અમે પણ જોઈ નથી; તમે તો નાના...' આગળ વધે તે
પહેલાં રાજેન્દ્રે એને અટકાવ્યો.

'બોલો, તમે કેમ આવ્યા છો?—આડીઅવળી વાતો
કરવાનો મને વખત નથી.'

'ઓહોહો ભાઈ, તમારું ભણેલાનું પાજું તો ફાટ્યું
ફાટ્યું જ—જ્યારે જુઓ ત્યારે...'

'જુઓ, આ ઇંદિરા રહી. ઇંદિરા!'

ઇંદિરા પાસેના ખંડમાં ચાલી ગયેલી તે આવી.

'કેમ?'

'આ મોહનલાલ આવ્યા છે.'

ઇંદિરાએ મોહનલાલની સામે જોયા વિના જ જવાબ
આપ્યો. એ જવાબમાં તિરસ્કાર, શોક કે પશ્ચાત્તાપ કોની
માત્રા વધારે છે તે કળવું મુશ્કેલ હતું: 'હું...મારે તો ભાઈ
એકલું જીવન છે. એમાં બીજા કોઈના નામને સ્થાન નથી.'

મોહનલાલ કાંઈ સમજ્યો ન હોય તેમ હસ્યો.

'તમે ભાઈબેન બન્ને બહુ ભોળાં—તદ્દન બાળક
જેવા છો હો...અરે ભાઈ, ભાણાં ભેગાં હોય તો ખખડે.
વખતે ખોટું લાગે એવું મારાથી થયું હોય તો માફી માગું

આપણે સગાંસગાં કર્યાં તેમાં આવો વહેવાર શું!'

હવે વધારે વખત રાજેન્દ્રની ધીરજ રહેવી મુશ્કેલ હતી. મોહનલાલની વાત કરવાની રીત એને ફાવતી ન હતી અને મોહનલાલને એ ખબર હતી માટે દર વખત પોતાની પરિચિત ભૂમિકા પર જ ખેલ કરતા હતા.

'લ્યો બોલો, હવે ભાઈ બેન ડાહ્યાં બનો, ખોલો, નામા ઠામાનું શું છે?—કોઈ વાતે અજાણ્યા બનીને મૂંઝાતા નહિ. મારે આંગળીને ટેરવે બધો ય હિસાબ છે. આ તો ઘણો વખત થયો એટલે કાંઈ આરો મારીને બધું સમજાતું.'

રાજેન્દ્રે પોતાના અવાજને કાંઈક શાંત કર્યો; જરાક સ્થિર બનીને મોહનલાલને નિહાળ્યો અને ફરી વાત શરૂ કરી:

'મારે તમને એક વાત કહેવી છે.'

'હા તે કહોને!'—સગાં સગાંને અત્યારે મદદ...'

એનું મુરબ્બીવટનું વાક્ય તોડી નાખીને જ રાજેન્દ્રે જવાબ વાળ્યો: 'તમે નહિ ધારી હોય એવી વ્યવસ્થા આખા ઘરની થઈ જવાની છે—થઈ ગઈ છે.'

મોહનલાલને વાત વધારે મેળવવાની લગની લાગી હોય તેમ તે શાંત રહ્યો.

'જુઓ, આવતી કાલથી, હું 'ધર્મચક્ર'માં એક ઓરડી ભાડે લઈને રહેવાનો છું...'

'ધર્મચક્ર?'

'એ તમારાથી નહિ સમજાય. એ મારું વિચાર-મંદિર છે.'

મોહનલાલ મૂંગો મૂંગો સાંભળી રહ્યો. પિતાની

ઇંદિરા તમારે જોતી નથી. ઇંદિરા વિનાનો પૈસો મારે તમને આપવાનો નથી.'

'અને હું...હું...તમારું કારસ્થાન—' કરતો મોહનલાલ ઉભો થયો, પણ રાજેન્દ્રે ઉઠીને તેનો હાથ પકડીને એક ઝપાટો મારી તેને નીચે બેસાડી દીધો. 'પૂરું સાંભળી લે, પૈસા પૈસા કરે છે તે, જો આ મા છે નાં ઉર્વશી, તે પણ હવે અહીં નહિ હોય!'

'એટલે?'

'એટલે તું કાલે જોવા આવજે.'

'હું કાલ મારા વકીલને તેડીને આવીશ...'

'હેરાન ન થતો. કાયદાની દૃષ્ટિએ કરવું ઘટે તે ક્રિયા કરી લીધા પછી જ તને આ કહ્યું છે.'

મોહનલાલનું મોં ધોળી પૂણી જેવું થઈ ગયું. એને ઇંદિરાનો ખપ ન હતો, પણ ઇંદિરાને બહાને જે પૈસો મળતો તે બંધ થયો, એટલે મોટી આફત આવી હોય તેમ લાગ્યું. અને પૈસા વિનાની એકલી ઇંદિરા – ભાઈસા'બ, એ શક્તિને ક્યાં સાચવવી? તે ઉભો થયો. પણ તેના પગમાંથી બળ જતું રહ્યું. તે ધીમે પગલે પાછું પણ જોયા વિના બહાર ચાલ્યો ગયો.

§ ૩

તે રાત્રે ઉર્વશી પોતાના ખંડમાં ટાપટીપ કરી રહી હતી. ઉકરડેથી પરબારી બંગલામાં આવી તેથી પોતાની સાદાઈથી ખરું સ્વરૂપ કળાઈ ન જાય, એટલા માટે પણ

'મારા પિતાએ ભૂલ કરી—તમને જુવાન વયમાં પરણીને પોતે ચાલી નીકળ્યા. હવે એ ભૂલ મારે સુધારવી છે.'

ઉર્વશી બોલી નહિ. પણ ગજેન્દ્રની સામે કાંઈક લાલસા ભેર જોવાની ધૃષ્ટતા એનાથી થઈ ગઈ.

'જુઓ, તમારે માટે મેં રસ્તો શોધી કાઢ્યો છે. તમને એમ લાગે કે આ બંગલો ન હોય, આ મોટર ન હોય, આ ગાડી ન હોય, આ વૈભવ કાંઈ ન હોય, રહેવાને કોટડી હોય, ને ખાવાને રોટલો દાળ હોય એવી સ્થિતિમાં તમે રહી શકો તો અમારી સાથે રહો.'

'કેમ ! આ બંગલો કોઈને લખી આપ્યો છે ?'

'ના, બંગલો આપણો નથી.'

'ત્યારે કોનો છે ?'

'બંગલો પિતાજીનો હતો—તમારો કે મારો હતો જ નહિ.'

'એ સાચું, પણ અત્યારે તો આપણો જ છે નાં !'

'એ સઘળા વિચારોને હું ભયંકર વિચારો કહું છું. માટે મેં એને અને સઘળા સરસામાનને હરરાજીમાં મૂકાવી એ પૈસાવડે વિધવા આશ્રમ સ્થાપવાનો નિશ્ચય કર્યો છે.'

'અને હું—મારે ક્યાં રહેવાનું ?'

'તમારે મારી સાથે...'

ઉર્વશી આવેશમાં આવીને કાંઈક મીઠું હસી: 'લ્યો, એમ બનાવો છો શું ?—તમારી સાથે તો હું છું જ.'

'એટલે—તમે સમજ્યાં નથી: મેં જે ગરીબી ધારણ કરવા નિશ્ચય કર્યો છે તેમાં તમારું સ્થાન છે: તમે ઇચ્છો તો. પણ તમે એ ઇચ્છવાનાં નથી એ મને ખબર છે, માટે હું તમને સ્પષ્ટ કહેવા આવ્યો હતો...'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'ભાઈ!' ઈંદિરાનો અવાજ હતો.

'કેમ?'

'મોહનલાલ આવ્યા છે.'

'આવવા દે. એને પણ અહીં તેડી લાવ...'

ઉર્વશીએ સજળ નેને રાજેન્દ્ર સામે જોયું. તેની આંખમાં શાનાં આંસુ હતાં તે કહેવું મુશ્કેલ હતું.

મોહનલાલ આવ્યો—પણ તે આભો જ બની ગયો. રાજેન્દ્રે આગળ વધીને ઉર્વશીનો હાથ પોતાના મિત્રના હાથમાં સોંપ્યો. જરાક આનાકાની કરતો, આંસુથી ખરડાયેલો એ હાથ, છાનું હસી રહ્યો હતો. ને તેની છાયા આંસુથી ખરડાયલા મોં ઉપર પણ આવી ગઈ હતી.

મોહનલાલ મોટેથી રડવા જેવા અવાજે બોલી ઉઠ્યો: 'બાપના નામ ઉપર—'

પણ રાજેન્દ્રને એ સાંભળવાની ફુરસદ ન હતી. તેણે ઉર્વશી તરફ ફરીને કહ્યું: "હવે તમે ગમે ત્યાં જઈને લગ્ન કરી શકો છો. આ બંગલો ને માલમિલકત દરરાજ થઈ જશે—કારણ કે સઘળી ભયંકરતા 'સમૃદ્ધિ મારી છે' એ વિચારમાંથી જન્મે છે, ને તમને તમારી જે રકમ મારા પિતાએ આપી હતી તેનો 'ચેક' વખતસર મળી જશે... તમારું સરનામું આપતા જજો, નાજુકલાલ!" નાજુકલાલે ડોકું ધૂણાવીને ના પાડી, ઉર્વશીના સરતા હાથને જરાક વધારે જોરથી ઝાલી રાખ્યો.

ત્યાર પછી એક પણ વધારે શબ્દ બોલ્યા વિના બન્નેને એ ખંડમાં મૂકીને રાજેન્દ્ર ચાલ્યો ગયો. તેની પાછળ ઈંદિરા હતી ને મોહનલાલ પણ ચાલી રહ્યો હતો.



ને વિશાખ બંગલામાં રાત્રિના અંધારામાં રાજેન્
વિચાર કરતો હતો: 'લગ્ન એ માનસિક રોગ તો નહિ હોય ને!'

ઈંદિરા ચિંતન કરતી હતી: 'પુરુષ કે સ્ત્રી બંને હૃદ
આવેશમાં અત્યાર સાધે, ને સામાજિક કે આર્થિક વ્યવસ્થા
એને નિત્યસહચારનું રૂપ આપે એ જ લગ્ન!'

નાજુકલાલ ને ઉપરથી વિચાર કરી રહ્યાં હતાં: 'હવે
કોઈ ફેંકે નહિ તે પહેલાં જ સ્ટેશને પહોંચી જઈએ તો સારું.'

અમારી પાસે કામ કરાવે. ' છોકરાવ આવ્યા કે ! લ્યો વાડ
સૂંડલો છાણાં લઈ આવો તો.' સૂંડલો છાણાં કાઢીને અ
ત્યાં, ' છોકરાવ, લ્યો મારા બેટા કેવું લાવ્યા કે ! હં'.. અ
છાણાં તો ઠીક સૂકલ લઈ આવ્યા છો. છોકરાવ, તમને
ભાવે છે કે ! લ્યો મારા બેટા, આટલાં છાણાં ભાંગી ના
જોઈ. જોજે હો, બબ્બે કટકા થાય. ગાર પડવા દેતા નહિ
...મિઠ્ઠી જીભથી તોનીની વહુ એ પ્રમાણે કલાક કામ કરાવત
ને છેવટે પોતે છાણાં થાપવા બેસી જાતી: ' લ્યો, હાંઉં'
મારા જેવી કોઈ ભૂલકણી ! છોકરાવ, તમને આપવાનું તે
ભૂલી જ ગઈ. હવે આવતી કાલે વધારે લઈ જાજો હો.'–તોતીની
વહુ હોય તો એવો મિઠ્ઠો સુંદર વાક્પ્રવાહ એક કલાક સુધી
ચલાવે કે કલાક ક્યાં ગઈ તે ખબર પડે નહિ. પણ ' સેના
દેનાં ગંડુકા કામ. ' તોનીની વહુ શરીરે ઘણી સશક્ત, અવાજ
પ્રચંડ પણ ઘેરો, મિઠ્ઠો, ભરેલો. રૂપાળી પણ ખરી, ને છોકરું
થયેલું નહિ એટલે જુવાની મોહક રીતે જાળવી રહેલી; પણ
એની જીભની મીઠાશ, ક્યારેક તો એવી લાગી જાતી કે,
એકાદ પથરો ઉપાડીને કૂતરાને મારતાં મારતાં એને જ લગાવી
દેવાનું મન થાતું, પણ તોનીની ભલમનસાઇ સંભારીને સઘળું
ભૂલી જવાતું.

તોનીમા ઘેર હોય તો રંગ જુદો જ આવતો. ' એલા
છોકરાવ, રમકડું જોયાં. કાલ તમારી વાટ જોઈ ને પછી પોંખ
ખાવાના છોકરાંને આપી દીધાં. લ્યો હવે, આટલો રયો છે
તે, તાની માને કહેજે, છોકરા ! તોતડીમાએ આપ્યો છે.' એમ
બોલીને સૌને કાંઇ ને કાંઇ આપતી. એને આપવામાં કાંઈક
' મજા ' આવતી હોય એમ લાગતું હતું. તોનીનું દિલ આમ

ત્રણ રેખાવિધાન

તોતી

તોતી સાંભરે છે. તોતી એટલે તોતા તોતી ન સમજતા. પણ અમારા પાડોશમાં રહેનાર ખેડુતની એક ડોશી બોલવામાં જરાક તોતડી હતી માટે તોતી એ નામથી ઓળખાતી. એ નાની હતી ત્યારે તોતડી કહેવાતી. મોટી થઈ ત્યારે તોતી વહુ કહેવાતી ને વૃદ્ધ થઈ ત્યારે તોતીમા કહેવાતી. તોતીમામાં શું દોષ હતા એ ખબર નથી પડી શકી; પણ કેટલાક ગુણ હતા, તે એના નિત્યસહવાસથી જાણવામાં આવ્યા છે. તોતીનું હૃદય એના ગરીબ ઘરના પ્રમાણમાં ઘણું જ ઉદાર કહી શકાય. અમે બેચાર લંગોટિયા ભાઈબંધો મળીને લોટ માગવા જઈએ ત્યારે અમે ફળીમાંથી જ જોઈ લેતા કે ઓશરીમાં કોણ હરફર કરે છે. ને તોતીમા ઊભાં હોય તો જ જઈએ.

તોતીમા ઊભાં હોય તો જ જઈએ એ કારણ કે, જો *તોતીની વહુ હોય તો કાંઈ આપે તો નહિ, પણ ઉલટી

* એટલે તોતીના છોકરાની.

અમારી પાસે કામ કરાવે. 'છોકરાવ આવ્યા કે! લ્યો વાડામાંથી સુંડલો છાણાં લઈ આવો તો.' સુંડલો છાણાં કાઢીને આવીએ ત્યાં, 'છોકરાવ, લ્યો મારા બેટા કરું લાવ્યા કે! લ'.. અં ને, છાણાં તો ઠીક સફસ સર્ભ આવ્યા છો. છોકરાવ, તમને પોંખ ભાવે છે કે? લ્યો મારા બેટા, આટલાં છાણાં ભાંગી નાંખો જોઈ. જોજે હો, બબ્બે કટકા થાય. ગોર પડવા દેતા નહિ.' ...મિઠ્ઠી જીભથી તોતીની વહુ એ પ્રમાણે કલાક કામ કરાવતી. ને ઉપરે પોને છાણાં થાપવા બેસી જાતી: 'લ્યો, હાંઉં! મારા જેવી કોઈ ભૂલકણી! છોકરાવ, તમને આપવાનું તો ભૂલી જ ગઈ. હવે આવતી કાલે વધારે લઈ જાજો હો.'—તોતીની વહુ હોય તો એવો મિઠ્ઠો સુંદર વાક્પ્રવાહ એક કલાક સુધી ચલાવે કે કલાક ક્યાં ગઈ તે ખબર પડે નહિ. પણ 'લેના દેનાં ગંડુકા કામ.' તોતીની વહુ શરીરે ઘણી સશક્ત, અવાજ પ્રચંડ પણ ઘેરો, મિઠ્ઠો, ભરેલો. રૂપાળી પણ ખરી, ને છોકરું થયેલું નહિ એટલે જુવાની મોહક રીતે જાળવી રહેલી; પણ એની જીભની મીઠાશ, ક્યારેક તો એવી લાગી જાતી કે, એકાદ પથરો ઉપાડીને કૂતરાને મારતાં મારતાં એને જ લગાવી દેવાનું મન થાતું, પણ તોતીની ભલમનસાઇ સંભારીને સઘળું ભૂલી જવાનું.

તોતીમા ઘેર હોય તો રંગ જુદો જ આવતો. 'એલા છોકરાવ, રખડુ જેવા, કાલ તમારી વાટ જોઈને પછી પોંખ બાવાના છોકરાને આપી દીધો. લ્યો હવે, આટલો રયો છે તે, તારી માને કહેજે, છોકરા! તોતડીમાએ આપ્યો છે.' એમ બોલીને સૌને કાંઇ ને કાંઇ આપતી. એને આપવામાં કાંઈક 'મજા' આવતી હોય એમ લાગતું હતું. તોતીનું દિલ આમ

નજીવી નથી. આ બ્રાહ્મણકુટુંબે જતી વખતે, ઉપાડી શકવાની અગવડને લીધે, માટીનો એક ગોળો, કિંમતે આશરે ૭ આનાનો, તોતીમાને સોંપેલો. એવું કહીને કે, 'વેચાય તો વેચજો ને પૈસા જતે આવતે પહોંચાડજો. નહિતર તમે વાપરજો.' આવી નાની વાતને તોતી ધાર્મિક સિદ્ધાંતની ચીવટથી વળગી રહેશે એમ તો કહેનારે પણ નહિ ધાર્યું હોય. પણ આ બનાવ બની ગયા પછી બરાબર ઘણે લાંબે સમયે શહેરમાં તોતી હટાણું કરવા ગયેલી, ત્યારે ખોળીખાંચીને પેલા બ્રાહ્મણના 'એમ. એ.' થયેલા પ્રોફેસર છોકરાને શોધીને, એની અજાયબી વચ્ચે એને ૭ આના આપી આવી હતી. એવું કહીને કે, તમારા બાપે ઘરમાં ગોળો વેચવા મૂક્યો હતો તેના મારી પાસે હતા. વાત સાવ નજીવી છે, પણ એવી અબુધ ડોશીમાં રહેલું આ હૃદયબળ વખતે કોઈકની હજારોની થાપણ એમ જ આપી આવ. પ્રસંગવશાત્-તુલના કરવાની ખાતર નહિ—અકસ્માત એક બીજો બનાવ યાદ આવે છે. એક સજ્જન ગૃહસ્થ, ઠીક ઠીક આબરૂદાર ગણાય તેવા, હિસાબમાં સામાપક્ષની ભૂલને પરિણામે એક રૂપિયો વધારે મેળવી શક્યા. અને એમણે એ ભૂલ ન સુધરે એ હેતુથી ચાલતી પકડેલી. છતાં વચ્ચે પકડાઈ ગયા ત્યારે બોલ્યા કે: 'હું પણ એ વિચાર કરતો હતો કે તમારો રૂપિયો વધુ કેમ આવી ગયો છે ? !' આટલું વિષયાંતર કરીને સહજ જ.

તોતીની ખરી પ્રમાણિકતા એના ઘીના વ્યવહારમાં હતી. એ ગામમાં બ્રાહ્મણ, સોની, મોચી, સુતાર, લુહાર એમ અનેક કુટુંબો રહેતાં હતાં. ઘણાને ત્યાં ભેંશો હતી. સૌ ઘી

વેચતા. પરંતુ બેચાર રૂપિયાભાર ઘીનો લોભ જતો કરીને કોઈએ પણ પોતાનું ઘી ખરેખરું ઘી નહોતું બનાવ્યું. સૌ થોડું ઘણું કીટું પછી વાસણમાં વચ્ચે કે તળિયે, પણ રાખતા. આવી છેતરામણીમાં લાભ તો બહુ જ નજીવો હતો. પણ લક્ષાધિપતિ કહેવાતા વેપારી શ્રીમંતનાં ઘરાં પણ એટલો લાભ છોડી શકતાં ન હતાં. એક માત્ર તોતીનું ઘી લીલી ઝાંયવાળું, સુગંધી, ને કણીદાર બનતું. એની તાજી સુગંધ એટલી તો મનોહર રહેતી કે એ લેનારને બીજું ઘી ગમે જ નહિ. આમાં અંતે ફાયદો તો તોતીને જ હતો કે એનું ઘી તૈયાર થયાં પહેલાં જ નામ નોંધાવવા માટે પડાપડી થતી. છતાં આટલી સાદી વાત, આશ્ચર્ય થાય છે કે, તે વખતે કે હજી કોઈ સમજી શક્યું નથી. આવી રીતથી ઝીણી ઝીણી નિત્યવ્યવહારની વાતમાં છેતરપીંડી કરવાની ટેવ પડે છે કે પછી એવી ટેવવાળા બહારના નિયમન વિના, પોતાના અંદરઅંદરના નિયમનથી, કોઈ પણ વસ્તુને શુદ્ધ સ્વરૂપમાં જોઈ શકતા જ નથી. થર્ડ કલાસની ટિકિટની બારી પાસે ઊભેલો સિપાઈ ને ધક્કામુક્કી કરતા લોક—એ પ્રજામાનસનું સર્વવ્યવહારમાં વ્યાપેલું નાનું શું પ્રતિબિંબ જ છે. જો કે તોતી તો આ સઘળું ધાર્મિક માન્યતાઓ પર જ કરી રહી હતી. પણ જે લોક ધાર્મિક માન્યતાને ન માને, તેમણે આ સઘળું કરવું હોય—ને જરૂરિયાત તો લાગે જ છે—તો ઊંચામાં ઊંચા પ્રકારની સામાજિક ભાવના કે વિવેકશક્તિ ખીલવ્યે જ છૂટકો થાય તેમ છે. અને ઉંચામાં ઉંચા પ્રકારની સામાજિક ભાવના વ્યક્તિગત ધાર્મિક સિદ્ધાંત વિના અશક્ય એ વસ્તુસ્થિતિ પણ

સમજવા જેવી છે.

તોતીનું ઉહલું સ્વરૂપ જોયેલું એ ખરેખર કરુણ હતું. એનો છોકરો મરી ગયા પછી તોતીની વહુ થોડો વખત તો એની આમન્યા જાળવી રહી. પણ પછી એની જુવાન બુદ્ધિને અને વયને તોતીનો ભાવનાવાદ ગમ્યો નહિ. આટલું દુઃખ પડ્યા પછી પણ તોતીએ પોતાનું શ્રદ્ધાનું બળ ગુમાવ્યું ન હતું. નિયમ પ્રમાણે અપંગ લૂલાં લંગડાં એને ત્યાં સત્કાર પામતાં. તોતીની ઘણી ઇચ્છા હતી કે સાથી રાખીને વહુ જો ખેડ ચલાવે તો સારું, પણ વહુને છોકરું નથી ને એની જુવાન કાયા જાળવવી મુશ્કેલ પડશે એમ ધારીને પછી તો તોતીએ પોતે જ કહ્યું હતું કે 'વહુ, આપણું પાતળું ઘર ગોતી લે.' આટલું કહેતાં તોતીના અંતઃકરણમાં તો ઘણું મંથન થયું હતું, કારણ કે, જાતની ખોટ હતી, છતાં બ્રાહ્મણવાણિયાની પેઠે પોતાની વહુ 'ધરમ' જાળવે એવા એને ઇચ્છા હતી. પણ એ સમયમાં જ એક બ્રાહ્મણી મેમાનના છોકરા સાથે ભાગી ગઇ ને એક સોનારણને હરામના હમેલ રહ્યા—એટલે હવે વહુને ખોટી રીતે રોકવાનું તોતીએ ઇચ્છયું નહિ. વહુ પરણી ગઇ. પણ એના જેવી પ્રચંડ કાયાને શોભાવે એવો ધણી તો એને મળ્યો જ નહિ. એટલે શુળના કળેજાંની પેઠે દેહનાં ટળેડાં જેવી માનસિક અસર મૂકે છે, તેવી અસર વહુના પાછળના જીવન પર પડી ગઇ. એ ધણીને ઉભો મૂકીને એ ભાગી આવી ને તોતી સાથે રહી. તોતીએ એને પ્રેમથી સંઘરી પણ ખરી. પરંતુ ત્યારપછી વહુના જીવનમાં જે મીઠાશ હતી—ભલે મોઢાની—તે ન જ આવી. એનો સ્વભાવ ચીડિયો, ડખીલો, ને હરેક વસ્તુને વિકૃત સ્વરૂપમાં જોવાની

ટેવવાળો બની ગયો. સુધરેલા સમાજમાં ઠેરઠેર સ્વભાવના રોગ જોવામાં આવે છે તેમાં મૂળ તો આવી શારીરિક કે માનસિક અપૂર્ણતા પણ કારણરૂપ લાગે છે.

છેવટના જીવનમાં તો તોતીને પણ પોતાનાં દેવાં ચૂકવવા ખેડ તોડવી પડી. પોતાની જુવાનજોધ જેવી વહુને મજૂરી કરવા જતી જોઈને એના અંતઃકરણમાં જે ઘાનો ઘા પડ્યો તે પછી રુઝાયો નહિ. તોતીને વ્યવહારનિપુણ વાણિયાઓએ ઊંડો માર માર્યો હતો. આજના—અને આદીના એવા શર એના પર ચડી ગયા હતા કે, છેવટના સમયમાં, ત્યારે કોઈ આમને ભીખલાલને—હવે તો મોટા, પણ એના મનથી 'ભીખલાલ'ને—નામે જોતા બોલાવ્યા ત્યારે બોલતાં એનો સ્વર ફાટતો હતો: 'ભલે બે પૈસા દેવચંદ ખાય, પણ ભીખલાલ, મારે આવતે ભવ તળી ભાડું ભરવું પડે એટલે [illegible] જ કરી નાખજે ભૈ.'

પણ એ નાખું [illegible] ગાવું જ નહિ. [illegible] [illegible]

[illegible]

ઊકરાત, બીજું કાંઈ નથી, આટલા તલ તઈ લેતા જાવ,' એમ કહીને તેતીમાએ મોટો ખોબો ભરીને તલ તે વખતે પણ આપ્યા હતા. તેતીમાની એ છેલ્લી ભેટ હતી.

૨. હરકુંવર

હરકુંવર ડોશીનો સહવાસ તો છ મહિનાનો. પણ ડોશીને પોતાની બાપદાદાની સમૃદ્ધિમાંથી ને સાસરિયાંની સમૃદ્ધિમાંથી એટલો મોટો ભાગ મળ્યો હતો કે વિશાળ ઓરડા ને ઓરડા ખાલીખમ પડ્યા રહેતા અને તેથી કોઈ બાદૃત આવે ત્યારે ડોશી એની સાથે હળીમળી જતાં એટલું છતાં મૂળ સ્વભાવ વેપારીનો એટલે બાદૃતની સગવડ વિષેની વાત રેણીઠાણી નાખતી. એનામાં એ ખૂબી હતી કે ગમે તેવી વાતને એ રેણીઠાણી શકતી. પણ એટલા બધા વિશાળ ઓરડા ને જરૂરિયાત વિનાની સમૃદ્ધિ ડોશી પાસે હતાં કે આપણને આવી સામાજિક વ્યવસ્થા કે ભાવના માટે ઘૃણા ઉત્પન્ન થાય. આટલી બધી સમૃદ્ધિ – અને છતાં હરકુંવર ડોશીને મન એનો ઉપયોગ જ ન હતો. એમ ને એમ–જેટલું મળ્યું હતું તેટલું એમ ને એમ–હરકુંવરે રાખી મૂક્યું હતું.

એ ડોશીમાં એક બીજો ચમત્કાર જોયો. દિવસે વ્યવહારનિપુણતાની વાત કરે, જમાનો બદલાયો માટે બદલાવું પડે એવું ઉદાર માનસ પણ બતાવે, રસોઈની જુદીજુદી વાની સમજાવે, પણ જેવા રાતના આઠ વાગ્યા કે ડોશી જાણે કોઈને ઓળખતાં જ નથી. એ તો પછી પાછળથી ખબર

પડી કે ડોશીને પહેલાં જમાઈ સાથે તકરાર થએલી, ત્યારે બરાબર આ સમયે ડોશી પાસેથી ધમકાવીને એના જમાઈએ ઘરેણાંગાંઠાં કઢાવી લીધાં હતાં.

એક વખત એવું બન્યું કે બરાબર બારની રાતે નીચે થતા કોલાહલથી અમે જાગી ઊઠ્યાં. ધ્યાન દઈને સાંભળ્યું તો ડોશીમા મોટે અવાજે રોઈ રહ્યાં હતાં. નીચે જવાની તૈયારી કરી, પણ એટલામાં પાસે રહેતી કેસર બાઈએ કહ્યું કે 'મૂઆં, નીચે જશો માં. ડોશીનો જીવ છે જ અવગતિયો. ઘણી વખત બારની રાતે રુએ છે. હમણાં પાછી હસવા માંડશે.'—બન્યું પણ એમ જ. થોડી વાર પછી ડોશીમા રડવાનું પડતું મૂકી હસવા માંડ્યાં. જાણે પોતાનાં મરી ગએલાં સગાં સાથે, એ સઘળાં જીવતાં હતાં ને જે ગેલ કરતાં, બરાબર એ જ રીતે હસવા માંડ્યાં. થોડી વાર પછી એ પણ બંધ થયું ને ડોશી બબડતાં બબડતાં સૂઈ ગયાં. આવી એક બીજી વાત નોંધી લેવાની મરજી થાય છે. એક વખત અમે કામપ્રસંગે એક ગામડામાં [illegible]

[illegible]

સ્ત્રીના અનંત સમયથી સંભળાતા કરુણ અવાજનો પ્રતિ-
ધ્વનિ હશે. બહારથી ઠીકઠીક દેખાતા દરેક ઘરની પાછળ
કેટલી કરુણકથા ભરી છે એ કોને ખબર !—એટલે ડોકરીના
જીવનમાં કઈ મૂકવેદના એટલી બધી અસર કરી ગઈ
હતી કે તે અરધી રાતે જાગીને હમેશાં આક્રંદ કરતી
એ બરાબર જાણી શકાયું નથી, પણ એમ માનવાને કારણ
છે કે, આપણા સમાજની કલ્પનાશક્તિ સૌંદર્યશક્તિ ને
સર્જનશક્તિ એટલાં શૂન્ય બની ગયાં છે, અને સાથે
સાથે જ બીજાં ધ્યેયદર્શી કામને અભાવે સમાજની
જાતીય વિકૃતિએ પણ એવું ભયંકર રૂપ પકડ્યું છે કે,
એવા જ કોઈ કોયડા સાથે આ મૂકવેદનાને સંબંધ હોય
એમ સહજ જ અનુમાન કરી શકાય.

હરકુંવર ડોશીમાં અનુભવનું જ્ઞાન ખૂબ હતું. પણ એ
સઘળું જ્ઞાન જૂના જમાનાનું હતું. એટલે ગળણે ગળ્યા
વિના એમ ને એમ સીધું લઈ શકાય તેવું ન હતું.

ડોશી એકલી હતી. કાઠી દેખાતી હતી. શાંત હતી.
ખાં એના હૃદયમાં એક ઊંડો મર્મ ઘા પડ્યો હતો અને-
જેમ જેમ એની અવસ્થા થતી ગઈ, તેમ તેમ એ ઘા વધારે
તીવ્ર બનતો ગયો હતો. એ ખબર છેક છેલ્લી ઘડીએ પડી.

ડોશીને સ્વજન કહેવાય એવું કોઈ જ સગું ન હતું.
જમાઈ હતો, પણ વહેલ ને ચામ જેવો. એટલે ડોશીને
હમેશાં એક ચિંતા રહેતી કે મારી પાછળની મરણમૂડી-
એક દોકડો પણ કોઈના હાથમાં ન આવે તો સારું. એના
જેઠના દીકરા પાસે રહેતા, તે ટાંપીને બેઠા હતા કે, ડોશી
ટળે કે તરત જે કાંઈ હોય તે ઉપાડી લઈએ. ડોશીને જ:

–સાસરિયાં હજી સાંભરતાં હતાં–ઘણી વખત કહેતી કે એના કરતાં કસાઈ સારાં. એટલે ડોશીની તીવ્ર ઇચ્છા હતી કે એના હાથમાં દોકડો ય ન આવે. ઘણી વખત કહેતી કે ' હું ટળી જાઉં, પછી મારા પીટયા સૌ દોડયા આવે, દોડયા આવે હો–' આટલું બોલીને એ નિષ્ઠુર રીતે હસતી ને હાથતાળી લેતી. ' દોડયા આવે–ને મારા પીટયા ખાંખાંખોળાં કરે ' ડોશી પહેલાના જેવું જ બીજું નિષ્ઠુર હાસ્ય કરે, એનો ચહેરો પ્રકાશી ઉઠે. અને ડોશી છેલ્લો બોમ્બ ફેંકે–' અને મારા પીટયા ખાંખાંખોળાં કરે ત્યાં મળે ચૂલામાં પડી ઈ! હી હી હી !—'

પોતાના મૃત્યુ પછી પણ આ દુશ્મન જેવાં દુષ્ટ સગાંને ખાંખાંખોળાં કરતાં ને કાંઇ બચેલું નથી એ ભાનથી નિરાશાની હાય મારતાં જોઇ, ડોશીને એવો કલ્પનાજન્ય આનંદ થતો કે, દિવસમાં એક બે વાર તો જુદી જુદી રીતે પણ, એ વાત એ કરી લેતી. ડોશીને પૈસો એવી રીતે ખરચવો હતો કે પોતે જીવતાં કોઈનો આશ્રય લેવો ન પડે, ને છતાં પૈસો બરાબર ખૂટે અને પોતાનું મૃત્યુ થાય. આ અઘરો કોયડો એનાથી કોઈ રીતે ઉકલાતો નહિ. એટલે એ કેટલીક વખત ઉદાર બની જતી–ખાસ કરીને મંદવાડ આવે ત્યારે. તો કોઈ વખત લોભી થઈ જતી—તંદુરસ્તી લાગે ત્યારે.

૩ જગજીવન માસ્તર

ઘણી વખત એવું નથી બનતું કે જીવનનો
વખત સાથે ગાળવાથી માણસનું રેખાચિત્ર ઉલટું વ
સ્પષ્ટ રીતે સ્મૃતિમાં સચવાઈ રહે છે!–ઘણી વખ
બાળપણમાં ગુમાવેલી માતાનું આખું રેખાદર્શન હરદમે
નજર સમક્ષ હાજર રહેતું નથી! માણસની વય પ્રમાણે
એની કલ્પના પર પડેલું ચિત્ર વધુ કે ઓછું સજીવ રહે
છે. ખરી રીતે પાંચમાં નહિ, પણ ચારમાં પંદર કમ હતી,
—જુનાગઢ કૉલેજનો પ્રિવિયસની પરીક્ષાનો ક્લાસ છોડી,
પંચહાટડી સુધી ગયો, કાંઈ ન બન્યું હોય તેમ, પાનપટ્ટી
ખાઈ પાછા ફરતાં, હાગવાના પુલ ઉપર મિત્રો સામા
મળ્યા ત્યારે જ એ ખબર પડી. ને એ રીતે ખુશીથી
દાખલો કરી શકાય તેટલો સમય ફાજલ હતો એ પસ્તાવો
પણ ત્યારે જ થયો. પણ વ્યર્થ વિફળતાએ આપેલી એ
નિષ્ફળતા જીવનમાં સારી રીતે ઉપયોગી નીવડી. જગ-
જીવન માસ્તરની ઓળખાણ એ સમયની. પૂછે ખાંચરે
પડેલ એક તદ્દન સાધારણ વ્યક્તિ વિષે લખવાનું છે એટલે
એમાં ઘણાને રસ ન પડે એ તદ્દન સ્વાભાવિક છે. પણ
ઘણાં રત્નોની તેજછાયા ઉપર ગામડાની ધૂળનાં પડ લાગ્યાં
હોય માટે એનો અંતર્ગત ગુણ કાંઈ બદલાય છે? આપણે
ક્યારે સમજશું કે વિશાળતાના જેવો જ અગાધતા એ પણ એક
ગુણ છે!—એવરેસ્ટ શોધનાર બંગાળી બાબુ ભૂલાઈ ગયા
એ સાચું પણ એથી કાંઈ એનું દર્શન ખોટું થઈ શક્યું!
એલીસબ્રીજ પુલ બાંધનાર હિમ્મતલાલનું નામ યાદ ન

રહે એ કેવળ સંભવિત છે, પણ તેથી હિમ્મતલાલના વ્યક્તિગત વિકાસને લેશ પણ હાનિ કે લાભ ક્યાં રહ્યાં!

એ હિસાબે જ જગજીવન માસ્તરનું રેખાદર્શન કરવાનું રહ્યું. વધારે સારી પરિસ્થિતિમાં ઉત્તમ સાહિત્યકાર, વર્તમાનપત્રકાર કે વધુ સંભવિત તો 'અગમ્યવાદ'ના સાચા મુસાફર થઈ શકે એટલું જગજીવન માસ્તરમાં હૃદયબળ હતું. એના સ્વભાવની મીઠાશ—અને એ મીઠાશ હૃદયના ઊંડાણમાં વસી રહેલ આંતરિક પ્રવાહને લીધે જ હતી—એટલી તો કુદરતી હતી કે તમે એની મીઠાશને ભોગવી શકો. કેટલાક માણસોની મદદ તમને હચમચાવી મૂકે એટલી પ્રદર્શનભરેલી હોય છે. પણ જગજીવન માસ્તરની ખૂબી હતી—તમને મદદ કરતાં છતાં, તમે મદદ લેતા નથી એવું તમારું માનસ શી રીતે જળવાય એની ચાવી એની પાસે હતી. જ્યારે તમને દુઃખ પડે ત્યારે કોણ જાણે ક્યાંથી જગજીવન માસ્તર એમનું હમેશનું હસતું પ્રોત્સાહનભર્યું મોં લઇ સામે ઉભા જ હોય: એટલું સ્વચ્છ હાસ્ય ત્યાર પછી બહુ થોડા મોં પર જોવામાં આવ્યું છે. તે ડૉક્ટર ન હતા: વૈદ પણ ન હતા: છતાં તમને લાગે કે તમારી તબિયતની સંભાળ લેવા સો ડૉક્ટરો હાજર થઈ ગયા છે. તમારે સુખની ઘડીમાં તેની શોધ કરવી પડે. એના સ્વભાવમાં કાંઇક એવું હતું કે એ પોતાનું સુખ સઘળાંની વચ્ચે વહેંચી આપતા. ને બીજાનું દુઃખ વહેંચવા હમેશાં હાજર રહેતા. જગજીવન માસ્તરનું સ્વચ્છ હાસ્ય ઘણા થોડા માણસોમાં જોવાનું મળ્યું છે એનું એક બીજું પણ કારણ છે. એનું હાસ્ય અસંખ્ય દુઃખોની વચ્ચે

થઈને વહેતું. હજારો ખડકોની વચ્ચે વહેતાં પાણી જેમ અનેક રાસાયનિક ગુણો લેતાં આવે છે, તેમ કેવળ હાસ્યની ખાતર કરેલાં હાસ્ય, સુખના શૂન્ય સંતોષને લીધે આવેલાં હાસ્ય, ભયંકર સ્વભાવમાંથી જન્મેલાં ભયંકર હાસ્ય, અને દુઃખના શોક વચ્ચે કરેલાં, નિર્મળજળ જેવાં હાસ્ય—એમના રાસાયનિક ગુણોમાં ઘણો ફેર છે. એના ઘરમાં મંદવાડ ન આવતો. મહત્વાકાંક્ષાની પરંપરા આવતી. એ બધા સંયોગોમાં માનવમાં રહેલી શુભશક્તિ વિષેની તેમની શ્રદ્ધા અચલ રહેતી. 'હિપ્નોટીઝમ' વિષે તે સમયમાં પણ તેમણે અચ્છો અભ્યાસ કર્યો હતો: 'મનીઑર્ડર' 'રજીસ્ટર પારસલ' ને 'વી. પી.' એ જંગલથી પોસ્ટ માસ્તર બેઠા થાય ન થાય ત્યા પોતાની જુનવાણી છત્રી લઈને જગજીવન માસ્તર ત્યાં પહોંચ્યા હોય. કેવળ કાલ્પનિક છતાં એમની વાતો કેવળ કલ્પનાની ન હતી—ઘરગથ્થુ હજારો નુસખાની ને ઘરગથ્થુ નાનાં સાધનોની એમના મગજમાં નામાવલિ રહેતી. અને ભૂલનો ન હોઉં તો નાપાસ થયેલા ઘણા છોકરા એમાંથી પોતાનો રોટલો રળતાં શીખી ગયા હતા. અધુરા આદર્શોના આ ભાવનાશાળી આદમીએ પોતાનાં જ્ઞાન ને પરિસ્થિતિના પ્રમાણમાં પુરુષાર્થ પણ ઓછો ન કર્યો કહેવાય. આજથી વીસ વર્ષ પહેલાં—'ફોટોગ્રાફી સાયન્સ છે કે આર્ટ'—એવો પ્રશ્ન એમણે રજુ કર્યો હતો ને જર્મનીએ છાપકામમા કેટલી પ્રગતિ સાધી છે એ અમને સમજાવ્યું હતું. એટલું જ નહિ—'જર્નાલિઝમ' ના બળ વિષે પણ તેમણે જ ખ્યાલ આપેલો. ને માનસશાસ્ત્રના પ્રશ્નો ઝીણવટથી ચર્ચનારી એક આધ્યાત્મિક મંડળી સાથે

પત્રવ્યવહાર કરી એમણે જ ગુપ્તશક્તિઓના આવિર્ભાવ વિના મનુષ્યજીવન અપૂર્ણ છે એ ખ્યાલ આપેલો.

જગજીવન માસ્તરની મોટી આંખોમાં જે તેજ હતું તે સચ્ચાઈનું તેજ હતું. કેટલાક માણસો જાણે કે આજન્મ દુઃખનો સામનો કરવા જ જન્મ્યા હોય છે. નાનપણમાં માતાપિતા ખોયેલાં : ઉછર્યા મોસાળમાં. પહેલી વખતનો વિવાહ નિષ્ફળ ગયો—કારણ તો એમણે પણ નહિ કહેલું. પણ બીજી વખતનો એમનો ઘરસંસાર સુખી છતાં, જગજીવન માસ્તરના હૃદયમાં ઉંડે ઉંડે પેલો ઘા રહી ગયેલો. શિક્ષક તરીકે એમનું જીવન અત્યંત પ્રોત્સાહક હતું એમ તો હમણાં જ એક મિત્રે વાતવાતમાં કહ્યું.

જગજીવન માસ્તરે જીવનની વ્યવસ્થા પોતાની રીતે કરી લીધેલી. પણ બહારના ઘા ઘણી વખત એ વ્યવસ્થાને વીંખી નાખતા. સામાન્ય મનુષ્યો પોતાના નિત્યજીવનમાં જે બહાદુરી બતાવે છે તે ઘણી વખત વણલખી રહે છે. પણ જ્યારે જગજીવન માસ્તરના સઘળા સંયોગોની વાત સાંભળી ત્યારે લાગ્યું કે, એમણે બતાવેલી ધીરજ અસાધારણ હતી; પણ વધારે અસાધારણ તો એટલું છતાં એમણે ન ગુમાવેલી કુમાશ હતી. સંભવિત છે કે એવા સંયોગોમાં હરકોઈ માણસને વાંકદેખા થવાનો હક્ક પ્રાપ્ત થાય. છતાં જગજીવન માસ્તરે એ સઘળું કાંઈ પણ ફરિયાદ વિના—એક પણ હરફ બોલ્યા વિના—સહ્યું હતું.

એમના જીવન પર છેલ્લા એક બે ફટકા પડ્યા—કોઈ છે કે વિશ્વાસઘાતના—તે એવા સ્નેહાળ માણસ માટે અસહ્ય થાય તેવા હતા. સ્વભાવ એટલો મળતાવડો

ને વિશ્વાસુ હતો કે આવા ઘા એવા સ્વભાવ પર પડયા વગર રહે જ નહિ એ ઘા એમણે સહ્યા. પણ જીવનની છેલ્લી સ્થિતિમાં પણ તેણે થોડામાં થોડી ફરિયાદ કરી હતી. તેમણે એ ઘાના ભોગ થઈને જીવન રોળ્યું એમ કહેવું વધારે પડતું નથી. ને એ રીતે પોતાના જે આંતરિક ગુણનો એ સતત વિકાસ કરી રહ્યા હતા એ આંતરિક ગુણનો વધારે સંગીન વિકાસ–એમની આધ્યાત્મિક દૃષ્ટિએ–સાધ્યો.

ભીખો

ઓઘા કોળીનું ઘર ગામને છેવાડે હતું. જાતનો કોળી હતો પણ ધંધો રબારીનો કરતો ને ઓઘો ભગત કહેવાતો. 'ભગત' ની એને મળેલી ઉપાધિ સાર્થક હતી; કારણ કે ઓઘો મોટી માળા પહેરતો, હાથમાં બેરખો રાખતો, એની નાતમાં સાચક ગણાતો, ને ગામના વેપારી વસવાયામાં ઓઘાનું નામ પ્રતિષ્ઠાભર્યું લેખાતું. વધારે તો એટલા માટે કે એના જાત ભાઈ સઘળા ચોરી કરતા. ચોરનો સગડ લેવા વાળા પણ ચોર જ હતા. એટલે એ ગામમાં જે ચોરી થતી તેનો પત્તો લાગતો જ નહિ. છતાં ઓઘાની મદદથી વખતે મુદ્દામાલ પાછો મળી જતો ખરો. સવારમાં એક હાથમાં નેતરૂં લઈ, બીજા હાથમાં ડાંગ ખખડાવતો, ઓઘો ભજન ગાતો ગાતો નીકળતો ને કેટલે ય ઠેકાણે ઢોરાં દોઈ આવતો. ઓઘો ઉંચો ૭ ફૂટ પૂરો-ને એની વહુ ભાગ્યે જ સાડાચાર–એટલે ગામના ટીખળી છોકરા એની મશ્કરી કરતા ને નાની વહુનો વર કહીને જ બોલાવતા. પણ ઓઘામાં એક જાતની સ્વભાવની ઠંડી હતી

એટલે કોઇ દિવસ તપતો નહિ. અને તેથી અંતે એવું બોલનારાની સંખ્યા ઓછી થઇ, ' બોઘોભગત ' કહેનારની સંખ્યા વધી હતી. બોઘાને પોતાને ત્રણ બેંશો, ચાર ગાયો, ને એક ટારડું એટલું પશુધન હતું. ટારડું તો ઘણુંખરું શહેરમાંથી શાકભાજી લાવવાવાળો માધો લુહાણો માગી જતો. ને એના બદલામાં બોઘાનું નામું હામું રાખતો.

બોઘાને બહુ મોટી ઉમ્મરે એક જ છોકરો થયો એટલે બોઘાએ એને લાડથી ઉછેર્યો હતો. ને પોતે તડકા છાંયડા વેઠીને પણ બીખાને તો સુખમાં જ રાખ્યો હતો. બોઘાના ઘરની પાસે મનસુખલાલ માસ્તર રહેતા, તે હમેશાં તાજા દૂધની ટબુડી ભરી જતા. ને મેમાન આવે કે વખતે માસ્તરને દૂધપાક ખાવાનું મન થાય ત્યારે બોઘો દૂધનું બોઘરું આપી આવતો. બોઘો જેટલો સાચક હતો એટલી જ બોઘાની વહુ નમેદ હતી. એટલે માસ્તરને બોઘરું દૂધ મળે ત્યારે બે હળસ્યા પાણી પણ દબકારી દેતી. મનસુખલાલ માસ્તરની આંગળીએ વળગીને બીખલો નિશાળે જવા માંડ્યો ત્યારથી માસ્તરને મહિને બે રૂપિયા પણ આપતા ને માસ્તર એને ' નજર રાખીને ' ભણાવતા.

મનસુખલાલ માસ્તરને છેલ્લા સાત વરસથી પગાર રૂપિયા સાત મળતો. પણ બે દફતરનાં ઘર એવાં લીધાં હતાં, તેમાં કેટલાક પૈસા આવતા ' નજર રાખવાના ' પણ મળેલા. જેમ બોઘો ગામના ખળામાં જતો ત્યારે હેજવજી-ઢેર પટેલ વહેંચ્યુ ખળામાં આવે ને ખળામાંથી પેર લાગી ન આવે એવી ખાસ સંભાળ રાખવા માટેની મહિનાના મહિનો-અરધો રૂપિયો લેતા, તેમ મનસુખલાલ માસ્તર પણ, કોઇને

સમજાવવા માટે ' હેળવણી ' શબ્દનો જ વપરાશ કરી બતાવીને હરેક નાના છોકરાની ' હેળવણી ' બે રૂપિયા લેતો. દરેક ગામને પોતાના થોડાક વિશિષ્ટ શબ્દપ્રયોગો હોય છે; તેમ આ ગામમાં ' હેળવણી ' શબ્દ એવો વિશિષ્ટ હતો એમ કહીએ તો કાંઇ ખોટું નહિ. કારણ કે ઘણી વખત પંદર વીશ વરસની છોકરીઓ સાસરે આવતાં ધ્રુસ્કે 'ધ્રુસ્કે રડતી સંભળાતી ત્યારે ગામના ટીખળી જુવાનો વગર માગી સલાહ આપતા કે રાઘવાને ત્યાંથી ' હેળવણી ' લઇ જાઓને. રાઘવો કંદોઈ હતો, ને એના પેંડા વખણાતા. જો કે રાઘવો તો ચોખાનો લોટ કચકારીને જ પેંડા બનાવતો. પણ ગળપણ એ એક જ સ્વાદ જ્યાં હરેક મીઠાઈને સારી નરસી ઠરાવે ત્યાં તો રાઘવાના અઢીગણી ખાંડ નાખીને બનાવેલા પેંડા જ સર્વોત્તમ મનાતા. મનસુખલાલ માસ્તરની આંગળીએ વળગીને ભીખો નિશાળે જવા માંડયો ત્યારથી હમેશાં નિશાળે જતા પહેલાં ' મા પૈસા દેને ' દૂધપેંડા લેવા છે ' એમ કહેતો. પૈસા હાથમાં હોય તો તો મા દેતી, નહિતર કહેતી ' ઠીક લે, રાઘવાને ત્યાંથી લઇ લેજે. એ . . . નવટાંક લેજે હો.' પણ ભીખો પાશેર જ જોખાવતો, ને રાઘવો, દેખાવે મોટા લાગે પણ જોખવામાં ત્રણ–સાડાત્રણ–પાશેરમાં તળે એવા પેંડા બનાવતો, એટલે એટલા પેંડા જોઈ ને તો ભીખો ખુશ ખુશ થઈ જતો ને માસ્તરના છોકરાને પણ એકાદ પેંડો આપી દેતો.

ભીખો પહેલીમાં પાસ પડયો, ત્યારે ઓધાના અંતઃકરણમાં આનંદ થયો. ત્યારપછી તો ભીખો બીજી ત્રીજી ચોથીમાં પાસ પડયો. ઓધાનું શરીર હવે કામ ઓછું આપતું પણ એ પોતાની વહુને ટેકે ટેકે ખેંચ્યે જતો.

§ ૨

ભીખો અંગ્રેજીમાં દાખલ થયો.

બાપાએ બે ચાર ઢેકાળાં દોવાનાં વધાર્યાં હતાં. એની વહુ વેચાની ભારી લેવાને બદલે ખડ વાઢવા માંડી હતી. ને ઢોરોને ખૂબ માવજતથી જાળવીને ઘી દૂધ વેચી વેચી પૈસો ભેગો કરવા માંડ્યો હતો. બાપાને નામાઠામાની ચોખવટ માટે ટારકું વારંવાર આપીને બાપાએ પોતાના ઉપર એક પાઈનું પણ દેવું કર્યાં વિના ઘર સંસાર નભાવ્યે રાખ્યો હતો.

પણ ભીખાની હદ આવી ગઈ હતી. ગુજરાતીમાં મનસુખ માસ્તરે ધીમે ધીમે ચડાવો કરીને એને ચોથી ચોપડી પસાર તો કરાવી દીધી હતી ને ઇનામ પણ—એક પાવડી-લીધું. પણ હવે અંગ્રેજી પહેલીથી જ ભીખાનું કામ અટક્યું.

ભીખાનું મન પણ સીમમાં દોડ્યું. એણે હવે નિશાળે જવામાં આળસ બતાવવા માંડ્યું. એની મા એને ધમકાવે, પોતે રૂએ, બાપો ખાય નહિ, એવું થાય ત્યારે નિશાળે જાય. પણ 'अ એ ब ને આપ્યા' એવી વાતમાં મ ભીખાને કાંઈ સમજ પડે નહિ. એને ઘણી વખત એમ લાગતું કે अ, એવી રીતે પૈસા જો ब ને આપે, ભલે વ્યાજે આપે તો પણ, એ પાછા તો ब બેવકૂફ હોય તો જ મળે ! વળી દરેક દાખલામાં अ ब क ड એમ ચાર માણસો આવતાં, એટલે દુનિયાનો સઘળો વ્યવહાર જો આ ચાર માણસોના જ હાથમાં હોય તો રાઘવ પેંડા બનાવતો, મનસુખલાલ માસ્તર ભણાવતા, કાસમ ખોજો દાળિયા વેચતો—એ સઘળા સાચા માણસો સ્વપ્નસૃષ્ટિના આદમી હશે, ને પેલા अ ब क ड એ જ સાચા હશે કે શું ?

એવી ભાંજગડ પણ થાતી. એને ઘણી વખત મન થાતું કે એવો એકાદ અ મળી જાય તો તો તેને ત્યાંથી દૂધપેંડા લીધા જ કરૂં !

ભીખો પેલી અંગ્રેજીમાં પાસ થઇ ગયો—મનસુખલાલ માસ્તરની મદદ વડે; ત્યાર પછી બીજી ત્રીજી ને ચોથી પણ વટાવી ગયો. બંધી ચોપડીમાં મનસુખલાલ માસ્તરે મદદ કરેલી.

બોઘાએ ગામના કારકુનના છોકરા સાથે પોતાના છોકરાને ભણતો જોયો એટલે એને આનંદ થયો.

એમ કરતાં કરતાં ભીખો નોનમેટ્રીક સુધી પહોંચ્યો.

એટલી વાર સુધી બોઘાએ ખૂબ શાંતિથી ખેંચ્યે રાખ્યું હતું. હવે એને જીવનનો થાક ચડતો હતો: ઘડીકવાર આળોટવાનું મન થઈ આવ્યું હતું. પણ હજી ભીખો નોનમેટ્રીક હતો. મનસુખલાલ માસ્તરે કહ્યું કે મેટ્રીક પાસ થઇ જાય તો પછી વાંધો નહિ.

બોઘો વૃદ્ધ થયો હતો એટલે કામ થોડું થતું. છેલ્લાં બે વર્ષ નબળાં આવતાં કમાણી પણ ઘટી હતી. ભીખાનું ખર્ચ આકરૂં પડતું હતું તો પણ એણે ચલાવ્યે રાખ્યું હતું. અને થોડે થોડે કરીને દર વરસની ખોટ પૂરવા માટે ઘરની ઘરવખરી વેચીને પણ હાંકયે રાખ્યું હતું. ધીમે ધીમે થોડા રૂપિયા ઘર ઉપર પણ ઉપાડયા હતા ને ઘર વેપારીને લખી આપ્યું હતું. એને ખબર હતી કે ભીખો એક વરસમાં બધું છોડાવી લેશે.

અંતે ભીખો મેટ્રીકમાં પાસ થયો ને રેલ્વેમાં નોકર રહ્યો: ચાલતી ગાડીએ ટીકીટ તપાસનારો થયો. રૂપિયા તો પંદર મળતા, પણ કોટ પાટલુન, નેકટાઇ, ટોપી, ચમચમ

કરતાં બૂટ–ઘેરથી નીકળે ત્યારે એની મા ઓશરીની કોર પર ઉભી હોય, ને 'એ માડી! હાલની ગાડીએ ચડીશ માં હો, માડી ધ્યાન રાખજે હો!' એમ બોલીને પાછી વળે, પણ એના મોં ઉપર દીકરાની મોટી નોકરીનો આત્મસંતોષ દેખાતો. ભીખો વેપારીને વાયદો આપે કે, હવે ભાઈ નોકરીએ ચડયા છે એટલે ત્રણ મહિનામાં સઘળું પતાવી દઈશ. વાંધો નહિ આવે.

પણ એવા તો કેટલાય મહિના ચાલ્યા ગયા. ભીખો કહેતો કે, દીકરા હવે વેપારીના થોડાથોડા પૈસા ભરી દઈએ તો સારૂં.

§ ૩

પણ ભીખાને આ બાર પંદર તો ચાલ્યા જાતા, પણ એ ઉપરાંત જે લાંચના આવે તે પણ ચાલ્યા જાતા. અમારા ગામનો રબારીનો છોકરો ટીકીટ તપાસે છે એમ ધારીને વગર ટીકીટે કેટલીક વખત ગામડિયા ચડી બેસતા ત્યારે ભીખો એ સૌને ભૂલી જતો. ને બરાબર પૈસા બમણા વસુલ કરી ખિસ્સામાં મૂકી દેતો. રાઘવ કંદોઈને એક વખત પકડયો હતો. કંદોઈ કહે ભીખાભાઈ, બહુ પેંડા ખવરાવ્યા છે હો. ભીખાભાઈ કહે, હા, કાકા એ સાચું. પણ નોકરી એ તો નોકરી. બમણા પૈસા મૂકી દ્યો.

ભીખાની પાસે પૈસા વધતા નહિ. ઘેર તો પૈસા શાનો લાવે?—ઉલટું ક્યારેક મા પાસેથી રૂપિયો રોકડો લઇને વાપરી ખાતો.

બીખાએ જે વર્ષો પસાર કર્યાં હતાં, તેમાં દરેક પ્રકારની સાદાઈ ને એ મશ્કરીની દૃષ્ટિથી જોતાં શીખ્યો હતો: વ્યવહાર જાળવવાની વાતને એ ઉડામણી લેખતો: એનામાં સહન કરવાનું બળ ન હતું, માટે એ ચાલતાં ચાલતાં મોજ ઉડાવવાની વાત કરતો.

એનો જીવનવિગ્રહ જેટલો ભયંકર હતો એટલો જ એનો અસંતોષ ઉગ્ર હતો. તેથી એની લાલચ પણ જબરી હતી. એને ધીમી ઠંડી તાકાતથી સહન કરીને મેળવેલા પૈસાનો ખપ ન હતો; એને તો 'યાર કોઈ મળી જાય' એ જાતનું સ્વપ્ન હતું. અંતે બીખાની લાંબા કાળની તપશ્ચર્યા ફળવાની હોય તેમ એને એક વિધવા નર્સ સાથે દોસ્તી થઈ.

ઘરનાં માણસ માટે પણ સહન કરવાનું જેણે બળ ગુમાવ્યું હતું તે બીખો અંતે ગુપચુપ પરણ્યો પણ ખરો.

§ ૪

હવે તો એણે માતાપિતાની છેલ્લી વિદાય લેવાની રહી.

જન્માષ્ટમી—શ્રાવણ વદ આઠમનો દિવસ હતો. લોકોના હૃદયમાંથી એક પ્રકારનો ન સમજી શકાય તેવો આનંદ ઉભરાતો હતો. સઘળે ઉત્સવ હતો. તહેવારોએ નીચલા થરના લોકોને ને નીચલા થરના લોકોએ તહેવારોને જીવતા રાખ્યા છે. સઘળા આનંદમાં હતા. બોઘો પણ આંગણામાં ખાટલો નાખી, રાસડાની રમઝટ જોતો બેઠો હતો. થોડે દૂર બેસીને એની વહુ નાની, બીખલાની ભાવિ

વહુ માટે કાપડાની બાંધને રેશમી મોરના ભરનથી શણુગારી રહી હતી. ટીલડી–બીખલાની ભાવિ વહુ–પણુ ત્યાં જ રાસડા મંડળમાં ઘૂમી રહી હતી.

એટલામાં બીખો આવ્યો. બીખાની સાથે એની ભાવિ

ની હતી. ભીખો આજે આવશે તો ખરો જ એમ એની
ને ખાત્રી હતી. પણુ આમ એક બૈરૂં લઇને આવશે તે
ખબર ન હતી.

બોધાએ જોયું ન જોયુ કર્યું. પણુ એના જુનવાણી હૃદયને આ ગમ્યું નહિ. એના મન પ્રમાણે તો પોતે જેમ મહેનત કરી હતી તેમ મહેનત કરીને વ્યાજ સાથે પૈસા આપી ઘરને છોડાવનારો દીકરો આમ પારકાં ઢેગાં સાથે ભટકે તે વંઠેલપણું જ ગણાય. પણુ તે થોડીવાર કાંઈ બોલ્યો નહિ.

બીખલો આગળ આવ્યો.

'ભીખા ! ભાઈ, હવે તો તું સૌનું નામુંઠામું તપાસી લે ભાઈ, મારાથી હવે ભાર વેઠાતો નથી.'

બીખાનું ધ્યાન આડી પગથી નર્સની પીન ખસી ગઇ હતી તેમાં હતું.

બીખાની મા બોલી : 'બેટા તને ભણાવ્યો ગણાવ્યો, હવે તારા બાપાનું શરીર કામ કરતુ નથી. તું હવે જરાક જોને જન...'

'જો બાપા, હું તમને કહેવા આવ્યો હતો'–બીખાથી વધારે વખન આ વાતાવરણુ સહન થયુ નહિ.

'શું કહેવા આવ્યો હતો ?' બોધાએ વેદના દબાવી રાખીને પૂછ્યું.

'કે હવે હું પરણી ગયો છુ. મારે તમારૂં નાતનું

હોય તોયે નહિતર મારો ભાગ આપો. આ જનમની વાત કરો. આવતા જનમનું આપણે કામ નથી.'

વૃદ્ધ ભોળો હવે રડી શક્યો નહિ. તે લાકડી લઈને ઊભો થયો: 'બેટા આ ઘર ત્યારે હવે તું ભોગવજે. હું વળી ગમે ત્યાં બે પૈસા રળી ખાઈશ.'

વૃદ્ધ ભગત લાકડીને ટેકે ટેકે ફળી બહાર નીકળ્યો. પિતા પુત્રની જ્વાલા વચ્ચે હોમાતી પવિત્ર નારાયણુધારા જેવી નાની એને વારવા પાછળ ચાલી: 'રહો હવે ભગત, ચાલો પાછા ફરો. કાલ એની મેળે ઠેકાણે આવશે – એમ કહેતી.

આ હૃદયભેદક દૃશ્યને પણ એક અટ્ટહાસ્યથી ઉડાવતો ભીખો ઘરમાં પેઠો – ખરી રીતે તો અંદરથી કાંઈ મળે તો લઈ લેવા ને પછી પાછો ચાલ્યો જવા.



દૂધમાં પાણી ન નાખવાની પ્રતિજ્ઞા લેનારો અજ્ઞાન અંધશ્રદ્ધાળુ ભોળો રબારી રજા લેતો હતો અને ચાલાક, વાચાળ, ઠગ, દુનિયાને પણ ધોળાને પી જનારો શઠ એની જગા લેતો હતો.

કવિતાનો પુનર્જન્મ

વિસમી સદીનાં ઘણાં વર્ષો વહી ગયાં હતાં. સમાજની કાયાપલટ થઈ ચૂકી હતી.

એવી રચના થઈ હતી કે ન એમાં કોઈ શ્રીમંત હતો, ન કોઈ ગરીબ. કોઈ માલિક મળે નહિ, મજૂર મળે નહિ, નોકર મળે નહિ. સઘળા માણસ હતા. સૌ શ્રમ કરે, શ્રમ વડે જીવે, શ્રમમાં જ આનંદ માને. કોઈને પોતાનું ઘર ન હતું, ખાસ વિશિષ્ટતા ન હતી વ્યક્તિત્વ પણ ન હતું. સઘળા સવારે એક મહા ઘંટાનાદે જાગી જતા: સાડા ૭ ન થાય ત્યાં સામાન્ય પ્રાર્થનામાં જોડાઈ જતા. પ્રાર્થનામાં જે મનુષ્યોએ આ સૃષ્ટિ આવી બનાવી તેનાં સંસ્મરણો હતાં. ઈશ્વરને તો ખુલ્લે ખુલ્લું 'ચેલેન્જ' હતું કે તારાથી બને તો તું મહાસાગર સુકવી દેજે: અમે નવો મહાસાગર સરજશું. તારાથી બને તો તું મહામારી મોકલજે: અમે એને મારી હઠાવીશું. દીનતા ને નમ્રતા દોષ ગણાતાં; વિવેક, વિનાના અભાવનું પરિણામ. કોઈ મોટું હતું નહિ; કોઈ પોતાને નાનું

માનતું નહિ. સૌ સ્વતંત્ર હતા. પણ 'સ્ટેટ' ની નિયમાવલિ પ્રમાણે ચાલતા. વ્યક્તિ નાશ પામી હતી; સમષ્ટિ જન્મી હતી. સૌના રસ-રંગ-ઈચ્છા-આકર્ષણ ને આકાંક્ષા એક હતાં. સૌ સીનેમા નાટક સાથે જોતા, સાથે જમતા, સાથે ખેલતા, સાથે જ ફરતા. કોઈ 'ખાનગી' જેવો શબ્દ બોલતું નહિ. કોઈની ખાનગી માલિકીનું કાંઈ ન હતું. એનું 'શરીર' 'સ્ટેટ'નું હતું: આત્માના અસ્તિત્વ વિષે વાત કરવી એ ગુન્હો ગણાતો. મનુષ્ય, સમાજમાં એક અંશરૂપે હતો; એ સમુદ્રમાં તરંગ હોય તેમ રહેતો. તે જમાનાનો પુરુષ નિયમિત ઊઠતો, નિયમસર કામ કરતો, નિયમિત વખતે જ સ્ત્રીને મળી શકતો, નિયમિત સીનેમા જોતો, ભાષણ નાટક સઘળું નિયમ પ્રમાણે જ સાંભળતો. એને પુરુષ કરતાં તમે 'નિયમ' કહો તો વધારે યોગ્ય ગણાય. દરેક મનુષ્ય 'સ્ટેટ' ના 'એરોપ્લેન' માં અમુક ધારાધોરણ પ્રમાણે ફરવા જઈ શકતો. આસમાનમાં અદ્ધર બાંધેલા 'આકાશી પ્રાસાદો' માં નૃત્ય સંગીતના જલસા થતા, ત્યારે સૌ ત્યાં હાજરી આપવા જતા. કોઈ માણસ 'નિયમ' સિવાય બીજા કોઈ વિષય પર વિચાર કરતો નહિ: 'ગરીબ' શબ્દ કેવળ કવિતામાં હતો; સદ્ગુણ નીતિ ને સૌન્દર્ય કલ્પનામાં; શાસ્ત્રીય વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે, સૌન્દર્યને, માલિકી હકમાંથી નિર્મૂળ કરવા માટે, કદરૂપાં મનુષ્યોને રૂપાળાં બનાવવામાં આવતાં. સ્ત્રીઓ સ્વેચ્છાએ પુરુષો બની શકતી; પુરુષો, સ્વેચ્છાએ સ્ત્રી રૂપ ધારી શકતા. થોડો વખત આ સ્વેચ્છા નિયમને લીધે ગેરવ્યવસ્થા થઈ ને સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધતી ચાલી, માટે, છ માસના અગાઉથી નોટીસ આપવી

બગીચા, ઘર, ઝરના-સઘળું એક કરી મૂકવામાં આવ્યું હતું. જેથી માલિકીપણાની તૃષ્ણા જાગે જ નહિ. તેમ જ એ ભાનને નિર્મૂળ કરવા માટે સ્ત્રી પુરુષોનાં નામકરણની પ્રથાનો ત્યાગ કરવામાં આવ્યો હતો. કોઈ ચાંદની રાતે માણસ આકાશમાં ફરવા નીકળે, તો અદશ્ય વીજળી કિરણ ઉપર સપાટા બંધ પોતાની પાંખ વગાડીને ઉડયાં જતાં, હજારો સ્ત્રી પુરુષો આનંદ કરતાં નજર પડે. જાણે નિરભ્ર આકાશમાં વિહરતાં માનવ-પંખી, પણ એમાં કોઈ એકનો ચહેરો બીજાથી ભાગ્યે જ જુદો પડી શકે. સંખ્યાને યાદ રાખવાની શક્તિ પણ એ સમાજે ઉંચી રીતે ખીલવી હતી: અને તેથી જ નામના વિનાશ પછી, દરેક વ્યક્તિ પોત-પોતાના નંબરથી ઓળખાવા છતાં, ભૂલ પડતી નહિ. એ રીતે તમારે કોઈ પણ વ્યક્તિ વિષે ત્રણ નંબર યાદ રાખવા પડતા. વ્યક્તિ નંબર, રૂમ નંબર, સ્ટ્રીટ નંબર. સ્ટ્રીટ નંબર અને વ્યક્તિનો નંબર એના શરીરને વળગેલી સહેલાઈથી બીડી ઉઘાડી શકાય તેવી ઉડણપાંખ ઉપર જ મૂકાતા, આ પ્રમાણે 'નં. ૩૭૫૦૬૧૨; રૂમ નં. ૧૭, ૫૦,૬૨૧; સ્ટ્રીટ નં. ૭૩૧.' એમ બોલીને તમે કોઈ પણ મેમ્બરનો પતો મેળવી શકો.

§ ૨

રજની ખીલી હતી. કવિઓ-ચિત્રકારો-ને ઘેલા પ્રેમીઓની કહેલી ઉર્મિમય સઘળી પ્રશસ્તિઓનો નાશ કર્યા છતાં, આજની રજનીએ ઓઢેલો ચાંદનીનો સાળુ દુનિયાને

[illegible] નથી માનવ [illegible] છે એથી [illegible] –એણે [illegible] થયો ન હતો. [illegible] ગતી [illegible] હેવી [illegible] અને તે [illegible]

[illegible] એટલું [illegible] યુગલ [illegible] રચના [illegible] કૃત્રિમ તે [illegible]

કોઈ દિવસ ન સંભાળેલો એવો એકાદ અદૃશ્ય ખંડ નજરે ચડ્યો. જ્યાં વ્યવસ્થા–નિયમ–શિસ્તપાલન–સ્પષ્ટ વિચારસરણી–એ શબ્દોએ મનુષ્યને, મેંદીની વાડ જેમ કાપીને એક જ ઊંચાઈનો–એક જ સ્વરૂપનો–એક જ વિચારસરણીનો બનાવ્યો હતો, ત્યાં આ તોફાન જોઈને પ્રથમ તો 'સ્ટેટ' ના કેટલાક અધિકારીઓ આ વિપત્તિનો શી રીતે અંત લાવવો તે સમજ્યા નહિ. પણ અંતે જે લોકોએ આવી નબળાઈઓ બનાવી હતી તેમના ઉપર શસ્ત્રપ્રયોગ કરી, જે રસગ્રંથિવડે આ ગેરવ્યવસ્થાનો જન્મ શક્ય બન્યો હતો, તે રસગ્રંથિનો નાશ કરી તેમને બદલે બીજી ગ્રંથિઓ મૂકી દીધી.

ફરી એક વાર સઘળે સ્થળે શાંતિ થઈ ગઈ. પેલા રખડતા યુગલને દરિયાકિનારે લઈ જઈ હોડીમાં બેસાડ્યું અને તેમના કલ્પનાના પ્રદેશ તરફ–અનન્ત પ્રવાસ માટે મોકલી આપ્યું.

§ ૩

મંગળલોક ને ચંદ્રલોક સાથે વૈમાનિક સંબંધ બંધાયા પછી કોઈ ચાંદની રાતે ત્યાંથી કોઈ રડ્યું ખડ્યું યુગલ પૃથ્વી ઉપર ફરવા નીકળી આવતું. આ પ્રમાણે ચંદ્રલોકમાંથી એક રસિક–સ્ત્રી અને પુરુષ–પૃથ્વીનું સૌન્દર્ય જોવા આવી ચડ્યાં

સ્ત્રીએ, ઇન્દ્રધનુ રંગની આછી રૂપેરી વાદળીની સાડી પહેરી હતી. શુક્રલોકમાં બનતી તેજસ્વી ઘુઘરીઓની કનક ગોખલા તેના ઉપર શોભી રહી હતી; અંબોડે સ્વચ્છ

પારિજાતનાં ફૂલ વાળે વાળે પરોવ્યાં હતાં: નમણા નાક ઉપર ચંદ્રામૃતના સત્ત્વનું મોતી શોભતું હતું; હાથમાં આકાશગંગાની છીપોમાંથી બનાવેલાં કંકણ હતાં. એનો ચહેરો મોહક હતો; આંખમાં મદિરા હતી; ચાલમાં ગૌરવ. શરીરની રેખા સ્પષ્ટ ને સ્વચ્છ હતી.

એની સાથેનો પુરુષ એટલો જ મોહક હતો, પણ એના ચહેરા ઉપર પથરાયેલી શાંતિ અજબ હતી. અને એને મૂકીને એના મોહક ચહેરાને જોવાનું અશક્ય બની જતું.

આ યુગલ ફરતું ફરતું એક નાજુક ને સુંદર ઝરણા કાંઠે મનોરમ વાડી જોઈ ત્યાં થોભ્યું.

વાડીની અંદર નાની ઝૂંપડી હતી. એની આસપાસ ફૂલછોડ હતા; આગળ હરિયાળા ઘાસથી છવાયેલી ભોં હતી. પાછળના ડુંગરમાંથી નાચતું કૂદતું ઝરણ વહી રહ્યું હતું. થોડે દૂર નિર્ભ્રાન્ત બનીને હરણાં ફરતાં હતાં; એક તરફ પાંખથી પાંખ લગાવી પક્ષીઓ નિઃશંકપણે બેઠાં હતાં. વાડીના સુંદર ફૂલછોડો ઉપર યથેચ્છ ફૂલો ખીલી રહ્યાં હતાં. સમગ્ર વાતાવરણ સ્વચ્છ સુંદર ને શાંત હતું.

પરંતુ વાડીમાં કેવળ વાતાવરણ હતું: આગળ પાછળ ક્યાંય મનુષ્યનો પગરવ પણ ન હતો.

કોઈએ શરીર તજીને પોતાના આત્માને રહેવા માટે જાણે એક સુંદર એકાંત સ્થળ પસંદ કર્યું હોય !

જ્યાં પૃથ્વી ઉપર મહાન ગગનચુંબી મહેલો, વિમાનો, વિજળી માર્ગો, ઉડણપંખો, લોકો, યંત્રો, અવાજો, રસ્તાઓ આવું આવું જોયું હતું—ત્યાં એકાદ સ્થળમાં લગભગ અદ્રશ્ય જેવું આ એકાંત સ્થાન જોઈને ચંદ્રલોકના યુગલને આનંદ

આવ્યો. તે ત્યાં ગયું. અને શાંતિથી બેઠું–કોઇનો પગરવ સંભળાય માટે કાન માંડીને.

પણ સઘળું શાંત હતું–ઝૂંપડીમાં પડેલી મૂકવાણીની વીણા જેવું. ઝૂંપડીમાં કેવળ એક વીણા પડી હતી–ને બીજું કાંઇ ન હતું.

ક્યાંય અવાજ ન હતો–ક્યાંય અશાંતિ ન હતી–ક્યાંય અવ્યવસ્થા ન હતી. માત્ર એવું લાગ્યા કરતું હતું, કે, કોઇએ આંહી દેહ તજ્યો છે, ને શબ્દો રાખ્યા છે. પેલી મૂંગી વીણામાં પોતાનું અંતરગાન મૂકીને કોઇ કવિ મરણ પામ્યો હતો. નિયમ–નિયમ–નિયમ–નિયમથી બચવા માટે એક રખડુ સ્વતંત્ર–સ્વમાની, લગભગ સ્વચ્છંદી, મગજનો ફરેલ, મસ્ત, તોફાની કવિ પેલા નિયમપ્રદેશમાંથી એક વખત આંહી આવી ચડ્યો હતો. અને પછી આટલું જ ગાજો–ને આ પ્રમાણે જ ગાજો–ને આટલું જ લખજો–ને આ પ્રમાણે જ લખજો–એ નિયમિત જીવનચક્રમાંથી, પોતાના સ્વતંત્ર ગાનને ગૂંથવા આંહી જ રહી ગયો. એણે એ ગાનમાં જીવન ગાયું, વેદના ગાઇ, યાંત્રિક એકતામાંથી જન્મતો શાપ ગાયો: વિલાસે આપેલ અતૃપ્તિ ગાઇ; વિજ્ઞાને આપેલ સાધન સુખ ને અશાંતિ ગાયાં; જીવન જીવવાની મહત્તા ગાઇ; મરી જવાની કલા ગાઇ; પક્ષીઓ ને કુદરતને ગાયાં; ઝરણાં સરજ્યાં; ચંદ્રલોકનું ગાન કર્યું, ને બહારની વ્યવસ્થા છતાં પણ રહી જવા પામેલ અવ્યવસ્થિત આંતરજીવનનો કલહ ગાયો. એણે બહારની સૃષ્ટિનું રૂપ લીધું: અંદરની સૃષ્ટિનો સઘળું લીધું: અને એ બંનેના સમન્વયમાંથી ઉત્પન્ન થતો નવજીવનનો મહિમા ગાયો. એને મન માનવ સંઘનો એક

પણ નવજીવન નથી : એ જીવનનો સંદેશો લેવા પેલા મૃત કવિની એકાંત વાટિકા તરફ દોડયા.

અને ત્યાં સૌન્દર્યમૂર્તિ જેવું પેલું ચંદ્રલોકનું યુગલ જોઈને લોકો સઘળા નિયમો તોડી-ઘેલાની પેઠે નૃત્ય કરવા લાગ્યા ! – આજે પહેલી જ વખત પોતાના કરતાં જુદા ચહેરાવાળા માનવો એમણે જોયા હતા.

અધિકારીઓ અને તંત્રવાહકો થોડીવારમાં જ રાજ-વૈદો સાથે આવી પહોંચ્યા.

પણ લોકો તો એક જ અવાજે કહી રહ્યા હતા : 'વિવિધતા આપો ! સૌન્દર્ય આપો, સ્વપ્ન આપો–થોડીક અવાસ્તવિકતા આપો. અમને આ નિયમિત જીવન હણી નાખે છે. અમને નવજીવન આપો !'

'તમે સ્વપ્ન માગો છો ?–જે નથી તેની વાત કરવાનું તમે કહો છો ? નૃત્ય, સંગીત, કલા, કાવ્ય, સાહિત્ય – આ મદિરાએ તમને એક વખત ભિખારી નથી બનાવ્યા ? આજે ફરી એ માગો છો !'

'અમને પાછું ભિખારી ભલે થવું પડે – પણ આ [illegible]જીવનની ગરીબી અસહ્ય છે : અમને તમે વજ્ર [illegible] બનાવવાને બદલે – જડ જેવા બનાવી રહ્યા છો !'

મૃતકવિનું ચંદ્રલોકનું ગાન મુરલીમાંથી જાગ્યું [illegible] ઇન્દ્રધનુરંગની સાડી પહેરેલી સુંદરીએ નૃત્ય કર[illegible] : પુરાણ નાશ થઈ ગયો.

[illegible]લોકો ગગનભેદી અવાજે એક જ શબ્દ બોલી રહ્યા : [illegible]અમને લાગણી વિનાના યંત્ર ન બનાવો – અમને પણ [illegible]ન આપો ' પછી ભલે એ ખોટાં હો – ભલે એ મિથ્યા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શાસ્ત્રીજી

ટીખળીમાં ટીખળી – એની મશ્કરી પણ લગભગ અનીતિના સીમાડા સુધીની, અને એ અનીતિનો સીમાડો પણ લગભગ નાસ્તિકતા સુધીનો – મોહનલાલને આજે ક્લાસમાં શાંત બેઠેલ જોઈને; ઘણાને આશ્ચર્ય થયું હતું. લાસમાં જ્યારે શાસ્ત્રીજીનો વર્ગ ચાલતો હોય ત્યારે ોહનલાલ પહેલી પાટલી .ઉપર આવીને બેસે. પહેલાં તો ાસ્ત્રીજી પણ ભુલાવામાં પડ્યા હતા કે, મોહનલાલ એક રેખર વિદ્યારસિક વિદ્યાર્થી છે. બીજા બધા – શાસ્ત્રીજીની કરી કરતા ત્યારે મશ્કરી ઉઘાડી પડી જતી : માત્ર મોહન- । બહુ જ ગંભીરતા પૂર્વક એવી સુંદર મશ્કરી કરી ા કે, ખુદ મશ્કરી પ્રવીણોને પણ આશ્ચર્ય થતું કે, સ આટલે સુધી ગંભીર રહીને મશ્કરી કરી શકે એ ઉપરનો અજબ કાબૂ ગણાય. કેટલાક મશ્કરી કરે છે તે દબાવી શકતા નથી. થોડીવારમાં જ એમનો ચહેરો જ · મશ્કરીને ખુલ્લી પાડી દે છે. પણ મોહનલાલને પોતાનાપર

અજબ કાબૂ હતો. એક વખત તો એણે એક પ્રિન્સની મશ્કરી કરેલી. એ પ્રિન્સને જોડાનો બહુ જ શોખ હતો. બીજે ત્રીજે દિવસે પારસલ આવીને ઊભું જ હોય. એટલે એક દિવસ મોહનલાલે બરાબર પારસલ બનાવી, ટિકિટો ચોટી, પોસ્ટ આવવાની વખતે જ પોતે ઉતાવળે કામમાં હોય તેમ આવીને ' સાહેબ ! આપનું પારસલ મેં લઈ લીધું છે ' કહીને પ્રિન્સના હાથમાં પારસલ આપ્યું. મોહનલાલ ચાલ્યો ગયો. પારસલ ઉઘાડ્યું તો અંદરથી જૂનાં ખાસડાં નીકળ્યાં ! એક વખત મોહનલાલે પોતાની રૂમમાં ' ટીપાર્ટી ' રાખી હતી. રૂમ નાની એટલે ચાર પાંચ ખુરશીઓ બીજા રૂમમાંથી લાવીને ભેગી કરી હતી. મિત્રમંડળ ભરાયું. કેટલાક ખુરશી પર, કોઇ ટેબલ ઉપર, કોઈ નીચે, એમ ગોઠવાયા હતા; મોહનલાલ ને બીજા ત્રણ મિત્રો એક ખાટલા ઉપર ચારે ખૂણા સાચવીને બેસી ગયા હતા. એટલામાં પેલા પ્રિન્સ આવ્યા. બીજે જગ્યા ન હતી એટલે ખાટલા ઉપર બેસવા ગયા – પણ જેવા બેઠા તેવા જ નીચે ! મોહનલાલ ને ત્રણે મિત્રો ઊભા થઈ ગયા હતા – ને એ ચાર જણાએ ખેંચી રાખેલો તંગ ઓછાડ ઊડી જતાં, પાટી વિનાના ખાટલામાં બેઠેલા પ્રિન્સ નીચે પડ્યા હતા !

એ મોહનલાલ આજે શાસ્ત્રીજીના ' વર્ગ ' માં શાંત હતા તેથી ઘણાને આશ્ચર્ય થયું.

પહેલાં તો એક વખત શાસ્ત્રીજી ' સુરતસંગ્રામ ' એ શબ્દનું સ્પષ્ટીકરણ કરતાં જરાક ગૂંચવાયા હતા ત્યારે તરત મોહનલાલ ઊભા થયા હતા : ' સાહેબ ! :સુરત ગામ ઇ. સ. દસમી અગિયારમી સદીનું છે. કાલિદાસ એ વખત

[illegible]

શાર્વીલક બોલ્યા : 'અમે હાથીઓ બાંધ્યા નથી. [illegible] આકાશનું અપના દ્વીપ.'

'ૐ હા. મેં વિના નિપાકરણી કરવી શકાય !'

'અને મેં ઈશ્વરથી અલૌકિક દૃષ્ટિએ કે અભિસારની ખૂબ નથી. પણ તમારું વય નાનું છે.'

અભ્યાગત પૂર્વક 'ૐ હા' કરીને જ્યારે મોહનલાલ [illegible]ની થયા ત્યારે પ્રોફેસરો ફેરસે સુધી હારવની છે.તે [illegible] રહી હતી.

શાર્વીલક આગળ વધ્યા : 'આ જગ્યાએ વપરાયેલો 'સુરેત' શબ્દ કામશાસ્ત્રનો છે. કામશાસ્ત્રની તો સમજ છે નાં ?'

'ૐ હા. નવમનગરથી બહાર પડ્યું છે.'

'એ કામશાસ્ત્ર નહિ. અધૂરા જ્ઞાન હો. તમારું વય આ વિષય માટે નાનું કહેવાય.'

§ ૨

મોહનલાલની ખૂબી હતી. ઘણા મશ્કરી કરવા ખાતર મશ્કરી કરે છે; એમનો સ્વભાવ મશ્કરો હોય છે માટે. કેપ [illegible]ની પોતે મશ્કરી સહન કરી શકતા નથી. કેટલાકની મશ્કરીમાં પણ ડંખ હોય છે. કેટલાક કેવળ નિર્દોષ આનંદ

એક દિવસ એવું બન્યું કે સાંજે [illegible] [illegible] [illegible] આણંદના [illegible] મોહનલાલ સિનેમા જોવા [illegible] [illegible] હતા. તેમના મિત્ર શાસ્ત્રીજી સામા [illegible] [illegible]. તેમણે [illegible] ધોતિયું, ડગલો, ને [illegible] [illegible] પાઘડી. દક્ષિણી ઢબના ને હાથમાં નેતરની સોટી. એમનું એક આંગળીએ પાંચ છ વર્ષનો નાનો છોકરો વળગાડ્યો હતો. ને છોકરાની ચાલ પ્રમાણે પોતાની ચાલ ઉતાવળી ધીમી કરી રહ્યા હતા.

જરાક રોફ કરવાના હેતુથી મોહનલાલ શાસ્ત્રીજીની સાથે થઈ ગયો.

'કેમ સાહેબ! ક્યાં ચાલ્યા? ભોજન માટે?'

શાસ્ત્રીજી એક વિશીમાં જમી આવતા. સવારે ને ને સાંજે એ વીશી પાસે એ અચૂક મળતાના.

'ના, આજે તો સાયંભોજન શનિવારને લીધે બંધ છે. બચુને સિનેમા જોવા તેડી જઉં છું!'

'એમ સાહેબ? આપને પણ સિનેમાનો શોખ છે?'

'મને ખાસ શોખ થથી તેમ સમજ પણ નથી. પરંતુ આ બચ્ચાના દિલને જરા આનંદ આપવા માટે સિનેમા જોવા જઉં છું!'

મોહનલાલ નમ્ર બની ગયો. એટલામાં વળી એક ત્રીસ એકત્રીસ વર્ષનો જુવાન પણ શાસ્ત્રીજી સાથે થઈ ગયો. એનો વેશ પણ શાસ્ત્રીજી જેવો હતો. તેણે મોહનલાલને જોઈને હાથ જોડ્યા, મોહનલાલે સામે હાથ જોડ્યા. એટલે પેલાએ ફરી હાથ જોડ્યા ત્રીજી વખત મોહનલાલ હાથ જોડે છે, ત્યાં શાસ્ત્રીજી બોલ્યા :

'એ મારો પુત્ર છે, ઘણાં વર્ષ થયાં મોટો થઈ ગયો છે. ઋ ણા નુ બં ધ !'

છેલ્લા શબ્દો શાસ્ત્રીજી એટલી નિખાલસતાથી – એટલી બધી સ્પષ્ટાર્થ વાણીથી – બોલ્યા કે, મોહનલાલના અંતર ઉપર ઊંડી અસર થઈ ગઈ. કદાચ સંસ્કૃતની આટલી પ્રેમભરેલી સ્પષ્ટાર્થ વાણી એણે આજે પહેલ વહેલાં જ સાંભળી – એવી વાણી કે, જેમાં બોલનાર માત્ર અર્થ સમજતો હોય એટલું જ નહિ, પણ હરક્ષણે અ નુ ભ વ તો હો યઃ જેમાં વાણી વિચાર ને વસ્તુદર્શન ત્રણેનું એ કી ક ર ણ હોય.

'સાહેબ ! ઋણાનુબંધ – એ વાત સાચી હશે ?' મોહનલાલ જરાક ગંભીર બની ગયો. બચુ શાસ્ત્રીજીની આંગળી ખેંચી રહ્યો હતો.

'ખોટી–સાચી કોણ જાણે – પણ અંતઃકરણને નિર્ભય કરીને આશ્વાસન આપવા માટે એ સાધન ખોટું નથી. પણ બોલો, કહું સિનેમા આજે સારું હશે ?'

શાસ્ત્રીજીને બિચારાને સિનેમા અને નાટકના ભેદની પણ પૂરી ગમ ન હતી. કેવળ પોતાના દીવાના છોકરા માટે ને દીવાનાના અર્ધ દીવાના માટે પોતે પંચાવન છપ્પન

વર્ષે પોતાનો જૂનવાણી ભેખ તજીને સિનેમા તરફ ચાલી રહ્યા હતા.

મોહનલાલ આજે શાસ્ત્રીજીની મશ્કરી કરી શક્યો નહિ:

'સાહેબ! પણ તમારા આ દીવાના પુત્રને ગાંડાની ઈસ્પિતાલમાં મોકલોને – કદાચ સારું થઈ જાય.'

શાસ્ત્રીજીથી એ વિચાર જ સહન થઈ શક્યો નહિ.

'મોહનલાલ! ઘણી વખત દીવાના કાંઈક અદ્ભુત ને સુંદર જોવાથી સારા થઈ જાય છે. સિનેમામાં નૃત્ય વગેરે આવે છે. નાટકમાં પણ શૃંગાર આવે છે. વખત છે ને ચિમનલાલને સારું થઈ જાય, ચમન!' શાસ્ત્રીજીનો મોટો છોકરો પોતાનું નામ સાંભળતાં જ હસવા માંડયો–ને મોહનલાલને ફરીફરી હાથ જોડીને નમવા લાગ્યો.

મોહનલાલ એ ત્રણે જણાને સિનેમાગૃહ સુધી મૂકી આવી પાછો ફર્યો, ત્યારે એના અંતઃકરણમાં એક જાતની ન સમજી શકાય એવી નમ્રતા વસી રહી હતી. ત્યાર પછી ક્લાસમાં મોહનલાલ શાંત બેસતો. અને મશ્કરી તો અદૃશ્ય થઈ ગઈ હતી.

§ ૩

એક દિવસ મોહનલાલ રહી શક્યો નહિ, એટલે શાસ્ત્રીજીને ત્યાં ગયો

ત્યાં જઈને મોહનલાલ દિઙ્મૂઢ બની ગયો. આખા ઘરમાં માત્ર એક બે ચટાઈ પડી હતી. ફર્નીચરનું નામનિશાન ન મળે. ઠંડા પાણીનું માટલું–ને એક પ્યાલો; બીજું

સાધન પણ કાંઈ ન મળે. એક આંધળી જેવી બાઈ એક ખૂણામાં બેસીને માળા ફેરવી રહી હતીઃ જાણે બેદરકારી ભરેલી ભયંકર ગરીબી હોય!

દીવાનો પુત્ર – અર્ધ દીવાનો પૌત્ર અને શાસ્ત્રીજી. એ ત્રણની જોડી સાથે એક અંધ બાઈને જોઈને મોહનલાલને વધુ આશ્ચર્ય થયું.

'સાહેબ!'

'આવો. આસન ઉપર બેસો,' શાસ્ત્રીજીએ એક તૂટેલ આસનિયું આપ્યું.

મોહનલાલ બેઠા.

'કોઈ આવ્યું છે સાહેબ!'

'એ તો ચિમનલાલનાં વહુ છે – આંધળાં છે.' દીવાનો પુત્ર – એનાં આંધળાં વહુ, અર્ધ દીવાનો પૌત્ર–અને પોતાની લગભગ વૃદ્ધાવસ્થા – છતાં નહિ ક્યાંય દુઃખનો ઉલ્લેખ, ન ક્યાંય એની વાત, નહિ વચનમાં કટુતા, ફરિયાદ નહિ, નહિ અસંતોષ કે ન અશ્રદ્ધા. આ સઘળી વસ્તુસ્થિતિએ મોહનલાલ ઉપર ઊંડી અસર કરી. એને શાસ્ત્રીજીની મશ્કરી કરવા માટે પશ્ચાત્તાપ થયો. અને એમ થયું કે પોતે કોઈ પણ રીતે હવે જો શાસ્ત્રીજીને ઉપયોગી થઈ શકે તો સારું. તે શાસ્ત્રીજી પાસે સર્યો.

'સાહેબ! બાઈ માટે એક અદ્‌ભુત સૌન્દર્યવતી વારાંગનાને નૃત્ય માટે બોલાવીશું. શાસ્ત્રીજીના પ્રિય પૂર્વગ્રહને ગંભીરતાથી માન આપીને મોહનલાલ પોતાનો સ્વભાવ બદલી રહ્યો હતો.

કેળવેલા જડત્વથી એણે ક્રોધને જીત્યો હતો. એને ગમે તેમ ગાળો આપો, ગોદા કરો, ટેકાં નાખો, નળિયાં મારો, પણ એ કોઈ દિવસ ખિન્નનો નહિ. એ ક્યારેક શાસ્ત્રીજી પાસે બેસવા આવતો. કોઈ દિવસ વગર બોલાવ્યે બોલતો નહિ પણ બેસીને ચાલ્યો જતો. અત્યારે તો એ આવી ચડ્યો હતો કેવળ અચાનક. નૃત્ય પૂરું થયું. શાસ્ત્રીજીના ચિમનલાલ તો કાંઈ રીઝ્યા ખીજ્યા નહિ. પછી વારાંગનાએ એક ચીજ શરૂ કરી – ગઝલ કવાલી છોડીને – આ વાતાવરણ જોતાં એને પણ કોઈ જૂના ભજનિકની ચીજ કંઠે ચડી આવી, અને મોહનલાલ પાસેથી હેતુ જાણેલો એટલે એ સાચા હૃદયથી ગાવા લાગી.

એ વસ્તુ અદ્‌ભુત હતી. ગાનારી તો અદ્‌ભુત જ હતી. એ વસ્તુ સાંભળીને મીની બાવા–'વા કનૈયા' કરતો બહાર ચાલ્યો ગયો. શાસ્ત્રીજી આંખો મીંચી ગયા હતા, અને એમના નેત્રમાંથી અશ્રુપાત થઈ રહ્યો હતો! કનૈયાના વિરહનું એ ગાણું ઘણા દિવસ સુધી સ્મૃતિમાંથી ખસવાની ના પાડે એટલું સુંદર હતું એમ મોહનલાલને પણ લાગ્યું.

શાસ્ત્રીજીએ તો તે દિવસે જ પગાર આવેલો એટલે હસ્નાને સારી રીતે નવાજી, પણ ચિમનલાલમાં કાંઈ ફેર પડ્યો નહિ. એમ કાંઈ ફેર પડવાનો હતો જ નહિ. મોહનલાલને પોતે શાસ્ત્રીજીને માટે કાંઈક કરી શક્યાનો સંતોષ થયો એટલું જ. પછી એ શાસ્ત્રીજી પાસે વારંવાર જતો રહેતો. તે દિવસનો શાસ્ત્રીજીનો અશ્રુપાત જોયા પછી એ આવ્યા વિના રહી શકતો નહિ. એને એ લાગી આવ્યું કે કેવળ જડત્વને લીધે શાસ્ત્રીજી 'ઋણાનુબંધ' શબ્દ બોલીને

મોહનલાલ તરફ ફરીને એ કાંઈક ખિન્ન અવાજે બોલ્યા
'બ્રહ્મા અને વિષ્ણુ રક્ષા કરે તોપણ હવે આ દેહ નહિ ટકે!

'કેમ સાહેબ!'

'એવા યોગ છે — '

અને મોહનલાલ બોલ્યો તો કેવળ શાસ્ત્રીજીને આશ્વાસન
આપવા માટે અકસ્માત; પણ એ બોલ પૂરો થતાં જ
પોતે શરમાયો; 'અને હું કહું છું કે, આ માંદગીમાંથી એ
રો થઈને તમારી સાથે જ બગીચે ફરવા નીકળશો.'

એનું વાક્ય પૂરું થયું ન થયું ત્યાં ગોદડિયો બાવો
ાવી ચડ્યો.

ગોદડિયો પોતાના પેટ ઉપર હાથ મૂકીને મહાવેદનાથી
ાનો હોય તેમ ત્યાં ઉભો રહ્યો. અત્યારે એનું આવવું
ીજીને રૂચ્યુ ન હતું પણ, એ પોતાના શોકમાં એટલા
... હતા કે કાંઈ બોલ્યા નહિ. અચાનક ગોદડિયો બોલ્યો.

'શાસ્ત્રીજી હમકુ બોત પીડા હોતી હય.' શાસ્ત્રીજી
કાંઈ બોલ્યા નહિ, આમ અકાળે દોડ્યા આવનાર પ્રત્યે એણે
જોયું પણ નહિ.

'શાસ્ત્રીજી તુ સમજતો નહિ. હમકુ બો'ત પીડા
હોતી હય.'

ીજી વખત પણ એનું એ બોલીને ગોદડિયો બાવો,
ધીમે ધીમે બહાર જવા માટે પાછો હડવા લાગ્યો. એની
નજર છોકરા ઉપર હતી. બે હાથ પેટ ઉપર હતા. ને મોં
ઉપર ભયંકર વેદના હતી; 'શાસ્ત્રીજી, હમકુ બોત પીડા
ાની હય–પીડા હોતી હય–અબ હમ નહિ જીવેગે.'

એ વધારે વેદનાથી–વધારે જોરથી બોલવા લાગ્યો.

ચંદ્રકાન્ત રાતે સાડાસાતે આવતો હતો.

તારનો પટાવાળો નીચે ઊતર્યો એટલામાં રસોયો ને જસોદા બન્ને દેખાયાં.

'કેમ તમારે શું છે?'

'સા'બ આપની નોકરી ઘણાં વરસ કરી, આ રાજીનામું.'

'કેમ?'

'કેમ શું?—બાઇસાહેબને આંખ કે કાન કાંઇ નથી. બિહારીમલ લખાવે એટલા આંકડા જ સાચા. અમારે કોઠારમાં આવ્યા વિના પહોંચ કરી દેવી એમ?'

'ઠીક જા, જા, પછી જોઇ લેવાશે.'

રસોયો ગયો. પણ જસોદા આગળ વધી. પોતે જે સાંકળ મેળવી હતી તેનો એક વધુ અંકોડો મેળવ્યાની વાત શેઠના કાનમાં કરી. શેઠ ખુરશીમાં બેઠા થઈ ગયા.

'હેં!'

'હેં શું? મને ય ક્યાં ખબર હતી? આ તો અચાનક જાણ્યું.'

ચંદુભાઈ ઓફિસમાંથી સડસડાટ ખંડમાં ગયા. ખંડમાં રજની ને બિહારીમલ બે જણાં બેઠાં હતાં. શેઠ ચંદુભાઈ પોતા પરનો કાબુ ખોઈ બેઠા હતા, છતાં એમની ઠંડી વિનયવૃત્તિ તો ટેવરૂપ બની ગયેલી તે અત્યારે પણ મદદમાં આવી.

'બિહારીમલ, આ શું કહે છે રસોયો, જાઓ તો. એની સાથે. તમે વાતચીત કરી લ્યો.'

બિહારીમલ ગયો ને જસોદાને એક તરફ જતી રજનીએ

જોઈ. તે શેઠનો ચહેરો કળી ગઈ. પોતે પણ તૈયાર થઈ ગઈ. જે જીવનથી પોતે કંટાળી હતી તેનો અંત નજીક જોઈને કાંઈક ખુશી પણ થઈ.

'તેં મને પહેલેથી કીધું હોત–' શેઠના અવાજમાં અસાધારણ ઠંડી હતી.

'પણ મેં કીધું તમે જાણ્યું જ છે, ને ભવાડો ન થાય માટે જ શાંત રહ્યા છો.'

'ના ના, મને ખબર નહિ. પણ તેં પહેલેથી કીધું હોત—તો આપણે પ્રાયશ્ચિત્ત કરી લેત–'

તેણે ધાર્યું હતું કે શેઠ ધમકાવશે. પણ શેઠના શબ્દોમાં અસાધારણ ઠંડી હતી. મૃત્યુના હાથના સ્પર્શ જેવી. એટલે એ રોઈ પડી.

'ઠીક હવે, વાતને દાટો. તારાં માબાપ જીવે છે?'

'ના.'

'તમે જાતનાં કેવાં, ચમાર!'

'ના, ચામડાં.'

'ચામડાં? ભંગી?'

'ના. ભંગીથી હલકાં. ભંગી મેલું ધૂએ. મહેનત કરે ને ખાય. અમારો ધંધો શરીરને વેચીને ખાવાનો. ચોરી કરવાનો ...એટલે ખરી રીતે હલકાં.'

શેઠ કાંઈ બોલ્યા નહિ. ઊંડી ગમગીનીમાં પડી ગયા.

ધીમે રહીને મંદ અવાજે બોલ્યા: 'આજે ચંદ્રકાન્ત આવે છે. તારું સગું વહાલું કોઈ છે?–પેલાં બધાં હતાં તે ક્યાં ગયાં?'

'મારે કોઈ નથી. એ તો સધળાં મને વેચવા આવ્યા

હતાં. એક આ બિહારીમલ...'

'બિહારીમલ ... શું ?'

'મારો આગલો ધણી હતો. તે રખડતો આવી ચઢ્યો–એટલે મેં એને નોકરીમાં રખાવ્યો...'

'હાં.. એમ ?' ચંદુભાઇ તો સડક જ થઇ ગયા. 'એમ' બોલતાં તો એમણે કંપારી અનુભવી.

'પણ તમારા સમ–સુરજડાડાની સાખ્યે–એને મેં ધણી માન્યો હોય તો. એને પેટપૂરતું આપી દીધું–એનો બદલો આપી દીધો, પછી મેં તમને ભગવાન જાણીને જ ભજ્યા છે.-હવે તમે કહો તેમ કરું.'

શેઠ ચંદુભાઇ જરાક હસ્યા: 'હવે શું ?–પણ બિહારીમલ સાથે તું...' ચંદુભાઇ બોલતાં થડક્યા: 'આજે ચંદ્રકાન્ત આવવાનો છે કાં ?'

પાસેની ઘડિયાળમાં છના ટકોરા થયા. શેઠે સહજ જ પોતાના કાંડાના ઘડિયાળ સામે જોયું. દોઢ કલાક પછી ચંદ્રકાન્ત આવવાનો હતો. એનો સુંદર, જુવાન, તેજસ્વી પુત્ર !

'શેઠ, હું ખોટી નથી.' રજની બોલતી હતી: 'બિહારીમલને કાલે કાઢી મૂકો... હું ખોટી નથી...'

પણ ચંદુભાઇ એમ સાચાખોટાની પરીક્ષા કરવાની ગડમથલ કરવામાં હતા જ નહિ. એમને તો ભારે મૂંઝવણ એ જ હતી કે આ દબાવવું શી રીતે.

'જો..' તે અંતે બોલ્યા. એમનો દરેક શબ્દ સ્પષ્ટ હતો. પણ એમાં ઠઠ્ઠામશ્કરી કે ઠંડા વિનયને બદલે ધિક્કાર ભરેલી જ્વાળા હતી. 'જો.. તું હવે બોલતી નહિ..'

રજનીએ છૂટકારાનો દમ ખેંચ્યો.

'બિહારીમલ ભલે રહો…'

'પણ હવે તારાથી મારે બીજું છોકરું ન થાય— થાય તો ક્યાં ઠેકાણે પાડું !– એટલી સરત છે. ને એ માટે તારે દવા ખાવી પડશે.'

રજની ઝીણીને ચંદુભાઇના પગમાં પડી : 'મારા પ્ર… મારા ભગવાન !' અને એની આંખમાંથી ખરખર આ… વહેવા લાગ્યાં.

જે જીવનનો અંત આવે છે એ જાણીને એ પડ… પહેલાં ખુશ થતી હતી તે જ જીવન એ પાછું માગી રહી હતી. … છાની વાત પ્રગટ થવા લાગી ત્યારે હૃદયમાં થયેલા આઘાતે એની બીજી સઘળી ઇચ્છાઓ દબાવી દીધી.

§ ૫

ત્યાર પછી ચંદુભાઇમાંથી હુકમ કરવાની—આજ્ઞા પળાવવાની એ બધી ધમાલ ચાલી ગઇ. રજની પાસે ક્યારેક તો એ ખીલતા પણ ખરા. ચંદ્રકાન્તને કહી દીધું હતું કે 'બેટા જાન દેખરેખ વિના ધંધો ન થાય માટે મુંબઇ છોડવું જ નહિ.'

ચંદુભાઇએ રજની માટે, વચન પ્રમાણે દવા પણ તૈયારી કરી.

રાતને વખતે, સુંદર ચાંદની ખીલી રહી હતી ત્યારે, શેઠે, ઠરે મિજાજે, ઇશ્કની વાતો કરતાં કરતાં, રજનીને હસાવતાં હસાવતાં દવા પાઇ

રજનીએ બીજે દિવસે ફરિયાદ કરી કે 'મારો કંઠ ગોષાય છે. સાદ બેસી ગયો છે.'

'દવા ગરમ પડી છે માટે વેંગણનો ઓળો ને રોટી ખાવાનું વૈદે કહ્યું છે.'

રજનીએ તે પ્રમાણે કર્યું.

પણ ચંદુભાઈને હલાહલ ઝેરમાં શ્રદ્ધા ન હતી. એ તો તરત હણી નાખે. એટલે એમણે રજનીને સિંદૂર ખવરાવ્યો હતો. ઇશ્કની વાતો કરતાં કરતાં ખવરાવ્યો હતો. રજનીને હવે છોકરૂં નહિ થાય એવી એને ખાત્રી આપી હતી.

અને એ સિંદૂર જ્યારે શરીરે ફૂટી નીકળ્યો ત્યારે એ વેદના સહન કરી શકે એ ચામડી સ્ત્રી; અને એ વેદના જોઈ શકે માત્ર ચંદુભાઈ. રિબાઈ રિબાઈને—જીવતું શરીર હરરોજ અગ્નિમાં તાવી તાવીને—રજની મરી ગઈ. કાંઈ પણ બોલ્યા વિના. અરેરાટી પણ કર્યા વિના.

બીજે દિવસે ચંદુભાઈની ઑફિસમાં બિહારીમલ હાજર થયો.

'શેઠ આપની નોકરી નથી કરવી.'

'કેમ ભાઈ! તને વળી શું દુખ છે?'

આંખમાં અગ્નિ પ્રગટાવતો બિહારીમલ બોલ્યો : 'આંહીં એક ઘડી પણ રહેવું નથી.'

'કાલે હિસાબ ચોખવટ કરી, તારા પૈસા લઈ, તારી આટલી લાંબી નોકરી થઈ એટલે ઇનામ લઈ પછી ચાલ્યો જજે, પછી કાંઈ વાંધો છે?'

બોલી ન શકાય એટલી વેદના અનુભવતો બિહારીમલ ખસી ગયો. સુધરેલા જંગલી અને જંગલી સુધરેલાની લડાઈમાં હમેશાં પહેલો વિજય મેળવે છે. કારણ કે એનામાં વિશ્વાસ જન્માવવાની વિશ્વાસઘાતી હોંશિયારી રહી છે.

બીજે દિવસે સવારે શેઠના કમ્પાઉન્ડમાં એક ખૂન થયું હતું. બે સિપાઈ પાસે સૂતા રહ્યા ને વચ્ચેથી બિહારીમલનું માથું કોણ આવ્યે કોણ ઉપાડી ગયું. તપાસ નિષ્ફળ ગઈ, ને વાત દટાઈ ગઈ.

§ ૬

સુહાસિનીને શેઠે હવે બોલાવી હતી. ને કાંઈક શાંત ચિત્તે ઘર ચલાવી રહ્યા હતા.

પણ ચન્દ્રકાન્ત મુંબઈથી આવવાનો હતો. અને ચંદુ-ભાઈને પણ લાગતું હતું કે મુંબઈનો હિસાબ હવે જોઈ જવો ઘટે છે. વળી સુહાસિનીને આશા પણ હતી. એટલે એ હિસાબ ઝડપથી પતાવવાની વધારે અગત્ય હતી.

ચંદ્રકાન્ત આવ્યો. એટલો જ તેજસ્વી, જુવાન ને સુંદર.

શેઠને લાગ્યુ કે દીકરો ખરેખર સરસ છે. પણ...

ચંદુભાઈ ઑફિસમાં સ્વસ્થ થઈને બેઠા હતા. આટલી ...રચના–ઉપર ટપકેની શાંતિ–કોઈ ભયંકર ઘા માટે જ ... શકે. એટલામાં જ ચંદ્રકાન્તે પ્રવેશ કર્યો.

સઘળો હિસાબ–પાઈએ પાઈનો ચોખ્ખો હતો. તે જ્યા... ઊઠ્યો ત્યારે એનો પગ જરાક ફેંગ્યો. ચંદુભાઈએ એ...

'કાં બેસ ને! તને ત્યાં મજા તો પડે છે નાં?'

'રોસાણ!...' ચંદ્રકાન્તે અચાનક શેઠ સામે જોઈને

'રોસાણ!'

... અચાનક હતો. ચંદુભાઈ જોઈ રહ્યા.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચંદુભાઈ સફાળા બેઠા થઈને દોડયા. પણ એના હૃદય સોંસરવો નીકળે એવો છેલ્લો ઘા આવ્યો: ' શેઠ ચંદુભાઈ ! હું હવે જાઉં છું.. હું ચંદ્રકાન્ત નથી. હું મારી મા રજનીનો છોકરો છું... પૂજિયો કે પૂંજો કે કચરો. ગમે તેવી પણ એ મારી મા હતી..'

વેદના ભરેલી એક નજર પાછળ ફેંકી ચંદ્રકાન્તને થોભવાની ઇશારત કરતા શેઠ ચંદુભાઈ અંદર દોડયા. પણ તે પહેલાં પેલો સુંદર જુવાન છોકરો–ઑફિસ છોડીને ચાલતો થઈ ગયો હતો–બનાવટી ઉચ્ચતા છોડીને–સાચી ઉચ્ચતા મેળવવા.

[illegible]

[[illegible]]

[illegible]

[illegible]

પરથી દૂર ઉભા રહીને બોલાવે કે 'ચાલો ભાઈ, વખત થઈ ગયો છે।' અમને ભાઇબેનને, સૂરજને તડકે અરધો કલાક અગાઉથી સૂર્યસ્નાન કરેલું ન હોય અને જો તેનો તાવ ન ચડયો હોય—તો તો નિશાળે જવાની ઉત્કંઠા ઘણી જ હોય. પણ જો સૂર્યસ્નાનને લીધે શરીર તપતું હોય તો તો બન્ને ફિરસ્તાને 'તાર આવ્યો છે' એમ કહી શરીર બતાવી દઇને મુક્તિ મેળવવાનો પ્રયત્ન જ સૂઝે. પણ ફિરસ્તા ન માને તો જવાની અમે તૈયારી કરીએ, પણ કમબખ્ત પાટી કે દફતર એ વખતે જ ખોવાઇ જાય. દુનિયામાં ઘણી વખત એવું બને છે. આપણે ભિખારીને આપવા પૈસો કાઢવા મથતા હોઇએ તે વખતે ખિસામાં હોય છે, છતાં પૈસો ક્યાંક સંતાઈ જાય છે ને એક આની જ હાથમાં આવ્યા કરે છે; એ તો પછી આપણે ધીરજ અને પ્રયત્નથી પૈસાને શોધી કાઢીએ છીએ; કારણ કે ભિખારી પાસે આપણી પ્રતિષ્ઠા સહીસલામત રહી શકે તેવું હોય છે. પણ સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરતાં પેલો 'બાય' આવે છે, તેને આપવા બે આની કાઢવી હોય, એટલામાં અધોરી પાવલી હાથમાં આવી જાય છે, ને પ્રતિષ્ઠા ને વીરત્વની ખાતર તે ગુમાવવી પડે છે પણ ખરી; તેમ અમે ભાઇબેન પ્રયત્ન તો ઘણો કરીએ ને જ્યાં દફતર ન જડે તેવું હોય ત્યાં જ શોધખોળ કરીએ, છતાં ખરા . ત્યાંથી જ દફતર પાટી પેન્સીલ સઘળું સહીસલામત નીકળે. પછી તો વીરત્વ જાળવવા ખાતર પ્રમાણિકપણે ચાલી નીકળીએ. પણ રોટલા રોટલી ખવરાવીને દોસ્ત બનાવેલો બાવળો, અમારા મોં ઉપરનું તેજ તરત કળી જાય, ને આંખને

મરી ગયો પણ પોળિયો બચી ગયો હતો અને બાવળાના મરણ બાદ એ અમારો દિલોજાન દોસ્ત બની રહ્યો હતો.

સૂર્યસ્નાનના પ્રયોગની એને પણ ખબર હતી. એટલે જે દિવસે અમે એવો પ્રયોગ કરતા હોઈએ ત્યારે તો તે આઘો પાછો થઈ જતો. આઘો પાછો થવા છતાં અમારૂં રક્ષણ તો એ કરતો જ હોય.

આ કોઈ કામ માટે એ બાજુ આવવા નીકળે તો પોળિયો, કાંઈક મશ્કરી ભરેલી આંખે મજાક કરતો હોય તેમ, આગળથી આવીને અમારી પાસે ઉભો રહેઃ એવું કહેતું હોય કે, 'ઘરનું કોઈક આવે છે.' ત્યારે તેની આંખમાં અમુક પ્રકારનું મજાક ભરેલું હાસ્ય આવી જતું. વળી નિશાળના છોકરા તેડવા આવે છે એની ચેતવણી આપવા એ પુંછડી પટપટાવતો આવતો. ને જરા જરા ભસીને બહાર જતો.

એટલે જ્યારે નિશાળના છોકરાઓ બોલાવવા આવે ત્યારે તો ખાટલામાં પડયાં પડયા અમે બાઈબેન તાવથી ફફડતાં હોઈએ, છતાં કેવળ અભ્યાસના પ્રેમની ખાતર જવાની તૈયારી પણ કરીએ. કારણ કે નિશાળમાં પછાત રહેવાનું તો અમને ન જ ગમે. પણ પેલા છોકરાઓ શરીરમાં આવો તાવ જોઈને પોતે જ ના પાડે. એટલે અમારે પરાણે પાછું ખાટલામાં પડવું પડે!—છોકરા ગયા પછી પોળિયો, જીભ કાઢતો કાઢતો આવીને ઉભો રહે ત્યારે તેના ચહેરા પર કુસ્ચાઈ ભરેલુ હાસ્ય દેખાતું હોય!

અમે એમ માનતા હતા કે અમારા આ પ્રયોગની કોઈને ખબર ન હતી. પણ કોઈક વખત અમે માને સમ-